VISIT…

સાચો સુયશ

અભ્યાસપ્રેમી ગુજરાતને બોજો મારા જીવનના આદ્ય ધ્યેય સમા લોકસાહિત્યના સંશોધનનો આ નિષ્કર્ષ મૂકું છું. તે પ્રસંગે મારા મનની ઊંડી વ્યથાભરી એક જ વાત કહી નાખું છું: યથાશક્તિ મેં મારા એક જ પ્રાંતની લોકવાણીનું આટલું સંશોધન તો દોહ્યું કર્યું. મનોરથ તો ગુજરાતભરના જૂના વાણી પોપડા ઉખેલવાનો હતો; પણ એ તો મનની મનમાં જ રહી. હવે હું યુનિવર્સિટીના મહાલયમાં વિચરનારા હજારો ગુજરાતી જુવાનોને આ સાદ પાડું છું કે થોડાક તો નીકળો, કોઈક તો કમ્મર કસો! આપણા રાનીપરજ ને કાળાપરજ, આપણા ભીલો ને ધારાળાઓ, આપણી સહિયાળ રત્નાકરપટ્ટીના કેહાગવાળી નાવિકો અને નાખુદાઓ, તેમની પાસે હજુ ય સચવાઈ રહેલી લોકવાણીને ઊંડી લાવી યુનિવર્સિટીને દ્વારે હાજર કરો. સાચો સુયશ તો જ આપશે—આપણને ને આપણી વિદ્યાપીઠને.'

ભારતી સાહિત્ય સંઘ લિ.
પો. બૉ. નં. ૬૭૮ · મુંબઈ-૧
પો. બૉ. નં. ૭૬ · અમદાવાદ

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक २५८८९ किमत २-८-०
ग्रंथनाम ५।२३५५।
वर्गांक ३ : ६

પરકમ્મા

ઝવેરચંદ મેઘાણી

મુખ્ય વિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ-લિ૦
પો. બો. નં. ૯૭૮ : મુંબઈ-૧
પો. બો. નં. ૭૩ : અમદાવાદ-૬

આવૃત્તિ પહેલી
ફેબ્રુઆરી ૧૯૪૬



ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૫૮૮૬

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ
પો. બો. નં. ૯૭૮
મુંબઇ-૧

ફૂલછાબ કાર્યાલય
રાણપુર
(B. S. Ry)

કિંમત
અઢી રૂપિયા
[૮. ખ. ૦-૩-૦]

મુદ્રક અને પ્રકાશક
નાથાલાલ મ. શાહ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

અર્પણ

મા રી બા ને

નિવેદન

આ પુસ્તક લખાયું તેનું શ્રેય ભાઈશ્રી ઉમાશંકરને જાય છે. 'બુદ્ધપ્રકાશ'નું સંપાદન પોતાને સોંપાતાં એણે મને લખ્યું કે લોકસાહિત્યના તમારા સંશોધનકાર્યમાંથી કંઈક chips from the workshop (કોઢયમાં પડેલાં છોડિયાં) વીણીને બુ. પ્ર. માં આપતા જાઓ. એ સૂચના મળતાં મેં મારી ટાંચણ-પોથીઓનાં પાનાં ઉથલાવવા માંડયાં. કટકા બટકા ને કરચો, છોલ અને છોડિયાં, ઝીણી મોટી ખરઝર પાને પાને વણવાપર્યાં પડી રહ્યાં જોયાં. આજ સુધી જે સંગ્રહો આપી ચુકયો છું તેના ઉપર નવું અજવાળું નાખે તેવી નાની મોટી વિગતો, વાર્તિકો ને ટૂચકા જડી આવ્યા.

તદુપરાંત એક વિચાર ચમકયો : કે મારી સંશોધન-વાટ પર, મારા રઝળપાટને માર્ગે મને જે જે જીવતાં જનો વાતો કહેનારાં ભેટયાં, તેમની ઓળખાણને ગ્રંથસ્થ કરી તેમનું ચિરસ્મરણ પણ કાં ન સંધરી લઉં.

પરિણામ આ લખાણ. બુ. પ્ર. માં તો એ થોડાં પાનાંનું ત્રમાસિક હોવાને કારણે ન આપી શકયો પણ 'ઊર્મિ' માસિકમાં એની લેખમાળા 'ટાંચણપોથીનાં પાનાં'ના નામે ચાલુ કરી. 'ઊર્મિ'ના સંપાદકના સાંઢસામાં જો ન ચંપાયો હોત તો

નફ્ફટાઈમાં લખવાને ટેવાયેા ન હેાઈને આ બધેા કુટારેા સાત જનવારે પણ બંદા ન કરત ! આ તેા તકદીર બેાચી ઝાલીને પાણીમાં ઝીંકે છે તેને જ આભારી છે.

આનેા ઘાટ એક આત્મકથા જેવેા ઊતર્યો છે. પણ એ લેખકની આત્મકથા નથી (એવી કેાઈ છેડતી સાંખી લેવા આત્મજીવન તૈયાર પણ નથી.) આ તેા છે મારા વિષયની– લેાકસાહિત્યની શેાધનકથા. 'ઊર્મિ' ના વાચકેાએ, વિદ્વાનેા કે સામાન્યેાના ભેદ વિના આ વાચનમાં રસ લીધેા છે. જન-સામાન્યને એમાં ભરપૂર પડેલા કથાપ્રસંગેા રસપ્રદ થયા છે, અને અભ્યાસીઓને એમાં પ્રકટ થતી મારી શેાધન-પદ્ધતિની વિગતેા થકી આનંદ ઊપજ્યેા છે.

આવેા લેખનપ્રકાર બીજા કેાઇ માણસે ખેડયેા હેાવાનું જાણ્યું નથી. એની અભિનવતા એ એનેા ગુણ છે કે દેાષ તે તેા ખબર નથી. અભિનવતાનું ગુમાન આ આલેખનની પ્રેરણા રૂપ નથી, પણ પચીસેક વર્ષ સુધી જે મારાં પરિભ્રમણેાનું ધામ હતું તે ગિરિશૃંગમાલાની ફરતેા એક વાર માનસિક ચક્કર લગાવતેા જાઉં એ એક જ તરંગને આભારી આ કાર્ય છે.

બેાટાદ
૧૨ : ૨ : '૪૬

ઝવેરચંદ મેઘાણી

ક્રમ

પ્રયાણ પહેલું	**૧ થી ૬૮**
ટાંચણનાં પાનાં	૧
રીસાણુ અને ફૂલવંતી	૧૭
સજણાં	૨૮
'ઓળીપેા'ની વાતેાનાં બીજ	૪૭
પેાકારીને પાલેા ભણે	૫૪
ખાંભીએા બુહારું છું	૬૦
પ્રયાણ બીજું	**૬૯ થી ૧૨૦**
ગણુને ગેારી પીપળિયાનાં પાંદ રે	૭૦
'ઘેાડી અને ઘેાડેસ્વાર'ના શિલ્પી	૮૫
બંદૂકેા આવી ને બહાદુરેા રડયા	૯૯
વાતડાહ્યાએા વિદાય લે છે	૧૦૭
પ્રયાણ ત્રીજું	**૧૨૧ થી ૨૧૧**
ઘર રહેશે, રહેશે ધરમ	૧૨૨
એકલિયેા બહારવટિયેા	૧૩૪
સંતદર્શન કરાવનારા	૧૪૩
મારી મેંદીનેા રંગ ઊડી જાય રે	૧૬૦
ત્રાગડે ત્રાગડં	૧૭૬
કીર્તિલેખ કેાના રચાય છે ?	૧૮૩
પરકમ્માનેા પહેલેા પેારેા	૨૦૦

ટાંચણનાં પાનાં

લોકસાહિત્યને ખેડતાં ખેડતાં આજ ચોવીસેક વરસની અવધ થઈ. પત્રકારત્વને ધંધાર્થી ખીલે બંધાયાં બંધાયાં, ગળે પડેલી રસીએ જેટલે કુંડાળે ભમવા દીધો તેટલો પ્રદેશ ખેડી શકાયો. એકધારું અને અવિચ્છિન્ન એ ખેડાણ થઇ શકયું હોત તો વધુ વાવેતર ન કરી શકાયું હોત! લોકપ્રદેશ જેટલો જોયો તેથી દસ-વીસ ગણો જોઈ ન શકાયો હોત! ચારણોને, બારોટોને, વાતડાહ્યાં અન્ય માણસોને, રાસડા ગાનારી ને કથાઓ કહેનારી માતાઓને, બહેનોને, તુરીઓને, ભજનિકોને, દરબારોને, મુસદ્દીઓને, પોલીસ નોકરીઆતોને, ઘાંચીને, મોચીને, માળીને, ભીરને, રબેડરને, જેટલાને મળાયું તેના કરતાં પચાસગણી વધુ સંખ્યામાં મળાયું હોત તો આજે ભરાયાં છે તેના કરતાં કેટલાં વિશેષ પાનાં, મારી ટાંચણ-પોથી-ઓનાં ભરાયાં હોત! પણ જો પત્રકારત્વની સ્ફૂર્તિ ન હોત તો લોક-સાહિત્યનો આ રસ જીવતો રહી શકયો હોત શું? અભ્યાસની જડતા ન આવી જાત?

ટાંચણની પોથીઓ આજે મારી સામે પડી છે. કેટલાં પાનાં હશે? બે ત્રણ હજાર તો જરૂર હશે. એ પાનાં કોઈ કોઈ વાર ઉથલાવું છું, અને ચોવીસ વર્ષોના આ પ્રદેશનાં પરિભ્રમણોનું પુનરાવર્તન અનુભવાય છે. એક દળદાર પોથીના પહેલા પાના પર—

માગશરે મારગડે રમતાં
ભેળાં બેસી ભોજનિયાં જમતાં
હરિને હવે નથી ગમતાં રે
ભરમ્યા ભૂદર શું ના'વ્યા!

એમ માગશર, પોષ, માહ, અને—

ફાગણ માસે ફેર ફરે હોળી,
નારી ઘેરે ચરણાં ને ચોળી,
કેસુડાં બહુ રે છાંટયાં બોળી-ભરમ્યા.

એવી લોકકવિરહિણીની આખી બારમાસી કોણે ને કયારે લખાવી ? નામ નથી, તારીખ નથી, સંશોધનની શાસ્ત્રીય પદ્ધતિ શી છે તે હું જાણતો નહોતો. પણ હૈયાની કોરે ટાંકેલ છે નામ ઠામ ને તારીખ. એ તો રાણપુર ગામના હરિજનવાસના ઢેઢ ધૂડાનું ગાયેલું.

ધૂડો ઢેઢ

ધૂડો અમદાવાદ રળતો. હોળીએ ને ગોકળઆઠમે ઘેરે આવતો. કાને બહેરો, બોલવે દબાતા સાદવાળો, પચાસેક વર્ષનો શ્વેતવસ્તરો ધૂડો, એ બેય તહેવારે ઢેઢવાડાનાં નરનારીઓને ઘેલાં કરતો. કડતાલ બજવતો ને છલાંગો મારતો ધૂડો, વિશાળ કુંડાળે ગવરાવતો. એના રાસડા ગરબા ઝીલતી સ્ત્રી-પુરુષોની મિશ્રમંડળી ધૂડાના કરતાં બેવડી ઝુકાઝુક મચવીને ગાતી ઘૂમતી. કોઇ કોઈવાર ધૂડો ખડીઓ લઈને આવી ઓફિસે ઊભો રહેતો, લખતાં લખતાં માથું ઊંચું ન કરું ત્યાંસુધી ચૂપચાપ ઊભો રહેતો, નજર કરું એટલે માગેઃ ' રુશનાઈ આપો ! ' ' કાગળ આપો ! '—

કયાં છે આજે એ ધૂડો ? છેલ્લે છેલ્લે દીઠે બે ત્રણ વર્ષો વહી ગયાં. અંધાપો આવી ગયો હતો. રુશનાઈ માગી તે આપી હતી કે નહિ ? ' હમણાં કામમાં છું, હમણાં જાવ, પછી આવજો, ' એમ કહીને વળાવ્યો હતો શું ? પાછો આવ્યો જ નથી. કયાં છે ? તપાસ પણ કરાવી નથી. જીવે છે કે નહિ ? હરિજનવાસ તો પડોશમાં જ છે, તો યે વાવડ લીધા નથી ? ધૂડે તો ગીતો ઘણાં આપેલાં.

જીજી બારોટ

પાનાં ફરે છે, ધૂડે આપેલ હાલરડાં અને 'માતાનો વડલો' વાળું ગીત પાછળ જાય છે, અને એની પડખોપડખ એક ઊભરી જ જીવન-

ગતિને યાદ કરાવતું પાનું ઊઘડી પડે છે. લખ્યું છે–'ભૂચર મોરી.' મારી 'સમરાંગણ' નામની મોટી વાર્તાનો જે મધપૂડો રચાયો તેનું પ્રથમ મધુબિન્દુ મૂકનાર એ કોણ હતું ? નામ નથી. મિતિ કે ઠામ નથી. અન્વેષક ત્યારે અડબંગ હતો ! યાદ આવે છે. યાદ આવે છે– જીજી બારોટ. એને લઈને છેક બરડા પ્રદેશથી તે કાળના અમલદાર મિત્ર ભાઈશ્રી મોહનલાલ રૂપાણી આવેલા. યાદ આવે છે મીઠું મોં, મીઠપભરી બારોટ–જબાન, હસમુખો ચહેરો. ટાંચણ આમ છે–

"જેસા વજરની વહુ: થાન લબડે: લૂગડાં ધોવામાં અડચણ: થાન અંભે નાખેલ: નાગડો ધાવે પાછળ ઊભો ઊભો.

"જામ :–જેસા ડાડા ! હી જેરાર કીંજે ધરજી હુંદી !
(તૂટેલ આઉવાળી ભેંસ–ગાય 'જેરાળ' કહેવાય.)

"જેસો :–અંજા ધા થીંદા ઈ અગીઆં ન્યારજા."
(એના જે ઘા થાય તે આગળ નિહાળજો.)

પછી તો દુહા ટાંકેલ છે. ઉપલું ટાંચણ જે માર્મિકતાથી ભરેલ છે તેને વાંચકો નહિ સમજે. પણ મારી નજરે તો એ બનાવ હજી યે બની રહેલો, ચાલુ સ્થિતિમાં, એક સોરઠી નદીને આરે, દેખાયા કરે છે. મારી 'સમરાંગણ'ની આખી ય વાર્તામાં એ એક જ પ્રસંગે બળ પૂર્યું. સૌરાષ્ટ્રમાં શહેનશાહ અકબરશાહની મોકલેલ સોપહેલી ચઢાઇ; અને અમદાવાદના અકબરશત્રુ શાહ મુઝફ્ફર નહનુના આશ્રયદાતા સોરઠી ઠાકોરો સાથે એ અકબર–ફોજના ભયાનક જુદ્ધનું નામ ભૂચર મોરીની લડાઇ. ભૂચર મોરી : કોઇ મહાકાવ્ય મહાગાથાને દિપાવે તેવો મામલો: અને એમાં નાયકપદે મૂકી શકાય તેવા સુરાપરા લાડકપુત્ર નાગડા વજર નામના જે જુવાન પાત્રની માવજત મેં 'સમરાંગણ'માં ઊઘડતા પાનાથી માંડીને કરી છે, તે પાત્રનું પ્રથમ બીજરોપણ મારી કલ્પનામાં ઉપલા કચ્છી શબ્દો વડે મૂકીને જીજી બારોટ ચાલ્યા ગયા.

જી બારોટને શામાટે આટલા જલદી વળાવી દીધા? એક તરફથી અખબારના સંપાદનમાં પૂરો સમય આપવો પડતો. બીજી તરફથી છાપાંકામ જેને ભાગ્યે જ પુષ્ટ કરી શકે છે-બલકે હણી નાખે છે-તેવો આ લોકવિદ્યાનો સર્વદેશીય રસ કેળવવાનો હતો. મારો રસ હજુ એક જ પ્રકારની વાર્તાઓમાં નીપજ્યો હતો. ખબર નહોતી કે આ બારોટો ચારણો જે કંઈ અગમનિગમની અડબંગ વાતું કરે તે પણ ભાવિમાં ખપ લાગશે. જી બારોટની વધુ વાતો નીરસ લાગી. એમને શ્વાસ ખાવા યે વખત આપ્યા વગર સામગ્રી નિચોવી લેવી હતી! એની સાથે તો મહોબ્બત કેળવવી પડે એ ચાવી માલૂમ નહોતી. આજે મોરતો થાય છે, કે જેણે કોઇ પણ ગ્રંથમાં કદાપિ ન મળે એવી આ નાગડા વીરની બાલ્યાવસ્થાની વિચિત્રતાની અને સ્તનો પાછળ નાખીને ધવરાવનારી જનેતાની વાત કરી, તે બારોટ એવાં બીજાં પણ ઘણાં રહસ્યો આપી શકયા હોત. જી બારોટો વારંવાર ભેટતા નથી. એકવાર ઝબૂકી ગયા પછી કેટલા ય દીવા કાયમને માટે બુઝાઈ જાય છે.

વાર્તાકથનની તાલીમ

આગળ ઊથલેા પાનાં !-ને ટાંચણુ-આવે છે વાર્તાકથન માટેની તૈયારીનું. વાર્તાઓ તો હું યે માંડતો, એની કહેણી મનમાં ગોઠવતો. દાખલા તરીકે 'માત્રા વરૂ ને જાલમસંગ' વાળી સોરઠી પ્રેમશૌર્યવંતોની વિલક્ષણ ભાઇબંધીની વાત (રસધાર ભાગ ૧) કહેવી છે. કચ્છ દેશના એક વીરને વર્ણુવવો છે-તો એમાં શરૂઆતમાં આવે એ દેશનું કાવ્ય-વર્ણનઃ સંભારો કચ્છના દુહા :

ભજ નગર ને કચ્છ ધરા
નૈ પીંગળરેા પાર,
રા' દેવળનાં રાજ છે,
ચાલેા જોયેં ચાર. ૧

ભલ ઘેાડા, કાઠી ભલા,
પેનીઢેક પેરવેશ;

રાજા જાદુવંશરા,
ઓ ડોલરિયો દેશ.

બેરી, બુરી ને બાવરી
કુલ કંઢા ને કચ્છ;
હેાથલ હલ્લો કચ્છડે
(જિતે) માડુ સવાયા લચ્છ. ૩

વંકા કુંવર, વિકટ·ભડ,
વંકા વાછડીએ વચ્છ,
વંકા કુંવર ત થીએ,
પાણી પીએ જ કચ્છ. ૪

આમ દુહા કહીને વાર્તાની લીલાભૂમિનેા ચિતાર ખડેા કરવેા. પછી એવા કચ્છની એક કકરાતનેા ઠાકેાર ચીંથરેહાલ વેશે, અણુ-ઓળખ્યેા, કાઠિયાવાડના એક ઠાકેાર માત્રા વરૂને ડાયરે આવીને બેઠેા છે. એ ડાયરાને ય વર્ણવેા જોઈએ ના! માટે ડાયરેા આલેખતા દુહા ટાંકવા. પહેલાં તેા કસુંબા કઢાતા હેાય, અને બેઠેલા વીરાને અમલના કેફ ચડતા હેાય—

નઘારાં ત્રંબક રડે,
હેાય મરદાં હલ્લ,
શિર તૂટે ને ધડ લડે,
આયેા શેણ અમલ્લ.

પછી, એવા અમલનેા કેફ કરીને ધીંગાણે ન ચડી શકનાર ઢીલાઢફ આદમીની ગૃહિણીને કેવું લાગે તેનેા દુહેા—

જે મુખ અમલ ન ચાખિયેા,
તુરી ન બેંચ્યા તંગ,
ફટ અલૂણા સાજના!
આપું તેાં કીં અંગ!

'અલૂણા' (મીઠા વિનાના!) કહીને એવા મરદને ફિટકાર દેતી

નારી કહે છે કે, કેફમાં ચકચૂર બની, અશ્વના તંગડા ખેંચી જુધ્ધે ન ચડનારાને હું મારો દેહ શી રીતે રંગરાગમાં આપું ! પણ એ તો આ જન્મ પૂરતી કઠણાઈ! આવતે ભવે ય કાંઈ નિર્વ્યસનીને નિરાંત છે !—

પરભાતે જેણે ના પિયા
ઘાટા કસુંબા ઘૂંટ,
તે નર સરજે ઊંટ
વેરાગીને બારણે.

એવો જરી પરિહાસઃ ને તુરત પાછી અમલમાં છકેલા પિયુની લાલ ચટક ચકચૂર આંખોને કબૂતરની રાતી આંખો જોડે સરખાવતી, અને તીર સમી પાધરી કહી બિરદાવતી કામિનીની ઉક્તિઃ—

પારેવાં જ્યં રત્તીયું
સર જી પાંસરીયું,
ઘાટે કસુંબે ઘુંટીયું
વાલમજી અખીયું.

કાઠિયાવાડી ને કચ્છી, બેઉ બોલીની ગૂંથણી કરીને એ બેઉ પ્રદેશોને સાંકળતી આ વાર્તાનો ઉઠાવ કરવો. અને પછી એવા દાયરામાં ચૂપચાપ અને ગૂમશાન બેઠેલ પેલા ચીંથરેહાલ કચ્છી પાત્રની નિંદર-વિહોણી રાત આવેઃ સૌ ઊંઘે છે. એ જાગે છે. નીંદર કાં ન આવે?

નીંદર કોને કોને ન આવે? બોલો દુહોઃ

નીંદર ના'વે ત્રણ જણાં
કહો સખિ! કિયાં?
પ્રીતવછોયાં, બહુરણાં,
ખટકે વેર હિયાં.

તો આ પુરુષ એ ત્રણમાંનો કિયો છે? કોઈ પ્રીતવિછોયો–પ્રેમ-ભમ છે? કોઈ બહુરણો–મોટો કરજદાર છે? ના, ના, એ તો ત્રીજી જાતનો છેઃ 'ખટકે વેર હિયાં'—એને હૈયે મોટાં વેર ખટકી રહેલ છે.

પછી રાતે એ ટાઢે ધ્રૂજતા પુરુષે ઘરની અંદર જઈને શું જોયું ? જોઈ એક નારી–પણ કેવી ? ટાંકો સુશીલા સોરડીઆણીનું દુહાચિત્ર–

લંબવેણી, લજ્જા ઘણી.
પોંચે પાતળિયાં;
આછે સાંયે નિપાવિયાં
કો કો કામણિયાં.

આછે (અચ્છે) સાંયે અર્થાત ભલા ભગવાને કોઈકે કોઈકે જ નીપજાવી છે તે પૈકીની એક કામની.

પીતળ સરખા પીંડિયું
હીંગળા સરીખા હાથ;
નવરો દિનોનાથ,
(તેણે) પંડ બનાવી પૂતળી.

આંગળીઆં ફળીઆં જસી
દાહમ ફળીઆં દંત,
ચોન મેં રેખા સારખા
વીજળીઆં ચળકંત.

એવી સુતેલ સુંદરીને–પોતાના આશ્રયદાતાની ઘરવાળીને 'મા–બહેન' તુલ્ય માની, ફક્ત પલભર દેહની ટાઢ ઉડાડવા માટે એ કંગાલ એના ખાલી પડખામાં સૂઈ ગયો હશે, પ્રભાત સુધી ધારણ વળી ગયું હશે, રાતમાં પોતાની ધેનુઓને પહર લઈ ગયેલો, એ ઢોલીઆના ખાલી પડખાનો ખરો હકદાર ધણી પ્રભાતે પાછો આવ્યો હશે, પરપુરુષને ઘરનારી સાથે પડેલો જોઇને એને શું થયું હશે ! કેવો પ્રકોપ ?

ફરકંત ભુજ, થરકંત અંગ
અરૂ રોમરાઇ ઉલટે ઉભંગ

બસ, બે જ ચરણો, કોઈક વાર્તાકારની વાણીમાંથી યાદ રહ્યાં છે.

પ્રવેશ પછી પ્રવેશને આવાં ભાવવ્યંજક સુભાષિતોએ સજ્જીને વાર્તા માંડવાની કલા હું યે તે કાળમાં કેળવતો. ગુજરાતે એ વાતો ઉમંગભેર સાંભળી અને ઝીલી છે.

વાર્તા ગુમાવી

પાનું ફરે છે—શાહીના અક્ષરો તો કયારના અદૃશ્ય બન્યા છે, પોણોસો રૂપિયાનો પગારદાર ઇન્ડોપેન કયાંથી વસાવી શકયો હોય! પેનસિલના માખ-ટાંગા જેવા અક્ષરોમાં ટાંચણ ચાલ્યું છે—

' ભોકો વાળો
' લીળના લાડા જેવા દીકરા
' વિચિત્ર મુલક, વાળાઓનો પડયો જબર
' રૂપાણી શેઠ

' નાગડા બાવાની જમાત. બૂકમાર બંદૂક. શરણાઇના છાડા જેવી નાળી. કાંડા જેવી નાળચ: કાં નળગરી કાં ચકમકથી ફૂટે. ગોળીને બદલે લોઢાનો ખેરીયો ભરાય ખોપે ભરીને. '

' બંદુક—દેશી. સીસકાન—અરબી. વિલાતી. મકરાણની બૂકમાર.

' જંજળ—બહુ લાંબી, લાકડાની ઘોડી ઉપર મંડાય.

' ખેરીયો, દોકડા, ઢબુ વગેરે ભરાય.'

સમજ્યે છો કંઈ? ટાંચણ કપાઈ જાય છે. આગળ કોઈ મુદ્દો નથી. તમને વાંચકોને લાગશે અગડં બગડં. પણ મને લાગે છે કે એક સારી વાર્તાને હું હારી બેઠો. ભોકો વાળો, લીળના લાડા જેવા દીકરા, રૂપાણી શેઠ, નાગડા બાવા, અને બૂકમાર બંદૂક : નથી લાગતું કે આટલાં પાત્રો કોઈ પણ એકાદ કથાના આલેખન માટે પૂરતાં હશે? કોણે કરાવી આ નોંધ? યાદ નથી. મેં વારતા ગુમાવી અને તમને તુંબડીમાં કાંકરા.

સરસ્વતીનું ચારણ-સ્તવન

પાનું ફરે છે. સ્તુતિ આવે છે. સરસ્વતીનું ચારણી ઉદ્બોધન :

'ચિંતા બિઘન બિનાસિની
'કમલાસની શકત્ત !
વીસહથી હંસવાહની
'માતા દેહુ સમત્ત !

'વંદું આદ્ય અનાદ્ય તુંહિ ભવાની.
'તુંહિ જોગમાયા, તુંહિ બાગમાની !
'તુંહિ ધરની આકાશ વિભુ પસારે,
'તુંહિ મોહમાયા વિષે સૂલ ધારે.
'તુંહિ ચાર વેદં, ખટં શાસ્ત્ર બાની,
'તુંહિ જ્ઞાન વિજ્ઞાન મેં સર્વ જાની.
'તુંહિ રાગ રાગાન ભેદે પુરાની
'તુંહિ જંત્રમેં મંત્રમેં સર્વ જાની

ને પાછલે પાને વેરાયાં છે, હાડપિંજરનાં વેરવિખેર અસ્થિ જેવાં, કેટલાક કુહાનાં તૂટક ચરણો. એક ચરણ આ રહ્યું—

'અંતર જી તાંત્યું કરૂં.'

બાકીનાં ત્રણ ચરણો કયાં ? આંતરડાંનાં તંતુઓ કરીને વાદ્ય બજાવવાનું કોની વલ્લભાએ મન કર્યું હશે ? કયા તીવ્ર ઊર્મિ-સંવેદનનો પ્રસંગ હશે ?

'હીરના આંટલા જેવા હાથ'

કોના ? કઈ સુંદરીના ?

પૂછો સ્ત્રોને

ટાંચણમાંથી જવાબ જડતો નથી. અને આ વળી કઈ વિજોગણની હૃદય-વસમાણ દાખવતું ખંડિત ચારણી ત્રોટક પદ ?

રણમેં ભરનો
ગિરિસેં ગિરનો
અસિધાર પે સેન સદા હરનો

નભમેં ફરનો
અગનિ ઝરનો
એમ પાય પનંગ સિરે ધરનો;
વખસેં મરનો
દધિકો તરનો
અરૂ કાશ કરવત સિરે ધરનો,
સબ સેલ ઘણો,
અરૂ એક બૂરો
પતિસે પલ એક જુદો પરનો.

રણમાં લડવું, ગિરિથી પડવું, તલવારની ધાર પર સૂવું, નભમાં ફરવું, અગ્નિ ઝરતો હોય તેમાં જવું, સાપને શિર પર મૂકવો, વિષથી મરવું, દરિયો તરી જવો, અને કાશીનું કરવત શિરે ધરવું, એ બધું સહેલ; પણ મુશ્કેલ ફક્ત એક પતિથી પલનો ય વિયોગ! સાચું હશે? સ્ત્રીને ખબર!

ફરી પાછું 'ભૂચર મોરી' અને એજ વીરભદ્ર નાગડા વજીરનો, એના સમર-મૃત્યુને બિરદાવતો દુહો–

ભલીયું વણ ભલા
નાગડા! નર ન નીપજે.
જોયો જોમાના,
કાં કરમર કુંતા તણે.

ભલી બોમકા વગર, કુળવાન માતાની કૂંખ વગર સાચો નર ન નીપજે. હે નાગડા! મેં તો એવા બે જ જોયા. કાં એક જોમાને પેટે તું જન્મ્યો, ને કાં એક કુંતા માતની કૂંખે ભીમ પાકયો.

વાહ વા! માતાની યશોગાથા મળી. અને એ નાગડાની જનેતાનું નામ મળ્યું. જોમાબાઈ એ નામ પુસ્તક લખતી વેળા મને ન જડયું– સાંભર્યું. સમરાંગણની આખી કથા એ જનેતાના નામ વગર રહી ગઈ. કેવી ગફલત! નોંધપોથીઓ પૂરી વાંચી નહોતો ગયો.

વાર્તાનાં અસ્થિ

વળી પાછાં દુહા–ચરણો :—

'ચંદણ પડયું ચોકમાં
ઈંધણ મૂલ વેચાય.'

* * *

'ધોળી વસ કર કયા કરે
ડીગંબરને ગામ !'

આ તે કઈ કડેકાણે પડી ગયેલ વ્યક્તિનો ઉલ્લેખ હશે ? વારતા ગુમાવી લાગે છે. પાછાં ખંડિત ચરણો–

'મોતી થઈ ગ્યાં ઝેર.'

* * *

'મોતી મીઠાંનાં ગાંગડા,
'નરસાં લાગે નીર;
'અનહર કોઈ મળે નહિ.
'સાંસો પડયો શરીર.'

જવા દો. પણ આ વળી શું ?

'પાહાની જીભ જેવી કટાર.'

કટારીને ઉપમા કેવી ફક્કડ આપી ! પણ એ કટાર ધારણ કરનારા પાત્રનો પતો જડતો નથી. તુરત નીચે—

'પીન્નરાના ધોકા જેવા હોહ–એવાં ભીલડાં.'

એની નીચે વળી આ વિનોદોક્તિ—

'ઈસલો માળી
'એને નૈ ગરિયો નૈ જળી.

'મામદ વોરો
'એને નૈ સો નૈ દોરો.

'વલી વાંઢો
એને નૈ ઢોર નૈ ઢાંઢો.'

* * *

'બબે પુળા જેવી મૂછ્યુ"

* * *

'સડડડ નિસાસો નાખ્યો,'

* * *

'પરભુ છાબડા માથે આવ્યો.'

કોઈકે વારતાનાં જ વેરણ છેરણ હાડકાં લાગે છે. વારતાને મેં ગુમાવી છે.

દર અઠવાડીએ

પાનાં ફરે છે, ગીતો વહે છે. પેનસિલનો વેગ અને અક્ષરોના મરોડ એવો ભાસ કરાવે છે કે જાણે દોડતી ટ્રેનમાં ગીતો ટપકાવ્યાં હશે. પ્રવાસે તો દર શુક્રવારે પરોઢની ટ્રેનમાં ચડી જતો. એવું એક પરોઢ–ચાર વાગ્યાનો સમય સાંભરી આવે છે. અંધારિયું હતું. સ્ટેશને ઊભો હતો. ગાડી આવી. અને ઘેરથી પાછળ સ્વ.....દોડતી આવી. 'આ લ્યો ઘડિયાળઃ ભૂલીને આવ્યા છો !'

પૂછ્યું: અરે, આ ભયાનક અંધકારમાં તું છેક ઘેરથી આવી શી રીતે ? કહે, ચાલતી, દોડતી ! રાણપુરનો ઘરથી સ્ટેશન સુધીનો મારગ, તે વેળાએ તો આજે છે તેથી ય ભેંકાર હતો. ફાળ ખાતો ગાડીએ ચડયો હતો. તાજી પરણેતર, મુંબઇ શહેરની સુકુમારી, એક બાળક, બન્નેને ફફડતાં મૂકીને, નીરસ ધૂડિયા વાતાવરણમાં ધકેલી દઇને, દર અઠવાડીએ ચાલી નીકળતો.

પાંચાળનો પ્રવાસ

પાનું ફરે છે. ટપકાવ્યો છે 'પાંચાળનો પ્રવાસ.' યાદ છે,

અમૃતલાલભાઇ શેઠ સાથેનો એ મોટરમાં શરૂ કરેલો પ્રવાસ. લોકલ બોર્ડમાં શેઠ પ્રેસિડેન્ટ હતા. પોતાની સાથે મને પણ પાંચાળ જોવા લીધો. વર્ણન પણ મેં મોટરિયું જ માંડયું છે—

અણીઆળી, કેરીઆ, ધારપીપળા, સાંગણપુર, લોયા, નાગડકા, ચોરવીરા, ભડલા, નોલી, સાંગોઈ. ગંગાજળ, ગોરૈયા...ગામ પછી ગામ. અને એ ગામોનાં નામો સામે ટૂંકી નોંધો છે–

'—ગરાસીઆ વિલાસી, નિરૂદ્યમી.'

—કાઠીઓ ગરીબ, વિનયશીલ.

—કાઠીઓ તોફાની, વસ્તીને સંતાપનારા.

—નિશાળની જરૂર પણ ન આપે.

—...વગેરે કાઠી : ઠાંખરા, બદમાશ : સ્ત્રીઓને પાણીનો ત્રાસ, કકોડો જાહલ. નિશાળ સારી.

—કાઠી સારા, પાણીનું દુઃખ.

—ઊભા દાઢીવાળા સતજુગીઆ કાઠી, વીસામણ ભગતનો પીપળો. પનીહારીઓ કહે કે 'પાણી આંઇ કેમ ખૂટે ? આંઇ તો વીસામણ ભગતનો પીપળો છે. ખબર છે !'

ઝેરની બીક

ઓરી નામના ગામનો પ્રસંગ, જેમાં હીંગોળગઢેથી જસદણ દરબાર સાહેબ પણ અમારી સાથે થયા હતા, તેનું ટાંચણ રસભર્યું છે–

'અમરાભાઈ તથા તેના બાપ રૂખડભાઇ, ભોળીઆઃ જુની રખાવટઃ ડીલ ઉપર લોહી હિલોળા લેયેઃ હાથજોડ કરે. જસદણ દરબાર સાહેબ માટે ચા—

'અમરા, પેલો તું પી, પછી હું પીઉં, પછી બાપો પીએ.'

સમજાય છે ? બાપદીકરાએ પોતે પકાવેલી ચાનું આખું તપેલું ત્યાં આણ્યું, પહેલું છાલિયું બુઢ્ઢા કાઠીએ પોતાના જોધાર પુત્રને પાયું, પછી પોતે પીધું, ને પછી જસદણ દરબાર સાહેબને એજ તપેલામાંથી કપ ભરીને આપ્યો.

કારણ ?

કારણમાં કરુણતા રહી છે. ગાદીના ધણીઓને ઝેર દેવાતાં, તે કર્પીણ કાળનો, આ આજ સુધી ચાલ્યા આવતા રાજવળાંના રિવાજમાં પડઘો છે. આજે પણ હેર હેર મેં જોયું છે, કે રાજવીને ઘેર રાજપુત્ર જ્યારે પરોણો હોય ત્યારે યજમાન રાજવી એ પરોણાની સાથે પોતાના જોબનજોદ્ધ પુત્રને જમવા બેસારે. પહેલો કોળીઓ એ યજમાન-પુત્રને આરોગવાનો હોય.

સોરઠીઆણીની દશા

મનના મધપૂડાનાં છિદ્રો પછી છિદ્રો આવી વિલક્ષણ અસલવટો વડે પુરાતાં જાય છે, સોરઠી મધ્યયુગી જીવનનું જે વાતાવરણ મારે મારી કથાઓમાં સર્જવવાનું હોય તેની પરિપુષ્ટિ આમ થતી આવેલી. અને મદભરી સોરઠીઆણીમાં જૂનાં પાત્રોની વર્તમાનમાં થઇ રહેલી અવદશાનો આવો ચિતાર પણ ગામડે ગામડે મળી રહેતો, જેના બળે હું અવાસ્તવની આસમાનીમાંથી ઊગરી ગયો છું.

'મોટા માત્રા ગામઃ ૫૦ હાથ ઊંડો કૂવોઃ તળીએ વીરડા જેવું પાણીઃ કેડયે રાંઢવું બાંધીને કાંઠેથી એક નાની છોકરી અંદર ઊતરી છેઃ એ ત્યાં તળીએ ઊભી ઊભી ડોલ ભરે છે. આ ડોલ ઉપરથી સિંચાય છે, કાંઠે પનીહારીનાં બેડાં એ ડોલે ડોલે ભરાય છે. કૂવાને કઠોડો નથી.'

આજ એ વાતને અઢારેક વર્ષ થયાં હશે. આવું આછુંપાતળું ટાંચણ પણ એ કઠોડા વગરના એકાકી કૂવાને તળીએ તબકતા ચાંદરડા જેટલા એ પાણીને તળીએ ઊભી ઊભી ડોલો ભરી દેતી એ છોકરીને અને વેદનામૂર્તિ, મૂંગી, ગંભીર કાઠીઆણીઓને મનના વેરાન વચ્ચે તાદશ કરી આપે છે અને—

કાઠીઆણી કલ્પ પાતળી
હલકે માથે હેલ્ય;

બરડા હુંદી બજારમાં
ઢળકતી આવે ઢેલ્ય.

ઓદરથી ઉરે સરસ,
નાકનેણુનો તાલ;
ગૂઢે વસ્તરે ગોરિયાં,
પડે જોવા પાંચાળ.

એવી એવી મેં એકઠી કરેલી આ કંકુવરણી ભોમકાની સૌંદર્ય-ખ્યાતિનાં ચાંદ્રડિયાં પાડતો વર્તમાન પાંચાલ નજરે તરે છે.

ચિત્રાકૃતિઓની મદદ

ગામવાર ટૂંકાં ટાંચણ છોડી દઉં છું, એ ડુંગરીઆ ગઢકિલ્લાના અવશેષોને યાદ રાખવા માટે મેં કોઈ અફલાતૂન ચિત્રકારની અદાથી દોરેલાં ચિત્રોને નીરખતો આગળ વધું છું. ભીમોરાનો ગઢ ચીતર્યો છે, નિનામાના ગઢને એક નદીકાંઠે ઊભો કર્યો છે, ઊંચી ઊંચી ભેખડ પર ઊભેલું અમારા સ્વ. કાઠી મિત્ર દરબાર શ્રી કાંથડ ખાચરનું રેશમીઉં આ કળાકારની પેનસિલને લીટોડે ખડું થયું છે. ઠાંગનાથ મહાદેવની એક દેરીને એક ડુંગરના પેટાળમાં ધજા સહિત દેખાડી છે. પ્રશ્ન ફક્ત એટલોજ રહે છે કે મેં આલેખેલું એ તે ડુંગરનું પેટાળ છે કે કોઈ સ્ત્રીનું ઝંટિયે ઝૂલતું માથું છે, એ તો સોવીએટ કલાકારોની કદરનો વિષય છે. ભવિષ્યમાં કોઈ ભક્ત મારી આ હસ્તપ્રતને પણ મોસ્કો નહિ લઈ જાય ?

શિવજીના પોઠીઆ

ખેર ! આ બાબત, હું આજે બનાવી રહ્યો છું તેવી તદ્દન પરિહાસની નથી. આ આકૃતિમાં મેં ઠાંગનાથ મંદિરેથી ગામ તરફ લંબાતી જતી એક ધારની ટોચે સિલાસિલાબંધ ઊભેલા પથ્થરો બતાવીને ઉપર લખ્યું છેઃ 'પોઠીઆ.'

મને યાદ છે. માર્ગે દોડી જતી અમારી મોટરમાં સ્વ. કાંથડભાઈએ અને અમૃતલાલભાઈએ મોં મલકાવીને મને પૂછ્યું હતું, 'જુઓ તો ખરા, તમને અહીં આસપાસ કંઈ રહસ્ય દેખાય છે?' એઉ હસે, મને ગતાગમ ન પડે, પછી અમૃતલાલભાઈ કહે, તારી રસધારની કથામાં તેં જ લખ્યું છે તે ભૂલી ગયો ? રાજાને ચુકેલ શિવજીના આ પોઠીઆ નથી જોતો !– એમ કહેતેં કહેતે એ ધાર બતાવી.

પાછળ જોતો નહિ !

આકારે પોઠીઆ નથી, ધારની ટોચે ટોચે કુદરતે સીધી કાળી શિલાઓ ખોડી દીધી છે. લોકકલ્પનાએ એ પથ્થરની લંગારમાં અન્ન લાદેલ પોઠીઆની વણઝાર કલ્પી. શંભુની આ અન્નપોઠ કયાં ચાલી જાય છે? કાળાસર ગામમાં. ગામ ક્ષુધાર્ત હતું. બાર વરસનો દુકાળ પડેલો. ગામધણીએ પોતાના કોઠાર ખોલી છેલ્લા દાણા સુધી વસ્તીને નભાવી. ભંડાર ખૂટી ગયા. પ્રજાનો પ્રતિપાલ લાજી ઊઠ્યો. 'ભોં શું બતાવવું !' બીજો માર્ગ હતો પણ કયાં ? આત્મવિલોપન એજ એનો આખરી રાજધર્મ હતો. એણે મહાદેવ સન્મુખ જઈને ખડ્ગ ખેંચ્યું. 'હે નાથ ! આ લે આ મસ્તક-કમળ.' શંભુએ માકાર કર્યો. 'જા બાપ ! ધોડો ગામ ભણી વહેતો મૂક. પાછળ જોતો નહિ.' લોકપાલના ધોડાની પાછળ અન્નની પોઠ ચાલી. અનંત લંગાર ચાલી આવે છે. ગામડું અનાજે ધ્રપધ્રપી ઊઠે છે. બહુ થયું. લોકપાલે પાછળ જોયું. બાકીના પોઠીઆ પાષાણ બન્યા. ઊભા છે હનુ-થંભીને ઊભા છે. 'પાછળ જોતો નહિ !' એ બોલના પડઘા પડે છે. પાછળ જોતો નહિ ! શ્રદ્ધા–આત્મશ્રદ્ધા હારતો નહિ હે મર્ત્યલોકના માનવી ! પાછળ જોતો નહિ. દૃષ્ટિ માંડજે ભાવિના ધ્રવતારકે.

લોકવાર્તાની રચના શું આ પ્રાકૃતિક પાષાણ-દૃશ્ય ઉપરથી થઈ હશે ? લોકમાનસ કેવા પ્રકારનું વાર્તાકાર છે ? જે કંઈ નિહાળે છે તેને કેવી રીતે જીવનમાં ઘટાવી કાઢે છે ! લોકકલ્યાણનાં સ્તોત્રો કેવી

ચોટદાર કલામાં ઉતારી આપે છે! અત્યારે, લોકોના રોટલા પર ચાલી રહેલી રાજસત્તાઓની લૂંટાલૂંટને ટાણે, પાંચાળના ઠાંગનાથ મહાદેવની પાષાણ-ધાર પરનું આ પથ્થરકાવ્ય વિશિષ્ટ અર્થ ધરે છે.

રીસાળુ ને ફૂલવંતી

ઊઘડો પાનાં, અને ચોબારીનાં ખંડિયેરો પરનું ટાંચણ ઉકેલાવો—

'ચોબારી—મૂળ દ્રુપદ શહેર.

૧—પંચમુખી વાવ—યજ્ઞકુંડ જેવી. પણ ખોટી: પગ પર પગ ચડાવીને શેષશાયીની મૂર્તિ.

૨—ગણેશવાવ. ગણેશની ઊભી મૂર્તિઓ બે: હનુમાન.

૩—કુવો ભોંયરાવાળો: ભોંયરાનો સંબંધ ગામમાં: ભોંયરૂં દટાઇ ગયું છે.

૪—તળાવ—કિનારે બે દેરાં: તળાવ પર પૂલ: પૂલ પરથી જતાં અંદર દેરૂં. શેષશાયી ભગવાન: એની કેડ સુધી પાણી આવે એટલે તળાવની ઓગન (Water-outlet) ઊઘડી જાય. અસલી દેરૂં રોવી ધાટનું.

૫—ગામમાં એકલદંડીઆ મહેલનો અવશેષ: પડખેના જ ઘરમાં, ફળીમાં કોઇ રખારણ યુવતી બેઠેલી: પૂલવંતીનું સ્મરણ.

પૂલવંતી—અનંત ચાવડાની દીકરી. શાલિવાહનનો 'રીસાળુ' કુમાર રિસાઈને જંગલમાં આવ્યો. અનંત ચાવડાએ એને કન્યા પૂલવંતી પરણાવી. પણ પૂલવંતી આઠ-નવ જ વર્ષની. કુંવર એને બેલાડે (પોતાના ઘોડા પર પોતાની પાછળ) બેસારીને લઇ ચાલ્યો. એકલદંડીઆ મહેલમાં રાખીને પાળે પોષે-દુધ ટોચે ને ઉછેરે: યૌવનકાળે પરણીશ: યુવતી બની: વિકાર: કચ્છનો હઠીઓ વણજારો ઘોડેસ્વાર થઇને નીકળ્યો. બોલાવ્યો. પ્રેમ થયો: હીંડોળે હીંચકે: હીંચકતાં હીંચકતાં હઠીએ તાંબુલની પિચકારી લગાવેલ: પિચકારી ધુમ્મટમાં પડી. સાંજ પડે એટલે હઠીઓ પાછો ચાલ્યો જાય પોતાના ડેરા હતા ત્યાં. સાંજે રીસાળુ કુંવર ઘેર આવ્યો. ઘોડાએ પરાયા ઘોડાની લાદ દેખી ટાણ દીધી: પિચકારીના છાંટા જોયા. પૂછ્યું—કોણે તાંબુલની પિચકારી કેર ધુમ્મટે છાંટી?

પૂલવંતી:—મેં.

રીસાળુ:—કરી બતાવ.

ન કરી શકી. (હીંડોળે હીંચકતી હીંચકતી પાનની પિચકારી ધુમ્મટ પર ન પહોંચાડી શકી.)

બીજે દિવસે ઘોડાના તાન્ત સગડ જોયા. રીસાળુએ જઇને હડીઆને માર્યો: એનું કલેજું લાવી રંધાવ્યું: પોતે કોળીઆ ભરાવ્યા: પૂછ્યું, 'કેવું મીઠું!'

'બહુ જ.'

'જીવતાં મીઠું તે મર્યા પછી યે મીઠું લાગે હો!'

ફૂલવંતી ચાલી ગઇ.

ખંડેર પરથી વાર્તાસર્જન?

ટૂંકા ટાંચણમાંથી યે આખી કરુણ કથા ઊપસી આવે છે. એકલદંડીઆનાં બલાડાં મેં નોટમાં તાણેલાં છે તે મોજૂદ છે. એટલો જ જો એ એકલદંડીઓ હોય તો તો એમાં નથી કોઇ હિંડોળો બાંધવાની જગ્યા, કે નથી હડીઆ–ફૂલવંતીની પ્રેમલીલાને પ્રકટવાનું ઠેકાણું. કદાચ એ તો મૂળ મહાલયનો અવશેષ માત્ર હશે. રૂદ્રમહાલયનું એક તોરણ આજે જેમ છે તેમ જ. સંભવ છે કે મૂળ પ્રેમાલય નષ્ટ થયું છે. એથી વધુ સંભવ છે કે કોઇક લોકવાર્તાકારે ત્યાં બેઠાં બેઠાં વાર્તા કલ્પી કાઢી છે ને સ્થાન તો ઘણું કરીને ઓઢું જ બન્યું છે.

આમ આ પાષાણી અવશેષો પર તો બુદ્ધિ માત્ર એક હાસ્ય વેરીને પાછી વળી જાય છે. પણ એવું હાસ્ય આ ટાંચણ કરેલી વાર્તાના અવશેષો પર વેરી શકાતું નથી. રીસાળુ, ફૂલવંતી અને હડીઓ વણઝારો, એ ત્રણ પાત્રો આ પૃથ્વી પર કદી હો વા ન હો, મારૂં મન તો એમનું સનાતન અસ્તિત્વ સ્વીકારી બેઠું છે. નાની એવી બાલિકાનું કળી–જીવન એના પરણ્યા પતિના કોઇક એકલ ગૃહમંદિરમાં પુરાયું હશે, દિનો પછી દિનોનાં વહાણાં વાતાં હશે, કળીને ખીલવતાં ખીલવતાં વર્ષો વિદાય લેતાં હશે, પરણ્યો એની પરિપૂર્ણ પુષ્પિતા-વસ્થાની વાટ જોતો હશે.

એની સબૂરીને કલ્પનામાં ખડી કરું છું. કાચી કળીને અંતરની

ધીરીધીરી ઉષ્મા આપતો એ દિવસો ખેંચતો હશે. તો શું એને ખબર નહિ રહી હોય ને જોબન ફૂલવંતીમાં સળવળી ઊઠ્યું હશે! એકલવાસી યૌવના પિયુને પોતાના ઉરની વાત મુખેથી શું કહી નહિ શકી હોય? કે શું એ આઠ વર્ષના વચગાળામાં સ્ત્રીનો હૃદયભાવ જુદે રસ્તે વહ્યો હશે? પોતાના પાલક પોષક પ્રત્યે વલ્લભની નહિ પણ વડીલની લાગણી પોષાયે ગઈ હશે? એ લાગણીને વશ બનેલું કન્યા-હૃદય, પોતાનો જોબનમહોર બેઠા પછી યે ટૌકાર નહિ કરી શકતું હોય તેથી જ શું રીસાળુએ 'વાર છે! હજુ વાર છે!' એવી ભ્રમણા સેવે રાખી હશે?

બન્ને નિર્દોષ

બન્ને અસહાય હશે: બન્ને નિરપરાધી હશે. તું મારી પરણેતર છે: હું તારો કંથ છું: તારા જોબનના પ્રથમ મલ્હાર-સ્વરની જ વાટ જોઉં છું: એવી ચોખવટ નહિ કરનારો રીસાળુ કોઈક સુહાગી પલ પર પહોંચીને નિજ સુંદરીને વિસ્મયના પ્રેમ-પછેડામાં લપેટી લેવાની ધીરગંભીર પ્રતીક્ષા કરતો હશે. અને બીજી બાજુએ ઘનપલ્લવ અટવીની નિતાંત એકલતા વચ્ચે ઊછરતી કિશોરી, પોતાને રોજ પ્રભાતે એકલદંડીઆમાં મૂકીને સંસારની ગડમથલમાં ચાલ્યા જતા આ એકાકી માનવીનું આકર્ષણ હારી બેઠી હશે. યૌવન છાનુંમાનું આવીને રોમેરોમે લપાઈ ગયું હશે-અને એકલદંડીઆની નીચે થઈને નીકળ્યો હશે હઠીલો વણઝારો.

વણઝારાનું આકર્ષણ

'વણઝારો' શબ્દ જેવો લાગે છે તેવો સાદો ને નીરસ નથી. એકલ-દંડીઆને જરખે બેઠેલી ફૂલવંતીના પ્રથમ યૌવનને જેણે મઘમઘાવી દીધું, તે હઠીઆની પોતાની જુવાની કેવી હશે! મારા ટાંચણની અંદર જ એની સાહેદી પડી છે. તાંબુલઃ તાંબુલની પિચકારીઃ હીંડોળાખાટેથી મારી તે છેક ઘુમ્મટને રંગી રહેલી પિચકારીઃ એ ઘણું ભાખી આપે

છે. વનમાં એની પોઠોના પડાવઃ કસ્તુરી, તેજના અને અત્તરો મોતીડાંના એના વણઝાર–ભારઃ

ને આખરે એનું કલેજું ! રીસાળુએ ઠાર મારીને કાઢી આણેલું એ કલેજું કુલવંતીના પેટમાં પહોંચ્યું.

પ્રેમ જે વેર વાળે છે, તેનો છે કોઈ જોટો આ જગત પર ?

પ્રીતમના કલેજાનું રાંધણું

આ કલેજું રાંધીને ખવરાવવાની વાત લોકસાહિત્યમાં એકથી વધુ ઠેકાણે કેમ આવતી હશે ? એક લોકગીત છે. રાણી પાણી ભરવા સંચરેલી છે. નવાણકાંઠે મોરલો બેઠો છે—

' પાણીડાં ભરે ને મોર
ઢોળી ઢોળી નાખે રે. '

રાણીને મોરલાની માયા લાગે છે. રાજને જાણ થાય છે. પ્રણયી પંખી પ્રત્યે દ્વેષ જન્મે છે. રાજા શિકારે ચડે છે. રાણી વીનવે છે—

' મારજો તે મારજો રાજ !
' હરણ ને હળીઆરાં રાજ !
' એક નો મારજો રે વનનો મોરલો.

પણ રાજા તો મોરલાને જ મારે છે. એનું માંસ લાવે છે. રાણી પાસે રંધાવે છે. રોતાં ને રહકતાં રાણી રાંધે છે. પણ જમતી નથી.

જીવનમાં નીરસ બનેલી રાણીને પછી રાજા બહુ બહુ મનાવે છે, કે ' રાણીજી ! જમો. હું ટોડલે મોરલો કોતરાવું, તમારા અલંકારો પર મોરલો આલેખાવું : પણ, ના, ના, ઊડી ગયેલો જીવન–રસ પાછો વળતો નથી. નર્મદ લખે છે કે એમના સમયમાં આ ગીત સુરતની સુંદરીઓ ટીપના તીણા સ્વરે ગાતી ત્યારે સુરત ડોલી હાલતું.

આ મોરલો તે પંખી સમજવો ? કે કોઇ પ્રણયી માનવ–મયૂર ?

ચાલો કલમ ! આમ થોભતી રહીશ તો પાનાં કયારે પૂરાં થશે ?

ફૂલવંતી તો ચાલી ગઈ. રીસાળુ કુમારે એને જીવતી જવા દીધી ! કયાં ગઈ ? કયાં રઝળી હશે ? જોબનના એ નિચોડ કઈ ભૂમિમાં છંટાયા હશે ?

એડી હતી–એક રબારણ યુવતી. મારે મન તો એ ફૂલવંતી જ એડી હતી. એકલદંડીઆની છાયામાં એ એડી હતી. એનું મોં આજે યાદ નથી. રબારણોનાં દૂધમલ રૂપ આજે રોળાતાં રોળાતાં પણ કાઠિયાવાડને ભીંજવે છે.

ઘોડાં

જેવી ફૂલવંતી, તેવી જ ફૂલમાળ : ફૂલમાળ એ તો પાંચાળની કાઠી ઘોડી. એ પાંચાળ–પુત્રીઓની પિછાન વગર લોકસાહિત્યનો પટ ખેડાય નહિ. ટાંચણનું નવું પાનું એના ટૂંકા કીર્તિલેખે અંકિત છે—

'કાંયડભાઇના પિતા દાદાભાઇની લખી જાતની ઘોડી: ગામતરામાં દરબારને વાય આવે: તુરત લખી એસી જાય : દરબારને ભોંય પર સુવાડી દે : આસપાસ કુંડાળું ફર્યા જ કરે.'

'ચાંગી ચોટીલાની. ફૂલમાળ રાતડકાની. લખી ને કેસર ભીમોરાની.'

'નાજા ખાચર : ચોટીલાના અને ચોરવાણના ડુંગર વચ્ચે જામની સાથે લડાઇ કરી. ઘોડી ગોળીએ વિંધાણી. આંતરડાં લબડતાં આવે. કુંઢડાના વોંકળા સુધી લઈ આવી. નીચે ઊતર્યા ત્યારે પડી.'

પ્રતાપ રાણાનો ચિતોડીઓ ચેતક ઇતિહાસ–પાને ઉજ્જવળ છે. સોરઠમાં વોંકળ વોંકળે ચેતક–જનેતાઓના આવા મૂંગા કીર્તિલેખ લોકમુખે ઊભા છે. ભીમોરાની લડાઇની વાર્તા તો મેં લખ્યાને પણ એ વખતે ચાર વર્ષ થયાં હતાં. આ પ્રવાસમાં એનો એક બાકી રહી ગયેલો સોનાનો ટુકડો સાંપડયો. ટાંચણ બોલે છે કે—

'ભીમોરાની લડાઇ વખતે જસદણનો શેલો ખાચર મરાઠા બાબારાવની ફોજને લઈને આવેલ છે. નાજો ખાચર ભીમોરાના ગઢની અંદર આઠ દિવસ અન્નજળ વગરના ભેંચ્યા પછી, કેસરીઓની છેલ્લી પળે પોતાની કેસર જાતની

ઘોડીઓને ગૂહવાનો હુકમ આપે છે. આઠને ગૂહી નાખી. એક નવમી વધ કરવા ટાણે હણહણે છે. નાજા આચરે કહ્યું કે બસ, 'કાળા ખુમાણ! એનો જીવ મોળો પડયો છે. દુશ્મન પાસે જવા એ રાજી છે. સરક કોટિયું ગળે વીંટીને છોડી દો.'

ફોડાંમાંથી કાઢયો

મારો ય નાનકડો અનુભવ કહું. ૧૯૨૮ના રેલસંકટમાં સૌરાષ્ટ્ર સેવા સમિતિ તરફથી મદદ પહોંચવા મને આ પાંચાલ સોંપાયો. કામ પૂરું કરીને રેશમીઓથી સ્વ. કાંથડભાઇની ઘોડી લઈ ચોટીલે ટ્રેન પકડવા ચાલ્યા. ખબર હતી, ને પ્રવાસમાં અનુભવો પણ થયા હતા, કે ચોમાસે પાંચાળની ભોંયમાં 'ફોડાં' પડી જાય છે. આ 'ફોડાં' દગલબાજ હોય છે. ઉપરથી ધરતી સૂકી હોય છે, પણ અંદર પગ દીધે પૃથ્વીમાં ગારદ બનાય છે. ચેતજ્જે! પણ રાંગમાં જ્યારે તેજ્જી ઘોડી હોય છે ત્યારે માણસની–તેમાં ય પાછી જુવાન માણસની આંખ્યું ઓડે જાય છે. પાંચાળના રેલમછેલા લીલા ડુંગરા, રાંગમાં પહાડ જેવડી કદાવર અને પાણીના રેલા જેવી તરવરતી ઘોડી, જુવાનીનો મદ, મીઠી ફોરમ છાંટતી ધરતી, અને રંગે રમાડતું આકાશઃ એમાં ભાન ન રહ્યું. ઘોડીને પણ મારગ સોપારી રડતી જાય તેવો ટાકરીઓ લાગતો હતો. એકાએક એક ઠેકાણે ઘોડીને જાણે ધરતીએ ગળવા માંડી. ભાન આવે તે પૂર્વે તો ઘોડી સાથળ સુધી ભોંમાં ઊતરી ગઈ. મેં પાછળ આવતા ઘોડેસવાર સાથીને બૂમ પાડી, 'હરિભાઈ, મૂવા! તમે દૂર રહેજ્જો! ફોદું!'

સાંભળેલું કે આ ફોડાં એકાદ પલઘડીમાં જ માણસને ગળી જાય છે, ને માથે થોડી વાર ફક્ત અડબડીઆં જ બોલીને ખેલ ખલાસ થાય છે, કોઈ નિશાની પણ રહેતી નથી. મેં મારો ખેલ ખલાસ માન્યો.પણ એ તો પાંચાળી કાઠીઘોડલીનું જ ગજું કે સાથળ લગી ખૂત્યા પછી ય પાછી બહાર નીકળે! મને નવો અવતાર આપનાર એ પાંચાળી ઘોડી હતી. ને એને

ગળે પડતી મારા પંજની થબડાટીનો પોતાની બંકી ગરદન વડે જ મુંગો પ્રત્યુપકારભાવ પ્રકટ કરતી, કાનસોરીના ડાબાજમણા ઘૂમટા કાઢયે જતી એ ઘોડી પણ આજ હૃદયને ખીલે બાંધેલ છે.

માનવીનાં શીલ

ઘોડાંનાં યે શીલ હતાં. ઓલાદનું ઓઢણું હતું. એની વચ્ચે જીવનારા માનવીને યે શીલ પ્રાણ સાટે હતાં. એ માનવી નહોતાં પ્રાચીન, નહોતાં પ્રાગૈતિહાસિક, નહોતાં મધ્યયુગી. એ તો જીવતાં અર્વાચીનતાને ટીંબે. પાતું ફરે છે, ને પાંચાળના એક 'લખમણ જતિ'ના બિરદ–દુહા ટપકાવેલા જોઉં છું. ભીમોરાનો ઓઢો ખાચર. નાડીનો સાબૂત આદમી: **નાડહં જાનામિ કેયુરં, નાડહં જાનામિ કંકણં, નૂપુરં ચૈવ જાનામિ નિત્યં પદાભિવંદનાત્ ॥** એવો બોજાઈ જનકીના પગ સિવાયના કોઈ અંગને ન ઓળખનારો લક્ષ્મણ સંસારી છતાંયે લોકજીભે જતિ વદાયો, ને એ જતિબિરદ સાચા શીલવંતાઓને ચડતાં આવ્યાં છે. 'એની તો નાડી ઘોયે આડાં ભાંગે' એ લોક–કહેણી એવા શીલવંતાઓ માટે યોજાય છે. ઓઢા ખાચરની નાડી ઘોઈને સગર્ભાને પવાતાં આડા ગર્ભ સવળા બનતા તેની બિરદાવળના ટપકાવેલા દુહા છે.

'હે નાડી હમીરા!
વૈદક હોઉ વદાં,
'પાધે પાવરા!
આડાં ભાંગે ઓઢીઆ!

(હે હમીરના પુત્ર! તારી તો નાડી એવી છે કે હું વૈદક સામે હોઉ વદી શકું. વૈદકની દવા પીધે જે આડા ગર્ભ સવળા ન થાય તે તારી નાડીને પલાળીને પીવાથી થાય.)

'સુંદરને બાળક સમે,
કસર દિયે કરતાર!
'એનો હે ઉબાર,
આવત નાડી ઓઢીઆ.

(સુંદરીને પ્રસૂતિની પીડા ટાણે તારી નાડી જ ઉગાર લઇને આવે છે.)

'તરિયા અન્ન નીંદર તજણ,
જગભલ બે ખટ જુગ;
ભમરો વિંધણ ભૂપ !
તેં ઓળખાએ ઓઢીઆ !

(હે ઓઢા ! તને મેં ઓળખ્યો. તું તો ત્રિયા, અન્ન અને નિદ્રા ત્યજનાર છે. રાવણ ભમરો થઇને ઇંદ્રના વિમાનમાં સંતાયો તેને પોતાના અણિશુદ્ધ શીલને કારણે જ વીંધી શકનાર લક્ષ્મણ તુલ્ય તું છે.)

ખટ જતિ ભાંખે ખલક,
નવળંગ નાજહરા !
એમા ગોરખ ગરઢેરા !
તું આડીદર ઓઢીઆ !

ભાષાજ્ઞાન વિના સંશોધન

કાઠી ગામધણીને 'ગરઢેરો' કહેવાય છે. મેટ્રીકના અભ્યાસક્રમમાં મારી વારતાઓ મુકાય છે. તેની ઉપર નોટ–ગાઇડો પ્રકટ કરનારાઓ સોરઠી તળપદા પ્રયોગોની સમજણ વગર 'ગરઢેરા'ને 'ઘરડા' તરીકે વયસૂચક ગણાવે છે. આ બાપડાઓનો શો દોષ કાઢું ! અમારા ખુદ સંશોધકો જ સોરઠી ભાષાને ઓળખતા નથી. 'નાજહરા' એટલે નાજનો પૌત્ર થાય. 'હરા' પ્રત્યય ખૂબ પ્રચલિત, એ જ રીતે 'નાજઉત' એટલે નાજનો સૂત (દીકરો): એ 'ઉત' પણ ચાલુ વપરાશમાં છે. છતાં એની ગતાગમ નથી હોતી. માત્ર શબ્દોપ્રત્યયોના પરિચયથી પણ લોકસાહિત્યનું સંશોધન શુદ્ધ બનતું નથી. લોકજીવનનો ઝીણો પરિચય ન હોય તો નીચલો દુહો તૂંબડીમાં કાંકરા જેવો—

'ઓળાને બેસારે ખલક,
મેપત ઓળામાંય;
'ખંડપત ખુશી થાય,
અણસારેથી ઓઢીઆ !

ખેળો એટલે ભવાયો. સ્ત્રીનો વેશ લઈને આ ભવાયો મરદ ઈનામ મેળવવા માટે પ્રેક્ષકો પૈકીના સારા સારા પુરુષોના ખોળામાં બેસી પ્રણય–ચેષ્ટા કરે, અને એથી ફિદા થતા મેપતો (મહીપતિઓ–દરબારો) ઉલટમાં આવે છે. એ દૃશ્ય મેં નાનપણમાં ભવાઈમાં જોયું છે. ભુંડાભૂખ પુરુષના સ્ત્રીવેશની આવી ચેષ્ટાઓ પર પણ બીજા દરબારો લટુ બની જાય છે, તેવા કળિકાળમાં હે ઓઢા !—

પદ્મણીએ પાવરના ધણી !
(તું) રીઝયો નહિ કળરૂપ !
ભોળવાઈ ગ્યો'તો, ભૂપ !
એકલશીંગી ઓઢીઆ !

(તું તો સાક્ષાત પદ્મણીનાં રૂપ પર પણ ન મોહાયો. નહિતર એકલશીંગી ઋષિ જોવા પણ લટુ બની ગયા હતા.)

'પાવરના ધણી'—ન સમજતા કે પાવર નામનો કોઈ પ્રદેશ કાઠિયાવાડમાં છે. ના, પાવર તો પુરાતન કાળમાં માળવા તરફનો કોઈ પ્રદેશ હતો, અસલ કાઠીઓના પૂર્વજો એ પાવરમાં રાજ કરતા. એટલે આજે પણ એ સંબોધન સર્વ કોઈ કાઠીઓ માટે પ્રચલિત છે.

એમ ટીપે ટીપે, ટુકડે ટુકડે, સમસ્ત જીવન, ભાષા, વાણી, કવિતા, રીતો રસમો, પશુઓ, પરંપરાઓ, પહેરવેશો, સંસ્કારો, ભૌગોલિક અવસ્થાન્તરો ઇત્યાદિનું સમગ્રતાએ ખેડાણ કરતો કરતો હું લોકસાહિત્યમાં પલોટાયો છું. અને લોકસાહિત્ય કે અન્ય સાહિત્ય, સર્વ કોઈ સાહિત્યમાં પલોટાવાની રીત એ એક જ છે. બિન્દુએ બિન્દુએ મધુસંચય વગર અને પોતાની અંદરના રસ વડે એ વનમધુનું નૂતન રસાયન નીપજાવ્યા વગર મધપૂડા બનતો નથી.

જીવતાં પાત્રો જડ્યાં છે.

પાનું ફરે છે–મીંઆણા બહારવટીઆ વાલા નામોરીની મેં 'સોરઠી બહારવટીઆ' ભાગ ૧ માં લખેલી કથાના કિસ્સા પૂરા પાડનાર માણસનો

પતો મળે છે. એ આદમી આ પ્રવાસમાં ભેટયો હતો. સ્વ. દરબાર કાંથડ ખાચરની રાજપરાની ખળાવાડમાં એ હવાલદાર હતો. પડછંદ, સીધો સોટા સરીખો, ઘાટી સફેદ દાઢી, જબ્બાને મૂંગો, કરડી પણ ગંભીર આંખોઃ ઓળખાવ્યો ત્યારે જ ખબર પડી, કે વાલા નામોરી અને મોવર સંઘવાણીના બહારવટામાં જાતે જોડાનાર એ મિયાણો હતો. એણે મને પેટ દીધું, સમસ્ત બહારવટાની કથા કહી, પોતે એ પ્રત્યેક કિસ્સાનો સાક્ષી જ માત્ર નહિ પણ સક્રિય પાત્ર હતો. ચારણ, ભાટો અને કથાકારો જ મને ઉટાંગ વાતો કહી ગયા છે એ માન્યતા ખોટી છે. ઘટનાનાં જીવતાં પાત્રો મને સાંપડયાં છે. તેમની વિશ્વસનીયતાને મેં ચકાસી જોઈ છે. તેમણે સારું બુરું બેઉ દિલ ખોલીને સંભળાવ્યું છે. તેમણે તો પોતાને વિશે પ્રચલિત કેટલીક અતિ શોભાસ્પદ અને ભભકભરી વાતોનો પણ સરલ ભાવે ધિક્કાર કર્યો છે.

એ વૃદ્ધ મિયાણાના છેલ્લા શબ્દો–કલ્યાણકારી શબ્દો–ટાંચણમાંથી અહીં ઉતારીને હું તેને સલામો દઉ છું—

'વાલો મોરઃ ધઉંલો વાનઃ સામાન્ય કદનોઃ

શરીરે મજબૂતઃ સ્વભાવ બહુ સારો શાંતઃ કોઇ ગાળ ઘે તો પણ બોલે નહિઃ કોઇ દી' હસે નહિઃ કોઇ દસ વેણ બોલે ત્યારે પોતે એક બોલેઃ સજ્જ પડયે બંદુકને લોબાન કરેઃ એની હાજરીમાં જૂઠું બોલાય નહિ.'

આ બહારવટીઓ ! આ મિંયાણો ! આવા શીલવંતા કેવે કમોતે ગયા ! આમ કેમ થયું ? પરચક્રને પ્રતાપે જ તો. બહાદુરોને બદમાસો કરી ટાળ્યા.

સંતોનાં જીવનરહસ્ય

ખેર ! સલામો દઈને જ આગળ ચાલું છું. પાંચાળનાં બહારવટીઆની પડખોપડખ મારી નોંધપોથીમાં પાંચાળના પીરાણાં–સંતજનોની શ્રેણી બેઠી છે—

" આપો રતો–નાની મોલડી

" આપો નદરો–સોનગઢ

" આપો મેપો–થાન

" આપો ઝાલો રબારી–મેસરીયું વાંકાનેર તાબે

આપો ગોરખો–નદરાનો પુત્ર: આપો વણવીર વંથળી પાસે વર્ધા ગામનો કાઠી: આપો–ઢાંગો દલડી પાસેનો કુંભાર."

બીજાનાં ચરિત્રો તો 'સોરઠી સંતો'માં આપ્યાં છે. પણ ઢાંગા—વણવીરને મેં ગુમાવ્યા છે. એનું ટાંચણ મારે હૈયે, સ્વ. ચારણ મિત્ર ગગુભાઈ નીલા સનાળીવાળાએ જે જૂજ કરાવેલું તે યાદ કરું છું.—

'બેઉ લોકસંતો એકબીજાને મળ્યા નથી. એક દિવસ કુંભાર ભક્ત ઢાંગો ગધાડાંના લગડાં પર ચલમો ભરીને વેચતા વેચતા વણથળી પંથકમાં જાય છે પણ વણવીર ભગતને ઘેર પહોંચે તો ભગત નથી. ઘરની કાઠીઆણી પરોણાને કુંભાર જાણી કશો આદરસત્કાર કરતી નથી. સંત પાછા વળે છે. વણવીરને સંદેશો કહેવરાવતા જાય છે કે 'ભગત ! ખોરડું તો મોટું, પણ થાંભલી જાહલ !' વણવીર એ સંદેશાનો ભેદ પામી જઈને સ્ત્રીનો ત્યાગ કરે છે. બીજી લાવે છે. ઢાંગાને કહેવરાવે છે કે 'થાંભલી બદલાવી છે. ઘર જોઈ જજો'.

ઢાંગા ભગત ફરીવાર આવે છે. નવાં કાઠીઆણીનો સત્કાર પામે છે. વણવીર તો ઘેર નથી. રાતે મહેમાનનો ને પોતાનો, બેઉ આટલા ભક્ત-પત્ની પડખોપડખ ઢળાવે છે. મોડી રાત સુધી જ્ઞાનભક્તિની ગોષ્ટિ કરીને બેઉ ઊંઘી જાય છે. ઊંઘમાંથી ઢાંગા ભક્ત એકાએક ઝબકી ઊઠે છે. જુએ છે તો પોતાનો હાથ યજમાન-પત્નીની છાતી પર પડેલો ! હાથનો પંજો કાપીને, ત્યાં મૂકી પોતે રાતોરાત છાનામાના જતા રહે છે. સંદેશો મૂકતા જાય છે. કે 'તારા ચોરને સોંપતો આવ્યો છું.'

આવી નાનકડી હૈયા–નોંધ મને આ લોકસંતોની આંતર્ગત, અરસપરસના આચારવિચારની એક નિગૂઢ પરંપરા તરફ લઈ જાય

છે. હું આ દિવસોમાં સમસ્ત ભજનસાહિત્યમાં ને ભક્તપ્રણાલિકામાં ઊંડો ઊતરી રહ્યો છું. આ મહેમાન-યજમાનની, પુરુષ ને સ્ત્રીની, પાસે પાસે પથારી શું ! પરોણાગતની આવી પ્રણાલિકાનું રહસ્ય શું ! એ પછીથી ચર્ચશું.

સજણાં

અત્યારે તો ઊઘડો 'સાજણ'નાં ટાંચણ-પાનાં ! સજણને (સ્વજનને) સાચાં બોટાં પરખી કાઢો-કોઈ 'ચૂડ વિજોગણ' નામની કવિનાં આ ખંડિત છતાં પૂર્ણ અર્થવાહક પ્રેમપદોમાંથી:—

(દુહા-છકડીઆ)

૧

સજણ એવાં કીજિયેં જેવી લટિયર કેળ;
દૂધમાં સાકર ભેળિયેં કેવોક લિયે મેળ.

કેવોક લિયે મેળ તે સળી ભરી ચાખિયેં,
વાલાં સજણાંને પાડોશમાં રાખિયેં.
ચંપે તે મરવે વિંટાણી નાગરવેલ.
ચૂડ કે' સજણ એવાં કીજિયેં જેવી લટિયર કેળ.

સ્વજનની શોધ કરનાર સંસારી ! તને ચૂડ વિજોગણ નામની કોઈકે જગ્મી, કોઈકે દાઝેલી, કોઈકે સ્વાનુભવી લોકનારી પ્રણય કરવાની જુક્તિ બતાવે છે. સ્વજન એવું શોધજે, કે જે ઝુંકલી લુંબઝુંબ કેળ જેવું હોય. દૂધમાં જેવી સાકરની મિલાવટ થાય, તેવી તારા ને એના બેઉના પ્રેમની મિલાવટ કરજે ને પછી, પ્રથમ તો જરાક, લગરીક, સળી બોળીને જ ચાખી જોજે કે બેઉએ કેવોક મેળ લીધો છે. ઘૂંટડો કે કટોરો ગટગટાવવાની ઉતાવળ કરીશ ના પ્રેમી ! સળી ભરીને જ પરીક્ષા કરજે એના સ્વાદની. ને પછી :

૨

સજણ એવાં કીજિયે જેના તંબોળવરણા હોઠ;
છેટેથી લાગે સોયામણાં, જાણે કાઠા ઘઉંનો લોટ.

કાઠા ઘઉંનો લોટ તે ચાળણીએ ચાળિયે
તેમાં દૂધ સાકર લૈ લાડવા વળાવિયે.
કરવી લડાઇ ને પાડવો કોટ,
ચૂક કે' સજ્જન એવાં કીજિયે જેના તંબોળરણ્યા હોઠ.

અને સ્વજન કેવાં ન કરવાં ?—

૩

બે બે બોલાં સજ્જનાં નવ કીજિયે જેનો સો ઠેકાણે હોય શ્વાસ,
ખોટલ સજ્જનાંને કાંઉ ખવરાવિયે, જેના પંડમાં પીતળનો પાસ.

પંડમાં પીતળનો પાસ
તે સોનીએ જૈ મુલાવિયે
બારણ હૈયે ને હળવાં થાયે

* * *

ચૂક કે' બેબેબોલાં સાજ્જનાં નવ કીજિયે
જેના સો સો ઠેકાણે હોય શ્વાસ

'બેબેબોલાં સજ્જનાં, જેનો સો સો ઠેકાણે શ્વાસ'—અનિશ્ચલ, ચંચળ, બેવફા, એકને છેતરી અનેક સાથે પ્રીતિ કરનાર, એવાં પ્રેમિકને માટે તો આ લોકવાણીના પ્રયોગ—'જેના સો સો ઠેકાણે શ્વાસ'—તમને તાકતદાર નથી દેખાતો ? આપણી ભાષાને ચોટદાર બનાવતો નથી દેખાતો ? અરે હજુ વિશેષ સાંભળો જુદાં પ્રેમીજનની પિછાન—

૪

પતળેલ સજ્જનાંની પ્રીતું ન કરિયે જેનો બદલેલ હોય બાપ;
ચેરો થાય આપણી નાતમાં અને ઉલટો કરે સંતાપ.

ઉલટો કરે સંતાપ તે સહિયે
ને રાજ જે દંડ હુયે તે દઇએ
પિવાડવું દુધ ને ઉછેરવો સાપ

ચૂક કે' પતળેલ સજણાંની પ્રીતું ન કરિયેં
જેનો બદલેલ હોય બાપ.

લોક--પ્રેમિક પોતાના અંતર્જામીને સમજ આપે છે, મૃદુતાથી, વિવેકથી, વહાલપથી:—

૫

સાંભળ માયલા સાજણા ! કુડો ને કળજગ જાય;
એકથી લગાડીએં પ્રીતડી તો લાલચ બીજે થાય.
લાલચ બીજે જાય તે ખોટી
સાચી પ્રીત ઘરની અક્કીથી મોટી.
વંશ વધે, વાલપ ઉપજે, ને કહ્યું પોતાનું થાય
ચૂક કે' સાંભળ માયલા સાજણા ! કુડો ને કળજગ જાય.

પતિવ્રતની કે પત્નીવ્રતની ધાર્મિક વાતોથી નહિ, વ્યવહારુ વાતોથી 'માયલા સજણા'ને કવિતા વફાઇ શીખવે છે 'વંશ વધે, વાલપ ઊપજે, ને કહ્યું પોતાનું થાય,' એવા ત્રેવડા લાભ કાજે ઘરની નાર પ્રત્યે એકનિષ્ઠા પ્રબોધાય છે. ને સૌંદર્યની મૂર્તિ આલેખાય છે—

૬

સાજણ નીકળ્યાં બજારમાં પેરી ઝાંઝરની જોડ;
ઉરે બિરાજે આભલાં, હૈયે ટંકાવેલ મોર.
હૈયે ટંકાવેલ મોર તે ઝળકું કરે,
વાજાં સાજણનાં નેણલાં ઢળકું કરે.
ગલાબનાં ફુલ હોય રાતાં ચોળ
ચૂક કે' સાજણ નીકળ્યાં બજારમાં પેરી ઝાંઝરની જોડ.

લોકવાણીમાં આલેખાયેલ રુપ કદી પણ static—ગતિવિહીન—દીઠું છે ? નહિ, ગતિ તો રૂપનો પ્રાણ છે. અને 'ઉરે બિરાજે આભલાં, હૈયે ટંકાવેલ મોર'—એ દૃશ્ય તમે દીઠું છે ? કાચના ચાંદલા ભરેલું

કાપડું, એમાં યે પાછું મોરાકૃતિનું હીર–ભરત છાતી માથે : એ મોરલા ઝળકું કરે ને નયણાંનાં ભમ્મર ઢળકું કરે ! વાહ રે સોરઠી સજ્જણાં !

એવાં સ્વજનની પ્રણયઝૂરતી સૂરત પણ નથી વિસરાઈ—

૭

સાજણ સેજે દૂબળાં, લોક જાણે ઘર ભૂખ !
સમદર જેવડી સારણ્યું, અને ડુંગર જેવડાં દુઃખ.
ડુંગર જેવડાં દુઃખ તે કેને દાખિયેં ?
રદાની વાતું અમે રદામાં રાખિયેં.
પીપળ પાન ગૂંગળાં ... ...
ચૂડ કે' સાજણ સેજે દૂબળાં, લોક જાણે ઘર ભૂખ.

સ્વજન શાથી દૂબળાં દેખાય છે ! લોકો માને છે કે ઘરમાં ખાવા અન્ન નથી. પણ ખરી રીતે તો હૃદયમાં સમુદ્ર જેટલી ઊંડી સરણીઓ પડી ગઈ છે ને ડુંગર જેવડાં દુઃખો છુપાયાં છે. પણ એ કોને દેખાડીએ ? એ તો રૂદામાં જ રાખીએ.

ગુપ્ત અંતસ્તાપની ગોઠડી કહી નાખી. અને આખરે તો સજ્જણાં ઘડી બઘડીના મીટ–મેળાપ કરીને વહાણે ચડી ગયાં—

૮

વાટ જૂની ને પગ નવેા, ચંગેા ને માડુ જાય !
પકડ હૈયા ! કર પંખડી એનેા મીટડીએ મેળેા થાય.
મીટડીએ મેળેા થાય તે ઘડી બ ઘડી,
વાલીડાં સાજણ ગ્યાં વા'ણે ચડી.

આમાંનાં કેટલાંક મુકતકો ખંડિત છે ને છેલ્લો તો ફકત બે જ ચરણોનો અધૂરો ટુકડો ટાંચણમાં છે–

સાજણ એવા કીજિયેં, જેવી ગેંડાની ઢાલ,
એાખા પડયે આડી દઈએં, તે બંબને ના'વે આલ !

આફ્રત ટાણે ઢાલ સમું આડું દેવા થાય, એવું સ્વજન શોધીએ હે માનવી !

ખંડિત ટુકડા

ખંડિત બે ચરણોમાં પણ અર્થવ્યંજનાની કશી કચાશ રહી જતી નથી. ખંડિત છે તેનું પણ કારણ છે. ચૂડ વિન્જોગણનું નામાચરણ તો છેતરામણું છે. એકાદ બે આવા પદ્ય-નમૂના અસલમાં જે હોય છે, તે હોળીના અગ્નિ સન્મુખ પ્રતિવર્ષ મંડાતી સામસામી કાવ્ય-રમતમાં રજુ થાય-છે. પછી તો એ જ નામાચરણને મોજુદ રાખીને, એકઠા મળેલા 'દુહાગીરો' નવીનવી શીઘ્ર રચનાઓ મૂળ નમૂનાના ઘાટ મુજબ કરે જતા હોય છે. એમાં ટુકડા પડે છે. એ ટુકડા કંઠસ્થ થયા તેટલા ખરા, બાકીના લુપ્ત બને છે. ચોટાદાર ચરણોના રણકાર લોકસ્મૃતિમાં ઘર કરી રહે છે.

સંશોધનકાર્યની આત્મકથા

નોંધપોથીનાં ૬૦-૭૦ પાનાં જ હજુ તો ફેરવી શકયો છું. કહ્યું છે કે બે ત્રણ હજાર પાનાં હશે બધાં મળીને; પાને પાને ફરતાં પાછલાં ૨૦-૨૫ વર્ષમાં ભ્રમણ-પ્રદેશોની પુનર્યાત્રા અનુભવું છું. આજ સુધીનાં પુસ્તકોમાં જેનાં પાંખીઆં નથી મેળવ્યાં તે આ બધા ખંડિત અવશેષોને-ભાઈ ઉમાશંકર કહે છે તેમ એ લોકસાહિત્યની વર્કશોપમાં બાકી પડી રહેલા વેરણછેરણ ટુકડાઓને-આત્મકથાની નવી રીતે ઉપયોગમાં લઉં છું. નવા શોધકોને માર્ગદર્શક થાય કે ન થાય, મારા કસબમાં રસ લેનારી વાચક દુનિયાને તો જરુર મોજ આવશે. મનમાં જામતા મધપુડાનાં છિદ્રે છિદ્રે મધુનો સંચય જે બિન્દુએ બિન્દુએ બન્યો રહ્યો છે તેનું આ બયાન, એ મારી નહિ પણ લોકસાહિત્યના શોધનની આત્મકથા છે.

દાર્શનિક જેઠા રામનો

'સજ્જણું'નાં પ્રેમ-મૌક્તિકો : અને એની પડખોપડખ રામ-સીતાનાં વિરહ-મૌક્તિકો : મથાળે લખેલ છે 'જેઠીરામના છકડિયા' : છકડિયા એટલે ૬ ૬ પંક્તિના ટુકડા-

૧

મોર વણ સૂનો ગરવો સીતા વણ સૂના રામ;
હંસલા વન્ય સોવર સૂનું, ગુણિયલ વન્ય સૂનું ગામ;
ગુણિયલ વિણ સૂનું ગામ તે હરિ!
મનખો પદારથ નૈ આવે ફરી.
ગઇ સીતા ને રામચંદર શે ના!
જેઠા રામનો કે' ગરના ડુંગર મોર વિણ સૂના

પતિ-પત્ની વચ્ચે આવો વિજોગ પાડનાર રાવણને 'જેઠો રામનો' શો માર્મિક ઠપકો આપે છે-

૨

લોઢું મ ગળ્ય લંકાના રાજા! જીરવ્યું કેમ જશે!
ઘણુ પડશે માયલા ઘટમાં, પછી ઉમ્મર ઓછી થાશે;
ઉમ્મર ઓછી થાય તે સૌ
ચૌદ ચોકડીનું રાજ જાશે બૈ!
મેલ્ય મારગ ને ખોલ દરવાજા;
જેઠા રામનો કે' લોઢું મ ગળ્ય લંકાના રાજા!

'લોઢું મ ગળ્ય!' આવડા મોટા કુકર્મને માટે લોઢું ગળવાની ઉપમા બરાબર બંધબેસતી બની છે, નહિ?

આ જેઠો કવિ બીચારો કોઢથી પિડાતો હોવો જોઇએ-

જેઠાને પગે જાનવો, કાયામાં નીકળ્યો કોઢ;
સાડા ત્રણ મણની સામટી, માથે વળી ગ્યો લોઢ;
લોઢ વળ્યો કેવીં કયાં?
દાતાર પીર જમિયલની કચેરી ત્યાં.

જેઠો ગિરનારમાં દાતારને ડુંગરે કોઢનો રોગ હરનારા પીર જમિયલને શરણે જાય છે. લોકકવિ જેઠાને કોમ-ધર્મના ભેદ નથી.

ગરવે જાયીં તો ગણ્ય થાય, ભાગે જમની ભે;
હિન્દુ મુસલમાન હાલી નીકળ્યાં, દાતાર દર્શન દે.
દાતાર દર્શન દે તે વડી,
હિલોળા દઇયેં ગરવે ચડી.
ઊંચી સખર દાતારની, નીચે ગૌમુખી ગંગા વ્હે,
જેઠો રામનો કે' ગરવે જાયીં તો ગણ્ય થાય, ભાગે જમની ભે.

દાતારની ટેકરીનું ઇસ્લામ-શિખર : અને ગૌમુખી ગંગાનું હિન્દુ તીર્થોદક : એ વચ્ચે કવિ જેઠો સુમેળ જુએ છે.

કોઢ માટે કવિ જેઠાએ પ્રથમ તો વિધાતાને ખખડાવી—

વિધાતા વેરી થઈ, મારા અવળા લખ્યા લેખ;
સરા ન માની સંસારની, ને ઊલટા કીધા અલેખ.
ઊલટા કીધા અલેખ તે લેવા,
ભવેસરની બજરે ઢાલોળા દેવા
.....મનની મનમાં રૈ.
જેઠો રામનો કે' વિધાતા વેરી થૈ.

પણ જેઠો તો દાર્શનિક છે ! સમાધાનમાર્ગી છે. તુરત બીજે વિચારે—

વિધાતા બચાડી કયા કરે, જેવાં તમારાં કરમ,
કાં તો માર્યા મોરલા, કાં તો હેર્યાં હરણ.
હરણ હેર્યાં તે હરોહરિ
ગૌહત્યા બ્રાહ્મણની નડી.
કીધાયું કમાણીયું, રિયા સેવો !
જેઠો રામનો કે' વિધાતાને દોષ શેનો દેવો !

હે જીવ ! તમે જ કુકર્મ કીધાં છે. મોરલા માર્યા એ મોટું કુકર્મ: સ્ત્રીઓનાં હેરણાં હેરવાં-હરણ કરી જવાં—એ પણ ઘોર પાતક: એ કરેલી કમાણીને હવે તો રહ્યા રહ્યા સેવી લ્યો, હે જીવ !

આ બધા છકડિયા એક જ માણસે ઉતરાવ્યા લાગે છે. શાહી કલમ ને લખાવટ એકધારી છે, લખાવનાર યાદ આવતો નથી.

નથુ તૂરી

યાદદાસ્ત પણ અવળચંડી જ છે ના ! બોખરી એવી 'સુંદરી'–(સારંગી)ને બોળામાં લઇને અંત્યજ નથુ તૂરી બેસતો, અને બે રાભડાં છોકરાંમાંથી એકને ધવરાવતી ધવરાવતી નથુની ચૂંચી આંખોવાળી લઘરવઘર વહુ બેસતી. બેય જણાં ખરજ અને પંચમ સૂરવાળાં ગળાં મેળવીને કાર્યાલયના નાનકડા ચૉકની હરિયાળી પર—

લાવો લાવો રે બાદૂરખાં મિયાં હિંદવાણી
એને આવતાં મેં તો જાણી લાલ હિંદવાણી

એવું કોઈ મુસ્લિમ દરબારને રીઝવવાને માટેનું ગીત પણ ગાતાં, (જે ગીતે મને 'આવો આવો રે બ્હાદુર આ બહેન હિંદવાણી' એવા 'વેણીનાં ફૂલ'વાળા રાષ્ટ્રગીતનો ઝૂલતો–મલપતો ઢાળ આપ્યો) અને બીજે છેડે 'સંત દાસી જીવણ'નાં ભજનો પણ ગાતાં. આ રહ્યું નથુએ ગાયેલું એ ભજન—

મુંને માર્યા નેણાંનાં બાણ રે,
વાલ્યમની વાતું માં.
વાલ્યમ ! તારી વાતું માં
હાંકી મેલ્યાં ઈંડી વા'ણ રે,
શામળા ! તારી શોભાનાં.

૧

જીવણ કે' પાંચ તતવ ને ત્રણ ગુણનું
તેનું હરિએ બનાવ્યું વા'ણ;
મરજીવા થૈને માથે બેઠા,
એવાં હરિએ હોકાર્યાં ઈંડી વા'ણ રે
વાલ્યમની વાતું માં.

૨

જીવણ કે' શઢ ચડાવી કર્યું સામટું
મુંને આવી મળ્યા સરાણ;
વાભું કરીને વા'લે ઘા કર્યો
મારે ભળાહળ ઊગ્યા રવિભાણ રે
વાલ્યમની વાતું માં.

૩

જીવણ કે' ગુરુ કાયામાં ગોતજો
મારા વાલ્યમનાં શાં કરું વખાણ!
દસમે દરવાજે ડેરી બિરાજે
રાખો ધોળી ધજાનાં પરમાણ રે
વાલ્યમની વાતું માં.

૪

જીવણ કે' ગુરુ મળ્યા ને ગુરુગમ જડ્યો
મુંને મટી ગઈ તાણાવાણય;
દાસી જીવણ સંત ભીમનાં ચરણાં
પ્યાલા પાયાનાં પરમાણ રે
વાલ્યમની વાતું માં.

તે પછી નથુનાં ગાયેલ બીજાં ભજનોનો આખો ચોસર માંડેલો છે. ત્યારે પડેલાં બીજમાંથી અઢાર-વીસ વર્ષે આજ આંબો ફાલે છે. લોકસાહિત્યનો સંસ્કાર એકલી શૌર્યની વાતોએ, એકલા દુહાએ, એકલા પ્રેમશૃંગારના છકડિયાએ નહિ પણ ભજનો વડે ય સર્વદેશીય વારિસિંચનથી પોષાતો હતો. આજે ફળ બેઠાં છે. ભજનવાણીની ધડ મગજમાં બેઠી છે.

નથુ અને એની ચૂંચી આંબાવાળી વહુ, બે છોકરાં, બોખરી સુંદરી, ખરજ અને પંચમ સ્વરોની એ જોડલી અત્યારે કયાં છે.? જીવતાં છે કે મૂઆં? (આ લખ્યા પછી જાણ્યું કે નથુ ગયો છે, વહુ બેઠી છે.)

એ તો હતો ભટકતો પરિવાર. નાના નાના હાકોરાની ડેલીઓ પર એ કુટુંબ નભતું હતું. વર્ષોથી એ વધેલી હજમતવાળો નથુ નજરે નથી પડયો. એની 'સુંદરી' કોઈને વારસામાં દઈ ગયો નહિ હોય ? પરંપરાઓ આમ જ તૂટે છે, એક જાય છે, તેની જગ્યા લેવા બીજો આવતો નથી. ઊઘડો નવાં પાનાં !

મહારાષ્ટ્રી કવડો

તેતર–'ઓતરાતી દીવાલો'માં હોલાની વાત છે. એને મળતી સોરઠમાં તેતરની વાત છે :

બેન ઊઠ ! બેન ઊઠ !
તલ તેતલા ! તલ તેતલા !
ત લ તે ત લા !'

ટાંચણ આટલું જ છે. છતાં આખો પ્રસંગ યાદ છે : કોઈ કોઈ સ્મૃતિને એક પાતળું ટેકણ પણ બસ થઈ રહે છે, જ્યારે બીજાં કોઇકે સ્મરણોને સ્થિર રાખવા માટે મોટો થાંભલો પણ નિરર્થક બને છે. દ. બા. કાલેલકરની કારાવાસની આત્મકથા 'ઓતરાતી દીવાલો' વાંચતો હઈશ. 'કવડા'ની મહારાષ્ટ્રી લોકકથા આવી. કવડો બેદુ હતો. સીતા નામે બહેન હતી. બહેનને કવડાની બાયડી બહુ સતાવતી. એક દિવસ કવડો તાજા પાકના થોડા પોહે (પૌવા) ઘેર લાવ્યો. બાયડીને કહે કે સાફ કરીને રાખ, ખાવા છે. પછી ખાવા આવ્યો ત્યારે 'પોહે' લાવેલો તેના કરતાં ઘણા ઓછા જોયા. ખિજ્યો. પૂછ્યું : કોણે ઓછા કર્યા ? બાયડી કહે કે તમારી બેન સીતાએ ખાંડયા છે, તે ખાઈ ગઈ લાગે છે. ભાઈ સીતા પર ખિજ્યો. સીતા હેબતાઈ ગઇ, બોલી શકી નહિ, એટલે વિશેષ ખીજેલા બેદુએ બહેનને બેડનું ઓજાર ફટકારી મારી નાખી. પછી 'પોહે' ખાવા બેઠો. બહુ મીઠા લાગ્યા. ભાન આવ્યું કે સીતાએ તો 'પોહે' પ્રેમથી ભાઇને ખાતર ખૂબ સાફ કર્યા હતા. પસ્તાયેલો ભાઈ બહેનના પ્રાણહીન શરીર પાસે જઈ બોલવા લાગ્યો—

ઊઠ સીતે !
ઊઠ સીતે !
પોહે ગોહ ગોહ
કવડા પોર પોર !

અર્થ—ઊઠ સીતા ! ઊઠ બેન સીતા ! આ પૌઆ તો ગળ્યા ગળ્યા છે, ને આ તારો ભાઇ કવડો જ બાળક છે—બેવકૂફ છે. તે આવી છોકરવાદી કરી બેઠો છે. ઊઠ સીતા ! ઊઠ સીતા ! ઊઠ સીતા !

પણ સીતા તો શેની ઊઠે ? મરી ગઈ હતી. પછી ભાઈ કવડો પણ મરી ગયો. મરીને કવડો (કપોત) પક્ષી સરજાયો. આજે પણ કપોત જે સ્વરોચ્ચાર કરે છે તેમાં લોકકલ્પના આ શબ્દો સાંભળે છેઃ

ઊઠ સીતે !
ઊઠ સીતે !
પોહે ગોહ ગોહ
કવડા પોર પોર.

'ઓતરાતી દીવાલો'માંથી આ કિસ્સો વાંચીને હું ઊછળી પડયો હતો. કાઠિયાવાડી લોકસાહિત્યની કોઇ પણ કૃતિને મળતી આવતી અન્ય પ્રદેશોની નાનીમોટી કોઈ પણ વસ્તુ મળતાં, ન વર્ણવી શકાય તેવો આનંદ થતો. પોતાના પ્રિયજનની અણસાર અજાણ્યા ચહેરાઓ પર એકાએક પકડી પાડતાં જે ગુપ્ત માર્મિક આનંદ આજે પણ અનુભવાય છે, તેવા જ પ્રકારનો આ સામ્યદર્શનનો આનંદ મને લોકસાહિત્યના પ્રતિપ્રાંતીય પરિચયમાંથી સતત મળતો રહે છે. અમારા સ્ટાફ પર ભાઈ હરગોવિંદ પંડયાની જીભને ટેરવે, ગંભીર પ્રસંગને હળવો બનાવી દેનારી લોકકથા, ટુચકો, કહેતી, કે ઉખાણું હમેશાં હાજર હોય. એમણે આ મહારાષ્ટ્રી હોલાના ઘૂઘવાટ સાથે સંકળાયેલી કવડા-સીતાની વાત સાંભળતાંની વાર જ કાઠિયાવાડી તેતર-બોલીમાંથી ઉદ્ભવેલ લોકકથા કહી સંભળાવેલી—

સૌરાષ્ટ્રી તેતર

એકવાર હતો. નવા પાકના તલ લાગ્યા. વહુને કહે કે સોઈ રાખો, આજ તો તલ ખાવા છે. રાતે ઘેર જઈ ખાવા બેસતાં તલ ઓછા થયા દીઠા. વહુ કહે, તમારી બેન ખાંડતાં ખાંડતાં બૂકડાવી ગઈ. વગર વિચાર્યે બહેનને મારી નાખી. પછી તલ ભરી જોયા તો બરાબર થયા. બહેનના શબ પાસે બેસી ભાઈ ઢંઢોળવા લાગ્યો—

ઊઠ બેન ! ઊઠ બેન !
તલ તેતલા
તલ તેતલા
તલ તેતલા

ઊઠ બેન, તલ તો તેટલા ને તેટલા જ છે. બહેન ન ઊઠી. ભાઇ મરીને તેતર સરજાયો. તેતરના અવતારમાં પણ વણજાયો એ બોલ્યા જ કરે છે—

તલ તે ત લા !
તલ તે ત લા !
તલ તે ત લા !

મારાં સભાજનોની સામે હું આ બેઉ ટુચકા ટાંકી બતાવતાં થાકતો નથી. એવા સામ્ય ધરાવતા ટુચકાઓએ મારી રસેન્દ્રિયને હમેશાં પુષ્ટ કર્યા કરી છે.

લાંબી લોકવાર્તાના સ્તંભો

રાજા રાજ ને પરજા સુખી ખાતો ખાય ને ભરતો ભરે જાણુને લાખ ને અજાણુને સવાલાખ.	રાજાના રાજ્યનું વર્ણન
સિતેર ખાન ને બોંતેર ઉમરાવ બખા હોતિયા મેતા મસુદી ઠારભારી ચોપદાર	રાજસભાનું વર્ણન

હોથલા ટીંબા જેવું : સૂવરનાં ટોળાંએ ઉજ્જડ કરેલ પૂલવાડી.
સૂવરે વિચાર કર્યો : ઘેંશનાં હાંડલાં શું ફોડવાં ?
બાર ચોકું અડતાલીસ ગાઉમાં ફડાકા મારી રહ્યું છે : (વન)
રૂંજયું કુંજયું વખત છે : (સાંજ)
સવા પાશેર અફીણનું બંધાણ : (રાજાની સ્થિતિ)

ઘોડાને—

હે દેવમુનિ ! તારી કાનસૂરીએ ચોકકું રાખું છું
એક બીજા ઘોડાની ગંધ આવી.
ઘોડે હાવળ મારી.

ખરલમાં નાખો તો ખસરક ઘુટાક
વરણીમાં નાખો તો ચમક ચમક
બાપ પીએ તો બેટાને ચડે
બેટો પીએ તો બાપને ચડે
એમાંથી અંજળિ ભરીને
હાથીના મોવતને આપે
તો રડ્યુંખડ્યું ફોફ જમીં ઉપર પડે
તો સાત પાતાળ ફાડીને શેષનાગને
માથે ઠરે

} અફીણનો કસુંબો.

પાણી પીધું ત્યાં બત્રીસ કોડે દીવા થયા
જૂઠનાં પૂલ જેવા ચોખા
પાણી મોર્યું મોજડી ઉતાર મા : (ટાણું આવ્યા વિના ઉતાવળો ન થા)

છ ઘાત:—

૧—વડલાની ૪૮ મણની ડાળ માથે પડશે
૨—સોનાનો વેઢ : તંબોળિયો નાગ
૩—ડુંગર બે સામસામા ભટકાય
૪—સામૈયાનો ઘોડો
આવે રોડું
હેઠ રાજા ને ઉપર ઘોડું
૫—શેરનો દરવાજો પડે
૬—રાતે તંબોળિયો નાગ

જેઠો રાવળ

એક લાંબી લોકકથાના સ્તંભો છે આ. (દાદાજીની વાતોઃ વાર્તા પહેલીઃ મનસાગરો) એ વાર્તાઓ કહેનાર માણસની મુખાકૃતિ, હાવ-ભાવ, નીચું જોઈને અર્ધમીંચેલી આંખે પ્રવાહબદ્ધ વાર્તા કરવાની બાળવૃદ્ધરંજક છટા, વાર્તા કહેતાં કહેતાં પરિપૂર્ણ આત્મવિસ્મૃતિઃ એક વાર કહે, બે વાર કહે, ગમે તેટલી વાર કહે–એક શબ્દ પણ ખડે નહિ એવી તો કંઠસ્થ : અવાજ ઊંચોનીચો થાય નહિ, એકધારો સ્વર અનાડમ્બરી છટાથી વહ્યા કરે. નહિ વચ્ચે કોઈ વ્યસનની આદત, નહિ આડીઅવળી વાત કરવી, નહિ પક્ષનો પણ પોરો : આ વાર્તા-ઓની જ બનેલી એની દુનિયા હતી. સાચી જીવનસૃષ્ટિમાં જાણે એ શ્વાસ લેતો નહોતો, ચાય રાણપુરમાં ધોળાંફૂલ વસ્ત્રે મળે, ચાય પાંચાળમાં ચોમાસે ભિંજાયેલો લદબદ લૂગડે ભેટે : અણિયાળીનો જેઠો રાવળ એનો એ જ હતો, એકરંગીલો હતો. વિક્રમની વાતો, મનસા-ગરા અને બધસાગરાની વાતો, એ બધી અદ્‌ભૂતરસિક વાતો એ એનું સમગ્ર જગત હતું. એની પાસેથી કરી કાઢેલાં, ઉપર મૂકેલ છે તેના જેવાં ટુંકાંટચ ટાંચણુમાંની દાદાજીની વાતો લખી, ને આજે અઢાર-વીસ વર્ષે, છેક જર્જરિત બની ગયેલાં ન્યુસપ્રિન્ટનાં પતાકડાં પર એની પાસેથી ટપકાવેલા વાર્તા–મુદ્દાઓને બેસારી બેસારી, હમણાં 'રંગ છે બારોટ!' ની વાતો લખી-પ્રકટ કરી છે. અણિયાળીનો જેઠો રાવળ મરી ગયો છે. કાઠીઓનો વહીવંચો હતો. આ લોકકથા-ઓમાં જે પ્રાસંગિક વર્ણન–છટા જુઓ છો તે તેની છે.

બારોટનું વિશ્વવર્ણન

પણ પાનાં ફરે છે, અને જેઠા રાવળની જીભથી ટપકતું ગયું તેમ તેમ એ ઝડપ કરીને ઉતારેલું એક વિચિત્ર વિશ્વવર્ણન નીકળી પડે છે–

ચૌદચાળો કાચ
નવલખો હાલાર

સાત હજાર ગુજરાત
બાણું લાખ માળવો
નવ સરદું'ના ધણી
નવ ખંડ ધરતી
છન્નું કરોડ પાદર આ પ્રથમીને માથે
અરબસ્તાણુ-તેનાં માણસો વાનુમુખાં
ફરગાણુ-તેનાં સુહાનમુખાં (શ્વાનમુખાં)
મુંગલાણુ-તેનાં વાનરમુખાં
હબસાણુ-તેનાં સૂવરમુખાં

નીર સમુદ્ર, ખીર સમુદ્ર, વેતાચળ સમુદ્ર, ખારા સમુદ્ર, મીઠા સમુદ્ર, ઓરંગધા સમુદ્ર, દધિ સમુદ્ર.

એટલા સમદર છે આ પૃથવીને માથે.

અઠકળ પરબત : ધૂણાગર, હેમાળો, અદિયાગર, રેવતાચળ.

અદિયાગર પરબત ઉપર સૂરજનારા'ણુ માળા ફેરવે છે. ત્યાં ભેટડી ભય (ભેખડ) છે માટે કહેવાય છે કે–' હે ભેટડીના ભાણુ ! '

મેરૂ પરબતને સાત ટુંક છે : હમવત (હેમનું), ગધમાર, ઉમામેર, સત્ર, ઊંચક, માળવ.

પે'લે ટુંકે બ્રહ્મા વસ્યા
બીજે ટુંકે અઠાશી ઋષિ વસ્યા
ત્રીજે ટુંકે ચત્રવચત્ર મેળા વસ્યા
ચોથે ટુંકે ચંદરમા વસ્યા
પાંચમે ટુંકે વૃધવાસી વસ્યા
છઠ્ઠે ટુંકે સૂરજ વસ્યા
સાતમે ટુંકે નારા'જ વસ્યા

મેરૂ કેટલોક લોઢાનો, કેટલોક ત્રાંબાનો, કેટલોક સોનાનો.

કથાકારને ડોંચશો નહિ.

પૂછશો કદાચ, કે આવું આવું તને શા ખપમાં આવ્યું ? કશા જ નહિ. છતાં હું તો ટપકાવતો ગયો. લોકવિદ્યાના જાણકારને સંશોધકે કદી બોલતો રોકવો નહિ, એને બોલ્યે જવા જ દેવો–એનું બોલ્યું

ઊંચકયે જવું. એ બધું એનું 'સેટિંગ' છે. એને જે કંઈ કંઠસ્થ છે તે સમગ્રપણે એક અને અવિભાજ્ય વસ્તુ છે. એનું કથન જો તમે વચ્ચે કયાંય તોડી પાડો તો એ રંગભ્રામના તખ્તા પર પોતાનો પાઠ ભૂલી ગયેલા નટની અવદશાને પામશે. એનું કથન તે તો આનંદનો ઝરો છે. ઝરાને ઝરવા જ દેજો. એનો એકનો જ નહિ, તમારો સંશોધકનો પણ એ શ્રેયનો પ્રશ્ન છે. એના સમગ્ર કથનમાં ઝબકોળાયા વગર સંશોધકના મગજનું વાતાવરણ બંધાશે નહિ. જે મનઃસૃષ્ટિમાં–કલ્પનાસૃષ્ટિમાં એ વાર્તાકાર તમારી નાવને હંકારી જાય ત્યાં તમે એને ડોચ્યા કે ડોકયા વગર જવા દેજો. તમારી જાતને એના વાણીતરંગો પર વહેતી મૂકજો.

જેહા રાવળનું વાણી–વહેન સાદ્યંત અણરૂંધ્યું રાખ્યું તેને પ્રતાપે જ એને હું સમગ્રતાએ પામી શકયો. આજે આટલે વર્ષે પણ અમુક કથયિતાઓ સાથેનો મારો કલ્પનાસંપર્ક જીવન્ત છે, એ મૂએલા છતાં એમના જગતમાં હું શ્વાસ લઈ રહ્યો હોઉં તેટલો ઓતપ્રોત છું તેનું કારણ એ કે મેં તેમને સમગ્રપણે સ્વીકાર્યા હતા.

'સમરાંગણ'ની બે ઘટનાઓ

ત્રીજી વાર મને ભૂચર–મોરીના રણાંગણમાં મૂકનાર એ જેહો રાવળ હતો. ત્રીજી વારની આ નોંધ એની કરાવેલી છે—

'સવાશેર પાણો કુધરમાં તણાય એવી લડાઇ ચાલશે.

'જેસા વજરની ધરવાળી જેમાબાઇ: એનો દીકરો નાગડો : પવર [પરોધર] વાંસે નાખ્યાં'તાં : વાંસે ઊભો ઊભો ધાવે.

'આ જેળાળીનો–ગાડરના પેટનો ઊભો ઊભો ધાવે છે તે કેવોક થાશે?'

'એની આગળે ખબર.'

× × ×

નાગડાનાં કાંડાં પડી ગયાં, ચામડાં ચડી ગયાં.

નાગડો પડેલો : હાથીના પેટમાં હાથ.

'આ કોણ?'

'જેળાળીનો! બીજાના ઘાના સાંધા મળે, એના સાંધા ન મળે.'

જોઈ શકશો કે 'સમરાંગણ'ના સર્જન પાછળ આ જીજી બારોટે અને જેઠા રાવળે કહેલા ફક્ત એક જ પ્રસંગનું કેટલું તીવ્ર સંવેદન અને કલ્પન ચાલ્યા કર્યું છે. જેઠા રાવળે કહેલા આ બે પ્રસંગો એ કરુણ શૌર્યકથાનાં બે સમતોલ પલ્લાં છે : પહેલો પ્રસંગ માની પીઠે ઊભો રહીને માએ પાછળ નાખેલાં પયોધરે ધાવતા બાળની એના બાપને જ મોંએ રાજા જામે કરેલ હાંસીનો : ને બીજો પ્રસંગ મુગલ-ફોજ સામેના રણાંગણમાં પડેલા એ જ બાળના જોબન-જોદ્ધ દેહની દશા દેખાડતો : એ દેહ પડ્યો હતો : એના કાંડાં-વિહોણા હાથની ઠૂંઠી અણીઓ એક મૂએલ હાથીના પેટમાં પેસેલી હતી, કારણકે એણે અંબાડીઓ સુધી પહોંચીને સેનાપતિઓને હણતાં હણતાં કાંડાં કપાઈ ગયા પછી પણ ઠૂંઠા હાથે ઠોંસા લગાવીને હાથીઓને માર્યા હતા-પછી એ પટકાયો હતો. યુદ્ધલીલા ખતમ થયા બાદ વિજેતા મુગલપતિ રણભૂમિ પર નિરીક્ષણ કરવા નીકળે છે--ને હાથીના કલેવરને હાથનાં ઠૂંઠાં વડે ભેદનારો આ મહાવીર કોણ એવું વિસ્મય અનુભવે છે, ત્યારે જાણકાર જવાબ વાળે છે કે 'આ જોળાળીનો.' રાજા જામે કરેલી હાંસીનો જવાબ એ બાળકે છેલ્લી પલે આપ્યો. મશ્કરી કરનાર નગરરાજ સતો જ્યાંથી જીવ લઈને ઘરભેળો થઈ ગયો હતો તે જ જુદ્ધમાં, મશ્કરી કરનાર રાજાએ પોતે જ નોતરેલા જુદ્ધમાં. એ મશ્કરીનું પાત્ર બનેલ માડીનો પુત્ર નાગડો પોતે વાંસે ઊભાં ઊભાં ઘાવેલ ધાવણનો હિસાબ આપતો પડ્યો હતો.

સમરાંગણ ! તને હું નહિ ભૂલી શકું, એ ઘોર ઘટનામાંથી ફક્ત આ બે જ પ્રસંગોની જાળવણી કરનારા સોરઠી વાર્તાકારોમાં કલાદૃષ્ટિ ઊંચા પ્રકારની હોવી જોઈએ.

કહો કોણ નારી !

સમસ્યાઓનો તે કેટલો બધો શોખ આ સોરઠીજનોને ! બાળઉખાણાં તો સમસ્યા, વાર્તાઓમાં સમસ્યા, લગ્નગીતોમાં સમસ્યા, વાતવાતમાં

કોયડો નાખવો ને કોયડો છોડવો ! ટાંચણ-પોથીના નવા પાનામાં જેઠા રાવળે જ ઉતરાવેલ આ સમસ્યા-ગીત છે:

૧

ચડી નાર પુરુષ પર અભેરૂપ ધરવા સરસ,
બરાબર સમાધિ કરી બેઠી;
ભાનવી કારીગર લોક એને ભળ્યાં;
ઉકમથી ઉતારી માંડ હેઠી.

૨

ઉતારી હેઠ ત્યાં સત ચડિયું અતિ
અગનમાં બળવા કરી આશા;
બળીને અગનથી નીકળી બારણે.
રૂપ જોઇ જોગેસર તરત રાચ્યા.

૩

સ્વરૂપે ઠીક ને વળી નગન છે સદા,
ભરે સર ઉપરે છત્ર ભારી;
રાતદન હુતાશનુ આ'ર ફરતી રહે,
નામ કો' હાળુભા ! કવણ નારી ?

કોઇકે ચારણ હાળુભા હકારને સમસ્યા પૂછે છે: પુરુષ પર ચડીને અભય રૂપ ધરવા સમાધિ ધરીને બેઠી, પછી કારીગરે માંડ નીચે ઉતારેલી, પછી સત ચડવાથી અગ્નિમાં બળવા બેઠેલી, બળીને બહાર નીકળેલી, પોતાના રૂપથી જોગંદરોને મોહાવનારી, સદા નગ્ન, શિર પર છત્ર ધરનારી, અને રાતદિન હુતાશનનો જ આહાર કરનારી એ નારી કોણ ?

—એ નારી તે ચલમ ! ચકડારૂપ પુરુષ પર ચડી, નિભાડાના અગ્નિમાં બેઠી, સુંદરી જેવી ગૌરાંગી બની, જોગીઓએ પીવા લીધી, એનો આહાર પણ સદા અગ્નિ જ છે.

વાત મૂળ એમ હશે. કુંભારના ઘર પાસેથી દાયરો નીકળ્યો હશે, ચાકડા પરથી ચલમ ઊતરતી જોઈ કાળુભા નામના ઠાકોરે સોબતી-ઓને કહ્યું, કે કોઈ શીઘ્રરચના કરી આપે આ વિષય પર ?—પાદપૂર્તિ-રૂપે અને મુશાયરાઓમાં ગઝલ–રચનારૂપે કરી રહ્યા છીએ તે આ ગ્રામ–દાયરામાં પણ સમસ્યારૂપે થયું હતું ને થાય છે. આ કૃતિ જૂની નથી.

વાર્તા ગોતું છું

હમણાં હમણાં એક બાબતનું રટણ ઊપડ્યું છે—

'ચાલો પૂતળી ! ઘરે જાયેં
'તમે રાંધો અમે ખાયેં.'

રાજા અને પૂતળીની વાર્તા ગોતું છું. જે મળે તેને પૂછું છું– રાજા અને પૂતળીની વાર્તા આવડે છે ? એમાં આવું આવું આવે છે–

'ચાલો પૂતળી ! ઘરે જાયેં
'તમે રાંધો અમે ખાયેં.'

મેં એ વાર્તા ગુમાવી છે : જેના રાવળ પાસેથી કરેલા ટાંચણમાં તૂટક તૂટક ફક્ત આટલું જ છે—

'ઢિલ પડતું મેલ્યું

'ચાલો પૂતળી ઘેરે જાયેં
તમે રાંધો અમે ખાયેં.'

'પદમ શેઠની દીકરી હંસાવળી. એની પાની જોઇને પૂતળી ઘડી–
'મારો રાજા રૂંધાણો છે.
નાગનું માથું પરજે પરજ્યું.
'મણિ ધોવા વાવમાં ગ્યા. ત્યાં તો પાણી ઊતર્યું.'

ઊંડા ઊંડા ભણકારા વાગે છે. રાજપુત્ર જંગલમાં કોઈ વાવની અંદર પાણી પીવા જતાં, ત્યાં ગોખમાં કંડારેલી એક પૂતળી પર ઘેલો બનીને ઝૂરતો હતો. પૂતળીનું સૌંદર્ય મોહક હતું; કારણકે પદમ શેઠની પરદેનશીન પુત્રી હંસાવળીના પગની ફક્ત *પાની જોઈને તે

પરથી શિલ્પીએ પૂતળી સરજાવી હતી. પૂતળી-ઘેલા રાજાને મનાવવામાં નિષ્ફળ ગયેલો મિત્ર મનસાગરો એ પૂતળીની માનવપ્રતિકૃતિની શોધે ચડે છે. મણિધર સાપને મારી મણિ લઈ વાવમાં ઊતરે છે. ત્યાં તો વાવનાં નીર મણિને પ્રતાપે ઊંડા ને ઊંડાં ઊતરે છે.

પણ પછી શું ?

પછી એ વાવને તળિયે શું કોઈ મહેલાત આવતી હશે ? ત્યાં કોઈ સુંદરી સાંપડી હશે ? વાર્તા ગુમાવી !

'ઓળીપો'ની વાર્તાનાં બીજ

મેરોનું બાપોદર ગામ.

બાપ કચરો મેર. દીકરો નથુ ને એની રૂપાળી ગુણિયલ વહુ.

વહુ ઝાર-ઝોરમટી બહુ સારી કરે.

પાડોશીને ઇર્ષ્યા આવે.

પાડોશીઓએ પિયરિયે જઈને ભરાવ્યું કે તમારી દીકરીને તો બહુ કામ કરાવે છે !

સાતમઆઠમ-વહુ પિયર જાય.

પોતાની સાસુને કહે : 'મૂઇ, નથુને મારે પિયર જરૂર મોકલજે હોં. નીકર મારી સાતમ નૈં સધરે.'

સાસરાને : 'મામા, નથુને મોકલજે હોં !'

પિયરે ગઇ-માવતરે ના પાડી [પાછી મોકલવાની].

સાસરાને બોલાવી લખણું કરાવી લીધું.

કહે કે બીજે પરણાવીએ.

દીકરી કહે કે ન પરણું.

નદીએ ધોવા ગઇ, ડૂબી મૂઇ.

રસધારના વાચકોને યાદ આવી જશે 'ઓળીપો'-ચોથા ખંડમાંની વાર્તા. એ વાર્તાનાં આટલાં જ અસ્થિ મારી ટાંચણપોથીમાંથી મળે છે. પણ એ અસ્થિ કેવળ એકલી 'ઓળીપો'ની વાર્તાનાં નથી, એ તો મારા છ-સાત વર્ષના શૈશવથી માંડીને ૨૮-૩૦ ના યૌવન સુધીના, રાજકોટથી ગોધરા સુધીના જીવન-પટને અજવાળતું એક ટાંચણ છે.

ગોધરા-દક્કરબાપાએ જેસાવાડા ગામે ભીલોને માટે રામજીમંદિર ચણાવ્યું તેની ઉદ્‌ઘાટનક્રિયા હતી. મને તેડાવેલો. જેસાવાડાથી વળતાં ગોધરે મને ત્યાંની સાહિત્યસભા તરફથી ઉતારવામાં આવ્યો. ગોધરાની સાહિત્યસભા એટલે તો બીચારા એક ભાઈ-'બાળક' નામના માસિકના તંત્રી. (નામ ભૂલી ગયો છું) સૂર્યાસ્ત સમયે મને ટ્રેનમાંથી ઉતારી, એક ગાડીમાં બેસારી, કહે કે તમારો ઉતારો ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબને ઘેર છે. હેબતાયો-મનમાં એક એવો સંસ્કાર પડી ગયેલો કે નિમંત્રણ ભલે સંસ્થાનું હોય, ઊતરું હમેશાં નોતરનાર વ્યકિતને ઘેર-ગરીબ શ્રીમંત ગમે તે હોઃ ભૂખ કેવળ એના ઘરનો પરોણો થઈને એના કુટુંબપરિવારનો આત્મીય બનીને રહેવાની. એને બદલે આ પોલીસના સાહેબને ઘેર ! હશે જીવ ! બીજે સગવડ નહિ હોય, ને કાં પોલીસના સાહેબે જાપ્તો રાખવાની બીજી કશી પંચાત ન પડે તે સારુ પોતાની નજર સામે રાખવા ધારેલ હશે !

સાહેબને બંગલે પહોંચ્યું ત્યાં તો આનંદ અને આશ્ચર્ય રાહ જોતાં હતાં. એ ઘર પોલીસના સાહેબનું હતું તે કરતાં વધુ તો મારાં વર્ષોનાં આત્મજનોનું હતું. મારા જમાદાર પિતાના મોટાભાઈ જેવા ઉપરી ફોજદાર ભટ્ટ સાહેબ ત્રિપુરાશંકર, એમનાં પત્ની મણિબા, વઢવાણ કેમ્પની સડક પર એપ્રિલના ધોમ બપોરટાણે નિશાળેથી કન્યો કરતાં કરતાં પાછા ફરતાં જેના ગોઠણની નીચે દબાઈને ભોંય પર પડ્યાં પડ્યાં જેનાં મેં બાવરકાં બેચી તોબા પોકારાવેલી તે મારો સમવયસ્ક બાળગોઠિયો બાલુભાઈ (આજે કરાચીમાં ડૉ. કેપ્ટન સી. પી. ભટ્ટ છે તે જ)- એ બધાં મને ચકિત કરીને ભેટી પડવા ઊભાં હતા. એમની અંદર હતાં વિધવા કુમુદબહેન.

યાદદાસ્ત આગળ ને આગળ જાય છે-

રાજકોટની પોલીસ-લાઈનની એક ઓરડીઃ ત્યાં એક માંદા મહેમાનઃ કૉડલિવરની એક બાટલીઃ મહેમાનની ચાકરી કરતાં કુમુદબહેનઃ સાતેક વર્ષની મારી વયનું આ

સ્મરણ છે. મહેમાન ગુજરી ગયા. જમાદાર ત્રિપુરાશંકર ભટ્ટની મોટી, રૂપાળી, મર્માળી, મીઠાબોલી, જોબનવંતી પુત્રી કુમુદબહેન રંડાણી. તે દિવસનાં જે કુમુદબહેન હતાં તે જ હતાં બગસરા–ફોજદાર ત્રિપુરાશંકરને પિતા–ઘેર રહેતાં કુમુદબહેન, ને તે જ હતાં ગોધરાના પોલીસ–ઉપરી સાહેબનો બંગલો અજવાળતાં કુમુદબહેન. ત્રેવીસ–ચોવીસ વર્ષનો આખો સ્મરણપ્રદેશ એ એકનાં એક ગરવાં, હેતાળવાં, હસમુખાં, વાતડાહ્યાં, પ્રસન્ન અને પ્રશાંત કુમુદબહેનના લાવણ્યે ઝળકી રહ્યો છે.

ઘણાં વર્ષે મળ્યાં. એ સૌની જીભે 'ઝવેરચંદ' નહિ પણ 'ઝવો' સંબોધન જ અણબદલ્યું રહ્યું હતું. (આજે પણ કરાચીથી કૅપ્ટન ડૉ. સી. પી. ભટ્ટના કાગળો 'વહાલા ઝવા!' થી શરૂ થાય છે.)

સાહિત્યસભાનો મારો સમારંભ પતી ગયો. મોડી રાતે સૌ ઘેર આવ્યાં, પણ ઊંઘ કોને આવે? મેં ઘણું ઘણું ગાઇ સંભળાવ્યું, અને રાણાવાવમાં વર્ષો સુધી કાકાને ઘેર રહેલાં કુમુદબહેને મને ઉપર જે ટાંચણ કર્યું છે તે નથુની વહુની વાત કહી. એમના સ્વાનુભવની એ વાત. વાર્તા નહિ, પણ બનેલો કિસ્સો. એમણે મારી કલ્પનાને નથુની વહુ આપી. ફક્ત એનું નામ 'રૂપી' મેં પાડ્યું. 'ઓળીપો' મારી એક સારી કૃતિ ગણાય છે. એ જો સારી બની શકી હોય તો તેનું કારણ એની પાર્શ્વભૂ છે. એ પાર્શ્વભૂ છે કુમુદબહેન. કુમુદબહેનને બદલે કોઈ ચારણે–રાવળે કહી હોત તો એને મારામાંથી આવું શિલ્પવિધાન નથે મળ્યું હોત. ટૂંકી ને ટચ વાતમાં કુમુદબહેને પોતાનું વૈધવ્યકરુણ માધુર્ય મૂકી આપ્યું. રાતના ત્રણેક વાગે હું કુમુદબહેને કહ્યા તે 'ઓળીપો'ના બોલ લઈને સૂતો. ને હવે તો કુમુદબહેન આ સંસાર છોડી ગયાં છે, પણ રસધાર ભાગ ચોથાની વાર્તા 'ઓળીપો' અને ટાંચણ પોથીનું આ કાળી શાહીએ લખેલ ટૂંકું પાનું પરલોકવાસી કુમુદબહેનની ને મારી વચ્ચેની સ્મરણ–કડી બની રહેશે.

રાણી માતાનો સ્તંભ

વળતા પ્રભાતે પહેલવાન બાલુભાઇ પોતાના ઢિંગુજી 'ઝવા 'ને કનેલાવ જોવા લઇ ગયા. 'કનેલાવ' એ 'કનેલ તળાવ'નું લોકજીભે સંક્ષિપ્ત કરેલું નામ છે. માનવીના કંઠ પર રહેતી વાણીની મજા જ આ હતી. લાઘવ એનો ગુણ હતો, લપસિંદર એને પરવડે નહિ. માટે કનેલાવ : અને બીજું રામતળાવ. ત્રીજો રાણીમાતાનો સ્તંભ. એ સ્તંભને વળગેલી લોકવાર્તાને પણ મેં ગુમાવી હોત, જો આ ટાંચણ-સ્તંભ ન ટેકવી લીધો હોત તો—

પતાઇ રાવળના પિત્રાઇ રામદેવ-કનળદેવની ભૂમિ : બંને જોડકા ભાઈ : રામદેવ પાટવી. નાનેરા કનળને કહે—

'ભાઇ ! તારૂં નામ પણ રાખવા કાંઇક કરીએ.'

કનલ તળાવ કરાવ્યું.

રામદેવની રાણી : ઇર્ષ્યા આવી : કનલદેવનું નામ લોકોમાં રટાય અને આપણું કેમ નહિ ?

ગળાવો તળાવ—એનાથી સવાયું.

પણ પાણી ન આવે.

એક ફકીર રહે કાંઠે. પોતાની મઢી બંસેડી નહિ. તેથી અનિયમિત આકાર.

પાણી ચાલ્યું જાય. ફકીરે તૂંબડી મૂકી.

પાણી જ્યાં ચાલ્યું જતું હતું ત્યાં જઇ તૂંબડી અટકી. ત્યાં ઢોરો કર્યો. ધૂળ વળાવી.

તોય પાણી ન રહે.

રાજા દેવી પાસે ગયો. મરવા તૈયાર. દેવીએ (પાછળથી) હાથ ઝાલ્યો : રૂપરૂપનાં અંબાર: રાજા કહે,

'મોઢા આગળ આવો
'મારા ઘરમાં બેસો.'

દેવી કહે, 'જા, હું પાસેના રાજાને ઘેર અવતરીશ.'

એક વર્ષ પછી રાજા મૃગયા રમવા ગયો. : ખબર પડી : એક મહિનાની છોકરી : માગું નાખ્યું.

દોઢ મહિનાની કુંવરીને માતાએ તેડીને ફેરા ફેરવ્યા.

રાજા ને બાળક (પતિ ને પત્ની) એકાંતે વાતો કરે.

બે દીકરા. હાથીના ખોળિયામાં દેવીએ પોતાની શક્તિ મૂકી. હાથી છૂટયો કુંવરોને મારી નાખવા તૈયાર.

રાજા અને દેવી ગોખે.

રાજા—અરે, તમે બેઠાં છો ને દીકરા મરશે?

રાણી—પાછળથી પસ્તાશો નહિ ને? હું તો હમણાં બચાવું.

હાથ લાંબા કરીને લઈ લીધા. માણસો શ્રીફળ લઈને દોડયાં.

બસ! હવે હું છતી થઈ ગઈ. હવે ન રહું. અને આઠ પહોર પછી અંદરો યુદ્ધ થશે: હું શક્તિ : મારો ચૂડલો ભાંગે નહિ : પતાઈ રાવળને રોળીને બાદશાહ આવે છે.

મારા નામનો સ્તંભ કરાવ.

આ સ્થંભની પેલી બાજુ મારું બેસ્પર : ત્યાં કોઈ આવશો નહિ.

બાદશાહ આવ્યો: મર્યો.

દેવી-માનવીનાં લગ્ન

બાઈ રાણીમાતાના સ્તંભને બાઝેલ આ લોકકથામાં પ્રચલિત એવાં પાંચ તત્ત્વો (મોટીફ) ભેગાં થયાં છે : તળાવને કાંઠે ફકીરની કે વેશ્યાની ઝૂંપડી હોવી—એ બસે નહિ : પતાઈ રાવળની પેઠે એ ગોધરાપતિએ પણ રૂપ દેખી દેવીને પકડયાં : દેવીએ જન્મ લઈ બાળરૂપે લગ્ન સ્વીકાર્યું: ગોખેથી લાંબા હાથ કરીને હાથીના હુમલામાંથી બાળ બચાવ્યાં : પ્રકટ થઈ જતાં દેવી ચાલ્યાં ગયાં.

આજ સુધીની સાંભળેલી કથાઓમાં દેવી માતૃપદનાં અધિકારી હતાં, અને મા કાળકાની માફક એમના સૌંદર્યને વાંચ્છનારો શાપિત બનતો. આ અને હરપાળ મકવાણાની કથામાં દેવીને પોતાનો હાથ

પકડનારનો પ્રણય સ્વીકારતાં દેખું છું. ગ્રીસ દેશની સૌંદર્યદેવી જેવી કોઈ દેવસુંદરી હશે ? કે ઓઢાને પરણનાર હોથલ જેવી અપ્સરા હશે ? નાનાં બાળ સાથેનાં લગ્ન, એ પણ આગમવાણીના વિખ્યાત સોરઠી સંત દેવાયતિ પંડિતની વાતમાં નિહાળેલ છે.

ગોખેથી હાથ લંબાવી હાથીની ઝપટમાંથી કુંવરોને ઝાલ્યા, તે તો ઝાલા વંશની આદિજનની, હરપાળ મકવાણાની ધરવાળી 'શક્તિ'ની લોકકથામાં આવે છે.

માનવી શા માટે ગમે

ગોધરાની વાતમાં અધિકતા તો એક : કે દેવીઓ પણ માનવીસું પ્રણય, જોડે એની કાવ્યકલ્પના આ દેવીભક્ત દેશનાં માનવીને પણ આવતી અને ગમતી. એય આખરે તો સ્ત્રીઓ છે. પ્રણયની જંખના એમની પ્રકૃતિમાં હોવી જોઈએ. સ્વર્ગના ઊર્મિવિહીન અને કેવળ એકલા અવિરામ આનંદ જ કરી જાણતા જડસુ દેવતા પુરુષોનો દેવીઓને કંટાળો આવે, દેવીઓને વિધવિધ ઊર્મિઆવેશોથી ધબકારા મારતું, પ્રણયપ્રાપ્તિ માટે તલસી શકતું, અને તે કાજે મરવાય તત્પર થતું, વિરહમાં ઝૂરતું અને સંયોગમાં રસોર્મિથી ભિન્નતું એવું મરતલોકનું માનવી ગમે, એ સ્વાભાવિક છે.

કુંવારી ધરતી પર ઝાપટાં

ગોધરાની માનસયાત્રાની વિદાય લેતો, આજે વેરવિખેર પડેલાં એ ભટ્ટ સાહેબનાં પુત્રપુત્રીઓને સ્મરણમાં એકઠાં કરતો, અને તેમાંનાં જગત છોડી ગયેલાંઓમાંથી રૂપી મેરાણીનું કથાનક તેમ જ એની આકૃતિનું 'મોડેલ' પૂરું પાડતાં કુમુદબહેનને અંજલિ આપતો હું પાનું ફેરવું છું ત્યાં તો કુંવારી ધરતી પર પહેલાં મેઘઝાપટાં પડે તેવી મીઠપથી તે કાળે મનોભૂ પર વરસેલા નાનકડાં બે લોકગીતો ટાંચણમાં નજરે ચડે છે—

'બોર બોલે ને ઢેલડ રીસાણી,
તમે શાના લીધા છે વાદ !
એકવાર બોલો ને ! ઢેલડ રીસાણી.

*
* *

ભીંજુની મારી હું તો નૈં મરું રે વાલમા !
ભીંજુડું ઝૂલે છે બાગમાં.
તારાં મેણાંની મારી મરી જાઉં, મારા વાલમા !
ભીંજુડું ઝૂલે છે બાગમાં.

'પરણેલને દૂવે પતિ'

પાનું ફરે છે : પાંચ દુહા ટપકાવ્યા છે—

પરણેલને દૂવે પતિ
(તેનું) ભલું નો ભણાય.
ગામે બનિયા જણાય,
પંચામાંય પાલો ભણે. ૧

પરણેલને મેલું પતિ
રાખે જઈને રખાત,
(તેની) ભૂંડી થાશે ભાત્ય,
પોકારીને પાલો ભણે. ૨

પાસેવાન ઊભે પરી,
ધરતું એવું જ ધરમ;
ક રે ચૂ ડ લા—ક ર મ
પરણેલી, પાલો ભણે. ૩

રાનો મરન્તાં રતીક
નો'ય આથે અફસોસ,
સાચનો પેરે શોગ
પરણેલી, પાલો ભણે. ૪

ઊપરવાહય થા આપીએં
ખીર સાકર ખાવા;
એશદ્ધ કરે બાવા
પટાવીને; પાલો ભણે. ૫

ડરશો નહિ. આ ભાષા અગુજરાતી નથી. ડિંગળનાં માતૃપય પીનાર ગઢવી પાલરવની આ ડિંગળી ગુજરાતી એ કોઇ ભાષા-સંશોધનનો વિષય નથી. આ તો હતી ગામડાંની જીવતી ભાષા—અને લોકહૃદયમાં રમતા ભાવો. અર્થ આપું છું—

૧ પરણેલી પત્નીને જે માણસ દૂભવશે તેનું, ઓ ભાઇઓ, ભલું નહિ થાય. પાલો ગઢવી કહે છે કે એ તો ગામમાં પંચની વચ્ચે અન્યાય ગણાશે.

૨ પરણેલીને ત્યાગીને જે પતિ રખાત રાખશે એની તો દશા જ ખુરી થશે, એવું પોકારી પોકારીને પાલો ગઢવી કહે છે.

૩ હે માનવી ! એવા પતિના મૃત્યુ ટાણે પાસવાન (રખાત) તો દૂર રહેશે, ચૂડાકર્મ તો પરણેલી જ કરશે.

૪ નાથ મરતાં અન્યને રતિમાત્ર પણ અફસોસ નહિ થાય, સાચો શોક તો પરણેલી નાર જ પહેરવાની.

૫ ઘરમાંથી છાનામાના જેને દૂધસાકર ખાવા આપશું એ રખાત તો આપણને ફોસલાવીને ભાન ભુલાવીને બાવા બનાવશે.

'પોકારીને પાલો ભણે'—

પાંચાળનો એ પાલરવ ગઢવી પરજિયો ચારણ હતો. (પરજિયા એ ચારણની શાખા છે. પશુધારી, સોદાગરી કરનાર, મોટે ભાગે અકવિ, ને રાજદરબારે ન ડોકાનારા, દાન ભીખવા ન ભટકનારા, પરપ્રશંસાના ત્યાગી અજાચી ચારણ.) '૨૬ કે '૨૭માં પ્રથમ ભેટયો ત્યારે જ એ ૬૦-૬૫ વર્ષનો વૃદ્ધ હતો. દૂબળો-પાતળો, દાઢીના શ્વેત કાતરા,

ઝીણી આંખો, સફેદ કપડાં, ઝાડને ગુંદર ઝરે તેમ આંખોમાંથી ઝીણાં જળ ટપકે.

કહ્યું કે ' પાલરવ ગઢવી ! તમે પોતે જ ' શામળાના દુહા ' રચનારા પાલરવ ? '

' અરે બાપા ! કહ્યા છે શામળાના દૂહા. આ જેવોને બાપા ! ઇ તો એમ ભણ્યું બાપા, કે–

ભગવંત ભલા જોગ;
(કે'નાય) ભૂંડામાં ભગવંત નૈ;
(પોતાનાં) સુ-કરતાંનો સંજોગ
પ્રાપ્તેવુ પાલો ભણે.

(અર્થ–ભગવાન તો ભલું જ કરનાર છે. કોઇનાં બુરામાં ભગવાન નથી. અને પોતપોતાનાં સુકૃત્યને યોગ્ય જ સૌને પ્રાપ્તિ થાય છે, એમ પાલો (પાલરવ) કહે છે.

એમ પ્રારંભ કરીને આ બુઢ્ઢા પાલરવે, હાથમાં નાનકડી લોઢાની સૂડી હતી તે ઊંચી ને નીચી, આજુ ને બાજુ ઘુમાવતાં ઘુમાવતાં, પાસાબંધી કેડિયાની ચૂડીદાર બાંયોમાં ચપોચપ પાતળિયા હાથે અભિનય કરતે કરતે, ઇશ્વરને સાક્ષાત લાડ લડાવતા હોય તેવી ચેષ્ટા કરતે કરતે, અને પોતે જે બોલી રહેલ છે તે તો શંકારહિત ત્રિકાલાબાધિત અને પાકું પ્રમાણી જોયેલું સત્ય હોય એવી ખાત-રીના તોરમાં શામળાના દુહા અર્થાત ઇશ્વરને સંબોધેલાં કડીબંધ દુહા–સુભાષિતો ચાલુ કર્યાં–

વાગ્યાની તમને વગત
જાંઝર જોડીનાં જે;
દૈવ ! ધાઉં કેતે
સુણતા નથી શામળા !'

પછી અર્થ કરે–કહ્યું એમ બાપુ, કે હે દૈવ ! હે શામળા !

તમને તો કીડીના પગનાં ઝાંઝર વગડે તેની પણ ખબર પડે છે, તો પછી મારા પોકારને શું તમે સાંભળી શકતા નથી? શું પોકાર! તો એમાં એમ છે બાપુ! કે શામળા! અરે શામળા!

મોયે ન કીધી માધા!
કાંઇયે મેં કમાઈ;
ભલો થઇને ભાઈ!
સામું જોને શામળા!

કે હે શામળા! મેં તો અગાઉ કાંઇયે કમાઈ કીધી નથી, માટે ભાઇ! તું ભલો થઈને મારી સામે જો!

ભગવાનને 'ભાઇ' કહ્યો એક ગામડિયા ગઢવીએ: God not the Father, God not the Son, God not the Holy Ghost, but God our brother-man: એ કોઈક આધુનિક જ્ઞાનીએ કહ્યું. પાલરવ ગઢવી જ્ઞાની હતો. મને હરીન ચટ્ટોપાધ્યાયનું પદ યાદ આવે છે—

'બિન ભોજનકે ભગવાન કહાં!'

કારણ કે મારી હસ્તપ્રતમાં એ જ ભાવનો પાલરવનો દુહો દેખું છું–

હડસેલા હજાર
પેટ સારુ ખાવા પડે;
દિયો તો અન્નદાતાર,
સૂઝે ભગતી શામળા!

અને પાલરવ જેવો એક કંગાલ, નિર્ધન, નિરાધાર વૃદ્ધ, કોઇક ઠાકોર કે ગરઢેરાની થોડીએક પ્રશસ્તિ શિષ્ટાચાર સારૂ કરવી પડી હશે તેની પણ ઈશ્વર સમક્ષ તોબાહ પુકારે છે–

મોઢે માનવીયું તણા
ગાયા મેં તો ગણ;

પરભુ ! કરશો પણ
શી ગત મારી શામળા !

માનવ-સ્તુતિથી શરમિંદો બનનાર લોકકવિ પૈસેટકે ભિંસાયો હશે એટલું તો એના શામળાના દુહા જ બતાવે છે–

કરજે મન કાળો નહિ
નેણે ના'વે નીંદ;
ગળકાંસાં ગોવિંદ !
શેનું જીભાં શામળા.'

હે શામળા ! કરજ છે તેને લીધે દિલ ખીલતું નથી. નેણે નીંદ નથી. કરજની નદીમાં ગળકાં ખાઈ રહ્યો છું.

પ્રભુના પોતે કેવા ગુના કર્યા હશે—

અ ની તિ અ ત પા ત
અવડી શું કીધેલ અમે ?
(કે) મટે નૈ માબાપ !
સંતાપ દલનો શામળા !'

એવી કઇ બેહદ (ઉત્પાત) અનીતિ અમે કરી છે કે આ દિલનો સંતાપ મટતો નથી ?–પછી પોતે જ કબૂલે છે—

મેં મેલેલ મસમાં
(તુંને) પરમેસર પાણો,
તે દુ નો ટા ણો
નથી વીસરતો વીહલા !

હે પ્રભુ ! તને મેં તે દિવસ તારી છાતી (મસ)માં પથ્થર મૂકેલો તે ટાણું નથી વીસરતું. (ચારણી બોલીમાં નાન્યતર જાતિ નથી માટે 'ટાણું' નહિ, 'ટાણો.')

કર્યા હોય (તો) કે'ને
ગો પી ચ ર ણ ના;

મા રી હે મા ધા !
સેા સેા જૂતી શામળા.'

મારા જે કાંઇ ગુના હેાય તે માટે સેા સેા જૂતિઓ મને મારી લે, ને પછી હે શામળા !—

ભીંજડીનાં જમ્યા ભાજ્યું
જૂ ઠાં . બેાર જકે;
ઇ લ ટ કું આ ણ્યે
સેવક માથે શામળા !'

શબ્દરીનાં બેાર જમવા–ટાણે જેવું પ્રેમનું લટકું કર્યું હતું તેવું લટકું–તેવું હેત મારા પર હવે આણેા શામળા !'

ઠપકાનાં, મહેણાંના, કાકલૂદીના, લાડના, ફેાસલામણીના, એવા કેટલાય 'શામળાના દુહા' કહી જનાર પાલરવ આ જન્મની કેાઈ મુસીબતના ઉકેલનેા ઉલ્લેખ તેા કરતેા નથી, ફક્ત મૃત્યુની પળની માવજત માગે છે—

બાતા આવે બાંધરવ
ટપ્પા અપસરનાં તાન;
(એવું) વીશ ધજાનું વેમાન
સામું મૂકેા શામળા.'

હે શામળા ! મારી સામે વિમાન તેા મેાકલેા, પણ અંદર ગંધર્વેાનાં ગાન અને અપ્સરાઓના નાટારંભ થતા આવવા જોઇએ.

બુઢ્ઢો પાલરવ અતિ બૂઢાપે ઘેરાઈને છેવટે શું વિમાને ચડીને ચાલ્યેા ગયેા હશે ?

છેલ્લા ભેટેલા '૩૯–'૪૦માં. માળખું જ રહ્યું હતું હાડકાંનું. આવીને લજવાતા બેઠા હતા બાંકડા ઉપર. જઈને ઊમળકાથી મળ્યેા ત્યાં તેા એક જ પલકમાં હાડકાંના માળખામાં કેાણ જાણે કયાંયે લપાઈ રહેલેા જીવ જાણે કે પેાતાના જ કલેવરનું વર્ણન ટહુકી ઊઠ્યેા—

બે ત્રે વીસું બરડવાં
(માંય) સૈા-બસૈા સાંધા;
માંહે પોલ માધા !
એમાં શ્વાસ કયાં રે' શામળા !

અર્થ–હે માધવ ! આ શરીરમાં ચાલીસ કે સાઠ નકૂચા છે. સેા–બસેા સાંધા છે. અંદર સર્વત્ર પોલું છે. તેા એમાં શ્વાસ કયાં રહેતેા હશે ?

હાડકાનું માળખું

આવું એ પોલું માળખું પેાતાની અંદર છુપાઈ રહેલા શ્વાસનેા પરિચય ચાર પાંચ વાર કરાવી ગયું. એ તેા મૂંગા દુઃખની ગૌરવભરી મૂર્તિ હતેા. એણે કેાઈ દિવસ પેાતાના સંતાપની વાતેા કરી નથી. એક વાર એનાં કુટુંબીજનેા વિષે પૂછતાં જવાબ મળેલેા કે 'ઘણુંય હતાં બાપા ! પણ આજ હું વિના કેાઈ ન મળે. આ હાથે તેા બાપા ! મેં તેર તેર મડદાં બાળ્યાં છે.'

વધુ પ્રશ્ન કરવાની હિંમત નહેાતી. દુઃખેાનાં ફૂંડાં ને ફૂંડાં (કટેારા નહિ–ફૂંડાં) પી જઈને પાલરવ કવિતાના ઓડકાર કાઢતેા હતેા એટલું જ યાદ છે. દુબળેાડે હાથે નાનકડી સૂડી ઉલાળતેા ઉલાળતેા લહેકાદાર વાતેા કરતેા એનું ચિત્ર હજુયે દિલ પર અણીશુદ્ધ છે. અરે મારી કને આવેલી એકાદ વાર્તા વિષે એને પૂછતાં એણે જે બે–ત્રણ નવાં વાકયેાની નકસી કરી આપી તે પણ મારી વાર્તામાં મેં ગેાઠવી દીધી છે. રસધાર ભા. ૪ માં 'અણનમ માથાં'ની વાર્તા છે. અગિયાર મિત્રેા પેાતાના ગામ–ગૌરવ માટે મ્લેચ્છેાની મેાટી ફેાજ સામે લડતાં લડતાં, શાહી સૈન્યની બંદૂક–ગેાળીએા વડે વિંધાઈને કેવા બની ગયા ? —'નવરાતના ગરબા જેવા !' એ ઉપમા પાલરવે પૂરી પાડેલ. બારમેા તેજરવ, ગામતરે ગયેલ ત્યાંથી મેાડેા આવ્યેા અને અગિયારે ભાઈ–બંધેાની ચિતામાં ઝંપલાવવા દેાડયેા. માણસેાએ એને રેાકયેા ત્યારે

એણે શો જવાબ દીધો ? બારેએ સાથે જ જીવવા–મરવાનાં લીધેલ વ્રતને યાદ આપીને એણે માણસોને કહ્યું કે, 'એ ભાઈ! તે દિ' છોડીયું છએ નો'તી રમી, પણ મરદુએ મોતનાં કાંડાં બાંધ્યાં'તાં ?' એ પાલરવનો વાક્ય–પ્રયોગ.

પાંચેક વર્ષથી ડોકાયા નથી. હવે તો આશા પણ નથી. છેલ્લા મેળાપને ટાણે જ શ્વાસ કેવળ છાતીને વળગી રહ્યો હતો.

ખાંભીઓ જુહારું છું

આ ટાંચણ–પોથીમાંથી આવાં મારાં સ્વજનોની સમાધોને ખોળતો ખોળતો તેમની ખાંભીઓને જુહારતો જાઉં છું. પોતાનાં મૃતપિતૃઓ પ્રિયજનોની કબરો પર સંજવારી કાઢવાના ચીનીજનોના પવિત્ર પ્રિય કાર્ય જેવું જ આજે કરી રહ્યો છું. કબરો વાળું છું. વાળતાં વાળતાં જે કાંઈ સાહિત્યસામગ્રી હાથ આવે છે, તે આજ પર્યંત અપ્રકટ રહેલી સાહિત્યસંપત્તિ છે. અપ્રકટ છે તેને પહેલી જ વાર પ્રકટ કરું છું. બીજી કોઈ રીતે વાપરી નથી શકયો, સંકલનામાં મૂકી નથી શકયો, મૂકી હોત તો વાંચકોને રસ ન પડત. આજે રસ પડે છે કારણ કે વાચકોના મનોજગતમાં હું આટલાં વર્ષોથી ભૂમિકા બાંધતો આવું છું. આજે એ ખેડાયેલ, ભીની બનેલ ભોંય પર આ બીયાં પડે છે. એટલે જ ઉગાવો થાય છે, નહિ તો શો રસ પડત આ ભેંસના ચારણી કાવ્ય–વર્ણનમાં ?—

પાતાળની પદમણી

ઘડ્યા એક ટપલા તણી અંગે નમણી ઘણી,
સધર ખૂન માદણાંમાંય સેલી;
ચડાવ્યા આખ ગોરખનાથવાળી છટા
રોમ પર ચાલી અબખૂત–ચેલી.

ફાંટ એક વાકને તોળ મેંગળ ફરે,
જમીં પર પોતરી નાગ જાણી;

પતાળની પદમણી કરણ ગયલ પરણવા,
અમલ એરાગ ધજ મેખ આણી.
કરણની આણલ ભલી નવસાર તોય કને
મેખા, મોતીઆં કેરી માણા;
અઢણાઈ કવ્યાંની તું થકી આળસે
ખળ કે દૂધ નાં સમદ-પાણા.

સુવાડીયું સમપ્પે તું જ મેળગસતન !
ગુંજતી તાંબડી ચડે ગૂડે;
પટાળા દીપસંગ તણો જાલ્યો પટો;
અસતનું પાંદડું પરૂં ઊડે.

ચારણોનો શિષ્ટાચાર છે કે પોતાને ભેંસ કે ઘોડું દાનમાં દેનાર દાતાને, આવી રીતે, દાન કરેલ પશુના કાવ્ય-વર્ણનથી બિરદાવે. આવી બિરદાવણ-રીતિમાંથી જ પશુ-વર્ણનનાં સેંકડો છટાદાર કવિતો-ગીતો ચારણી સાહિત્યને સાંપડયાં છે. ઉપર ટપકાવેલું તો કૃતિ તરીકે ફિક્કું ને પિંગળ-માપથી દૂષિત છે. પ્રારંભમાં ભેંસને એક ટપલા અર્થાત કુંભાર (બ્રહ્મા)ની ઘડેલી નમણી કૃતિ કરે છે. કાદવમાં પડીને ખૂબ ખરડાઈ ભભૂતીમય બનનાર અબધૂત કોઈ ખાખી નાથ બાવાની ચેલી તરીકે વર્ણવે છે, એક ફાંટ જેટલું આઉ ઊંચકીને હાથી સમી પૃથ્વી પર ઘૂમતી વર્ણવે છે. પણ મારો રસ તેમાં નથી, મેં આ કૃતિને પકડી તેનું કારણ એ છે કે ભેંસને તો પાતાળની પદમણીને પરણવા ગયેલ કરણ મહાભારતિયા સાથે સાંકળી છે. 'આ શું કથા છે ?' મેં ચારણને પ્રશ્ન કર્યો હતોઃ જવાબમાં મને જે કહેવાયું તે મારું ટાંચણ બોલે છે—

પાતાળની પદમણી કરણ પરણી આવ્યો. પણ બહુ ખૂબસૂરત એટલે કરણ નજર નહોતો ઝાલી શકતો. વીર્ય ચળી જતું. બાઇ આણું વળીને પાતાળમાં માવતરે (નાગને ઘેર) ગઇ.

(મા પૂછે છે) 'તારે ડીલે તેજ કાં નહિ ?' પુત્રીનો જવાબ : 'ઘણીબધી વાતે પૂરો, પણ બરદ ખડી જાય છે.'

(નાગણ્યે જઇ શેષનાગ પતિને પુત્રીના ઊંઢા મૂંગા દુઃખની વાત કહી.)

શેષનાગ કહે 'હું નિદ્રા કરૂં ત્યારે મારા મોં માથે જે ફીણ વળે છે તે લઇ હ્યો, એની ગોળીયું વાળો, ને એક ભેંસ ભેળી આપો. (જમાઇ રોજ ગોળી ખાય ને માથે ભેંસનું દુધ પીએ.)

(એ રીતે શેષનાગ (અહિ) ના મોંનાં ફીણની ગોળીઓ અને ભેંસ આપીને પુત્રીને પતિઘેર પૃથ્વી પર મોકલી.

સાથે ઢોલિયો આપ્યો. ઘડું દીધા.

આજે પણ નાગ (સાપ) કદી ઢોલિયા પર ન ચડે, કારણ કે ઢોલિયો તો દીકરીનો કહેવાય.

ઉપલા ટિપ્પણમાંથી આટલી બાબતો સારવીએ કે પૃથ્વી પર ભેંસ નહોતી તે નાગલોકમાંથી કોઇકે આર્યપુત્રની પરણેલી નાગકન્યા લઈ આવી. અફીણ પણ એ સાથે લાવી. (અફીણ=અહિ+ફીણ. અહિ કહેતાં સર્પ, તેનાં ફીણ.)

વણજારાની દુનિયા

ફરી પાછાં ગીતોના સરવડાં—

અમે પાણીડાં ગ્યાં'તાં રે જોબન માળીડા !

× × ×

રાજલ રે આવી વણજારાની પોઠ
આ વી ને આ રે ઊ ત રિ યા વણજારા હો જી

રાજલ રે મુંજલ પાણીડાંની હાર
નણંદ-ભોજાઈ પાણી સાંચર્યાં વણજારા હો જી

ભોજાઈ મુંજલ પાણી ભરીને ચાલી ગઇ હશે. પાછળ રહેલી નવજોબનવંતી નણંદ રાજલ પાળે ઊભેલ વણજારાને વીનવતી હશે—

નાયક રે અમને બેહલાં ચડાવ્ય,
છેટાં પડ્યાં રે સૈયરૂંનાં, વણજારા હો જી

રાજલ રે અરધાં ઢોળી ઢોળી નાખ,
અરધાં ભરાવું બારક-ટોપરાં વણજારા હો જી

કેવી પ્રણય-વેદના !—

માતા રે અમને બેડલીઆં ઉતરાવ !
માથું ફાટ્યું ને હૈડું ઊમટ્યું વણજારા હો જી

આ રાજલ વણજારા-નાયકની સાથે રાતમાં નાસી છૂટી, એક વાર માવતરને મળવા મન થયું. પોઢ પાછી ન વળી, રાજલે વખડાં ઘેાળ્યાં. એ રીતે ગીત પૂરું થાય છે.

વણજારાની દુનિયા ફરી એકવાર આ ગીત વડે મનને ચક્કર ચડાવે છે. પરિભ્રમણશીલ પ્રાણ પૃથ્વીબાંધ્યા કલેવરને કહે છે કે 'હેડય ભૂંડા ! જકડી જ રાખવો છે ને ?' પેલા 'દૂઈ પાખી : બે પંખી'વાળા ટાગોરના ગીત જેવી રમૂજ અંદરખાને મચી જાય છે. અંદર બેઠાં બેઠાં બે પ્રાણપંખી બેાલે છે. એક કહે છે, ચાલને નિઃસીમ આકાશને ઉડાણે ! બીજું બેાલે છે, આવને રૂપાળા આ સંસારી સુવર્ણપિંજરમાં !

જાન સાટે પ્રણય

ત્યાં તો હુરી-રાયમલ નામનાં બે ભાગેડુ પ્રેમીઓનો રાસ આવે છે.

હુરી પાણીડાં હાલી રાયમલ !
હુરી પાણીડાં હાલી.
વાંઢે રાયમલ ના'વા હાલ્યેા રે તું ચારણિયેા.

સંવનન કર્યું—

વેળુમાં વીરડા ગાળ્યા રાયમલ !
વેળુમાં વીરડા ગાળ્યા
તેં તેા મુંને પહલીએ પાણી પાયાં રે તું ચારણિયેા.'

નદીની રેતીમાં પાણીના વીરડા ગાળી, તેમાંથી પ્રેમિકે પ્રેયસીને

પોતાની અંજલીઓ ભરી ભરી પિવરાવ્યું. આધુનિક પ્રેમિકાની સંવનન-સૃષ્ટિમાં આ ગ્રામીણોની સંવનન-ક્રિયા નવી એક કલ્પના-લહર લાવે છે. હુરી-રાયગલની વાત પૂરી કરું. બેઉ ભાગ્યાં. પાછળ ભરી બંદૂકે મૂછાળા ચડ્યા. પણ પ્રેમિકે મરી જાણ્યું—

તરવારુંનાં તોરણ રાયમલ
તરવારુંના તોરણ
બંધૂકુંના ચંભા રે તું ચારણિયેા
પેલી બંધૂકે માર્યો રાયમલ
પેલી બંધૂકે માર્યે..
ટપકતી ઝોળીએ આવ્યેા રે તું ચારણિયેા.

ચાલેા જીવ! અસૂર થાય છે. સૂતેલી યાદોને સળવળાવતા શબ્દો ને સૂરો ઊપડે છે—

પેાપટ ઝુરે મારા મૈયરનેા
નણદલ ઝુરે નેવાં હેઠ મારી સૈયરૂં!
પેાપટ ઝુરે મારા મૈયરનેા.

* * *

ભોંમાંથી નીકળ્યેા ડોલરિયેા દેડકેા
તારે મારે નૈ બને ડોલરિયા દેડકા!

* * *

ધગધગતી ધરા

એ સુકોમળ શબ્દ-બાગમાંથી પાર થાઉં છું અને ધગધગતી ધરા આવે છે બહારવટિયા-ગીતોની—

ન છડિયાં હથિયાર
અલાલા પાંજે મારણેજે હકડી વાર

એ શબ્દોની અગન-ઝાળો લાગી છે એક પાને. બીજે પાને—

ડુંગરે ડુંગરે કાદુડાના દાયરા
દાયરામાં તેા ઊડે દારૂડાની ફેાર

નહિ નહિ બોલ બદલી ગયા લાગે છે. કાદુ દારૂ પીતો નહિ, દારૂને પીવા દે નહિ. સાચા બોલ તો આ છે—

'દારૂ-ગોળાની ઊડે ઠારમઠોર રે મકરાણી કાદુ !

કાદુ પીતો, પણ મોતના દારૂ : શરાબ નહિ પણ સીસું પીતો.

* * *

ફાંસીએ ચડતાં કંથડજી બોલિયા,
આમાંથી મને ચાર ઘડી છૂટો મેલ્ય
બાહુબા ભુજના રાજ !
છેતરીને છેલને નો'તો મારવો.

આ શૌર્યના સ્વરો-શબ્દો મેં ક્યાંથી પકડ્યા ? નામ ઠામ કે તિથિ વાર નથી. પણ એક પુરાવો છે. ભાઈ રામુ હક્કરના હસ્તાક્ષરોમાં લખાયેલું દસ પંક્તિનું બહારવટિયા-ગીત મારી પોથીમાં છે—

રામાવાળા ઠારોર, રામવાળા કાઠી, રામવાળા દરબાર
ડુંગરડા તારે દેાયલા થિયા.

એટલે યાદ આવે છે. ભાવનગરમાં મારા મિત્ર કપિલ હક્કરને વૉશિંગ-ઘાટ સામેને ઘેર નાથ બાવાઓ આવ્યા હતા. તેમની પાસેથી ગવરાવી ગવરાવી લખતો હતો. જમવા બેઠા, રામુભાઈને તેટલો સમય લખવા કહ્યું હતું. બાવો રાવણહથ્થા પર ઘૂઘરિયાળી કામઠી નચાવતો આધુનિક સંગ્રામ-સૂત્રોને પુરાતનના પેટાળમાંથી ઉકાવીને સનાતનની જબ્બાન પર ધરતો હતો—

ના છડિયાં તલવાર
અલાલા હણે મરદું'માં લખા લીજે નામ
દેવોભા કે'
મુરૂ માણેકજે, મ છડિયાંવ તલવાર.

જુવાનેા હણે મરણેજો હકડી વાર
દેવોભા કે'
મુરબા વંકડા ! મ છડિયાંવ હથિયાર.

સો જ ર ની ત મે શે ર ડી કી ધી
વા ઘે ર ભ ર ડે વા ઙ,
દેવોભા કે'
મુરબા વંકડા ! મ છડિયાંવ તલવાર.

ગોરા સોલ્જરોને શેરડી બનાવી યુદ્ધ રૂપી વાડમાં વાઘેરો લડી રહ્યા છે. ઉપમા નોંધી લેજો જરી !

પુરાતન, નૂતન અને સનાતનના સહિયારા સૂર છે આમાં. ૧૯૨૫-૨૬માં એ મને લાધ્યું. વીશ વર્ષે પણ શ્રોતાઓને કાને એની નવીનતા શમી નથી. સૌરાષ્ટ્રની પાસે સંગ્રામ-ગીતો હતાં.

મન પર મોરલી વરસી

આગળ વધું છું ત્યાં મને એક ગીત રોકે છે—

જેમ સુકાય તારી જૂઈનાં ફુલ
મારા વાલા જી રે !
તેમ તારી ગોરાંદે કરમાય
જઈને કે'જો મારા વાલાને રે !

લોકગીતોમાં જેને હું ઉત્કૃષ્ટ ગૃહિણીગીતો ગણું છું તેમાનું આ એક મને કોણે આપ્યું ? ભાવનગરનાં બહેનોએ; મારા મિત્ર કપિલ ઠક્કરના કુટુંબનાં બહેનો મારે માટે એ ભાવનગરની બ્રાહ્મણોને પોતાને ઘેર તેડાવી રાસડા લેવરાવતાં.

'જઈને કે'જો મારા વા'લાને રે !'

એ ગીત એ બહેનોના કોમળ કંઠેથી પ્રથમ વાર જાગ્યું ત્યારે મન પર મોરલી વરસી. બ્રાહ્મણોનાં નાનકડાં નારીવૃંદે ઓરડામાં ફૂલ-કયારી જેવડે કુંડાળે ગાયું કે-

શેના લીધા મારા શ્યામ !
અમોલડા શેના લીધા રે !
હૈયામાં રે જાશે હામ !
અમોલડા શેના લીધા રે !

લોકગીતોની નવી લગની લઈને મને આવતો જોયો, લોકગીતોની ઘેલછામાં પડેલો જોયો ત્યારનું મારા પ્રત્યેનું એ કુટુંબીજનોનું વિનોદ-મધુર હાસ્ય હજી પણ મને શ્રવણગોચર થાય છે. એમને, ઘરનાં સૌને, લોકગીતો એ તો જે ઘરનો શોખ હતો તે ઘરનાં આબાલ-વૃદ્ધ તમામને, મેઘાણી લોકગીતોની લતે ચઢે એ એક કૌતુક બન્યું. લોકગીતો મારે માટે તેઓ પૂંમડે પૂંમડે વીણી આપતાં.

દેવપૂજામાં હાલરડું

ઘરમાં પ્રભાત પડે છે, બીજે માળે ટોકરી વાગે છે, કોઈકે ગાયું છે–

'તમે મારાં દેવનાં ફૂલ છો
'તમે મારાં માગી લીધેલ છો
'આવ્યાં ત્યારે અમર થૈને રે !

કરુણતાઘેરે કંઠે કોણ ગાય છે ? કપિલભાઈ–કંચનબહેનનાં બા ગાય છે. પુષ્પો ને ધૂપદીપના મંગલ વાતાવરણ વચ્ચે મઢાયેલું એ લોક-હાલરડું મને દેવની વૃદ્ધ પૂજારિણી મોંઘીબા પાસેથી મળ્યું હતું. આજે ઓગણીસ વર્ષોથી ગુજરાતને હૃદયે રમતું મૂકેલું એ હાલરડું સ્વ. મોંઘીબાનું પૂજન-સ્તોત્ર હતું.

મોંઘીબા મંદ મંદ મલકતાં જાય અને ઘરમાં ઘૂમતાં ઘૂમતાં મને ગીતો સંભળાવે. એમાંનું એક, જે ગાતાં ગાતાં એ ગદ્‌ગદિત બનેલાં (કોઈકે તો પોતે પુત્રવધૂઓ પર કડક રહેતાં તેના આંતર્-મંથનને લીધે હશે !) તે 'ચૂડલો' મારા ટાંચણમાં છે–

ચૂડલો

કમાઠ પગવાડે માતા દેવકી ને
સાંભળ વહુની રે વાત:
અમ રે સાંભળતાં વરાઢ બોલિયાં
હવે કેની રાખશે લાજ !

તેડાવો ગામ ગરાસીઆ રે
લખાવો રે કાગળ !

વેરે તેડાવો વહુનો બાંધવો રે
વહુને મૈયરીએ મોકલ !

રોતી રોતી વહુ કહે છે—અરેરે ! કીડી પર આટલાં કટક લઈને શું ચડી આવ્યાં છો !

કીડી ઉપર શું કટકાવું કરો રે માતા !
શંક ઉપર શો રોષ.
બાળક જાણી અમે બોલિયાં રે હવે !
દયા કરો મુજ દોષ.

બસ, સાસુને તો સંતોષ થઈ ગયો !

દયા ચડી રે માતા દેવકીને
ચાંપ્યાં છે રૂદિયાની સાથ,
જે રે જોયું તે ભગાવજો રે
તમારો પિયુ તે પાટણ જાય.

જોજન કેરી સાંઢડી રે માતા
પવન-વેગે જાય;
ઊંડણ દાંત ન વોરશો
હું નૈ પે'રું જમણે હાથ.

પીળા પોગરનો ચૂડલો રે
મારી બાંવડલી ઢંકાય;
નંદ રે નારણજીએ પાઠવ્યો રે
મૂલ કરે રે મોરાર
ચીકમજીએ તોળાવિયો રે
વેરાવે વૈકુંઠ જાય,
સોનાની જીવીએ મઢાવિયો રે
પેરણ રાધાને હાથ.

આર્થિક ભીંસમાં પણ ઊજળાં મોં ને ઊજળી રખાવટ જાળવી રાખીને, ઘણાં બાળકોને, પૌત્રપૌત્રીઓને મોટાં કરી, અને એવાં 'પાણા ભેગે પકવેલાં' કેટલાંયને મસાણે વળાવીને મોંઘીબા ગયાં.

૫ ૨ ક ૨મા

પ્રયાણ બીજું

: ટાંચણનાં વધુ પાનાં :

'મણુને ગોરી પીપળિયાનાં પાંદ રે'

ઊભી ઊભી ઊગમણે દરબાર રે
કાગળિયા આવ્યા રાજના રે લોલ.
ઊઠો દાસી, દીવડિયા અંજવાસો રે
કાગળિયા આવ્યા રાજના રે લોલ.

❁ ❁ ❁

કોરે મોરે લખિયું છે સો સો સલામું રે
વચાળે વેરણ ચાકરી રે લોલ.

ચાકરીએ મારા સસરાજીને મેલો રે
અલબેલો નૈ જાય ચાકરી રે લોલ.

સસરા-ઘેરે દરબારી છે રાજ રે
દરબારી પૂરાં નૈ પડે રે લોલ.

ચાકરીએ મારા જેઠજીને મેલો રે
અલબેલો નૈ જાય ચાકરી રે લોલ.

જેઠ-ઘેરે જેઠાણી તરજાત રે
ઊઠીને ઝઘડો માંડશે રે લોલ.

ચાકરીએ મારા દેવરજીને મેલો રે
અલબેલો નૈ જાય ચાકરી રે લોલ

દેર ઘેરે દેરાણી નાનું બાળ રે
મોહુંમાં એકલ નૈ રહે રે લોલ.

લીલી ઘોડી પિતળિયાં પલાણ રે
અલબેલો ચાલ્યા ચાકરી રે લોલ.

ઝાલી ઝાલી ઘોડલિયાની વાધું રે
અલબેલા ક્યારે આવશો રે લોલ.
ચણુને ગોરી પીપળિયાનાં પાંદ રે
એટલે તે દા'ડે આવશું રે લોલ.

ટાંચણુ-પોથીએ સંધરેલા ઉપલા અક્ષરો એક ઓચિંતાની ચિર-વિદાય લઈ ગયેલા હાથના છે. એ હાથની ઉષ્માને આસ્વાદી હતી ચોવીશ વર્ષ પૂર્વેના જેઠ વદ નોમની રાત્રિયે. **અલમ્**

ઉતારનાર ગયું છે. ઉતરાવનાર પણ નથી. અક્ષરો સ્વચ્છ યાદ આપે છે. જેઠ કે અષાઢની સાંજ હતી. ભાદરકાંઠે જેતપૂર ગામ, બીલખાનો દરબારી ઉતારો. માસાજી શિવલાલ ગોસળિયા એ રજવાડાના સરકાર—નીમ્યા હાકેમ. હોકા પીતા પીતા, ઊંચા મોટા મેજ ઉપર રેંટિયો મૂકીને કાંતતા, હાકમી કરતા-'૨૨ના રાજદ્વારી વિપ્લવયુગને ખરે મધ્યાહ્ને. ગોરા પોલીટીકલ હાકેમોની મોટર-ગાડીઓ દરવાજે ઊભી રહેતી, છતાં શિવલાલ ગોસળિયાનું કાંતણ ચાલુ રહેતું, ખાદીનો પોશાક અણુઢાંકયો ધારણ થતો. એક ચડી ને પહેરણભેર બહાર જઈ ગોરા ઉપરીઓને મળતા પણ ખરા.

એ ડાંખરા આદમીનું ઘર મારી મંદાકિનનું ધામ ને મારાં પરિ-વારનું આરોગ્યાલય. માસીજી સાંકળીબાઈએ કલેજાની કોર પરથી એની ભાણી હસ્તક ઉતરાવેલું આ કરણ લોકગીત છે. હતાં તો માતૃસ્થાને, પ્રૌઢ ને પાકટ, છતાં મારી કને ન ગાયું.

કારણ છે. શિવલાલ ગોસળિયા જૂના-નવા યુગની સંક્રાંતિ-ધારે ઊભેલા કાઠિયાવાડના રાજકોટવાસી હતા, સમકાલીનોમાં સુશિક્ષિત હતા, કરડા હતા, ચોખલિયા હતા, ને લોકગીતો જેવી અળખામણી વાણીને તો ઘરમાં ચૂપ કરનારા હતા.

કવિતા સાથે કન્યિો કરી બેસે એવા ડરકામણા એ વડીલ એક વાર કહે કે સંભળાવો તો ! સંકોચ પામતે પામતે મેં ગાયો—ગોપીચંદનો ગરબોઃ—

સોનલા વાટકડી ને રૂપલા કાંબસડી,
ગોપીચંદ રાજા બેઠો ના'વા રે ભરથરી.

હાથ પગ ચોળે એના ઘરની અસતરી
વાંસાના મેર ચોળે માતા રે ભરથરી.

મેર ચોળંતાં એનું હૈયડું ભરાણું જો
નેણલે આંસુડલાંની ધાર રે ભરથરી.

નહિ રે વાદળડી ને નહિ રે વીજળડી
ઓચિંતાં નીર કયાંથી આવ્યાં રે ભરથરી.

ટપ ! ટપ ! ટપ ? ગોપીચંદ કુંવરને નવરાવતાં જનેતાનાં નેણ-લેથી આંસુડાંની ધાર થઈ, પુત્ર ઝબકયો : ઊંચે જોયું : મા, શીદને રોવું આવ્યું ? કે બાપ—

આવી રે કાયા તારા બાપની હતી જો!
ઈ રે કાયાનાં મરતુક હુવાં રે ભરથરી !

સાંભળીને ગોપીચંદે ભરપૂર ભોગની વચ્ચેથી ઊઠીને કાયાને અમર કરનાર ભેખ લીધા વગેરે વગેરે જેમ સાંભળતા ગયા તેમ તે જવાંમર્દ અને કરડા ગોસળિયા રડતા ગયા. કહે કે ચૌદ વર્ષનો દીકરો સાતેક વર્ષ પર મુએલો તે સાંભર્યો. ચકિત બન્યા કે 'લોકગીતોમાં શું આવું ભેદક તત્ત્વ ભર્યું છે ? મને તો આ ખબર જ નહોતી.'

' અં—હં—' દીકરીઓ ત્યાં હતી તે હળવેથી, ભારે હૈયે બોલી ઊઠીઃ 'કેશોદ વગેરે કેકાણે ડિસ્ટ્રીકટમાં બાપુ જોડે જતાં ને રાતે ગામની બાઇઓ રાસડા લેતી તે સાંભળીને અમે ય એમાં ભળવા તલસી ઊઠતાં, ત્યારે તો બાપુ અમને જવા ન દેતા, કહેતા કે એ તો હલકાં માણસોનું કામ ! '

શરમાઇને શિવલાલભાઇએ ભૂલનો સ્વીકાર કરેલો મને તાદશ સાંભરે છે. મેં કહેલું તેય યાદ છે, કે આ દોષ કરવામાં આપ કંઈ

એકલા નથી. ઘણા પિતાઓ એ સંક્રાંતિ-યુગની ચાબાઇ ચાંપલાઈના ભોગ બન્યા હતા અને સુધારાની શિલા તળે તેમની પત્નીઓ પુત્રીઓની કૈક હૃદયોર્મિઓ ચેપાઇ પણ ગઈ છે.

ચેપાયેલી એવી ઊર્મિઓ એ ઘરમાં ફરી એકવાર મહેકી ગઈ, અને કોણ જાણે કેટલાં વર્ષોના બોજ ફગાવીને માસીજી સાંકળીબાઇના યૌવનકાળનું સંધરેલ આ ચાકરી-ગીત બહાર આવ્યું—

કોરે મોરે લખાયું છે સો સો સલામું રે
વચાળે વેરણ ચાકરી રે લોલ.

એ રાજ-ચાકરીને તેડે ચાલી નીકળવાનું આખા કુટુંબમાંથી એકલા એક વચેટ દીકરાને માથે જ મુકાયું. ને એ ચાકરીની તો જેટલાં પીપળાનાં પાંદડાં તેટલી લાંબી અવધઃ એ સમજનારી વચેટ વહુએ 'અલબેલા'ને ઉગારવા બહુ જીકર કરી, પણ છેવટે એને જ જવું પડ્યું. ઘરના બીજા તો નાનામોટા સર્વ મરદોને માટે બહાનાં હતાં, નહોતું એક વચેટને. શું કુટુંબમાં કે શું સમાજમાં, ઘરમાં તેમજ વિશ્વમાં, વચેટને-વ્યકિતને અને વર્ગને જ હિસ્સે સંતાપો સરજાયા છે.

એ સૈનિકનું ગીત છે; અને આજે જગતમાં સૌથી વધુ વેધક કરણતા લાખો સૈનિકોનાં દિલદર્દની છે. વર્તમાનને કલેજે આ 'વેરણ ચાકરી'નું ગીત એ 'કોન્સ્ક્રીપ્શન'નું ગીત બને છે, રોટીને કાજે ખેતી મજૂરી છોડી લશ્કરી ભરતીમાં ચાલી નીકળનારાઓનું ગીત બની રહે છે. છ છ વર્ષો સુધી જેમણે ઘરનાં દર્શન કર્યાં નથી તેવા લાખોની ગોરીઓ પીપળાનાં પાંદ ગણતી આજ બેઠી હશે. એ પાંદ-ગણતરીનો પાર આવનાર નથી. 'વેરણ ચાકરી'ને તેડે ચાલ્યા ગયેલાઓમાંથી જે અનેકની ગોરીઓ 'અલબેલા'ને બદલે મરી પરવારેલા અલબેલાઓની વીરતાના ચાંદચંદ્રકોની નવાજેશ પામી રહી છે તેમનાં સર્વનાં કાળજાંની કોરે લખાયેલું આ લોકગીત છે.

એ ગીતનું ટાંચણ મારી ઉમ્મરનાં અઢાર વર્ષોનો પરદો ઊંચકે છે અને મને સ્મરાવે છેઃ મારી લગ્નચોરીનું ધામ જેતપુર, ભેખડાળી ભાદરઃ મારી રસધારના વીર ચાંપરાજની બારીઃ ટ્રેનમાંથી ઊતરી અધરાતે જઈ ઊભો રહું ત્યારે ઉઘાડી ડેલીમાં બેહું બેહું ધીરા વિશ્રબ્ભ-ટીકા કરતું શિવલાલભાઈ-સાંકળીબાઈનું નિત્યનવરસવંતું પ્રૌઢ-જોડલું: મારા માટે ટાણું કટાણું કદી ન વિચારતો એ યુગલનો સત્કારઃ શરમીંદા મહેમાનની સાંપટ સમજતી ગૃહિણીએ ડેલીએ આણીને પીરસેલ બાજરાના પાતલા રોટલા પર ઘીના દડબાનું વાળુઃ અને પછી તો અણખૂટ વાત-ધારા. લેણુંદેવી પણ પૂરી હતી ના! બાદીધારી, રેંટિયો કાંતતા, પાકા સ્વમાની અને ડાંખરા શિવલાલ ગોસળિયા વર્ષો સુધી જેમને કલેજે ખટકતા હતા તેમણે છેવટે એની '૩૦ વર્ષની જબ્બર નોકરીને એક ઝટકે ખૂંચવી લીધી-કારણ કે અમને '૩૦ના બેએક રાજકેદીઓને પોતે સાબરમતી જેલે માત્ર વ્યવહારના કામસર પાંચ મિનિટ મળવા આવ્યા હતા! જરાક દિલગીરી દેખાડે એટલી જ હાંકામોને રાહ હતી—જરાક જ દિલગીરી! પણ આખા શરીરમાં નાક હમેશાં 'જરાક'જ હોય છે ખરું ને! શિવલાલભાઈ નાક સચુકા જ સંસાર છોડી ગયા.

સ્વ. લાખાજીરાજ

'૨૨ થી '૩૨ લગીના એક દાયકાનાં સ્મરણોને સંધરતો એ ચાકરી-ગીત'નો ખાંભો વટાવું છું, સ્વ. રાજકોટપતિ લાખાજીરાજનાં સ્મરણ-પાનાંને ઝડપે વટાવવા વિચારું છું, વિચાર અટકે છે, ને ટાંચણ-પાનાં પ્રશ્ન કરે છેઃ 'અમે પણ શું તારા સાહિત્યરસનાં છૂપાં પોષકો નથી બન્યાં? '૨૬ કે '૨૭માં તું રાજકોટ પ્રજાપ્રતિનિધિ સભામાં તાવભર્યો આવ્યો હતો, ને તેં ત્રણ દિવસ સુધી જે જોયું સાંભળ્યું તેમજ જાણ્યું હતું તેનું આ ટાંચણ શું તારા સાહિત્યરસનું વિઘાતક હતું?

સો–પાંચસો વર્ષો પૂર્વેના એકાદ લોકગીત, લોકવાર્તા કે ચારણ–કાવ્યનાં ટાંચણ પર માનસી મહેલાતો ચણનારો તું, શું એ યુગપુરુષનાં તે કાળે પામેલ પ્રાણવંત દર્શનમાં ઘડી બઘડીનો અખબારી પ્રતિનિધિ જ રહી શકયો હતો? નજીક બેસીને તેં નિહાળ્યા હતા રાજ લાખાજીને; લોકપ્રતિનિધિ પ્રમુખની બાજુમાં જ એક સાદી સુશોભનહીન ખુરશી ઉપર બેઠેલા : સર્વ લોકસભ્યોના સમોવડ સમા, સંયમવંત જવાબો દેતા, શિસ્તથી પ્રશ્નો સાંભળતા અને ઉડાઉવેડાથી અલિપ્ત; પ્રશ્ને પ્રશ્ને વિચારવા થોભતા : અને વાણીની તો વિનયમૂર્તિ : હે સાહિત્યકાર! બે સદી પૂર્વેના ઠાકોર વજેસંગ, ચારસો સાલ આગળનો અજો જામ અને તારા સમરાંગણનો વીર મુઝફ્ફર નાહનુ, એ જેટલા તારી કલ્પનામાં જીવન્ત છે તેટલા જ પ્રાણવંત આ પ્રવીણ–સાગરના સર્જક રાજવી–શાયર મહેરામણજીના કુલદીપક લાખાજીરાજ નહોતા શું? વાંચ–અમને ઉપર ઉપરથી તો જરા ઉંકલ!—

ઠાકોર સાહેબ પોતે બહુ જ મહત્ત્વાભિલાષી. રાજકોટને બેલ્જીઅમ કે સ્વિટ્ઝરલાંડ બનાવવું. એટલે સુધી કે અહીંથી માલ બનાવી પરદેશ કાં ન ચડાવાય!

વિધવાઓને માટે ગોઠવણ કરવા મ્યુનિસિપાલિટીને ખાસ સંભારી આપે. ઇન્ડસ્ટ્રી નામ પાછળ તો ઘેલા. ઠગાઇ જાય. તાતાના જેવું કારખાનું અહીં કાઢવાના કોડ.

એવી અવ્યવહારુ યોજનાની પણ ધૂન.....

લોભી નથી અને છે પણ.

૧. કીંડર ગાર્ટનની ૪૦ શાળા કરો.

૨. ડ્રેનેજ કરો, ભલે ૩ લાખ બેસે.

૩. પગારો સારા. સારી પેઠે 'સ્ટાફ' કરતા વૈદો, કરતા ન્યાયાધીશો. તળાવને બાર મોમાસામાં સમરાવવું, ભલે ખર્ચ થાય.

એમનો સિદ્ધાંત–'બેટર રાજકોટ' બનાવવું.

અતિ ભલાઈ. પ્રભુના ઘરનો આત્મા, જાઓ જરા રડો એટલે દયા આવી જશે. એ દયા કાયદાનો પણ ભંગ કરે.'

× × ×

'No favouritism : કોઈ પર પક્ષપાત નહિ. કશી શંકાશીલતા નહિ. No secrecy : ખાનગીપણું નહિ.

'ખાનગી જીવન—એકાંતમય. એમનો છૂપો ઉદ્‌ગાર, 'I feel miserable: પરેશાન છું.' દુઃખી છે, રોગી છે, ગુસ્સો ચડે છે, પણ અજબ અંકુશથી દબાવે છે. ન સમજે તેને દુઃખ લાગે.'

કાગળ પર નહિ ટપકાવેલી પણ મનમાં સંઘરેલી વધુ માહિતી ઉપલા ટાંચણને અજવાળતી રહી છેઃ મહોલાતનો માલિક એકાકી હતો. જૂનાં રાણીજી જોડે મેળ નહિ. પ્રેમથી પરણી આણેલી પ્રિયા કલાપી—પુત્રી પ્રભુધામમાં સિધાવ્યે વર્ષો વીત્યાં હતાં. તે ઘડીથી વજ્રકઠોર વાળ્યો હતો. લોખંડી કાયામા પૌરુષ રૂંધાઈને પીડતું હતું. પ્રકૃતિ પોતા પરનો અત્યાચાર સહન કરતી કરતી અસહ્યતાની હદે આવી જ્યારે ત્રાહિ ત્રાહિ પોકારતી ત્યારે પછી આ પુરુષનો જાતીય દુરાવેગ રાણી પર, નોકરો પર અને ખુદ દીવાન પર પણ ક્ષણિક હિંસાનું સ્વરુપ ધરી બેસતો. ક્ષણ પછી ક્ષમા માટે કરગરતા

એક ડાહ્યા લોકનેતાની કને એ અંતઃકરણ ઊઘડી પડતું. હીરાના પરખ-ણહાર વિવેકી સ્નેહી માર્ગ સૂચવતા, 'બાપુ, નવાં લગ્ન કરશો ?'

જવાબ તૈયાર હતોઃ 'ના રે ના, ત્રણ દીકરા તો છે, બીજાં સંતાનો ઉમેરાય, એટલે આ નાનકડું રાજ્ય કેટલાકને નભાવશે ?'

'તો બાપુ, એકાંત રખાત...'

'બોલશો મા. મારી પ્રજા પોતાના લંપટ રાજાની કેવી બૂરી અસર અનુભવશે !'

'અહીં નહિ, તો મુંબઇ જેટલે વેગળે...'

'ના, કદી નહિ. પ્રજા બગડે અથવા શરમીંદી બને.'

આવાં આવાં અણુટાંકયાં સ્મરણોમાં એક તાજી જાણેલ વાત ઉમેરાય છે. કલાપી—પુત્રીનું પ્રથમ દર્શન અને મિલન મારા લોક-

સાહિત્યના દીક્ષા-દાતા દરબારશ્રી વાજસુરવાળાને ઘેર ગામ હડાળામાં ગોઠવાયું હતું. શિકારને બહાને જુવાન લાખાજી એક બપોરે આવી ચડયા. કન્યાને દીઠી, મળ્યા, જમ્યા, જમીને ઊઠયા એટલે એમની જ થાળી પર આવીને કલાપી-પુત્રી સ્વાભાવિક અદાથી જમવા બેસી ગયાં હતાં.

એ પત્નીનો ચિરવિજોગી પતિ ત્રણ દીકરાને લઈ માસિક ચાર હજાર જેટલી નાની જીવાઈની મર્યાદા સ્વીકારી લઈ (ચોપાસ જે કાળે આંધળી ફનાગીરી પોતાના બંધુ-રાજવીઓમાં પ્રવર્તતી હતી ત્યારે) એક આદર્શ વિધૂરનું વ્રત પાળી રહ્યો હતો. ટાંચણુ બોલે છે—

નવી મોટરકારો ખરીદવાના મોહ જાગ્યા નહોતા, ઈંગ્લાંડ જઈ કુંવરોને પોતાનું એઠું પણ સાફ કરવાની • ફરજ પડે તેવા છાત્ર-ઘરમાં મૂક્યા હતા, રાજકોટની કન્યા-સ્કાઉટ-ગાઇડ્ઝ સાથે ગયેલા પોતાના એક કુમારે એક લોક-કન્યા પ્રત્યે કંઈક અવિનય કરેલો તેની ખાતર કુમારને ઘોડો કરાવી પ્રજા-કન્યાને એના પર બેસારેલ...'

ટાંચણુ-પાનામાંથી એટલી જ બાબતોને ઉઠાવી લઈને પાનાં ફેરવું છું. પત્રકાર-જીવને મારો માનવ-સંપર્ક તેમજ માનવ-લીલાની માહિતી લીલીછમ રાખી છે. એ જીવન-સામગ્રીની વિપુલ પ્રાપ્તિ જો ન થતી રહી હોત તો એકલી વાણીનો સંગ મને કંગાલ કરી મૂકત, વેદીઓ બનાવત. જૂની અને નવી બન્ને વાણીમાં આજે રમણ કરવું ગમે છે, વાકયો અને શબ્દો વિધવિધ ધ્વનિઓ ધારણ કરી અંતરમાં અજવાળાં પાથરી રહે છે, કારણ કે માનવ-સંપર્ક તૂટયો નથી. માત્ર વાર્તાના વીરો અને નાટકના નાયકોથી કામ ન ચાલ્યું હોત. જીવનના મૂંગા વીરો ને નાયકો જોવા સમજવાને મળ્યા છે. લાખાજીરાજ વિષેનાં ટાંચણુ-પાનાંએ મને હાથ પકડીને રોકયો તે બરાબર થયું છે. એ સ્મરણો પણ સાહિત્યનાં જ છે.

શાળવીનું કામ

સરનામું છે માત્ર—

'ઠાકુરમાર ઝૂલી : શ્રી. આશુતોષ ઘર, આશુતોષ લાયબ્રેરી ૭૩૯/૧ કૉલેજ સ્ટ્રીટ કલકત્તા.'

એ સરનામું સૂચવે છે કે છેક ૧૯૨૬ ની સાલથી આપણા લોક-સાહિત્યનો પરપ્રાંતના લોકસાહિત્યની સાથે તુલનાલક્ષી અભ્યાસ ચાલતો હતો. પરપ્રાંતના જ નહિ, પરદેશોના પણ લોકસાહિત્યનું પરિશીલન ચાલતું હતું તે વળી આ ટચૂકડું ટાંચણ બતાવે છે.

સરખાવો Fair annie 62–117 'સાયબાનાં લગ્ન'

તે પછી પાછું ટૂંકું ટાંચણ—

શાકુંતલ : અંક ૫ અગર ૬ : ભરતને જોઈને દુષ્યંત—

धन्यास्तदंगरजसा मलिनीभवन्ति

સરખાવો—**ધોયો ધકોયો મારો સાડલો**
ખોળાનો ખુંદનાર ઘોને રન્નાદે !

કાલિદાસના શાકુંતલમાંની એક વાત્સલ્યોક્તિની સાથે આપણા અધરણી—ગીતની એક ઉક્તિ જોડે આ સરખામણી કોણે સુઝાડી ? એ સ્મરણ સ્પષ્ટ છે. ભાઈ છેલશંકર વ્યાસે. મુંબઈના આજના સફળ વકીલ, તે પૂર્વેના અખબારનવેશ, સોવિએટપૂજક સામ્યવાદી અને તેની પૂર્વે '૨૫-'૨૬ વાળા સૌરાષ્ટ્ર સાપ્તાહિક પરના બંધુ-સહતંત્રી શ્રી છેલ-શંકર પ્રથમ વાર મારા ભાવનગરની શામળદાસ કૉલેજમાંના સમારંભમાં 'લીપ્યું ને ગૂંપ્યું મારું આંગણું.' એ લોકગીત સાંભળીને આવ્યા અને શાકુંતલનો શ્લોક મારી પાસે ધરી દીધો, પ્રસંગ કંઈ દેખાય છે તેવો નાનો નહોતો. એક કાળના એ સમભાવી સમસંવેદનશીલ સ્નેહીએ આ નાના શા પ્રસંગને મારા મનમાં લોકસાહિત્ય તથા લોકોત્તર સાહિ-ત્યની વચ્ચે સુવર્ણની કડી જોડી આપી. રેડિયમની કણિકા જેવી આવી કોઈ કોઈ સૂચન—કણીઓ અણુએલવાઈ જ્યા કરે છે,

પ્રકાશ આપ્યા જ કરે છે, ભમતા માણસને ચોકસ એક સૌંદર્ય-પંથ પર ચડાવી આપે છે. નાનું શું તાપણું છો ને ગાઉ બે ગાઉ છેટે જગતું હોય છતાં કાળામાં કાળી રાતના પથિકને ય સાચી દિશામાં રાખે છે.

દિશા બોવાઈ જાત ને લોકસાહિત્યના એકાદ કોઈ પ્રદેશને નિરાળો રાખીને ભમ્યા કર્યું હોત તો. એક શાખાને પહેલાં પતાવી દઈએ પછી જ બીજીને પકડશું, એવું વલણ સાહિત્યના સેવનમાં સલામત નથી. સાહિત્યની શાખાપ્રશાખાઓ એ તો માળાની સેરો છે, ચોટલાની લટો છે, પટકુળના વાણા ને તાણા છે. એ તો છે શાળવીના જેવું, કબીરિયાના જેવું કામ. માનસ-પટનો વણાટ એ સર્વ ધાગાઓની સામટી ચાલ ઉપર જ અવલંબે છે એટલે જ મારાં ટાંચણ-પાનાંમાં ઘડીક ભવાઈ વટિયાનો કિસ્સો, ઘડીક ભજન, ઘડી વળી ચારણ પાલવના 'શામળાના દુહા', તો પાછી ઘડીક વ્રતકથાઓ ડોકાય છે.

બોખાં મોઢાં

વ્રતકથાઓનાં ટાંચણોનો બોધ હવે આવે છે. પેન્સીલ અને શાહીની ગંગા-જમના ગંથાય છે. યાદ આવે છે—અમારા કમ્પોઝીટર બારોટ હીરજીનાં બા 'ફૈબા', કપિલ ઠક્કરના બા મોંઘીબા, મારાં માતા, બીજાં એક બે ડોશીઓ—દાંતવાળાં ને વગરનાં પાંચ છ કરચલિયાળાં મોઢાં તરવરે છે. વૈધવ્યના કાળા વેશ, સંસારની ધમાચકડ, પાવળે-પાવળે કરકસર કરીને ઘરવ્યવહાર ચાલતો રાખવાની ચીકણાશ, કૈક ક્ષુદ્રતા લઘુતાઓ, કૈક મનોવૈષમ્યો, મૂર્ખાઈઓ ને મૂંઝવણો, તેની વચ્ચેથી આ ડોશીઓનાં દિલ 'પ્રાસવો મૂકતાં,' વાણીની ક્ષારધારાઓ વર્ષતી, જેનાં દોણાં મેં 'કંકાવટી બંડ ૧-૨' રૂપે દોહ્યાં છે.

રસોડાં, એકઢાળિયાં અને પીપળાને થડ આવેલા ઓટા પરથી આ દોણાં લઈ પાછા ફરો છો, ત્યાં તો રાજદરબારી કચેરીઓ

ગજવતું ગલોફાં-ફાડ ચારણી સાહિત્ય તમને ઉંબરમાં મળે છે. મોં તમારાથી બગાડાશે નહિ. આવડે ન આવડે, સમજ પડે કે ન પડે, છતાં ટપકાવી લ્યો, ચારણ આવ્યો છે. મારવાડથી સૌરાષ્ટ્રે ઊતર્યો છે, રાજસ્થાનને કોઈક શુભ અવસરેથી શીખ લઈને પાછો વળી રસ્તે રાણપુરમાં ઊતરી પડ્યો છો, નામ ઠામ કે ચહેરો મોરો આછાં આછાંયે યાદ નથી, માત્ર શાહીનું ટાંચણ બોલે છે—

ઘોર ઘોર આંવે ચંહું ઓર ઓર ઉમ્મટ ઘન,
મોર મોર ગ્રવે મોર શોર હૂ મચાયો રી;
દોર દોર દામની પ્રકાશ દેત દેશન પર
લોર ઝોર ખાય ખાય આંન ઝર લાયો રી;
ઈંદ્ર ગજરાજ પે બિરાજત મમરાજ આજ
સાજ સાજ કામ કે સમાજ સર સ્હાયો રી;
બિરહ છોહન કો ત્રાસો બિપરીતકો પ્રકાશો
મીન કો મેવાસો ચત્ર માસો બન આયો રી.

બલુ ચાંપાઉત

ઋતુનાં ગાન લલકારી ગયો. ઝમક હતી પણ શબ્દનાં ટેકાણાં નહિ. પાઠશુદ્ધિની પરવા કર્યા વગર સાંભળે જ જવું પડે. ટપકાવે જ જવું પડે. અક્કલને બે ઘડી દાબડીમાં પૂરી દેવી પડે. શુદ્ધિની બત્તી જરીક વધુ તેજ કરો એટલે હાંઉ! વટકાને ઊભો રહે વાર્તાકાર ને આ સંશોધનના માર્ગમાં તો 'બસ ત્યારે, આવજો! સાહેબજી!' એમ કહી માણસને વળાવી ઓરીસનાં બારણાં ખીડી દેવાં થોડાં પાલવશે? એમ કર્યું હોત તો નીચેનું ટાંચણ શે સાંપડ્યું હત એ જ અડબંગની પાસેથી?—

આઉવા ગામનો બલુ ચાંપાઉત : જોધપુર મહારાજની બરોબર ઘોડેસ્વારી કરતો : કાઢી મૂક્યો. ઉદેપુર ગયો. ત્યાં આગે સિંહને વણહથિયારે માર્યા. (પણ કંઈક ખટપટ થઈ.) બલુ દિલ્હી ચાલ્યો ગયો.

'અહીં ઉદેપુરના રાણાએ ઘોડો પાળીને તૈયાર કર્યો: જીન, મોરા, દુમચી,

લગામ, પેખુન, હેકલ, બધા શણગાર સજાવ્યા. પછી રાણાએ પૂછ્યું: 'આ ઘોડા પર અસ્વાર કોણ સારો લાગે ?'

દરબારીઓ કહે કે 'બલુ.'

તુરત રાણાએ ઘોડો સાજ સાથે દિલ્હી બલુ ચાંપાઉતને મોકલી આપ્યો.

બલુએ કહાવ્યું: 'આ ઘોડાનો બદલો હું દેવારીના ઘાટમાં ચૂકવીશ, જીવીશ તો પણ ને મરીશ તો પણ.'

(પણ બલુનો દેહ પડી ગયો. પાછળથી રાણાજીને દેવારીના ઘાટમાં મેધાણાથે ઉતારેલ શાહી ફોજ સાથે ઘોર યુદ્ધ થયું.]

બલુ સુરાપરમાંથી આવ્યો. રાણાની ફતેહ વર્તી.

એનું બિરદ—કથાગીત એ ચારણે ઉતરાવ્યું હતું તેમાં પાઠશુદ્ધિ ન હોવા છતાં, એક અચ્છા મરોડદાર રાજસ્થાની મરસીઆ તરીકે હું એને પિછાની શકું છું, એમાંથી વીરતાનો તરધાયો ઢોલ સંભળાય છે. પાઠશુદ્ધિને માટે તો કોઈકે ચારણ વાચક પાસેથી વાટ જોઈશ—

આગમ કથમ જેસહર આખે,
પોહ દાખે ધ્રુવ મેર પ્રમાણ;
મોંને અસ રીઝયાં મોકલીએ।
તસ બદલો દેશું દહીવાણ !

જુગ પર વચન કહે જોધપર,
પતા મૂજને ખતા પરે,
દેહેવારી કાંકળવે જાગમ
ભાડો અસચો લીધ ભરે.

પ્રવાણે ગોપાળવત ઈસી પર
રણ ચઢ ઘણાં મારથી રોધ,
ચડિજે દળ ઘાટી ચીતોડાં;
સાંકર ભર લીજે ચીતોડ.

ભિડ ખુરશાણુ રાણુદળ ભાગાં,
શત્રહાં ઘણું બજ્જડે શાર;
ઈતરે થકાં અરક—રથ આયો
અસ લીધો કમધજ અસવાર.

ઘાટ નઘાટ અહાડા ઘડતાં
ઝાટ ખગાં રણુથાટ ઝલુ.
ભાખ્યા વચન જકા નિરભાયા
બસીઆ સુરપર પછેં બલુ.

ભાવાર્થ—રીઝીને તમે મને અશ્વ મોકલ્યો. એનો બદલો, હે દેવાંશી રાણા, હું આપીશ દેવારીના કાંકળ (ઘાટ)માં. એ અશ્વનું ભાડું રાણાએ વસુલ કરી લીધું. જોધપુરના ઘણા મહારથીઓ રણે ચડયા, દેવારી ઘાટ રુંધ્યો; ખોરાસાની (શહેનશાહનાં મુસ્લિમ) સૈન્યો જોધાણુનાથ લાવ્યા તેની સાથે લડીને રાણાનાં દળકટક ભાગ્યાં, શત્રુઓ માર દેવા લાગ્યા. તેટલામાં તો અર્ક [સૂર્ય]નો રથ ગગનમાંથી ઊતર્યો, ને લીલા અશ્વ પર દેહધારી અસ્વાર દેખાયો. રણાંગણમાં એણે ખડ્ગની ઝીંક મચાવી. વચન બોલ્યો હતો તે નિભાવ્યું. ને પછી બલુ ચાંપાઉત પાછો સુરાપરે જઈ વસ્યો.

રાજસ્થાની વાતો, ચારણ–કાવ્યો, મરોડદાર દુહા, રાજસ્થાની સ્ત્રીગીતો, એનો આજે તો પરિચય વધ્યો છે. '૨૬માં નજીવો હતો. એ સમસ્ત વાણી ગંભીર છે. પાર ન આવે તેટલી છે. રાજસ્થાન એ તો ગુજરાતનું સંસ્કારપિયર છે. આપણા ને એના એક શ્વાસ છે. પણ એક હાથ બધે પહોંચી શકતો નથી. બીજા હાથ નીકળતા નથી. યુનિવર્સિટીમાં કીડિયારાં ઉભરાય છે. શા ખપનાં ?

લાલજીનો દુચકો

એ મારવાડી ચારણ પરથી પાનાં ફરે છે. બહારવટિયા–ગીતો અને વ્રતકથાઓ : શ્રમજીવી જનતાનું સાહિત્ય સમજી ટાંકતો ગયો

છું. એક આંખમાં આંસુ ને બીજીમાં હાસ્ય ભરતાં મોંઘીબાનું સુરેખ ચિત્ર આંકતો 'લાલજી'નો ટૂચકો મારા આ ટાંચણમાં પડયો છે

એક હતી કણબણ ને એક હતી બામણી. બેઉ પાડોશી. કણબણ વસ્તારી ને બામણી વિધવા.

કણબણના ઘરમાં–દીકરાના દીકરા, દીકરીની દીકરી, દુઝાણું ને વાઝાણું, બેતર ને પાદર. પણ ઘરમમા જીવ. સવારમાં ઊઠીને નાઈ ધોઈ હ્યે ને કામકાજ કરતી રામરામ કહેતી જાય.

એક દાડે બામણી આવી:બેન, બેન, હું જાઉં છું ગામતરે, ને મારા આ લાલજીને (બાળકૃષ્ણની મૂર્તિને) તારા ટાંકામાં બેસારતી જાઉં છું. ભલી થઇને મારા લાલજીને રોજ ઘીનો દીવો કરજે, ને સાકરની કટકી ધરાવજે.

કણબણે તો સવાર પડયું એટલે ટાંકા આગળ જઇને લાલજીને કહ્યું કે ' લાલિયા ! બેટા ! મારા છોકરા છે વઢકણ, તું તારે ખાઇ પીને ગોખલામાં ગરી જા. પછી કોઇ તારું નામ ન હ્યે બેટા.'

લાલજી નાના બાળક બની નીચે ઊતરી કણબણને કહ્યે ખાઇ પી લેતા ને પછી ટાંકામાં ચડી છાનામાના બેસી જતા.

બામણી ગામતરેથી પાછી વળી. લાલજીની મૂર્તિ પાછી લેવા આવી. પૂછયું ' કાં બેન, સાકર ધરાવતી'તીને ?

કણબણ કહે કે ' બેન ! તારો લાલજી તો બહુ ડાહ્યો. કહ્યા ભેળો રોજ હેઠે ઊતરી ખાઇ કરીને છાનોમાનો ગોખલામાં બેસી રહે.

બામણી તો સાંભળીને ઝંખવાણી પડી : કે બાઇ, મારી રંડવાળની મશ્કરી કરછ ?

કે બાપુ, મશ્કરી શીની ?

કે ત્યારે શું મારી મૂર્તિ ખાતી'તી ?

કે રૂડો રૂપાળો પેટ ભરી લે'તો તો બાપુ.

લે બાઈ ! ખવરાવ જોઉં ?

કે' લાલિયા, બેટા, હેઠો ઊતર ને ખાઇ લે.

મૂર્તિ ન ઊતરી.

કણબણ બોંઠી પડી ગઇ. અરે મને ભૂંઠી પાડી : અલ્યા મહિનો મહિનો ખાઇ પીઇ, ને આજ મા આવી છે એટલે મરડાઇ ? ખાઇ કે નહિ ? નહિ ખા તો માને ખબર શું પડે મેં ખવરાવ્યું'તું કે ભૂખ્યો'રાખ્યો'તો ? ખાઈ લેજ કે નીકર લાકડી લઉં ?'

ને લાલજી પ્રત્યક્ષ થયા. બાળ ભગવાને ડાહ્યા ડમરા થઇ જમી લીધું.

નાની ને મોટી આવી કથાઓ દ્વારા એક જ સત્ય ઠસાવવા આપણી સંસ્કૃતિ મથી રહી છે, કે સાચી ઇશોપાસના શ્રમજીવન છે, શ્રમીને જ દેવ ચૂહે છે, નર્યા દમીને નહિ. સંસારના ભાર ઉપાડવાની વૃત્તિ હમેશાં ધન્યવાદને પામી છે. દેવને ગમે છે પાર્થિવ જીવનમાં જ રચેલાં પચેલાં સરલહૃદયી શ્રદ્ધાળુ માનવોની વચ્ચે બેસણાં.

ભાદો કેમ કુટાય છે ?

આ વિચારનું જ જાણે સમર્થન કરતું હોય તેમ એક ટાંચણ-પાનું આવી મળે છે. આજે મારા ઘર પાસેની શેરીઓમાં સાંજ પડે છે ને છોકરીઓ દેદો કૂટવાની રમતો રમે છે. મોળાકત વ્રત (અલૂણા વ્રત) નજીક આવી રહ્યું છે. આ દેદા-કૂટણ શું છે ? દેદાજી તો કોઈ ક્ષત્રિય વીર થઈ ગયા છે. પણ ભેળો ભાદો ભરવાડ પણ કુટાતો લાગે છે. ટાંચણ બોલે છે કે—

ભાદો હતો ભરવાડ.

એને ઘણી ગાયો.

એક દા'ડો ભાદો ચારીને આવ્યો. ગયો ઝોકમાં. વગડામાંથી ગાયું આવીયુ, ભૂરાયું થઇયું. ભાદાને કચરી નાખ્યો.

જીવ ન જાય, કારણ કે કુંવારો. પરણવામાં જીવ રહી ગયો છે.

શું કરીએ ?

જા ભાદા, જીવને ગતે કરજે. જેટલી કુંવારિયું છે ઇ માતર તને કૂટશે.

ભાદાએ ગત પામીને પ્રાણ છોડ્યા.

આજ વર્ષોવર્ષ કુંવારી કન્યાઓ વીર દેદાને અને વાંઢા ભાદાને કૂટે છે.

'ભાદા દેદા ! વોય વોય વોય.
'કુણકલા લાડા ! વોય વોય વોય.
'કેસરીઆ લાડા ! ,, ,, ,,
'ગલાલિયા લાડા ! ,, ,, ,,
'કુંવારા લાડા ! ,, ,, ,,
'ઊપરણીની સોડે દેદા ! વોય.
'કાચી કાતળિયે ભાદા ! વોય.

ભાદાદેદાના બારમાસી કૂદણને તમે અશિષ્ટ કહો, જંગલી કહો, કૂદનારીઓ પોતે પણ હસતી હસતી, રમૂજ રૂપે કૂદતી રાચે છે; પણ આ મુખ્ય વિચાર મને છોડતો નથી, કે માનવીના જાતીય પ્રશ્નની, આપણને જેવું આવડયું તેવે સ્વરૂપે માવજત કરવાનું આપણે ચૂકયા નથી. કુંવારી દશામાં યુવાનનું અવસાન, એ આપણામાં એના વાસના–જીવનની સમસ્યા મૂકી જતું. સમાજ એનો વિચાર કરતો.

'ઘોડી અને ઘોડેસ્વાર'ના શિલ્પી

ચીતળ ગામ પાસે ચગો છે. (નાગલિયો ને ચગલિયો=પથ્થરની હેરી)

આ ચગા પાસેથી જે છોકરાં નીકળે તે બધે કાંકરા નાખતાં જાય. એ રીતે પાણાનો ગંજ થયો છે.

એકવાર એક કંટ્રાકટરે એ પાણા ભરાવ્યા, ને એનું ઘર બાંધ્યું. બાંધેલું ઘર થર થર થર કંપવા લાગ્યું.

એ રમારક વીસા ઉરનું છે. ભાવનગરના રાજા આતોભાઇ ચીતળ ઉપર કાઠીઓને જેર કરવા ચડયા ત્યારે ભગો ઉર નામનો આયર લડેલો.

માથું પડયા પછી ધડ રાંપીથી લડયું. હાથની આંગળીઓ કપાઇ ગઈ, તો આગળીયું ઊડી ઊડીને શત્રુઓના કપાળમાં લાગેલી.

રાંપીની પ્રાછટ ખોલતી જાય—

એક ઘા ને ઢગલો.
એક ઘા ને બીજો ન આવે.
એક ઘા ને રામ રામ !
એક ઘા ને ફારગતી.

ઉપલું ટાંચણ, એ પણ પેલા ચીતળ પાસેના પાણકાના ઢગલાની પેઠે, મારા ચારણ સ્નેહી સ્વ. ગગુભાઇ નીલા સનાળીવાળાનો ચગલો છે. મને ભેટ્યા ૧૯૨૫માં; ને તે પણ હડાળા દરબારશ્રી વાજસૂરવાળાના સૌજન્યથી. ગગુભાઈ, કાઠી દરબારોની જ કચેરીઓનું કંકણ, બીજે કયાંય જાય નહિ. લોકો કહેતા કે મોટો માણસ છે. પણ હડાળાના દરબારગઢમાં મેં ગગુભાઈને સાચા ઓળખ્યા. એક દિવસમાં તો દિલ દઈ દીધું. બેસતાં, સૂતાં, ખાતાંપીતાં, ફરતાં ને ફરતાં ગગુભાઈની રસના રેલતી જ રહી. વાતો કહેતાં કહેતાં, વિરામે વિરામે, ' પછી તો ઝવેરભાઈ !' એ એમનો પ્રિય ટૌકો.

ગળું જાડું, ગાવા જોગ નહિ. જાતે કદી રચતા નહોતા. વાતું કહ્યા જ કરતા. મેઘની ધારાઓ છૂટે તેમ વાગ્ધારા છૂટે. શૌર્યની, દાતારવટીની, પ્રેમની, વૈરની, ખાનદાનીની, મારવાડથી માંડી સોરઠના કૂબા–નેહડા લગીની વાતો કહેતા, ને કહેતા કહેતા પોતે રોમાંચિત બનતા.

દરબારશ્રી વાજસૂરવાળા તો ડહાપણના દરિયાવ. કહે કે આ ભાઈમાં અને લાઠીરાજ કલાપી પાસે જે એના કાકા સામતભાઈ ગઢવી હતા તેમનામાં મોટો તફાવત. ગગુભાઇ પોતાના કથનની વીર–કરુણ ઊર્મિઓમાં પોતે પણ ઘસડાઈ જાય છે. એ કલાકારની ન્યૂનતા છે. સામતભાઇ વાતો માંડતા ત્યારે પોતાના શ્રોતાઓને વિવિધ રસે ઉલ્લસિત કરતા જતા, રડાવતા, હસાવતા, શૌર્યનો પાનો ચડાવતા, છતાં પોતે તો પૂર્ણ સ્વસ્થતાથી નિરૂપણ કર્યે જતા. ગળામાં રૂદ્રાક્ષના પારાની મોટી એક માળા પહેરતા તેને હાથમાં ઝાલી, અકેકેક પારો ટપ ટપ પડતો મૂકતા જાય ને વાર્તાને આગળ ચલાવતા આવે. એ માળાના પારાની ગતિ સિવાય અન્ય કોઈ

પણ ગતિ કે હલનચલન એ સામતભાઇના વાર્તાકથનને ટાણે, કલાક બે કલાક કે ચાર કલાક થાય તે છતાં ય એના દેહમાં, અરે આંખમાં યે ચાલતું નહોતું. એવા પૂરા ને પાવરધા કલાકાર હતા સામતભાઈ, કે જેના પરથી કલાપીએ 'ગોહિલ વીર હમીરજી' નામના પોતાના કાવ્યમાં 'ગઢવી'નું પાત્ર આલેખ્યું છે.

એ સામતભાઇ, આ ગગુભાઇ, સનાળી ગામનું એ સમસ્ત નીલા શાખાનું ચારણકુળ, એટલે કશીઆભાઈનો વસ્તાર. કશીઆભાઈ એટલે અઝાઝૂડ ચારણ-કવિ. નાનો રઝળુ બાળક હતો ત્યારે નાથજી નામે એક સાધુએ પ્રસાદી રૂપે વિદ્યા આપી અને ઉર-કપાટ ઊઘડી ગયાં એવી એ ઘરની માન્યતા છે. એ કથા ગગુભાઇ નીચે મુજબ કહેતા—

તુલશીનાથજી રૂઠ્યા

આશરે બસો વર્ષ ઉપર તુલશીનાથજી જેતપુરમાં આવ્યા હતા. કાનફટા નાથ નામથી ઓળખાતા પંથના એ મહાત્મા હતા. મૂળ પંજાબના રહીશ, પંજાબમાંથી જોધપૂરમાં થોડો સમય રહી ગોંડલ આવ્યા, ત્યાંથી જેતપુર આવી દરબાર કાંથડવાળાના દરબારગઢ પાસેના એક ઓટા પર રહેવા લાગ્યા. થોડે દિવસે એમની પાસે લોકો જમા થવા લાગ્યા. દરબાર કાંથડવાળા પણ સાંજરે સાંજરે આવતા. તુલશીનાથજીને વાર્તા સાંભળવાનો શોખ સારો હોવાથી આપા કાંથડવાળા પાસે રહેતા વરસોભાઈ ગઢવી કયારેક કયારેક વાર્તા પણ સંભળાવે.

વરસોભાઈ મૂળ ખુમાણ પંથકમાં રહેતા. પણ ભાઇઓની તકરારથી જેતપુરમાં આવી વસ્યા. એને ત્રણ દીકરા હતા. પણ પૂરા તોફાની ને રખડુ. આખો દિવસ ભાદર નદીમાં રખડયા કરે. ગળપણના બહુ શોખીન તેથી ભૂખ લાગે ત્યારે સ્મશાનમાંના લાડવા લઇ ખાય, એ ન મળે તોજ ઘેર આવે. રાતે પણ ઘેર આવે કે બીજે કયાંકનિ પડયા રહે. આ છોકરાઓનું શું થશે તેની બાપને ફિકર રહેતી હતી.

એક દિવસની સાંજે એ ઓટા પર મળેલ ડાયરામાં વરસાભાઈ

વાર્તા માંડી. મોરલી પર નાગ ડોલે એમ નાથજી વાર્તામાં લીન થવા લાગ્યા. ખરો રસ જામ્યો ત્યારે નાથજીએ પ્રસન્ન થઈ વરસાભાઈ ચારણના વાંસા માથે હાથ મૂકી 'જીતા રહે વરસડા, જીતા રહે.' એમ કહેવા માંડયું. બે ત્રણ વાર આમ વાંસો થાબડયો, ત્યારે વરસાભાઈ વાત બંધ રાખીને બોલ્યા : "બાવાજી, જીતા રહે, જીતા રહે કરો છો, પણ કોઈ અમર છે ? બ્રહ્માનો પણ કોઇ કાળે અંત છે. તો હું અમર કયાંથી થાઉં ? અને આવી સ્થિતિમાં અમર થાઉં તો પણ શું ! બીજું કાંઈ કહેતા નથી ને જીતા રહે જીતા રહે કહો છો, એમાં મારું શું વળ્યું !

'કયું વરસડા ! તેરે કુછ ઇચ્છા હે ? હો તો કહે દે.'

વરસોભાઈ ચુંઝાણા. એને ત્રણે રખડુ ને ઉખડેલ દીકરા યાદ આવ્યા. એણે કહ્યું. 'મારા પર તો દરબારની કૃપા છે. મારે તો જે એક બે પછેડી ફાડવી હશે એ સુખમાં ફાડીશ પણ આ મારા છોકરાનું શું થશે ? તેનું કાંઈક કરો.'

'યું વરસડા ? તેરી ઇચ્છા ઐસી હે ? તો લે આવ લડકે કો.'

વરસોભાઇ તો દોડી નીકળ્યા. ઘેર તો છોકરા હોય શાના ? પૂછતાં પૂછતાં ભાદરકાંઠે હોવાના વાવડ મળ્યા. વરસોભાઇ હાંફતા હાંફતા ત્યાં પહોંચ્યા. એને જોઈ બે છોકરા તો ભાગી ગયા. સૌથી મોટા લાખણશી દૂર ઉભા રહ્યા. બાપે કહ્યું 'આ લે, સાકર આપું.

ગળપણનો શોખીન બાળક પાસે આવ્યો એટલે બાપે ફાળીઆને વળ દઈ ગાળીઓ કરી રાખેલ તે લાખણશીની ડોકમાં નાખી દીધો. દીકરાએ ગાળો દેવા માંડી, પાટુઓ મારવા માંડી. અનેક તોફાનો કરવાનું આદર્યું. ગળામાં પડેલી પછેડી ફાડી નાખી, છૂટવા બહુ મથ્યો પણ ફાવ્યો નહિ. છોકરાને ઘસડતા ઘસડતા વરસોભાઇ તુલસીનાથજી પાસે લઇ ગયા.

પોતે તૈયાર કરાવી રાખી હતી તે ભાંગની અંજલી ભરીને નાથજીએ લાખણશી સામે જોઇ કહ્યું, 'લે બેટા, પી જા.'

જવાબમાં લાખણશીએ નાથજીને ગાળો સંભળાવવા માંડી.

નાથજીએ કહ્યું, 'વરસડા, ઉસકા શિર પકડ કે યું ભાંગ મેં ડૂબે દે.'

વરસાભાઇએ લાખણશીનું માથું પકડી પરાણે નાથજીની અંજલીમાં એનું મોઢું બોળ્યું. હોઠ અડતાં ગળ્યું લાગ્યું. એથી લાખણશી પી ગયો. ભાંગ પેટમાં જતાં જ બાળક આપોઆપ નાથજીની સામે જોઇ બોલી ઊઠ્યોઃ

નીલા લાખણસી'હને, ઠૂઠા તુલસીનાથ,
માને સારી મેદની, હાકમ જોડે હાથ,

નાગજીએ ભાંગની બીજી અંજલી ભરી, 'લે બચ્ચા!' કહેતા લાખણશી પી ગયો અને આપોઆપ બોલી ઊઠ્યો.

આભ જમી વચ એક તું, સો વાતાં સમરાથ,
થલ ભુરારા ઠાકરા, નામું તુલશીનાથ!

પછી ત્રીજી અંજલી લેતાં તો બાળક હાથ જોડીને બોલી ઊઠ્યો,

પ્રેમે ભજિયા રિયા નવેં નિધ પામી,
'ધારાવર કવલાશેા ધામી
હુકમ કરેા જો અંતરજામી
ગજા સૅંપત હું કરું ગુલામી

જવા સંશય મનસા જડા,
આવે મૈાજ ફરે કૈાણ આડા
લાયક વર દેતા હર લાડા
દેવાસરે દેવ જગ ડાડા.

પરચા તણા વેણ સત પલશી
ચારણ લખેા કહે ના ચલશી,
મૂજ તણે ધન માજ મલસી
તૂજ તણે પરતાપે તલશી!

વરસોભાઈ નાથજીના પગમાં પડી ગયા.

'બાપુ, આ છોકરાનું તો કામ થઈ ગયું પણ જે બે નથી હાથ આવ્યા તેનું શું?'

'કયું વરસડા, તેને દેખા નહિ તીન અંજલી ધનકા પિલાઈ હૈ. ફિકર કયું કરતા! વો દોબી એસે હી હોગે...!

એમજ થયું. સૌથી નાના કશિયાભાઈ તો બહુ પ્રખ્યાત કવિ થઈ ગયા. ઘણાં માનપાન પામ્યા, લાંબું ને સુખી જીવન ગાળ્યું, અને જોરદાર દુહા ગીત રચ્યાં તે જાણીતાં છે.

ગગુભાઈનો ને મારો સંપર્ક પાંચ-સાત વર્ષ ટકયો. રાત્રિ અને દિવસ અમે બેળા રહ્યા, ભેળાં ખાધાં ને પીધાં. રસધારની કૈંક વાતો, કૈંક ટુચકા, બહારવટિયાના કૈંક કિસ્સા એ ગગુભાઈની પ્રસાદી છે.

હું તો જોડાજોડ લોકગીતો ને ભજનો પણ ભેગાં કરતો. ઝમકદાર ડિંગળ-વાણીના ઉપાસક ચારણોને સુકુમાર સ્ત્રીગીતો લોકગીતો પ્રત્યે જે હાંસીભર્યો અણગમો હોય છે તે ગગુભાઇમાં ન મળે. હું કોઈક સ્ત્રી-ગીતને વિશે પૂછું, પોતાને આવડે નહિ, એટલે દીકરાને બોલાવે: 'કાનજી, આમ જો, ઝવેરભાઈને ફલાણું ગીત જોવે છે. હવેથી આપણે રસ્તે જે કોઇ મળે તેને, ઢેઢ મળે તો ઢેઢને ય, ઊભો રાખી પૂછવું કે એલા ફલાણું ગીત બોલ. એ બોલે એટલે આપણે લખી લેવું. સમજ્યો ને કાનજી? સમજાણું કરણ? ઢેઢ મળે તો ઢેઢને પણ પૂછવું ને આ ઝવેરભાઈને માટે ગીતો કઢાવવાં.'

શેણીના ગામમાં

*શેણી-વિજાણંદની વાત મેળવવા અને એ પ્રેમકથાની લીલાભૂમિ

*આ વાર્તા 'સૌરાષ્ટ્રની રસધાર' ભા. ૫ માં છે: . ગોરવીઆળી. ગામના ચારણ વેદાની દીકરી શેણીને વિજાણંદ નામના ચારણ જુવાન પર છુપો પ્રેમ જન્મ્યો. વિજાણંદ જંતર નામે વાદ્ય અત્યંત સુંદર રીતે બનવતો. જંતર બનવી વેદાને પ્રસન્ન કરી એણે શેણી માગી. વેદો કહે કે એકસો એક નવ-

ગોરવીઆળી ગામ જોવા ગગુભાઈ મને સાથે લઈ ગયેલા. ત્યાં અમે ઓજત નદીનું નાનું ઝરણ જોયું—જે ઓજતને શેણીએ વીનવેલી કે—

ચહ ટીંબા, ચહ ટીંબડી
ચહ ગુંદાળી ધાર;
ઓજત ! ઉછાળો લઇ
વિજાણુંદ પાછો વાળ.

ગુંદાળી ધાર તો મારા બાળપણની પરિચિત. ગુંદાળી ધાર પર એક વાર નેસડું ઊભું હશે. આજે એ ધારીગુંદાળી ગામડું બન્યું છે. માસીને ઘેર મહી—માખણનો ધરવ કરવા માટે શહેરનો છોકરો રજાએ રજાએ જતો. ગુંદાળી ધારની ઓથે ઊભેલો કેડો હજુ યાદ છે. દીકેલાં એ અર્થહીન સ્થળો શેણી—વિજાણુંદની વાર્તા સાંપડયા પછી પ્રણયનો મર્મ ધારણ કરીને અંતરમાં ગોઠવાઈ ગયાં છે.

ગોરવીઆળીમાં જેને ઘેર ગયા હતા તે ચારણ શેણીના બાપ—ધરનો વંશ જ હતો. એના મનથી તો 'શેણી આઈ' એ કોઈ દેવી બની ગઈ હતી. ને દેવીસ્થાને પ્રતિષ્ઠા પામેલ 'શેણી આઇ' એ તે કદી પ્રણયિની હોઈ શકે ! શેણી ને વિજાણુંદની પ્રણય-ઘટનાનો તો એણે સોઈ ઝાટકીને ઇન્કાર કર્યો. 'આઇ' અને પ્રણય, એ બે વચ્ચે એના મનમાં કોઇ સુસંગતિ નહોતી. એમાં એને કુળપ્રતિષ્ઠાની હાનિ લાગતી હતી.

બાજરાના પોંકનો દૂધમાં ડોયેલો ભૂકો એ મારું ત્યાંની રાતનું વાળુ હતું. વળતાં માર્ગે માંન્ડેલીમાં બેઠાં બેઠાં ગગુભાઈ એ એની ચિત્રાત્મક બાનીમાં, વિગતપૂર્ણ ચિતાર ખડો કરીને, અંતર પર સદાને

ચાદરી ભેરેલો લઇ આવ તો શેણી પરણાવું. વિજાણુંદ એ શર્ત પૂરી કરવા માટે ઊપડી જાય છે. પણ મુદતસર ન આવતાં શેણી હિમાલયમાં ગળવા ચાલી જાય છે. હિમાલયમાં એ અરધી ગળી ગઇ ત્યારે વિજાણુંદ ત્યાં પહોંચે છે. એનું જંતર સાભળતી સાંભળતી શેણી પ્રાણ ત્યજે છે. વિજાણુંદનું જંતર તૂટે છે. એકલો પાછો વળીને એ પામર જેવો જીવન પૂરું કરે છે.

માટે છાપી નાખે તેવી શૈલીમાં, જે એક કિસ્સો કહ્યો તે 'ઘોડી અને ઘોડેસ્વાર' નામની વાર્તારૂપે 'રસધાર' ખંડ ત્રીજામાં અગ્રપદે છે ને મારી યાદદાસ્તમાં સાંગોપાંગ સમાઈ બેઠેલ છે. મેં જાણે નજરોનજર, સગી આંખે નિહાળેલ હોય તેવું છે એ શેત્રુજીના આરા પરનું દૃશ્ય : એ પૂરના ઘૂઘવાટ, એ ઘોડીનો યુવાન અસ્વાર, એ માફાળા ગાડામાંથી બાળક સોતી ઊતરતી, વાયે લહેરાતાં મલીરે શોભતી કાઠીઆણી, એ ત્રાપો, ત્રાપા પર કાઠીઆણીનું બેસવું, ત્રાપાનું નદી-પુરમાં ખેંચાવું, મધવહેને એ ત્રાપાની રસ્સો પર ચડી ચાલ્યો આવતો નાગ, નિરાધાર ત્રાપાનું પૂરમાં ધસડાવું, ઘોડીના અસ્વારનું પૂરમાં ઘોડી સહિત ખાબકવું, બાઈ-બાળકને બેલાડે લઈ લેવાની બહાદૂરી, અને છેલ્લે ત્રીજી તળપે કાંઠા પર ચડી ગયેલી ઘોડીનું કમોતઃ રડતા અસ્વારે ઘોડીના શબ ઉપર પોતાનો રેટો ઢાંકયો હશે તે પણ નજરે તરવરે છે. ગગુભાઈની કથનશૈલીનો એ પ્રભાવ હતો.

સૂંથો વાળંદ

સાચા અને જૂઠા શૌર્યને સાથે વણીને ગગુભાઈ જે બનેલા બનાવો વર્ણવતા એ પણ લાક્ષણિક હતા. ટાંચણ-પાનું એવો એક કિસ્સો સંધરી રહ્યું છે :—

ચીતળની ગોહિલો-કાઠીઓ વચ્ચેની લડાઈ વખતે એક કાઠીનો વાળંદ હતો. નામ સૂથો જમ. યુદ્ધની આગલી રાતે કાઠીઓ પંગતમા વાળુ કરવા બેઠા. સૂથો વાળંદ તાબડી ફેરવતો દૂધ પીરસે છે. કાઠીઓ એને કહે છે કે 'જાણે રેડયને ! રેડયને દૂધ ! લીલાંછમ માથાં લઈને આદા છયેં, ખબર છે ને ?' (લીલાં માથા લઈને મરવા આવ્યા છીએ.)

'હા બાપ ! લ્યો દૂધ. લ્યો વધુ.' એમ કહેતો સૂથો ખૂબ દૂધ પીરસે છે. પણ પછી લડાઈ થઈ તેમાં—

'તગડ ઘોડે રોઝ ચાઠા
'કુંપડો કે' જુએ કાઠા
'નોખ નોખા જાય નાઠા.'

(કાઠીઓએ ઘોડાં ધરબાણી એવાં તગડાવી મૂક્યાં કે રોઝડાં જેવા અબુધ પ્રાણી પણ બીને ભાગ્યાં. કાઠીઓનો આગેવાન ફૂંપાવાળો કહે છે કે જોઇ લેજો આ કાઠીઓ! વેરવિખેર નાઠા છે.)

નાસતા કાઠીઓની આડે સૂથો વાળંદ તાંબડી લઈને ઊભો રહ્યો, કહે છે કે હ્યેા બાપ, પીતા જાવ દૂધ! લાલુડાં માથાં લઈને આદા'તા!

ખિજાયેલા કાઠીઓ કહે કે 'એલા તું શી ફિશિયારી મારછ! તું શું મરવાનો છો!'

કહે કે 'હા, હા, હું કાઠિયેા વાળંદ છું. હું કપાઇ મરીશ.'

એમ કહી તરવાર ખેંચી. જુદ્ધમાં ઝિંકાણેા. ચીતળની બજારમાં લડયેા ને મુએા.

ભાષાનો ભંડાર

ગગુભાઈ વિધવિધ સરદારોના દાયરામાં બેસનાર, અને સ્વભાવે સારગ્રાહી, એટલે કૈંક તુક્કા કિસ્સા ભેગા કરે. કાદુ મકરાણીના બહારવટામાં શામિલ ચૌદ વર્ષના છોકરા ગુલમહમદ જમાદારની ભાળ એમણે મને આપેલી. કહેતા કે 'ઝવેરભાઇ! ગુલાબના ગોટા જેવો છે હેા!' ને નીકળ્યું પણ ગુલાબ જ. વાઘેરોના બહારવટામાં 'હમ નૈ હટેગા!' એવી હાકલ કરીને ઊભા રહેનાર આરબ જુવાનની વાત પણ એણે કરેલી. (જુએા 'સોરઠી બહારવટીઆ : ભા–૨)

વર્ણનો પણ એના લાક્ષણિક હતાં. સિંહને આમ વર્ણવે :—

'ભૂરી લટાળો, પોણા પોણા હાથની ઝાડું, થાળી થાળી જેવડા પંજા, સાડા અગિયાર હાથ લાંબો, ગોળા જેવડું માથું, ગેંડાની ઢાલ જેવડી છાતી, કોળીમાં આવે એવડી કડ. દોઢ વાભનું પૂંછડું, એનો ઝંડો માથે લઇને આવે ત્યારે વીશેક ભેંસુની છાશ ફરતી હોય તેવી છાતી પોણા ગાઉ માથેથી વગડતી આવે છે, ગણું ધુમવટા ખાતું આવે છે. પોણા પોણા શેરનો પાણેા મોઢા આગળ ત્રણ ત્રણ નાડાવા ચણેાણાટ કરતો આવે છે, ને જેની ઘડીએ પગની ખડતાલ મારે છે તેની ઘડીએ ત્રણક ગાડાં ધૂડ ઊડે છે. ઘે! ઘે! ઘે! કરતો ધખીને આવ્યેા. એક લા નાખી, બીજી લા, ને ત્રીજી લાએ તેા ભુક્કા!

સાંઢિયાને ગગુભાઇ વર્ણવે ત્યારે–

'જમીં પર લા બળતી જતી હોય એવા છપ્પા ન છપ્પા પગ માંડતો, ડીલને નિંડોળીને પંદરેક હાથ માથે ઝફ કરતો, ડોક અસ્વારના ખોળામા નાખી દેતા, ત્રણેક ગાઉ માથે જતો ને કણકે. તાળવું કાઢતો આવે.....'

એક વાર આ વર્ણન મેં એક બહારવટિયાની વાર્તામાં ઉત્સાહભેર વાપર્યું. વાત લઈ ગયો દરબારશ્રી વાજસૂરવાળા પાસે વંચાવવા. વાંચીને એ કહે કે 'ભાઈ, બહારવટિયાનો સાંઢિયો કણકે નહિ. એ જો અવાજ કરે તો તો થઈ રહ્યું ના! મોત જ આવે ના!

મારી સાન ઠેકાણે આવી. ભભકદાર વર્ણનને તો એના યથાસ્થાને જ મૂકી શકાય એ ભાન થયું.

ગગુભાઈની વાતચીતમાં થોકબંધ ભાવપ્રતીકોવાળાં વાકયો આવતાં તેનું હું ભણતર ભણતો. કોઈ અનુચિત કર્મ કરનારને માટે—

'અરે ભાઈ, કબરમાં કાંટા શું કામ નાખછ?' એટલે કે મૃત્યુને અગાઉથી શીદ બગાડે છે? એની સમજાવટ કરતા પાછા કિસ્સો કહે કે 'જુનાગઢના નવાબ મોહબ્બતખાનજી રોજ પોતાની પોતાને માટે તૈયાર રખાયેલી કબર પાસે જઈ ને કહેતા કે 'માઈ! મેં જબ આઉં તબ મેરી નજર રખનાં હો!'

એકલિયા બહારવટિયા માટે કહે કે 'એકલિયો તો કાઢેલી તરવાર હતો.'

કોઈકે વાર્તા પાત્ર વિશે કહે કે—

'મારા ધણીના મારનારનું માથું ન મળે ત્યાં સુધી મારે અગન્યની આંધોળી છે.' અર્થાત ત્યાં સુધી હું અગ્નિનાં જ અંધોળ [સ્નાન] કરતી હોઉં તેવી યાતના ભોગવીશ.

'આંહીં તો ભાઇ! રાઇનો કણ સરખો છે.' એટલે કે અહીં તો આપણે સૌ સરખા છીએ, કોઇ નાનું કે મોટું નથી.

કેક ચારણો મારાથી દિલ ચોરતા ને એવી શંકા સેવતા કે આ તો આપણી વાતું લઈ જઇ આપણો ધંધો ભાંગી નાખે છે, ત્યારે

ગગુભાઈ કહેતા કે 'આમણે તો સ્મશાનો સજીવન કર્યાં છે. જેમનો પતો ન જડયો હોત તેવા નાના વીરનરોને પુનર્જીવન આપ્યું છે, ને ઉલટાની આપણને ય ખબર નહોતી એવી વાતો લાવીને રજૂ કરી છે, વાતો માંડયા જ કરીએ, કદી ખૂટે નહિ.'

મારા ભોગ લાગ્યા તે એક વાર આ મુલાયમ માનવીને એક શ્રીમંત સ્નેહીની જાનમાં તેડી ગયો. એ શિક્ષિત અમીર-પુત્રે પોતે જ કહ્યું હતું કે કોઈક ચારણને લાવજો, પણ લગ્નની ધમાલ એવી રહી કે ગગુભાઈ ખીલ્યા નહિ. ઘણો પ્રયત્ન કર્યા છતાં જીભ્યો જામી નહિ અને ખાસ નિમંત્રાવીને તેડાવેલા આ મોભાદાર ચારણને કંઈ પુરસ્કાર આપવો તો દૂર રહ્યો, એનું રેલભાડું યે અપાયું નહિ. હું લાજી મર્યો. ગગુભાઈ કહે 'અરે ઝવેરભાઈ, કંઈ નહિ. એ તો થયા કરે.'

તે દિવસથી ચારણ સ્નેહીઓને હું બહાર લઈ જઈ શ્રીમંતોને આશરે રજૂ કરતો અટકયો છું.

ગગુભાઈને છેલ્લા દીઠેલા જેતપુરની એક દરબાર-ડેલીએ. મોંમાં દાતણ હતું, મળવા નકકી કર્યું પણ ડોકાયા નહિ. મને ઘણીઘણી વિમાસણ થઈ, કે શું કારણ હશે! પણ ખરી ખબર ઘણા વર્ષો પછી પડી. ૧૯૩૩ માં મુંબઈ હતો ત્યાં એમના મૃત્યુની જાણ થઈ. પાછો કાઠિયાવાડ આવ્યો ત્યારે ખબર પડી કે એમને કંઈક વિચારવાયુ થયો હતો, ને શંકા ઊપડેલી કે 'મને કોઈક જમવામાં ઝેર દઈ રહેલ છે!'

ગગુભાઈને વિશે મારાથી સંકોચ પામતે પામતે પણ ટકોર કરનારા કેટલાક સ્નેહીઓ મળ્યા હતા : કાઠી દરબારોના કેફ નશાખોરી પર ગગુભાઈની છાપ સારી નથી, દારૂમાં ચકચૂર બનતા નપાવટ દરબારોનું રંજન કરીને એ પોતે વસતીને પીડનકર્તા થઈ પડે તેવાં ઇનામો મેળવે છે. ફલાણા દરબારનું નિકંદન નીકળી ગયું, ફલાણાને પણ સારી સલાહ ન મળી વગેરે.

હું જાણું છું કે આ રાજ્યાશ્રિત ચારણોમાંના કેટલાકની કથા ઠપકાને પાત્ર છે. મારા વળના બીજા કેટલાક ચારણો વિશે પણ નબળી વાતો સાંભળું છું. વ્યસનીઓ અને મૂર્ખોના આશ્રયે આ ચારણો એક નાનકડી દુનિયામાં પુરાઇ જાય છે ને અહોરાતના રાજ-સંગને પરિણામે વિશાળ લોકજીવનનો સંપર્ક તો ગુમાવે છે પણ સાથે મુલ્યાંકનશક્તિ યે ખૂએ છે. રાજાઓ પાસે બેસીને લોકોને ભોગે સુગલ કરાવતા ચારણોની પણ મને જાણ છે. વિદ્યા કેવલ વિલાસની બાંદી બની રહે છે. અધિકારશાહીની સૃષ્ટિની જેમને બહુ મધલાળ લાગેલી છે તેમનું પણ એમ છે, અને આ નવા જમાનાએ નવા સરજાવેલા દરબાર-વર્ગનો, એટલે કે મિલપતિ પૂંજીપતિ શેઠીઆઓનો આશરો પણ તે ચારણ ભાઇઓની મૂળ દશાનું પુનરાવર્તન જ કરાવી રહ્યો છે.

ઇલાજ શું ?

વિદ્યાપોષક સંસ્થાઓ ને વ્યકિતઓ તેમને સંધરી શકે તેમ છે ? નહિ.

કાં તો ચારણો ચારણો જ રહે ને કાં ધંધાધાપામાં પડી જાય. ચારણો રહેશે તો મૂળ જે સંજોગોમાં ખીલતા તેને મળતા સંજોગોમાં જ, રૂપાન્તરે, તેઓને રહેવું ફાવશે.

આ ગંભીર અને ગ્લાનિકર વિચાર સાથે મારી પહેલી ટાંચણ-પોથી પૂરી કરું છું અને ગગુભાઇએ કહેલ એક હાસ્યરસિક ટુચકાનું ટાંચણ ટપકાવી તેમની સ્મૃતિને, મારી જોડેના તેમના પૂર્ણ નિઃસ્વાર્થી, પૂર્ણ સંસ્કારશીલ, શુદ્ધ સાહિત્યલક્ષી, મનની માયામહોબ્બતે અંકિત સમાગમની સ્મૃતિને જુહારું છું—

નવે નાકે દીવાળી

વાણિયો હતો અને પદમિયો વાળંદ હતો. બેયની બાઇડિયું પાણી-શેરડે મળી.

વાળંદની બાયડીના પાણીના છાંટા વાણિયાણને બેડે ઊડ્યા. વાણિયાણ કોચવાણી. બે શબ્દ સંભળાવ્યા.

સામે પદમિયાની વાળંદીઆણીએ પચાસ સંભળાવ્યા. કારણ કે પદમિયો તો દરબારી વાળંદ હતો.

વાણિયાણે આવી વાણિયાને વાત કરી. વાણિયો કહે કે 'ફકર્ય નહિ. આપણે તો વાણિયા. વાળંદ કરતાં સાડી સાત વાર નીચા.' પણ વાણિયે વેર મનમાં સંધર્યું. દીવાળી લગી વાટ જોઈ.

દીવાળી આવી. દીવાળીની સાંજે વાણિયો વાળંદ પાસે જઈને કહે: 'પદમાભાઈ, બાપા, એક સજ્જ્યો (અસ્તરો) દેશો ? રાતની રાત જ કામ છે.

વાળંદને કુતૂહલ પ્રગટયું. વાણિયાએ વિશેષ કહ્યું: 'પણ એવો દેજો કે એક જ લબરકે ફારગતી થઇ જાય.'

પદમિયો ન રહી શકયો. અસ્તરો દીધો, પણ વાંસે વાંસે વાણિયાને હાટે ગયો, 'શેઠ, પેટની વાત કહો. અસ્તરાની આજ રાતે શી જરૂર પડી ?'

દીકરાને વાણિયો કહે, 'કપુરચંદ, તું આઘો ખસી જા. વાજ્ય સાંભળે, વાજ્યનો કાંટો સાંભળે.'

પછી વાણિયો વાળંદને કહે 'પદમાભાઇ, તમને જ કહું છું. આ જ રાતે અમે ઘરમાં બેસી, અમારાં સૌનાં નાક કાપશું.'

વાળંદ તો ધ્રૂજી ઊઠયો: 'કાં ?'

કે 'ભાઈ, દર દીવાળીએ કાપીએ છયેં.'

'હેં !'

'હા. રાતે કાપીને હડફામાં મેલી દયેં, તે સવારે નવાં નાક પાછાં આવે. પણ નવાં કેવાં આવે પદમાભાઇ ! કે કોઈનું નાક અખડાબખડ

હોય, કોઈનું બેઉલ હોય, કોઇનું ગોળી જેવું હોય, તો સવારે દીવાની શગ્ય જેવું થઇ જાય. ને બોલ્યાં જૂનાં નાક જે કાપીને હડફામાં મેલ્યાં હોય તે તમામ સોનાનાં થઇ ગયાં હોય.'

હાંઉ, પછી કાંઈ પદમિયો મણા રાખે ! દીવાળીની રાતે, પોતાનું ને બાયડીનું, બેયનાં નાક કાપ્યાં. વધુ સોનાની લાલચે ઠેઠ કપાળેથી અસ્તરો ચલાવ્યો, ને પછી આખી રાત જાગતાં બેઠાં. નવા વરસનું પરોઢ થયું. સવાર પડ્યું. પણ ન તો નવાં નાક આવે, કે ન જૂનાં કાપેલ સોનાનાં બને !

મોં માથે લૂગડું વીંટીને પદમો લપાતો લપાતો વાણિયા પાસે ગયો. 'શેઠ, ઓરા આવજો તો ! આ અમારાં નાક તો નવાં ન આવ્યાં.'

'અરર ! પદમાભાઈ ! તમે મને પૂછતા'તા તયેં શી ખબર કે તમારે પણ નવે નાકે દીવાળી કરવી હશે ! મને કહેવું'તું તો ખરું ! કાપતી વખત મંતર ભણવાના હોય છે ! મને પૂછવું તો હતું ! હવે શું થાય !'

પછી વાણિયે વાણિયણને કહ્યું : 'હવે કૂવાકાંઠે પદમાભાઇ વાળંદની વહુ તને છાંટા નહિ ઉડાડે. બાકી આપણે તો વાળંદથી ઊતરતાં, અરે ઢેઢથી યે ઊતરતાં. ગમે તેમ તોય ઈ દરબારી વાળંદ ! ને આપણે વાણિયાં.'

બંદૂકો આવી ને બહાદુરો રડયા.

બીજી પોથી ઉઘાડું છું અને ચક્ષુ સમીપ ખડો થાય છે એક કદાવર આદમીઃ વાને નાગર જેવો ઊજળો, ભરાવદાર કાળી મૂછ દાઢી, અંબાઈ લીલા રંગની સુરવાળ અને પહેરણ. મુખમુદ્રા પર કુમાશ છતાં ધંધો કરડાઇનો, વ્યવસાય જોતાં ગળું ત્રાડો પાડતું હોવું જોઇએઃ છતાં મારી યાદદાસ્તમાં એક મુલાયમ કંઠ સંધરાયો છે.

રાણા આલા મલેક

એનું નામ રાણા આલા મલેક. '૨૬ ની સાલ હશે. બહારવટિયાનું સંશોધન ચાલતું હોવું જોઈએ. એક દિવસ જામનગર રાજ્યના મહાલ લાલપુરથી પતું આવ્યુંઃ 'અમારી પાસે બહારવટાની, વાઘેરોની, રાયદે બૂચડની ઘણી ઘણી પાયાદાર વાતો છે. કહો તો મોકલી આપું. હું પોતે એજન્સી પોલીસની ઘણાં વર્ષ નોકરી કરી આવ્યો છું. ઘણા બહારવટિયાનાં ધીંગાણાંમાં કામ કર્યું છે. હાલમાં એજન્સીનું પેન્શન લઈ આંહીં રાજ્યમાં ફોજદાર છું. લી. તાબેદાર જત રાણા આલા મલેક.

સૂમને સોનાના ચરુની ખબર મળે જેને ઝડપે દોટ કાઢે તે ઝડપે હું ટ્રેન પકડી લાલપુર પહોંચ્યો. કડકડતા શિયાળાની સવારે, ગર્જનાભેર વહેતી નદીની ભેખડ પર આવેલા એ પોલીસથાણામાં જઈ ને એ કદાવર આદમીને મળ્યો. પહેલી જ વાત એ કરી કે 'તમે મારા 'તાબેદાર રાણા આલા' નહિ પણ કાકા થાઓ. શે સગપણે? એજન્સી પોલીસને સંબંધે. મારા પિતા ને તમે, બેઉ એજન્સી પોલીસની સ્થાપના પછી પહેલી ભરતીના સંબંધ-ભાઇઓ.

'અરે! કાલિદાસભાઈના ડીકરા!' એવડા આનંદે રાણાભાઇની જબાન વહેતી થઈ. ટાંચણ કે કાગળની એને જરૂર નહોતી. એને મન તો બહારવટિયાનો ઇતિહાસ એ એક જીવતું જગત હતું, એ જગતનું તો પોતે એક પાત્ર હતા. એક પણ ઠેકાણે અટક્યા કે યાદદારતને તાજી કર્યા વગર, રાણાભાઈએ કડકડાટ વાતો કહેવા માંડી ને મેં ટપકાવવા માંડી. જાણે કે કોઈ છાપેલ ચોપડી વાંચતા વાંચતા પોતે લખાવે જતા હતા! નિરક્ષરતાની દુનિયામાંથી ખડો થયેલો એ જતજુવાન, એજન્સીની નોકરીમાં સોળ શેરની બંદૂકને ખભે લઈ કોન્સ્ટેબલની છેલ્લી પાયરીથી પ્રારંભ કરી છેવટે ફોજદારી સુધી પહોંચેલ તે કલમના બળથી નહિ, જવાંમર્દીના જોરથી. લખતાં તો એને શીખવું પડ્યું હતું. ગામડાંના પોલીસ-પટેલ કરતાં વધુ વાકયરચના આવડતી નહિ. પણ વાચા એના કંઠમાં હતી. સવાર અને સાંજની બે બેઠકોમાં એણે મારાં પાનાં ને પાનાં ભરાવી આપ્યાં.

એ પાનાંમાંથી આગલાં ઘણાં પાનાં મારી પોથીમાંથી ખરી ગયાં છે. બાકી વીસેક વળગી રહ્યાં છે. ગયેલાં પાનાંમાંથી મેં ઘણોખરો સંભાર તો બહારવટિયાનાં વૃત્તાંતોના ત્રણે ભાગમાં ભરી લીધેલ છે, છતાં કેટલીક લાક્ષણિક વાતો ગુમાવી છે એવું લાગ્યા કરે છે. આ જતો, સંધીઓ અને વાઘેરોનાં કથાનકો તો ઠીક, પણ એમની પ્રણાલિકાઓ, પરંપરાઓ અને આચારવિચારો, જેને હું વધુ મહત્ત્વ આપું છું, જેની પાર્શ્વભૂ પૂર્યા વગર નરી વાર્તાઓના ખુદ્દા નિરતેજ લાગે, ને જેની પ્રાપ્તિ રાણાભાઇ જેવા માણસો જ આપણને કરાવી શકે, તેના પર જ મારું ધ્યાન હતું. દાખલા તરીકે ભીમા જતની હકીકતમાં એક પ્રસંગ છે.

નામદારની અદબ શી!

'ધસવરીઆ ગામના જુવાન સંધી હાસમ બાવા ઝુણેજાને ભીમા બહારવટિયાનાં માણસોએ પકડીને મારી નાખ્યો. એના જ ગામને ઝાંપે એને મરેલો ખીલા માથે બેસાર્યો. કારજને દિવસે સવારે સંધીઓ ભેળા થયા. ડાયરો બેઠો

છે. તે વખતે મરનાર હાસમની વહુ માથા પરનું ઓઢણું ખંભે નાખીને ત્યાંથી નીકળી. મુરબ્બીઓની મરજાદ લોપનાર આ બાઇને દેખી સંધી ડાયરો તાનુળ બન્યો. કોઈએ બાઇને એની બેઅદબી માટે ઠપકો આપ્યો. બાઇ બોલી કે 'હું ભીમા સિવાય કોઇ બીજાની લાજ કાઢીશ નહિ.' એટલા જ શબ્દોએ સંધીઓને ચાનક ચડાવી ખડા કર્યા.

પોતાના ધણીને મારનાર પર કિન્નો લેવા માટે ઉશ્કેરવા કોઇને નામર્દો, હિયકારાઓ કે એવું કશું કહેવાને બદલે એક રાંડેલી જુવાન ઓરતે ઓઢણું ખંભે નાખીને જ કાતિલ સંકેત કર્યો, એ મારા આજ સુધીના સંશોધનમાં એક નવીન બાબત છે. રાણાભાઈએ તો ઉપરાઉપર સંધીઓ જતોના જૂના કિસ્સા રેલાવવા માંડયા.

એક આ વાત ટાંચણમાં અણુવપરાયેલી છે—

'ગુરગટ ગામના મલેક રાણા તથા સધર તથા જીવણ ને ડોસલ, ચારે જણા જામનગરને રાણપર ગામે જતા હતા. રાણપરમાં બે હજાર જતો રહેતા. ચાર મુખીઓ જામ સાહેબના અમીર હતા. રબારી શિયો, રૂડો ગામેતી, હાજી મંગરીઓ સંધી, ફકીરો હજામ વગેરે મળી જામના રાણપરનું રક્ષણ કરતા હતા. પોરબંદરથી રાણા સતાજીએ રાણપર જતી લેવા પોતાના બે હજાર મેર, તુંબેલ, સૈયદ, સોદા વગેરે મળી સાત હજારનું કટક વહેતું કરેલું. એવી સ્થિતિમાં રાણપર જતા આ ચારે ગુરગટવાળાઓને રસ્તામાં ભોગાટ ગામ આવ્યું ત્યાં બહેન મલીબાઈએ કહ્યું કે 'રાણપુર જવ નહિ તો સારું, કેમકે વાઘેરો ઊમટીને હલારમાં પ્રવેશ કરી ગામ ભાંગશે.' એટલે તેઓ પાછા મરડાયા ને ગાગે આવ્યા. ગાગા ગામવાળાઓએ કહ્યું કે 'મલેક, ન જાવ તો સારું. વાઘેરોએ ઓડા બાંધ્યા છે.' એટલે સધર મલેકે જવાબ દીધો : 'તમે ન બોલ્યા હોત તો અમે રોકાત. પણ હવે તો જાવું જ જોશે.' ગયા. વાઘેરો ત્રીસ હતા. તેમણે તારોરો કર્યો. આ ચારેમાંથી દરેકને ચાર ચાર ગોળી લાગી. ચારે જણ ઘોડેથી ઊતરી ગયા. તરવારોની રમત ચલાવી ખપી ગયા. ઘોડાઓ ઘેર ગુરગટ ગઇ. લાશો રણમાં પડેલી. ગુરગટવાળાઓએ જઈને રણમાં વાઘેરો સાથે ધીંગાણું કર્યું. આ પ્રસંગનો દુહો છે—

ચગલા ચીઠા ચાર
ઠાં ઠે કિ લો ઇ ને;

લીઆરેા લાલ ગુલાલ
તેં રંગ્યેા સધર સુલતાનીઆ !

(કિલોઈ નદીને કાંઠે મેં ચાર પાળિયા દીઠા. હે સધર મલેક ! તેં લાખારા હુંગરને રુધિરે લાલ રંગ્યેા.)

'તમે ન કહ્યું હેાત તેા અમે રેાકાત.' એ motiff આ સેારઠી જીવનમાં ખૂબ ખેલ ભજવી ગયેા છે. જે ન કરવાનું કહેવાય તે જ કરવાની હઠીલાઈ આ દિશામાં જાઈશ ના ! આ ઓરડેા ઉઘાડીશ ના ! આ વાવનું પાણી પીશ ના !—ના પાડવામાં આવે તેટલા માટે એ જ કરવામાં આવે, લેાકકથાઓનાં કલ્પિત વસ્તુને આગળ ધપાવવા માટે 'મેાટીફ'ની આ કરામત કિસ્મત રૂપી વાર્તાકારે જીવનમાં પણ આમ જ વાપરી છે અને કેટલીય કરુણતાઓ નિપજાવી છે.

બીજી એક બાબત, જે અગાઉ કદી કેાઈની પાસેથી મળી નહેાતી તે રાણા ભાઇએ કહી. કાઠિયાવાડની હકૂમી કરવા સંબંધે ગેારા આવ્યા પણ તેમની નૈતિક ચાલચલગત વિશે ઇતિહાસ ચૂપ રહ્યેા છે. માણીઆના મિંઆણા બહારવટિયા વાલા નામેારી અને મામદ જામની જે વાત રાણાભાઇએ કહી તેનું મારું ટાંચણ બેાલે છે—

'મામદ જામ ને અલાણેા જામ બેઉ વિચાર કરે છે. અલાણેા કહે કે તારી વહુ સાથે ફિટ્ઝરલાડ ચાલે છે. (ફિટ્ઝિરાલ્ડ તે વખતના એજન્ટ ટુ ધી ગવર્નર હતા.) એટલે મામદ જામે જઈ પેાતાની વહુને અરીણુ પાયું.'

છેક ૧૯૨૬માં દૂર દૂર લાલપુર મુકામે લાધેલેા આ અંશ ૧૯૩૬માં મેં આલેખેલી 'સેારઠ તારાં વહેતાં પાણી'ની વાર્તામાં કામ કરી ગયેા છે. એમાં જે બે ગેારાં પાત્રેા આવે છે, તેમાંથી એકમાં મેં આ ગેરચલગત મૂકી છે.

નજરેાનજરનું ધીંગાણું

રાણાભાઇએ રાયદે ખૂચડ નામના બહારવટિયાની વાત કરી. બારાડી પ્રદેશનેા આ ભયંકર ચારણ બહારવટિયેા કૌટુમ્બિક વૈરના

પ્રસંગમાંથી ઊભો થયો હતો. સંધીઓની ટોળી બાંધી હતી. તેની સામે દરબારી પોલીસે કરેલા ચેકના ડુંગરવાળા ધીંગાણાનું ટાંચણ રાણાભાઇએ કરાવ્યું છે—

'બાબુ સાહેબ ને નરસી શુકલ અને જમાદાર નથુ આલા—

ચેકના ડુંગર પર સામસામા ચડી ગયા. ઉપર છુપાયેલ બહારવટિયાને ઘેરી લઈને સાદ કર્યો—

'રાયદે! હાલ હવે કસૂંબો પીવા.'

'હવે તો કાકા! સરધાપરમાં (સ્વર્ગમાં) કસૂંબા પીશું.'

આખો દિ' ધિંગાણું કરીને રાયદે સલામત ઊતરી ગયો.

રાયદેનો જુલમ બહુ વધી પડયો.

હંસી સાહેબ નિમાણા તેના બે આસીસ્ટંટ સોટર અને પેલા સાહેબ હતા.

હંસી ઉજ્જડ થેપડામાં પડેલા.

રાણા આલાને હુકમ કર્યો કે કોળી કચરા બજાણાવાળાને તમારી પાસે રાખો.

કચરાને પકડી રાખ્યો. તે વખતે કચરે કહ્યું કે તમને ફાયદો થાય તો બાતમી આપું. સાહેબ પાસે લઇ ચાલો. રાણા આલા એને સાહેબ પાસે લઇ ગયા. એની પાસેથી બાતમી મળી.

રાણા ને ભીંડારાની હદમાં સોટર સાહેબ રોટલા લઇને આવ્યા. રાણા આલા વગેરે ત્યા હતા. સગડ લઇને ચાલ્યા.

એક પટેલ: માથે મોરીઓ લઇને ચાલ્યો આવે.

અમે પૂછ્યું, 'એમાં શું છે?'

'પાણી ભરવા જાઉં છું.'

'ક્યાં રે'વાં?'

'ચેકરી.'

ચેકરી તો ત્રણ ગાઉ આધું—ને આંહી પાણી લેવા!' એમ કહીને મોરી-આમાં બંદુકનો કંદો માર્યો. અંદરથી દારૂગોળો પડયો.'

(બહારવટિયા માટે જ એ લઇ જતો! હતો.)

'ક્યાં છે હરામખોરો ? બતાવ, નહિતર મારી નાખશું.'

'હાલો બતાવું.'

કાંટ્યમાં લઇ ગયો.

ઊંચી ટેકરી પર ચાડીકો ઊભેલો એને અમે બંદુકે માર્યો. બધા બારવટિયા ભાગ્યા, પણ પાછા આવી એ મુએલ જુવાનની લાશ લઇને જ ગયા.

પાછળ અમારી ઘસત થઇ.

બહારવટિયા ગામમાં દાખલ થવા આવ્યા. લોકો આડા પડી કહે કે 'સાહેબ અમારું ગામ બાળી નાખે.'

બહારવટિયાએ એમાના ત્રણનાં માથાં કાપ્યાં. ગાડાં લઇને ગઢ કર્યો.

અમે આવ્યા. માથાં વાતો કરવા જાય !'

(બહારવટિયાએ કાપેલ લોકોનાં માથાં વાતો કરવા મથતાં હતાં !)

અમે ગાડાં પર ગોળી મારી, ગાડું તૂટ્યું. કોઠા પર જે જુવાનો ઊભા હતા, તેમના પર અમે ગોળીઓ ચલાવી. તેઓ ઘોડસાર ઉપર ખાબકયા. ગાડું મૂકીને બાર જણા ચડી ગયા. ત્યાંથી તેઓ ધીંગાણું કરવા લાગ્યા. અમે રબારીને ઘેર ઓડા લઇ ગયા. ત્યાંથી અમે ગોળી આંડી. મુંગરીઆ જુસાને માર્યો.

છતાં બહારવટિયા કોઠા ઉપર બેઠા બેઠા પાવા વગાડે, કારીયું ગાય.

છેવટે બહારવટિયા નીચે ઊતર્યા. મુએલા મુગરીઆ જુસાની લાશ લઈ ભાગી. કિનખાપના રેટા ઓઢાડયા, લોબાન કર્યો. દફનાવીને ભાગી ગયા.

પાંચ હુન્નર માણસ ભેળા થઈ ગયા. આલા જમાદારે કોઠા ઉપર ચઢી ચળગતો પૂળો કરી અમને સમજાવ્યું કે હવે ભડાકા કરો મા.

સાચા વૃત્તાંતો દેનાર

કહેનાર પોતે જેમાં સામેલ હતા તે ધીંગાણાનું આ એણે શબ્દશઃ કરેલું વર્ણન છે. રાણાભાઇની કાવ્ય કે અલંકાર, વર્ણન કે ભભક વિહોણી, એક પોલીસ ડાયરી જેવી કહેણી પણ પ્રાણવંત ચિત્ર આપે છે. મેં હમેશાં માન્યું છે, કે જૂના વખતના કાઠિયાવાડી પોલીસખાતાના માણસો એ આ પ્રકારનું સાહિત્ય મેળવવાનાં સારાં સાધનો છે. બહારવટિયા ને ડાકુઓ સાથે હાથોહાથ ધીંગાણાં ખેલેલા,

તેમનો પત્તો મેળવવાં માથું ફોરે મૂકીને ભયંકર જગ્યાઓમાં ભટકેલા, યુક્તિપ્રયુક્તિઓ ને પ્રપંચો વાપરીને તેમનાં રહેઠાણોમાં જઈ પહોંચેલા, અને છેવટે તો બધો જ જશ પોતાના ગોરા ઉપરીને જ ખાટી જવા દઈ રૂપિયા બે પાંચનાં ઇનામો અગર નજીવાં પ્રોમોશનથી સાંત્વન લેનારા આ દેશી પોલીસ નોકરોમાં કાંટીઆ વર્ણના લોકો હતા તેટલા જ પ્રમાણમાં બ્રાહ્મણો વાણિયાઓ હતા. આવાં પાત્રોનો સંપર્ક મને સારા પ્રમાણમાં થયો છે. તેઓનું એક મહત્ત્વનું લક્ષણ એ છે કે બહારવટિયા લૂંટારાની વાતોમાં પોતે સામા પક્ષને ઉતારી પાડી પોતાની જ શેખી ગાતા નથી હોતા, પણ સામા પક્ષની બહાદુરી, નેકી, ઇમાનદારી વગેરે પણ ચીતરે છે. એક જ ધરતીનાં સંતાનો દૈવગતિથી બે સામસામી છાવણીઓમાં વહેંચાઈ ગયાં અને માથે આવેલી કડવી ફરજ બજાવવાની જ હતી, એ આ લોકોની વૃત્તિ હતી.

જૂસો મનરો

રાણાભાઈ પાસેથી મળેલ છેલ્લું ટાંચણ આપીને એમના મૃત આત્માને સલામ દઉં છું—

ગુરગટના જમાદાર ઉમર આમદ બેગો જુસો મનરો નોકરીમાં હતો. જમાદારે હુકમ કર્યો કે ગુરગટના આયર ભીમાં કાળાની દીકરા-વહુને તેડવા ગાડું મોટે આસોટે જાય છે તેની સાથે જાવ.

વહુને તેડીને ગાડું સોનારડીને પાદર આવ્યું.

મૂળુ માણેક (વાઘેર બહારવટિયો) તે વખતે જખ્મી થઈને સોનારડીના ગરાસીઆને ઘેર રહેલ, પાસે પૈસા ન મળે. એટલે ખરચી મેળવવા માટે વાઘેરોએ ઓડા બાંધ્યા હતા. ગાડું નીકળ્યું. પૂછ્યું,

'કયાનું ગાડું ?'

'ગુરગટનું'

'કયાં જયું'તું ?'

'આસોટે.'

'કોણ છે સાથે ?'

'જુસો મનરો.'

એટલે મૂળુ માણેક ગાડું લૂંટવાની ના પાડી. પણ વીધો માણેક ન માન્યો. ઘણું મૂળુ માણેકે કહ્યું છતાં ખરચીને અભાવે છેવટે ગાડા પાછળ ચાલ્યા. માથે ધાબળા ઓઢીને બાવાઓ સાથે ભળી ગયા.

ગુરગટ નજીક હતું. આયરે ગાડું છોડયું. જુસો મનરો દેવતા સળગાવી ચલમ ભરે છે. આહિરની દીકરા–વહુનાં બધાં ઘરાણાં પોતાના હુમાચામાં છે.

એમ મૂળુ માણેકે જુસાની બંદુક ખેંચી લીધી. ટપોટપ ફચલાઉં ઉપાડી, અને બંદૂકું ભરી.

જુસો મનરો કહે, 'બંદુક શું કામ? તરવારે આવી જાવ.'

એક હાથે છરી લઇ, બીજે હાથે હુમાચો વીંઝી, જુસો કુદ્યો. છરીથી ત્રણને માર્યા.

ગાડામાંથી વહુ કૂદી, સાસરાને કહે 'પીટ્યા! જોછ શું?'

જુસાની તરવાર વહુએ ખેંચી અને વહુ કૂદી.

સસરો કહે 'અરે દીકરી! મને તરવાર દે.'

કે 'ના બાપ તને ન હોય.' બાઇ મંડી, બે જણને માર્યા.

મૂળુ માણેક પોતાના જણને કહે 'હવે બસ.'

લાશો ઉપાડીને ચાલ્યા ગયા.

માનવતા સ્પર્શતી હતી

આ છેલ્લા પ્રસંગમાંથી બે મુદ્દા નોંધપાત્ર બને છે. એક તો ખરે ટાણે સોરઠી ઓરત મરદાઈ દાખવવા કૂદી પડે: ને બીજું, કાઠિયાવાડના કાંટીઆ લોકોને બંદૂકો પ્રત્યે નફરત: છેલ્લી વેળાનો મામલો મચે છે અને મરવું એ જ્યારે નિશ્ચિત લાગે છે, ત્યારે પણ 'આવો તરવારે!' એવો વીર–પડકાર સંભળાય છે. આખરી ટાણે ગભરાટ કે શૌર્યનો સન્નિપાત નથી. પણ શાંતિભેર અને ગૌરવભેર હાથોહાથની સમશેરબાજી બતાવીને પછી ખતમ થવાય તેની ખ્વાયેશ છે. બંદૂકો જ્યારે આ પ્રાંતે પહેલવહેલી આવી ત્યારે બહાદુરો બહુ રંજ પામ્યા હતા, અરે રોયા પણ હતા એમ કહેવાતું હું ઠેર ઠેર સાંભળું છું.

કારણ કે તેમનો પોરસ હમેશાં હાથોહાથની લડાઈમાં મરદાઈનું પાણી બતાવવામાં હતો. વાત સાચી પણ છે. સામસામા આવીને જે મુકાબલો થતો હતો તેમાંથી પ્રેમશૌર્યના કેટલાક ઉચ્ચ અંશો પ્રકટ થતા. બંદૂકોએ એ અંશો ઓછા કર્યા. લડાઈ જેમ જેમ વધુ યાંત્રિક બનતી ગઈ તેમ તેમ વ્યક્તિગત ખાનદાનીનું પ્રાકટ્ય કમતી થયું. ઠંડે કલેજે માઇલોના માઇલો દૂર રહીને અગર તો આકાશમાં ચડીને ગોળા વરસાવનારાઓને માટે મુખોમુખ માનવતાનું દર્શન અને જેના પોતે ભોગ લઇ રહેલ હોય છે તેના પ્રત્યેનું ઊર્મિસંવેદન અશક્ય છે. મારનાર મરનારને જોતો નથી. મૂળુ માણેકની પાસે મશીનગન હોત તો, એની મોટી સેંખ્યા સામે એક બંદૂકવિહોણો સિપાહી ફક્ત છરીભર લડી રહેલ છે અને એક આણાત અબળા તરવાર લઈને ઊતરી પડેલ છે એથી એને હૈયે અહોભાવ અંકિત જે માર્દવ પ્રકટયું તે પ્રકટત નહિ અને ધરેણું લીધા વગર એ પાછો ફરી જાત નહિ.

વાતડાહ્યાઓ વિદાય લે છે

પાને પાને ઘટનાઓ ટંકાતી આવી છેઃ ઇતિહાસ જેની ઐવના જરીકે ન કરે તેવી નાની નાની, ગામટીંબાની, કુટુંબની, ઘરઘરની ઘટનાઓ લોકજિલ્વાએ લખી રાખી. કારણ કે એને તો લોઢાને ઉંબરે ઉંબરે જઈને સંસ્કાર સચવાવવા હતા. માનવી માનવી વચ્ચેનો આચારવ્યવહાર ઊજળો રખાવવો હતો. મારાં ટાંચણનું નવું પાનું એવી એક જ ગામટીંબાની વાત સાચવી રહ્યું છે—

'બગસરા ગામનો કાઠી દરબાર હરસુરવાળો. એની સામે માત્રો અને ઓઘડ [બાપ ને બેટો] નામના બાયાત બહારવટે. બાપ ને બેટો કેવા?—

પત્યા પડકારા કરે,
પૂતર કે' ધન્ય બાપ!
બોયડ માત્રો હુંઆરીએં
તો ઊગશીએં આપ.

(પિતા અને પુત્ર ધિંગાણામાં સામસામાં પડકારા કરી રૌચ્યં ચડાવે.)

એ બહારવટું પાર પડાવવા બીજા બે કાઠી પિતા-પુત્રે માંગા ધાધલે અને જાંતરૂ ધાધલે જવાબદારી લીધી. હરસુરવાળાનો કોલ મેળવીને બહારવટિયાને બોલાવવા ગયા.

બહારવટિયા કહે કે 'મામા! જેમ બોકડાને કાપી નાખે તેમ કાપી નખાવવા હોય તો વચમાં પડશો મા.'

કે 'ના બાપ! કૂવામાં ઉતારીને વરત વાઢવી નથી. સવા શેર લોઢાનો ખીલો તો સૌ વાપરે છે. [અર્થાત્ બરછી હશે!]

પણ ખૂટલનો ખૂટે ને લોઢણનો લોટે.

બગાસરે બાહુજી તેં
સજડે કાઢયું સૂડ,
હે ખૂટલ હરસૂર!
માર્યો ધાધલ માંગડો.

હરસુરવાળાએ ખૂટામણ કરીને શરણે આવનાર બહારવટિયાઓનું કાસળ કાઢવા માટે જમાન બનેલા માંગા ધાંધલને ઠાર કર્યો. માંગાના પુત્ર જાંતરૂએ બહારવટિયાને બચાવવા તલવાર ચલાવી. બીજાઓને માર્યા, પણ જ્યારે હરસુરવાળાને ઠાર કરવાની તક આવી ત્યારે જાંતરૂ પારોઠ કરીને ઊભો રહ્યો.

(પારોઠ કરવી એટલે પીઠ દેવી. બસ, પાપીના પરિત્યાગ અને તિરસ્કારનું આ મૌનભર્યું સૂચન હતું: 'પારોઠ દઈને ઊભો રહ્યો.')

ને કહ્યું–

'હરસુરવાળા, તને ન મારું. 'તું પાળક કહેવા. પણ હવે તારા બગસરાનું પાણી નહિ પીઉં.'

જખ્મી બાપ માંગો મરવાની આખરી પળે દીકરાને કહે કે 'જાંતરા, મને પાણી મેલ્ય.'

નંતર કહે કે 'બાપુ, આંહીનું પાણી ન પીવાય. હવે તો પ્રાચીને પીપળે પિવાડીશ.' (મુઆ પછી પ્રાચીને પીપળે પિતૃને પાણી નખાય છે.)

સૌથી મોટું પાપ ખુટામણ

મરતા પિતાને મોંયે પણ એ ધરતીનું પાણી પુત્રે ન મૂકયું. કારણ કે એ પૃથ્વી ગોઝારી હતી. એના માલિકે ખુટામણ કર્યું હતું. ને ખુટામણની તોલે આવે તેવું બીજું એકેય પાપ સોરઠની ધરામાં મનાયું નથી. એક વાર જેને આશરો દેવાઈ ગયો તે ચોર, ખૂની કે ડાકુ હોય તો પણ એના પ્રત્યે ખુટામણ-વિશ્વાસઘાત ન થઈ શકે. ચાંપરાજવાળા બહારવટિયાને હાથ કરવા માટે સરકારની જેતપુર વગેરેના કાઠી દરબારો પર ભીંસ થતાં એમાંના આગેવાન દરબાર મૂળુવાળાએ હામી બની ચાંપરાજની તલવાર છોડાવી અને પછી તો સરકારે ચાંપરાજને કાળા પાણીની સજા કરી, એટલે ચારણ પાલરવ ગિયડે ફિટકારનો ઘણો ઉગ્ર દુહો કહ્યો—

વન ગઈ પાલવ વિના,
જનની કે'તાં જે;
દોરીને ચાંપો દેતે
માન્યું સાચું મૂળવા.'

(હે મૂળુવાળા ! તમારી કાઠીઓની માતા, લગ્ન વખતે ચોરીમાં બેસે છે ત્યારે કાપડું નથી પહેરતી, એ મેં આજે સાચું માન્યું. અર્થાત કાઠીલગ્નની આ રૂઢિ પર એવો મર્મ કર્યો કે 'તમે કાઠીઓ નાગીના છો.'

જોગીદાસ ખુમાણને વિશે પણ એમ જ બન્યું. એમના બહારવટાનો તાપ ન સહેવાયો એટલે સરકારે અને ભાવનગર રાજ્યે—

હરહર ભેળિયાં થાણાં
કાઠી ગળે ગલાણા કોય;

જસદણ અને જેતપર જબ્બરી
ડરિયા મૂળુ શેલાં દોય.

જેતપરના મૂળુવાળાએ અને જસદણના શેલા ખાચરે આ તાપથી અકળાઈ અંગ્રેજ સરકાર પાસે અરજ કરી. સરકારે કહ્યું—'જોગીદાસને લઇ આવો તો ઊગરશો—' પોતાના જ્ઞાતભાઈઓને ઉગારવા જોગીદાસ શરણે થયા. એ બનાવથી તો આ ચારણી કાવ્યનો કર્તા ભાવનગરનો સ્તુતિકાર હોવા છતાં ય એટલી વેદના પામ્યો કે એણે એજ કાવ્યમાં ગાયું—

ખાળા ચાળા મેલ્ય ખુમાણે
વાળાનો કીધો વિશવાશ;
કૂડે દગે કાઠીએ કીધો
દેરી દીધો જોગીદાસ !

અરે દગલબાજો ! તમે વિશ્વાસઘાતી બન્યા ! ખુટામણ કર્યું ! જોગીદાસને દેરીને સોંપી દીધો !—લાગે છે કે જ્યાં જ્યાં 'ટ્રાઇબલ લાઈફ' હશે ત્યાં બધે જ આ 'ખુટલાઈ' વધુમાં વધુ ગંભીર ગુનો ગણાતી હશે. ખેર, નવું ટાંચણ-પાનું ઊઘડે છે અને રક્તપાતમાંથી સૌંદર્યજનિત તત્ત્વજ્ઞાનમાં લઈ જાય છે.

કૈક ચાલ્યા ગયા !

' કચ્છમાં જરાર નદી.

લાખો ફુલાણી ત્યાં જેઠ મહિને નીકળ્યા. મેનું સરવડું આવ્યું.

સૈાના રેટા, દુશાલા, શાલું ઓઢેલ તે પલળી ગયાં.

નદીકાંઠે તલબાવળાં ઉપર રેટા દુશાલા, શાલું સૈાએ સૂકવી.

લાખે જોયું : ' વાહ, તન્દરાનો બાગ હોય એવી નદી લાગી છે શોભતા ! '

તન્દરાનો એટલે અરીણના છોડવાનો બાગ. અરીણના ફૂલ લીલા, રાતાં, પીળાં, આસમાની હોય.

સાથીઓને કહે કે ' જુવાનો. હવે લૂગડું કોઇ લેશો નહિ.' નદીને એવી રૂડી દેખીને લાખો સૂકવેલાં શાલ રેટા મૂકીને જ સાથીઓ સાથે ચાલી નીકળ્યો.

આવળ બાવળ બોરડી
ખાખર ખાજડિયાં,
ભાખે વન ઓઢાડિયાં
પીરી પાંભરિયાં.

તે પૂર્વે એ જ નદીકાંઠે એક વાર રાજા ઉન્નડ જાડેજો આવેલો.

ભાદરવો મહિનો : ચારણો નદીકાંઠે ભેંસડીઉ ચારે, વાસળીઉ વગાડે, દુહા લલકારે. કડેય કડેય સુધી ઝીંઝરો ઊગેલ.

'વાહ ! નદી કેવી રૂડી લાગે છે !'

રાજા ઉન્નડે એ નદીકાંઠો ચારણોને બક્ષિસ દીધો.

તેની પણ પૂર્વે એક વાર હેમહડાઉ વણજારો નીકળેલો. ભેળી મોતીની ભરેલી પાંચસો પોઠયું. પોઠીઆ નદી ઊતરતા હતા. એમાં એક ગુણ ઊતરડાઇ ગઇ ! ઝરરર ! મોતી નદીમાં વેરાણાં.

મોતી સાથે માછલાઉં ફડાકા મારવા મંડી.

હેમહડાઉ જોઇ રહ્યો : વાહ નદી કેવી રૂડી લાગે છે ! આ નદીમાં તે કાંઇ વેળુ શોભે ! એલા બધી પોઠું નદીમાં ઠાલવી દ્યો.

એવી શોભા કદીને હેમહડાઉ ચાલ્યો ગયો.

છેલ્લા આવેલ રાજા લાખા ફુલાણીના કવિએ મલકાઇને પૂછ્યું નદી જરારને: હે જરાર ! તું તો જૂની પુરાતની છે. તને કોઇ આ ત્રણ જેવા સૌંદર્યની ખુમારીવાળા નરો સાંપડયા છે ? ત્યારે જરાર હસીને જવાબ વાળે છે—

લાખા જેહડા લાખ જિયા,
ઉન્નડ જેહડા અટ્ઠ;
હેમહડાઉ હલ ગિયેા,
વંજી ન કેણી વટ્ટ.

હે માનવી ! લાખા ફુલાણી જેવા તો મેં લાખ અને ઉન્નડ જેવા આઠ રાજા જોઇ નાખ્યા છે. ને હેમહડાઉ પણ હાલ્યો ગયો, એ કયે રસ્તે ગયો તેનો ય કોઇએ ભાવ પૂછયો નથી. માટે ગુમાન કરો નહિ.

માનવીના દિલની ફૂલગુલાબીની સામે માનવ-ગુમાનની વ્યર્થતાનું પલ્લું સમતોલ રાખનારા આ નાનકડા કથાનક પર કંઇ વિવેચનાની જરૂર નથી.

વાલજી ઠક્કર

ફરી પાછી ટાંચણમાં સોરઠી ઘોડીઓ—

'જેમ વચારૂ ધૂમટો તાણીને વઇ જાય તેમ ઘોડીની કાનસૂરીની પણ અવળ સવળ દોઢયું ચડી ગઇ છે.'

એ ઉપમા સંસ્કૃત સાહિત્યમાંથી નહિ મળે. એ લોકસાહિત્યની સંપત્તિ છે.

ભમોદરા વાજસુર ખુમાણ, દોઢડ લઇને ઘોડા પર બેસે : જેટલી ચાલ વગાડે તેટલી ચાલમાં ઘોડો પગના ધૂધરા બજાવે.

નવાબ સાહેબ [જુનાગઢના] પાસે કરી દેખાડયું.

'માગો ઇનામ.'

'ઇનામ ન જોઇએ.'

ઘોડેસ્વારીના વિધવિધ શોખ અને ચાતુરી સાંભળ્યાં હતાં. આ પહેલવહેલું જાણ્યું. ટાંચણમાં કયારે પડી ગયું તે પણ ખબર નથી રહી. કોણે લખાવ્યું હશે ? અનુમાન કરું છું કે અકાળા ગામના વાલજીભાઇ ઠક્કરે. અકાળા ગયેલો ૧૯૨૭માં, આસોદર ગામના ગઢવી દાદાભાઇનો સંપર્ક કરવા. પણ યજમાન મિત્ર હાથીભાઇ વાંકને કુટુંબમાં મરણું થયું, અમારું મિલન હજુ તો જમાવટ પામે તે પહેલાં વિંખાયું, લગભગ ખાલી હાથે પાછો વળ્યો. ગામથી સ્ટેશનના બે ગાઉના પંથમાં ગાડામાં બેાજા વાલજીભાઇ ઠક્કર સ્ટેશને આવવા સંગાથી બન્યા. ને એમણે એ એક જ કલાકની વાટમાં મારી બેાઇ, ચારણો પણ પાણી ભરે એવી સોરઠી વાતોથી છલકાવી દીધી. હીપા ખુમાણની વાત, બહારવટિયા ચાંપરાજવાળાની વાત, મામદ જામ મીંઆણાની વાત. દરેક વાત ધડીબંધ અને કડીબંધ.

સોરઠના વાતડાહ્યા માણસો એક તરફથી નિરર્થક અલંકાર-ઠઠેરા કર્યા વગર અને બીજી તરફથી સંકલના ચૂકયા વગર, લોચા વાળ્યા વગર, ગેંગે ફેંફે કર્યા વગર, થોથરાયા વગર, પાસાબંધી ને સંઘેડા-

ઉતાર જે ગુજરાતી શૈલી કેળવતા હતા તેના નમૂના લેખે મને વાલજી બોજાએ એ દિવસની બળદગાડીમાં સાંભળાવેલી કહેણી યાદ રહી ગઈ છે. એ જુવાન હીપા ખુમાણ અને બાપ રાવત ખુમાણની વાતમાં કેટલી સાદી ઉપમાઓ આવતી હતી !

બાપ દીકરાનું દોયા જેટલું દીલ. શેરેક માટીમાંથી ઘડેલ હોય તેવા.

બેય જણા મની જાતની ઘોડીઉં માથે અસવાર.

ઘોડીઉંનો રંગ કોરી જગન્નાથી જેવો. બેય જણા કરિયાણે જવા બાચરને ઘેર કારજે જતા હતા.

ઘોડીએ ચડીને ઠેઠ ચોરે ચાલ્યા આવ્યા (કારજ પર આવનારે ગામ-ઝાંપેથી પગે ચાલતા આવવું જોઇએ.)

ડાયરાની આંખમાં ખટક્યા.

ત્રેણની ડોઢય વળતી ગઈ (અર્થાત ડાયરામાં બેઠેલ બીજા કાઠીઓ આ બેઉ મહેમાનો સાથે કટાક્ષમાં બોલવા લાગ્યા.)

પછી એ અસભ્યતાનું વેર વાળવા માટે એ ગામના દરબારે આ બાપદીકરાને ઘેરથી બે મા-દીકરી ઘોડીઓ પૈકીની જે મા હતી તેની ચોરી કરાવી, એ ચોરની પાછળ પડવાને માટે જુવાન પુત્ર હીપો જ્યારે તૈયાર થયો, પણ માએ દીકરાને બાઈને જવા કહેતાં હીપો જમવા બેઠો, તે લાક્ષણિક પ્રસંગનું વાલજી ઠક્કરે વર્ણન કર્યું તેનું ટૂંકું ટાંચણ આમ છે—

મા કહે, 'બટકું ખાતો જા.'

ખાવા બેઠો.

મા કહે, 'બચ્ચા, હવે તું વાંસે ન ચડ તો ઠીક, કારણ કે વછેરીને પેટ-પીડ થઈ.'

ભભાડ ઝાલીને બાઈ (હીપાની વહુ) ઊભેલી એ બોલી: 'કુછ, તો પછી બલઢેરો (પોતાનો કાઠી પતિ) આ ઘોડીએ ચડીને ગામતરાં કરી નહિ શકે.'

'કાં ?'

કે 'ચડીને નીકળશે એટલે કાઠીઓ મહર (મશ્કરી) કરશે કે આની માને ચોર લઇ ગયા. અને કન્જિયો કરશે તો કહેશે કે અમે તો આ ઘોડીને વિષે કહેતા હતા!'

વાતડાહ્યા સોરઠિયા

પોતાની યુવાન કાઠીઆણીના આટલા જ શબ્દોએ હીપા ખુમાણને ખાવું પડતું મુકાવી કેવો ખડો કરી દીધો, અને એને કેવાં ભયાનક જોખમમાં ઝંપલાવવા પ્રેરણા આપી આજીવન વીર બનાવ્યો, એ આખી વાત તો વાલજીભાઇએ આપેલા ઠાવકા ચિતાર પરથી મેં સોરઠી રસધાર ભાગ પાંચમામાં (હીપો ખુમાણ) આલેખેલી પડી છે, ને એનાં પ્રુફ તો મેં પચીસ વાર વાંચ્યાં હશે. એ વાર્તા મેં જાહેરમાં સંભળાવી પણ છે વારંવાર, છતાં આજે આંખો એનાં આઠ પાનાંતાં ટાંચણ પર ફરે છે અને કબરમાં પોઢી ગયેલા ખોજા વાલજી ઠક્કરનું વ્યક્તિત્વ એ મીટ જેવડા જ મેળાપની ફ્રેમ વચ્ચે મઢાઇને પ્રત્યક્ષ થાય છે. ધંધે ગામડાનો વેપારી, ન્યાતે ખોજો, વયે પચાસેક વર્ષનો, મોભાદાર અને અડીખમ આ માણસ પોતે એક એમેચ્યુર શિલ્પી હતો. પણ એ અપવાદ રૂપ કોઈ નિરાળી પ્રતિભા નહિ પણ સામાન્યતાનો પ્રતિનિધિ હતો. વાતડાહ્યાપણું એ સૌરાષ્ટ્રનો એક સંસ્કાર છે. હમણાં જ એક સ્નેહીનો કાગળ હતો, લખતા હતા કે 'કાગળ લાંબો લખું છું તેથી કદાચ કંટાળશો. પણ માણસ જેમ વયમાં વધતો જાય છે તેમ તેમ એની **garrulous**–વાતોડિયા પ્રકૃતિ જોર કરે છે.' મેં સામું લખ્યું કે વાતો કરવાની, અવિરામ વાતોના તડાકા હાંકે રાખવાની ચાતુરીભરી રુચિને તો હું આપણો એક સંસ્કાર સમજું છું. જો એ સંસ્કાર આપણામાં મજબૂત ન હોત તો વડીલ ઘરઆંગણે બેઠો બેઠો પુત્રવધુઓને કડવો ઝેર લાગંત અને બાળકોને ડરકામણો દેખાત. અરધી જિંદગી સુધી જોયેલું જાણેલું, જે સંચિત જ્ઞાન, તેને પહેલદાર વાત–કૌશલ દ્વારા નવી પેઢીને આપતા

જવું એ તો એક આશીર્વાદ છે. વાલજીભાઈ ઠક્કર જેવા તો કુટુંબે કુટુંબે હતા. ચોરે ને ચૌટે, નદીઓની વેકુરીમાં કે દુકાનોને ઓટે તેઓ બેસતા; નિવૃત્ત વૃદ્ધોને, પેન્શનરોને, સદાના આજારોને, બેકારોને, જુવાન દીકરા જેના ફાટી પડયા હોય તેવા હતાશ પિતાઓને, એક વાર સંપત્તિની ટોચે ચડીને પછી પટકાઈ પડેલાઓને, સમાજ જેમને ઓવાળમાં કાઢી નાખે છે તેવા સર્વને બાકીની આવરદા જીવવા જેવી કરી આપનાર આ વાતડાહ્યા વાલજી ઠક્કરો જ હતા.

જૂહીબાઈ ખોજણ

વાલજીભાઈએ એક 'જૂહી બાઈ' નો કિસ્સો ટપકાવ્યો છે તેનું ટાંચણ વાંચીને વિસ્મય પામું છું કે આજ સુધી એ વાર્તા મને કોઇ સંગ્રહમાં મૂકવા જેવી કેમ ન લાગી ! ચરોતરની પાટણવાડિયણ જીબાની શ્રી. રવિશંકર મહારાજે કહેલી વાર્તા લખી છપાવું છું તેનાં પ્રુફ આજે જ વાંચ્યાં એટલે આ 'જૂહીબાઇ'ના ટાંચણનું આકર્ષણ બેવડાયું છે—

ડેરડી જનબાઇની. ત્યાં સવા ભગત બોજા. બકાલાની વાડી. સાધુસંતને બવરાવે. સદાવ્રત આપે.

ઘરમાં બાઇ માનબાઈ. એને સવા ભગત નામ લઇને બોલાવે.

જે રળે તે શેઠને ત્યાં જમા કરાવે. અષાઢી બીજે બધું બલ્લાસ થાય. ઊલટું પાંચ પંદરનું નામું વધે.

એક દી' સાધુ વાડીએ આવ્યા : કહે 'કુછ દે.'

'ઘેર ચાલો.'

'નહિ, ઇધર દે.'

'દાળ અને લોટ દઉં ?'

'ઔર ક્યા ?'

છાણાંનો આડ કરી બાટી પકાવી.

'ભગત, દો ખેગૂન દે !'

'અરે મહારાજ ! હજી તો પરમને દિ' રોપ ક્યાં છે !'

'અરે જૂઠ ! મેંને દેખા.'

'ક્યાં દેખ્યાં ? બતાવો.'

લઇને ગયા વાડીમાં. રીંગણાં વળગેલ દીઠાં. પગમાં પડી ગયા.

'ભગત, માગ !'

'કોઈ વાંસે સદાવ્રત દેનાર નથી.'

'જા. બેટા આવેગા. મગર ફક્કડ રખનાં.'

ભગત, માનબાઇ, ને સાધુઓ, પાંચે જણાં ભેળાં જમ્યાં.

પસ્તાવો થયો. અરે નરસી મહેતે નિર્વંશ માગ્યો'તો ને મેં દીકરો માગ્યો ! બાવાને ઘેર લઈ જઈને વેણુ પાછું વળાવું.

ઘેર જતાં રસ્તામાંથી જ સાધુ અલોપ.

નવ મહિને દીકરો.

છઠ્ઠીમાંથી માગાં આવતાં થયાં. નીંગાળે સગપણ કર્યું. કન્યાનું નામ જૂઠીબાઈ. દીકરાને લગનમાં માયરામાંથી વીંછી ફટકાવ્યો. માણસોએ જઈને કહ્યું– 'ભગત, શામજીને વીંછી કરડયો.'

કે ' બાપુ, મને ઉતારતાં નથી આવડતું. '

' પણ ટાઢોબોળ પડી ગયો છે. '

' તે હું કાંઇ ઊનો થોડો કરી દેવાનો હતો ! '

મુસલમાન જ્યાં મરે ત્યાં જ દફનાવવો જોઇએ. પણ ભગત કહે, 'દેરડી લઇ જાઉં. '

ગાડામાં સુવાડયો.

ત્યાં અંદરથી કન્યા જૂઠીબાઇ પાઠી સોતી કૂદીને ગાડામાં ચડી બેઠી.

આડો હાથ દીધોઃ 'બેટા ! નહિ. '

લાજ ઉઘાડીને બોલી, 'બાપુ, તમે મને સાટે લીધી છે. હું તમારો દીકરો. '

દેરડી લઈ જઈને શામજીને દફનાવ્યો વાડીએ.

જૂઠીબાઇએ વાડી કરવા માંડી. ગરમર રૂા. ૩૦૦ ની ઊતરી. પણ અબાડી. બીજે કાંઇ બચત નહિ. જૂઠીબાઇ પણ સાધુસંતોને ખવરાવી દે.

બધા એને જગતની દીકરી જ જાણે.

જગત જૂઠીબાઇ માટે વર જોતવા મંડ્યા. એમાં ખાંભેથી જૂઠીબાઈને જોવા મહેમાન આવ્યા.

બાઇ ઉઘાડે માથે બહાર આવી. મહેમાનોને પૂછ્યું, 'શું કામે આવ્યા છો ?'

' તને જોવા. '

' બાપુ, હું જગતની દીકરી નથી, હું તો જગતની દીકરા–વહુ છું ! '

મહેમાનો ચાલ્યા ગયા. પછી કોઇ આવ્યું નહિ.

જૂઠીબાઇ પાંસઠ વર્ષનાં થઇને મર્યાં.

દાદાભાઇ ગઢવી

વાલજીભાઈ ઠક્કરના જેવું જ મીઠું સ્મરણ ગઢવી દાદાભાઈનું છે. આસોદર ગામનો એ આધેડ ચારણ હતો. ખુશામદ આવડે નહિ. બોલવે ચાલવે ચાવળાઈ નહિ, ભાષામાં અતિરેક નહિ, ખોટા મલાવા નહિ, વાતું યાદ આવતી જાય એમ ઠાવકી ઢબે કહેતા જાય. પહેલો મેળાપ ઝડપી બન્યો, જમાવટ થતા પહેલાં તો જુદા પડ્યા, પોતાને ઊંડો અફસોસ રહી ગયો. અમને મેળવનાર મિત્ર હાથીભાઈની પણ મનની મનમાં રહી ગઇ. ફરી મેળવ્યા પોતાને ઘેર લુવારિયા ગામમાં. ત્રણ દિવસ સાથે રહ્યા, તેમાં તો ગઢવી દાદાભાઇ સોળે કળાએ ખીલી ઊઠ્યા. એની કથાઓમાંથી આજે પણ પ્રધાન ધ્વનિ આ રહ્યો છે– ધરધણી માણસની ઠંડી તાકાત અને મરદાઇ : ચમરબંધીની સામે પણ સામાન્ય આમજનતાનો પ્રતિનિધિ અન્યાયનો પ્રતિકાર કરતો ઊભો રહે અને અન્ય સેંકડો મગતરાં માનવીઓની માણસાઈને જાગ્રત કરે. એવો હતો દાદાભાઇએ વર્ણવેલો આહિર ભીમો ગરણિયો. (જુઓ રસધાર ભાગ ૫) એનું વ્યક્તિત્વ એક અચ્છા નવલિકાકારની અદા થી દાદાભાઇએ નાની એવી વાર્તામાં આલેખી આપ્યું. ટાંચણમાં

એના જ શબ્દો છે. મૂળ વાત એમ છે કે ભાવનગરના એક ગામ સાતપડાના છેક પાદરમાં પાલીતાણા રાજની સરહદ પહોંચતી હતી. પાલીતાણાના રાજા પ્રતાપસિંહ કેવળ ચડતા માર્યા પોતાનું નવું ગામ સાતપડાના પાદર સુધી બાંધવા આવ્યા. લોકોએ વીનવ્યા કે બાપુ, બે ગામ વચ્ચે જગ્યા જ નહિ રહે તો ઢોર માલ કયાં બેસશે! પાદર જેવું સ્થાન જ નહિ રહે, માટે થોડે છેટે તમારા ગામનાં તોરણ બાંધો. જવાબમાં પ્રતાપસિંહે તુચ્છકાર દીધો. તોરણ બંધાવાની તૈયારી છે. પ્રતાપસિંહ પોતે હાજર થયા છે. સાતપડાનાં લોક સ્તબ્ધ બની બેઠાં છે. મોટું અનિષ્ટ થઈ જવાને વાર નથી. પણ ગામમાં પ્રતાપસિંહની સામે બોલવાની કોઇની હામ નહોતી. બધા કપાળે હાથ દઈ બેઠા છે. એ વખતે ભીમો નામનો એક આયર—

ભીમોઃ મોટે પાંખા પાંખા કાતરા, એકદંડિયું ડીલ, કાખમાં તરવાર, હાથમાં હોકો, ચોકાળનું આડસોડિયું ઓઢેલું, ગામમાં તો સગાવળોટે (પરગામથી) આવેલો. એ કહે કે સૌ હાલતા હો તો બોલીશ હું. હાલો સૌ.

હાલ્યો મોઢા આગળ. પ્રતાપસિંહ દરબારને રામરામ કર્યા.

પછી પોતે કેવો ધીમે ધીમે દરબારને વાત સમજાવતો ગયો, દરબાર પ્રતાપસિંહ કેવા તપતા ગયા, અને સંવાદમાં ભીમાના બોલ કેવા ઉત્તરોત્તર બળ પકડતા ગયા તે દાદાભાઇ ના જ શબ્દોમાં જોઇએ—

'બાપુ! આપને આવું તોછડું પેટ જેવે નહિ.'

'શત્રુંજના બાદશાહ! હેડાનીયું આટકે ત્યારે અગની ઝરે.'

'પછી કોઇને તેડાવ્યાનું વેળુ નહિ રહે.'

'ભેંસું જ્યારે મારણમાં પડે ત્યારે ડેડકાં ઓવાળે ચડે, ખબર છે ઠાકોર?'

'હું તો અસૂર થયું છે ને રાત રહ્યો છું, પણ તમે રે'વા દો.'

તરવાર કાઢી, તાહ જેવડો થયો ને બોલ્યો—'જોજો હો, ટોચો પડયો કે માંહાં ખડયાં સમજજો.'

'દરબાર, ત્યાં જ બેઠા રે'જો. નીકર ઓખાત બગડી જશે. હું તો આયર, મરી જઇશ તો ચપટી ધૂળ ભીંજશે. અને તમને જો આ (તરવાર) અડશે તો

લાખ તાંસળી ખડખડી પડશે. આ સગી નહિ થાય. અમારું માથું તો ઘરધણી માણસનું, ચાળીનો બોકડો મર્યો તોય શું!'

દરબાર ભળકડે પાલીતાણા ભેગા થઈ ગયા, બે ત્રણ દી' મેડીમાં જ બેસી રહ્યા. બહાર નીકળે નહિ.

તે પછી દાદાભાઇએ પ્રતાપસિંહજીના મન પર પડેલી ભયમૂર્તિની છાયા વર્ણવામાં પણ એવું જ શિલ્પ-કૌશલ દાખવ્યું છે. દરબારના સાળા સમજાવે છે કે—

'કચારીએ પધારો. બોઠામણ શું છે?'

'વાળા ઠાકોર! માળો એક આયર નરપલાઈ કરી ગ્યો.'

'હવે સાંજે એના કાતરામાં (મૂછોમાં) ધૂળ ભરશું.'

'વાળા ઠાકોર, ત્યાં સાતપડે જવા જેવું નથી. આયર કોબાઢ માણસ છે. બહુ વસમો છે.'

'હવે દોથા જેટલો છે!'

'વાહ વાળા ઠાકોર! પણ જળવો તો ઠીક.'

'અરે કાતરામાં ધૂળ ભરી દઉં.'

પછી સાતપડા પર ચડેલ પ્રતાપસિંહનો સાળો ભીમાને હાથે માર ખાઈને પાછો વળે છે તે વખતે સાળા બનેવી વચ્ચેનો વાર્તાલાપ પણ દાદાભાઇની રચના છે—

ભાએ દરબારને સલામ કરી.

દરબાર :—ગરાસીઆના પેટનો છો? નો'તું કહ્યું તને?

'પણ શું કરું? આયર ત્રણ તાડ જેવડો થાય છે—કાઠામાં સમાતો નથી.'

'તે ન થાય? નો'તું કહ્યું મેં? જા, મોઢું દેખાડીશ નહિ.'

અને છેવટે, એક પરગામથી મહેમાન આવેલ આયરે પોતાના ગામની રક્ષા માટે આવું પરાક્રમ કર્યાની જાણ ભાવનગર ઠાકોર વજેસંગજીને થતાં તેમણે ભીમાને શોભતી રીતે ભાવનગર લઈ

આવવા અમીરને મોકલ્યા, ત્યારે સાચો વીર કેવો પ્રસિદ્ધિનો કાયર ને શરમાળ હોય છે તે દૃષ્ટિ દાદાભાઈમાંથી જ મને ભીમાની વાર્તામાં મળી છે. અને ગામ પછી ગામને ચૉરે વીરનો લોકપરિચય કરાવતા કરાવતા ભીમાને ભાવનગર લઇ ગયા, ત્યાં કચારીમાં—

મહારાજ ગાદી પાસેથી ઊઠા થઇ ગયા. ચારે પલ્લા ઝાટકીને મહારાજ ઊભા થઇ ગયા.

અઢારસે પાદરના ધણી આઠ કદમ સામા આવ્યા.

ભીમાએ પગે હાથ નાખતી વખતે મહારાજે બાવડું પકડી લીધું.

મહારાજ જોઇ રહ્યા. અમીરને કહે—'મેરૂ ! ચાર સાંતીની જમીન, બે વાડીના કોસ, રાજની ગાદીએ દીવો રહે ત્યાં લગી ખાય. લેખ કરી આપો.'

લાવો પેરામણી.

ઘોડી લાટંલાટાં તૈયાર કરી.

'ભીમા ગરણીઆ : વૃદ્ધ અવસ્થા છે, નોકરી કાંઈ નહિ, ખાવપીઓ.'

આવા શિલ્પીઓને—આ દાદાભાઈ ગઢવીને અને વાલજી કુકરને હું ફરીવાર કેમ ન મળ્યો, તેમને વધુ પિછાન્યા વગર કેમ આ દુનિયામાંથી જવા દીધા, એ વિચારે પસ્તાઉં છું ને જે ગુમાવ્યું તેનો શોચ કરું છું.

પરકમ્મા

પ્રયાણ ત્રીજું

: વાંચણનાં વધુ પાનાં :

'ઘર રહેશે, રહેશે ધરમ; ખપ જશે ખુરસાણ–'

ટાંચણમાં નવી એક ભાત પડે છે. અબૂધ નરની પડખે કવિતાની જાણકાર નારી દેખાય છે–

તેતર દુહો લઇ ગયું !

મેઘો માર : થોરડી ગામનો આહીર માલધારી હતો. નજીકમાં એક નેસવાઇ (નેસડાંનો વાસી) પરજીઓ ચારણ : માલવાસિયું માણસ : સ્થિતિએ દૂબળો–પોતાને તો કંઈ આવડે નહિ, પણ ઘરમાંથી ચારણીએ એક દુહો રચી આપ્યો :

ચારણ્ય ગોળી સજ્જ કર,
હે નેતર ને રવા;
માર માગાં મેઘડો
સમપે ભીંસ સુવા.

(અર્થ–હે મારી ચારણી ! તું મહી વલોવવાની ગોળી તૈયાર કર. નેતરાં ને રવાઇ હાથમાં લે. કારણ કે હું મેઘા મારને જાચવા જાઉં છું ને એ તત્ખેવ મને ભેંસ સમર્પી દેશે.)

હે ચારણ, આ કૃતિ લઈને તું મેઘા માર કને પહોંચ ને દુહો કંડે રાખજે.

રસ્તે જતો જતો ચારણ દુહો ગોખતો ચાલ્યો.. પણ એક તેતર ભરરર કરતું વાડમાંથી ઊઠ્યું ને ચારણ દુહો ભૂલી ગયો. એને લાગ્યું કે 'તેતર મોળો દુવો લે ગો. [તેતર મારો દુહો લઇ ગયો.]

હવે ? દુહા વગર દાતારને ઘેર જવું શી રીતે ? પોતાના માશિયાઇને ઘેર રાત રહ્યો. ભેંસો દોવાતી હતી. પોતે પૂછ્યું. 'દોવરાવાં ?' [દોવરાવું !]

પોતાની ભેંસો નથી. છતાં દોવરાવવાનો આનંદ કેવો ! રોડયો પડતી જાય

છે ને પોતે બોલતો જાય છે : 'વાહ પાતાળની પદમણી ! વાહ નસૂંઢા (સૂંઢ વિનાના) હાથી ! તોળાં વધન્ય લાં. [તારાં વારણાં લઉં.]

એ આનંદમાં ચારણને ભુલાયેલો દુહો યાદ ચડી ગયો. પહોંચ્યો દાતાર પાસે. દુહો સાંભળીને મેઘો માડ બોલ્યો : 'ગઢવા ! આ દુહો તમારો રચેલો નહિ.'

ચારણ સાચું બોલ્યો. 'દુહો તો ચારણનો કહેલો છે.'

'ગઢવા, માગો.'

'માગું શું એક ભેંસ.'

'ના, એમ નહિ; વાંભ લો, ને જેટલી ભેંસ આ ખાડુમાંથી ઊભી થાય એટલી તમારી.'

ચારણે વાંભી (સાદ પાડયો) ત્યાં તો વીસ ઊભી થઈ. વીસે વીસ દાતારે દઈ દીધી.

ચારણીએ બીજો દુહો રચી મોકલ્યો હતો—

વાદળીઓ વણાર, થાનક થોરડી તણો;
કાલરની કાળા, મેઘડા મેની જાં.

(અર્થ—થોરડીના સ્થાનકમાં હે વણાર આહીર, તું તો વાદળીઓ મેઘ છે, માટે હે કાળા મેઘડા ! તું પણ તારા નામ મુજબ વૃષ્ટિ કર.)

પશુધન : ઊર્મિધન

કાવ્યપ્રશસ્તિનો સાહિત્ય-પ્રકાર તો શતકોજૂનો છે. મહારાજાઓ રીઝતા ને લાખોનાં દાન દેતા. સૌરાષ્ટ્રના નાનકડા માલધારીઓને પણ આ પ્રશસ્તિઓથી પોરસ ચડતો. પશુધનનાં દાન પણ પ્રચલિત હતાં. આ પ્રશસ્તિ, આ પોરસ ને આ દાન, એની વચ્ચેથી આ જીવનનો પ્રધાન સૂર તો એ નીકળે છે, કે પશુધન એ કેવળ પાર્થિવ સંપત્તિ નહોતી, પણ આ નિરક્ષર અને સંસ્કૃતિથી વેગળાં માનવીઓનું ઉચ્ચ લલિતોર્મિધન હતું. આ પશુધનનાં કાવ્યલાલન વડે એમની લાગણીઓ પુષ્ટ રહેતી ને સંસ્કાર પકડતી. એ ભેંસો કે ઘોડાં સમર્પતા, પણ ફિદા થઈને. એકાદ મોંયે કરેલો દુહો પણ ભૂલી જનાર ચારણને માટે

ભેંસ એ એક જીવતું કાવ્ય હતું. એ મૂંગા પશુને દર્શને અને પ્રાપ્તિએ કવિતા પણ દુઝણાંની પેઠે જ 'પ્રાસવો' મૂકતી, અર્થાત દૂધ મોકળાં મૂકતી. એટલે કાવ્યપ્રશસ્તિ દાતારની નહિ પણ એ પશુની બનતી. આ રહ્યું મારાં ટાંચણમાં એવા એક પશુદાન કામેલા ચારણનું રચેલું ભેંસ વિશેનું કાવ્ય—

ટેકા લેહન્તી આધોલાં બીચ, પ્હાડકાં હવાતી ઢુંક
ઝાડકાં ઉખેળે મૂળ ટલ્લાસે જોરાણ;
હાડકાં ગોળ હીં જેનાં, થાકયા હંસ જેમ હાલે
ખાણુકી છકેલ તેમ ગજી હે ખોરાણ. ૧

અંગવાળા બાબ એ તો ગજાળા સરીખા ઓપે,
મીણ ગોળા જસા દેહ, શોભતી મોં-નાળ,
શીંગવાળા ઢાળા જાણે આંટાળા વિશેષ શોભે,
માપ મેં સાંકળાં ભલ્લી દીપતી માથાળ. ૨

કુંભી જસા મોદા તેમ ચાર તસુ ગૂડી કહાં,
થંભ દેવળારા જસા પાહોવાળા ગોક,
ગોળા જયું ધડારા ભાગ, હડાળા રૂપાળા ગણાં,
દૂધાળાં ભરેલાં હાલ પાતળાંગી ડોક. ૩

રોહવેલ પાસા ઢાળા, અંગવાળા ઘાટ ફડા,
તેમ ચોડા પીઠ ભાગ દીપતા તમામ;
નખોડા એહવા બાબ નેતરંચા પૂછ નાબી,
દેખે અંબોડાળી ગ્રાગ દેવે સેસ દામ. ૪

પીંગળારા વાક તેમ કાળા નાગ જસી પોતે,
કુવાળાં આંચળા વાળાં વેંતકાં દેખાય,
પટાળા રામેવ વાળા, દાનહીં ભોપાળા પેખે,
બબે હી ગોવાળા દોવા વાળા બદલાય. ૫

ઘંબોડા શેહડા વાળી, ચલ્લે દૂધવાળી ધારા,
હિલોળી ભરે છે હાંડા ઝબોળી હંમેશ,

ઠણંકે સિંહ જ્યું ગોળી દધિકું વરોળી દેખો,
ભલેરી ઘીઆળી વીકાનંદા વાળી ભેંસ. ૬

સિંહ તણા પ્રાણ હેવે, બાણ સાંધે ચડી ચોટ,
નવે ખંડે ગઢે કોટે વખાણાય નામ;
કંટાળા-ભોપાળ રામ નોળ એડી બાબે કમી
જોરાળા સમાપી એડી આહીરાંકા જમ. ૭

અર્થ

૧. માથાના ઠેલા દઈને પહાડોનાં શિખરો ડગમગાવતી, ઝાડનાં મૂળ ઉખેડતી આ જોરાવર ભેંસ, જેનાં હાડકાં ગોળાકારે છે, જે થાકેલા હંસ માફક મલપતી ગતિએ ચાલે છે, ખાણુ ખાઇને મદોન્મત્ત બને છે.

૨. શરીરનાં લક્ષણો તો હાથીનાં લક્ષણો સમાં છે. મીણના ગોળા જેવો મુલાયમ દેહ છે, મોઢાની નાજ્ય શોભે છે, શીંગો ખૂબ આંટા લઈ ગયેલ છે, ડોક (સાંકળ) પણ માપમાં છે.

૩. પથ્થરની કુંભી જેવી પગની ખરીઓ છે, ઘૂંટણ ચાર તસુ પહોળી કહું છું (કહાં). પગ દેવળના સ્થંભ જેવા છે. ધડાનો ભાગ ગોળા જેવો છે, છાતીનો લડો રૂપાળો છે. હાડ દૂધે ભરેલ છે. ડોક પાતળી છે.

૪. અંગોના ઘાટ હાથીદાંતના પાસા જેવા સરખા છે. પીઠભાગ પહોળો છે, ખોડખાંપણુ વિનાનાં (નખોડા) એવાં લક્ષણોવાળી ને અંબોડાવાળી (આંટા લઈ ગયેલ શીંગડાવાળી) ભેંસને દેખી ગરાક (ગ્રાગ) હજાર (સેસ=સહસ્ર) રૂપિયા આપવા ઇચ્છે.

૫. વેંત વેંતનાં તો આંચળ છે. પટાધર રામ નામના દાતારનાં આવાં દાન સર્વ રાજવીઓ જોઈ રહે. બબે ગોવાળ તો એને દોવા બદલવા પડે.

૬. દોતાં દૂધની ગાજતી ધારાઓ વહે છે. હાંડા ને હાંડા ભરાય છે. એનાં વલોણાંની ગોળી તો સિંહ શી ગર્જના કરે છે. વીકાનો નંદ (પુત્ર) એવી ભલી ભેંસ સમર્પે છે.

૭. સિંહના પ્રાણ લેનારી, વાણ્ય (ચીસ) પાડીને સિંહ સામી દોટ કાઢનારી એવી ભેંસ વખણાય છે. એવી દરેક લક્ષણે કર્મી (કર્મી) ભેંસ કંટાળા ગામનો દરબાર રામ નોળ આપે છે.

રાજાને બોલતો કર્યો

ભેંસને વાંભ (સાદ) દઈને બોલાવી ખડી કરવાનાં જેમ કાવ્ય, દાતારનું દિલ કેળાવવાને જેમ કાવ્ય, તેમ અબોલ માનવીને પણ બોલતાં કરવાને કાવ્ય કામ લાગતું. આ કાવ્ય–કરામતનો નીચલો પ્રસંગ ટાંચણમાંથી નીકળે છે.

ગોંડળના રાજવી સંગ્રામજી બહુ મૂંગા રહેતા. કેમેય ન બોલે. હમીર ખાચરે પોતાની છ આંગળીવાળી હથેળીની અંજળી વીશ અશરફીની લેવરાવી તો પણ ન બોલેલ. એને આણંદદાસ કવિએ આ ગીત કહીને બોલાવ્યા—

સુધ જબરા બોલ જોગંદર સગમલ !
કે કે સાધ્યો કૈક કળા ?
પલટણ દલી સતારા પૂણા
[કે) બઢ જૂનાનો થિયો ગળા ?–૧

(આવું) જબરૂં વ્રત લીધું કિમ જાડા ?
ભડ સાચું કહેજો સતભાણ,
દેવાહરા ! કવ્યાં અથ દેવા
(કે ના) રાજાસું ટહણા લેવા જદુરાણ ?–૨

બનરાં પંખી પઢાવ્યાં બોલે,
દલમાં દૂજા નકે દગા;
કુંભા તણ પ્રાકમ અંગ કેવાં
(કેના) સિધ જોગારો બેલા સગા ?–૩

દેવળ તેય પડછંદા દેવે,
કહીએ તેવું તે જ કહે.
મેપત બોલો ખૂબ મજાથી
[તો] રાજસભાને મોજ રહે.–૪

કરડા તણી ધર લેવા કાજે
[તું તે] નવ સોરાઠાં સામો નાથ?
આણુ ટોંક ઘોંઘથી આવ્યો
[કે તું] રે'વાશી કાશી સમરાથ?–૫

સૂબો જબર, જબર મનસૂબા,
ઘાટ સમજણે ઠાઠ ઘણા,
સગમલ અરથ કર્યાં જગ સધરે
તું બોલ્યાથી ભાણ તણા!–૬

મૂંગા રહેવાનું કારણ તો ઠાકાર સંગ્રામજીને ચાય તે હો, પણ ચારણે એને વ્યંગમાં ઠપકો દીધો : હે સંગ્રામજી! હે જબરા જોગંદર સિદ્ધ! બોલ તો ખરો, કે તું શી શી વિદ્યાની સાધના કરી રહ્યો છે? તું તે શું દિલ્હી, સતારા કે પૂનાનો રાજપલટો વિચારી રહ્યો છે? કે શું તને જુનાગઢનું રાજ્ય જીતી લેવાનો સ્વાદ લાગ્યો છે? આવું મૌનવ્રત શીદ લીધું છે? કે શું કવિઓને કોઈ મોટી પહેરામણીઓ કરવાનું વિચારે છે? મોટા રાજાઓ સાથે અફળાવાની ઇચ્છા કરછ? અરે વનનાં પંખીડાં પણ દિલમાં કશો દગો રાખ્યા વગર આપણા બોલાવ્યાં બોલે છે, તો તું મનુષ્ય કેમ ચૂપ છે? અરે નિર્જીવ દેવળ પણ આપણા અવાજની સામે પડઘા આપે છે, ને જેવું કહીએ તેવું સામે કહે છે, તો તું શું એ કરતાં પણ પ્રાણહીન છો? હે મહીપતિ! બોલતા રહો, તો રાજસભાને પણ મોજ રહે. નહિ તો કહી દે કે તું શું કોઈ કરડા રાજની ધરતી જીતવા મનસૂબો કરી રહેલ છો? કે શું તું કોઈ આબુશિખરથી કે કાશીથી ઊતરેલો મહાયોગી છે?

નવાઈ નથી કે સોરઠિયો ઠાકોર પોતાને આરોપવામાં આવેલ આવાં બુલંદ બિરુદો અને ઉપમાઓના હાર્દમાં છુપાયેલ હાંસીનો માર્યો મૂંગો મટી ગયો હોય. બાકી કવિએ તો ઉપાલંભ અને પરિહાસ દેવામાં કાંઈ બાકી નથી રાખી. પંખીઓ અને પથ્થરોથી પણ રાજા જેવા રાજાને વધુ જડ કહી દીધો.

રાદડિયાનું ખીજડિયું

ઊઘડો પાનાં—

ચીતળમાં કાઠી દરબાર હમીરવાળો : રામ રાદડિયો નામે એનો કાઠી. રામ રાદડિયાને ઘેર મહેમાનગતમાં સાકરની ઠમરીઉ ચડે.

એક વાર ખુમાણો મહેમાન થઈને ચીતળમાં આવ્યા. ગામમાં પેસીને જરા થંભ્યા. ઘોડા ખુંદી રહ્યા છે. પણ મસલત કરે છે કે કયે ઘેરે જવું !

'જો દરબારગઢમાં જાશું તો ખાટિયાં [ખાટી કઢી] મળશે. સાકર દૂધની ઠમરીઉ તો રામ રાદડિયાને ત્યાં મળશે.'

'હાલો હાંકો રામને ઘેર ઘોડાં.'

આ વાતચીત દરબારગઢની ડેલીએ બેઠે બેઠે દરબાર હમીરવાળાએ અને એના કાઠી રામ રાદડિયાએ બેઉએ કાનોકાન સાંભળી.

રામને બીક પેઠી : નક્કી દરબાર રન આપશે !

દરબારે મર્મ કર્યો : 'જાવ રામ રાદડિયા, સાકરની ઠમરીઉ ચડાવો. આંઈ તો ખાટિયાં છે !'

રામને ઘેર ખુમાણ દાયરો ઊતર્યો, રોજની રીતે રૂડી ભાતની મહેમાનગતિ માણી ને પછી આગળ ઊપડવા ઘોડે પલાણ મંડાય છે ત્યાં જ દરબાર હમીરવાળો આવીને હાજર થયા. રામ રાદડિયાને પૂરો ફ્રાશકો પડ્યો.

દરબાર મહેમાનોને કહે કે 'બા ! રોકાઈ જાવ.'

કે 'કાં આપા ?'

કે 'રામ રાદડિયાને ખરચ બહુ છે. એટલે મારે એને ખીજડિયું ગામ દેવું છે.'

તે જ વખતે ખીજડિયું ગામ દીધું.

હજુ પણ રાદડિયા ખીજડિયું ખાય છે.

માણસાઈ હજુ ઝબૂકે છે

સોરઠી જીવનનો 'સંસ્કાર' 'સંસ્કાર' એમ હું જે વારંવાર કહું છું, જે સંસ્કારને હું સોરઠી સાહિત્યકલાસંપત્તિનું જનક ગણાવતાં થાકતો નથી, તે જ આ સંસ્કાર છે. જેની ગાળો ખાતાં ખાતાં પણ ક્ષુધાર્ત ઠાકોર વજેસંગ ખરા બપોરે છાશની ઘેંશ પામ્યા તે ખેડૂતને મોટું દાન દીધું (રસધાર ભાગ ૧ : 'બોળો' નામની વાર્તા), જે પોતાનો કારમો શત્રુ હતો તે વીરાવાળાં પર વિષપ્રયોગ થનારો જાણીને તુરત ચાતુરી કરીને ખાંટ ભાયા મેરે શત્રુને બચાવ્યો, (રસધાર ભાગ ૩ : 'દુશ્મન' નામની વાર્તા) જે પોતાની સ્ત્રીને પરણી બેઠો હતો તે જુવાનને રાતના અંધકારમાં શત્રુહાથે ઘવાયેલો પડેલ દેખી કાંધે ઉપાડી વાઘેરે ઘર ભેગો કર્યો, (બહારવટિયા ભાગ ૨: વાઘેરોનાં બહારવટાં) પરરાજ્યના જે પટેલને એની પરોણાચાકરી બદલ ભૂલભૂલથી ગોંડળના કુંવર પથુભાએ પોતાની જમીન જાણી પારકી જમીન સરપાવમાં સમર્પી તે પટેલને તે જમીન તેના ધણી કાઠીરાજે ખરેખાત આપી દીધી (રસધાર ભાગ ૫ 'રખાવટ' નામની વાર્તા), એવા પ્રસંગો સોરઠી જીવનમાં ઠેર ઠેર પડ્યા છે. સાહિત્યમાં મળે તો તો કલાકૃતિ તરીકે જ સારા લાગે, અને વાસ્તવ-જીવનમાં તો એ સામા મળે તો પણ કાં કલ્પિત લાગે ને કાં બેવકૂફીનાં પરિણામો લાગે, એવી એ ઘટનાઓ છે. માણસાઈ ઘસાતી ઘસાતી પણ આટલા જમાના પછી જીવનની અનેકવિધ દીનતા વચ્ચે ઝબૂકે છે, તે જ આવા 'સંસ્કાર'ની ઊંડી જડને આભારી છે.

ખેલદિલી

'કરિયાવર' નામની વાર્તા, (રસધાર ભાગ ૫ ની પહેલી) તો યાદ હશે. હમણાં જ ટ્રેનમાં એક ભાઈએ યાદ કરાવી. પરપ્રાંતે વસેલ એ ભાઈએ કહ્યું કે ફલાણા ફલાણા એક ભાઈ આ વાર્તા વાંચી વારંવાર રડ્યા છે. વાર્તા એવી છે, કે એક વૃદ્ધ બની ગયેલા વિધુર

પિતાએ, પોતાને સંતાનમાં જે એક જ હતી તે પુત્રીને પરણાવી કરી, એને આણે તેડવા આવેલ જમાઈ સાથે પોતાના ઘરની કુલઝપટ સંપત્તિ સાથે વિદાય દીધી. જેવી બાઈ બધો કરિયાવર લઈને ગામ સોંસરી વેલડાંમાં નીકળે છે તેવા જ ચોરે બેઠેલા પિતરાઈઓ ડાંગો તલવારો લઈ આડા ફરે છેઃ 'નહિ લઈ જવા દઈએ આટલું બધું. વાંસે અમે વારસ બેઠા છીએ.'

બાઈએ કહ્યું–'વેલડું પાછું વાળો.'

તેડવા આવેલ ધણીને એણે કહ્યું કે 'ધાધલ, આ લે, તું આ રૂપિયા લઈ જા. બીજે પરણી લેજે.'

કે 'કાં ?'

કે 'હું તો મારા બાપને દીકરો થયા પછી જ આવીશ. તે પહેલા તું મારો ભાઈ છો.'

બાપને બીજે પરણાવ્યો. દૂધના કઢા પાઈ મર્દ બનાવ્યો. વરસ દહાડે નવી માને દીકરો આવ્યો એની છઠ્ઠી કરી, પછી ધાધલ પતિને કહેવરાવ્યું કે 'હવે તું તારે મને તેડી જજે.'

પછી તો બધું જ લઈને દીકરી સાસરે જવા નીકળી. ચોરે બેઠેલા પિતરાઈઓને વેલની ફડક ઊંચી કરીને કહ્યું : 'હવે આવો આડા ફરવા.'

'હવે શું આડા ફરીએ ?'

'હા જ તો. શું ફરો ! ઘોડીએ ભાઈ રમે છે.'

આંહીં સુધી તો મેં વાત આપી છે, પણ તે પછીનો પ્રસંગ ટાંચણમાં જ રહી ગયેલો આજે સામો મળે છે. આ વૃદ્ધ કાઠીના જે બે દીકરા થયા તેનાં નામ સૂરો ને માત્રો. મોટપણે એમણે સાંભળ્યું કે વડાળાના કણબીએ પોતાના બે બળદોનાં નામ આપણાં નામ પરથી સૂરો ને માત્રો પાડયાં છે માટે જઈને એને ઠાર મારીએ.

ગયા પટેલને ખેતરે. જુએ તો પટેલે બેઉ બળદોની ગમાણમાં એક કોર ખોળ ભર્યો છે ને બીજી કોર કપાશીઆ ભર્યા છે. બેઉને ખાવું હોય તેટલું ખવરાવે છે ને 'બાપો સુરા !' 'બાપો માત્રા !' કરતો જાય છે. પશુ પર પ્રેમથી ઓછા ઓછા થઇ રહ્યો છે.

બેઉ ભાઇઓ ગયા'તા તો પટેલને મારવા, પાછા વળ્યા બન્નેની ધોડીઓ પટેલને ઇનામમાં આપીને.

એની એ જ વાતઃ સંસ્કારઃ આજે આપણે એને ખેલદિલી, રમતવીરતા, સ્પોર્ટ્સમેનશીપ વગેરે અનેક શબ્દો વડે ઓળખીએ છીએ.

ખાનખાનાન નવાબ

દાનના પ્રકારો વર્ણવું છું તેજ ટાણે ટાંચણનું નવું પાનું દાનના ઉદાત્ત સંસ્કારનો મર્મ બતાવતો પ્રસંગ રજૂ કરે છે—

ખાનખાનાન નવાબ, એ નામના મોટા અમીર અકબરશાહને રાજદરબારે શોભતા હતા. દાનેશ્વરી હતા. પણ દાન દેતા દેતા શરમાતા. કવિ પ્રશ્ન લખી મોકલે છે.

સીખે કહાં નવાબ જી,
ઐસી દેતે દેન ?
જ્યું જ્યું કર ઊંચે કરો,
ત્યું ત્યું નીચે નેન.

અર્થ—હે નવાબ ખાનખાનાન ! આવું દાન દેવાનું કયાંથી શીખ્યા, કે જેમ જેમ હાથ ઊંચો કરો છો તેમ તેમ નેણાં નીચાં ઢળે છે ?

ખાનખાનાન જવાબ મોકલે છે. (તે કવિ હતા)

દેને વાલા ઔર હે,
ભેજત સો દિનરૈન,
લોક ભરમ હમ પે ધરે
તાતે નીચે નેન.

અર્થ—હે કવિ, દેવાવાળો તો કોઈક બીજો (અલ્લાહ) છે. દિવસરાત મોકલે છે તો એ. પણ લોકો એનો ભ્રમ મારા પર આરોપે છે, (કે હું આ દઉં છું) તેથી લજ્જા પામીને મારાં નેણાં નીચાં ઢળે છે.

અકબર–દરબારનાં 'રત્ન' ગણાતા એ નેકપાક શાહિર–સેનાપતિ ખાનખાનાન પર, સ્વર્ગસ્થ મહારાણા પ્રતાપસિંહના પુત્ર રાણા અમરસિંહે, મુગલ–સામ્રાજ્યનાં પીડનોથી તોબાહ પુકારતા આ બે દુહા મોકલ્યા તે પણ આજે ટાંચણમાંથી જડી આવે છે ને સ્વ. ગગુભાઇનું સ્મરણ તાજું કરાવે છે.

કમધજ હાડા કુરમ્મા
મહલાં મોહ કરન્તા;
કહજ્યો ખાનખાનાન મેં
બનચર હુવા ફિરન્ત

અર્થ-રાઠોડો, હાડાઓ ને કચ્છવાહા ક્ષત્રિ રાજવીઓ તો અકબર-સામ્રાજ્યને શરણે થઇ જઇને મહેલોમાં મોજ કરે છે, હું એક જ વનનું વનચર બનીને ભટકું છું.

ચહવાણાં દલ્લી ગઈ,
રાઠોડાં કનવજજ;
કહજ્યો ખાનખાનને
એ દન દીધે અજજ.

અર્થ–ચહુવાણોની દિલ્હી ગઈ, રાઠોડોનુ કનોજ ગયું, એજ દિવસ મારા મેવાડનો પણ આજે દિસે છે.

તેના જવાબમાં ખાનખાનાન ભાવિની વાણીથી ભરેલો દુહો મોકલે છે.

ધર રહસી, રહસી ધરમ્મ,
અપ જાસી ખુરસાણ,
અમર ! વિશંભર ઉપરે
રાખ નહચ્ચો રાણ !

અર્થ–ઘરા રહેશે, ધર્મ રહેશે, ખોરાસાનીઓ (પરદેશી પીઠકો) ખપી જશે. હે અમરસિંહ ! વિશ્વંભર પર વિશ્વાસ રાખજે.

રસજમાવટની વિવિધતા

' ધર રહસી, રહસી ધરમ...' એ શબ્દો મારા સ્વ. ચારણમિત્ર ગગુભાઈ નીલાના કંઠેથી જ્યારે પ્રથમ વાર ઊઠ્યા ત્યારવેળાનું તેમનું મોં અત્યારે પણ નજરે તરવરે છે. એ મોં પર, આ દુહો બોલતાં બોલતાં, ખાનખાનાનનું આત્મસંવેદન ઝલક મારતું હતું. મોં પર પસીનાનાં ટીપાં બાઝતાં. સુંદર ગુલાબી ઝીણી કિનારવાળા દુપટ્ટાનો છેડો લઈ ને પોતે મોં લૂછતા, હાથના પંજાનો ઝટકો મારીને કહેતા–' ખપ જાસી ખુરસાણ. ' ' ધર રહસી ' બોલતે ધરણીના પરમ સ્થૈર્યનું મહાસ્વરૂપ હાથની સ્થંભમુદ્રાએ ખડું કરતા, અને આકાશ સામે આંગળી ચિંધાડીને, માનવના તૂટતા મહાસામર્થ્યને ટેકવી લેતા હોય તેમ બોલતાઃ 'અમર ! વિશંભર ઉપરે રામ નહચ્ચો રાણ ! '–આશા અને આસ્થાના શા એ બોલ હતા ! થોડાક જ બોલ, પણ ચારણના બોલ, વલોવાઈ જતા એક મુસ્લીમના હૈયા–બોલઃ– ' ધર રહસી, રહસી ધરમ...'

પરિહાસ તો જેની વાણીમાં પગલે પગલે આવતો હતો, એ ગગુભાઈની પાસે આ ત્રણ દુહા ઉચ્ચારતી વેળા નરી પ્રાર્થના, નરી આરઝૂ, નરી આપદા જ છવાઈ રહેતી. આંખોમાં જળના ટશીઆ આવતા. વીરોચિત કારુણ્ય વાળી ઘટનાઓને એની ઉત્કટતાએ પહોંચાડવામાં ગગુભાઇ કેટલા પાવરધા હતા તે તો મારી ' રાઠોડ ધાધલ'ની વાત (રસધાર ભાગ ૩)ને યાદ કરનારા વાચકો કલ્પી શકશે. જોગીદાસ ખુમાણે અને રાઠોડ ધાધલે મળીને એક કાળા બપોરે વીજપડીના બેતર વચ્ચે સાંઠીઓ સૂડતા એક જોબનજોહ્ય કણબીને બરછીએ માર્યો, અને ધણીને બચાવવા માટે પોતાના દેહ પર ઠાંસેલાં તમામ આભરણોને ઉતારી દેતી આણાત કણબણ યુવતીએ ધણીને મરતો દેખી કોદાળીના જે ધડૂસકારા પોતાને કપાળે માર્યા, તેનું વર્ણન

યાદ આવે છે ? એ વર્ણન ગગુભાઇનું કરેલું. એ પાતકની આહ વૃદ્ધ કાઠી રાઠોડ ધાધલને કેવી જલાવી રહી હતી તે યાદ આવે છે ? એ વર્ણન ગગુભાઇનું કરેલું. રાઠોડ ધાધલના વીરમૃત્યુને 'એપીક' ઘટના બનાવીને કરેલું આલેખન યાદ આવે છે ? એ શિલ્પ ગગુભાઇનું. એ ચિત્રો આલેખવા ટાણે કોણ કહી શકે કે ગગુભાઇની રસના–પીંછીમાં હળવાશ પણ ભારોભાર હશે !—એ હળવાશનો દાખલો મારા ટાંચણમાં એકલિયા બહારવટિયાના બ્યાન રૂપે મોજુદ છે. છોકરું મોઇડાંડિયે રમતું હોય એટલી મોજભરી બાનીમાં ગગુભાએ એકલિયા નામના ચોરને આલેખ્યો—

એકલિયો બહારવટીઓ

ચોરણ હતો. મૂળ નામ પૂનરવ. પહેલાં મીંયાણા મોવર સંઘવાણી ભેળો બહારવટે. પણ ભડયું નહિ. એકલું બહારવટું આદર્યું. એકલે પંડે જ. જેથી કહેવાણો એકલિયો.

પાસે એક ટારડી ઘોડી. જસદણ તાબે ભાદર નદીમાં એક દી' ટારડીને ધમારે છે. ત્યાં દરબારી માણસો કુંવર જીવા ખાચરની ઘોડિયું ધમારવા આવ્યા. કહ્યું કે એલા તારી ટારડીને બહાર કાઢી લે. થઈ મોલાચાલી, એકલિયે બહાર નીકળીને દરબારી માણસોને પોતાની ટારડીની સરકથી માર્યા. કાનફટીઉં તોડી નાખી. દરબાર આલે ખાચરે ત્રણ મહિનાની કેદ આપી. છૂટયો ત્યારે કહેતો ગયો કે દરબારને કે'જો ચેતતા રહે.

*

મોટા અણીઆળી ગામમાં પટેલને ઘેર ઘોડી હતી. જઈને કહે કે 'ઘોડી લેવી છે.'

કે ' રૂપિયા ચારસો પડશે. '

કે ' ચડી જોઉં. '

પટેલે તો આજેવાળ જેરબંધ ચડાવ્યા, ઘોડીને ટાપક ટીપક કરી. એકલિયો ચડ્યો, એકાદ પાટી લેવરાવી પછી ગોથું ખવરાવ્યું ને કહ્યું ' લ્યો રામરામ. આલા ખાચરને કે'જો રૂપિયા ચારસો તમને ચૂકવી દે.'

હરણ ખોડાં કરે એમ ઘોડી ગઇ.

આવ્યો જસદણની બજારે. અરીણુના ઈજારદારની દુકાને ઘોડી ઉભાડીને કહે ' અરધો શેર અરીણુ જોખ.' જોખ્યું. ' લાવ છેડામાં.' લઈને ઊપડ્યો. ' કે'જે દરબાર આલાખાચરને, કિંમત ચૂકવી આપે.'

મંડ્યો જસદણ તાબામાં લૂંટવા ને બૂંહટું મારવા. દરબાર કહે ' માળો સાપ બાંડો કર્યો.'

*

રાયપર ને કુંડળ વચાળે ગીડા કાઠીઓનાં ગામ. એક ગાડું હાલ્યું જાય. ભેળા અસવાર. અસવારો ગાડાને આગળ જવા દઇને બેઠા બેઠા હોંકા ભરે.

એકલિયો કહે ' રામરામ '

' એ રામ ! કેવા છો ? '

' કાઠી છું. નામ હમીર બોરીચો. હોંકા પાશો ? '

ઘોડી પર બેઠે બેઠે હોંકા તાણવા માંડ્યો. ગાડાને સારી પેઠે છેટું પડવા દીધું. પછી હોંકા આપ્યા દઇને ઘોડી લાંબી કરી. પહોંચ્યો ગાડાને. માંઈ બાઇઓ બેઠેલી તેને કહે ' બેન્યું, ઘરાણું કાઢી આપો, ખરચીખૂટ છું.'

એમાં એક રાંડીરાડ બાઈ. જાતે ગીડા કાઠી. કહે કે ' ભાઈ, એક કડલું નીકળતું નથી.'

કે ' બોન, તારું બીજું કડલું આમાંથી ગોતીને પાછું લઈ લે. ને કામ પડયે ભાઇને બોલાવજે.'

એમ કહીને ગયેા.

એ બાઈ હતી કુંડળની. એને ગીડા ભાયાતોએ દુઃખ દેવા માંડયું. બાઇએ એકલિયાને ખબર કહેરાવ્યા. ગયેા કુંડળમાં. ૮–૯ ગીડાને માર્યા ને કહેતેા ગયેા ' એનને જીવાઈ કાઢી દજ્યેા. નીકર ગીડેા દીઠેા નહિ મેલું.'

*

જગેા ગીડેા જસદણના મેાટા અમલદાર. નીકળ્યા એકલિયાની વાંસે. વાંસેાવાંસ એકલિયેા ચડયેા. ફરી ફરીને જગા ગીડા ઘેર ગયા. એકલિયેા પણ ઠેઠ એને ઘેર પહેાંચ્યેા. ગીડેા તરવાર છેાડી, ભાલું મેલી, ઢેાલિયા માથે જ્યાં બેસે છે ત્યાં પહેાંચ્યેા.

કે ' જગા ગીડા ! લે બંધૂક, હું જ એકલિયેા.'

બંધૂક તેા શું હ્યે ! ગીડાને ઠાર માર્યેા. ભાગ્યેા. ' એા જાય ! જાય ! જાય ! '

*

કેાટડા દરબારનું ગામ રાયપર. બહાર ચારણનું મવાડું પડયું છે. ઘેાડાં બાંધ્યાં છે દશરાનેા દી.' તે દી' શુકન કરીને ચારણેા ઘેાડાંની સેાદાગરી કરવા બહાર નીકળે. લાપશી રંધાતી હતી. ગઢવા બેઠેલા. ત્યાંથી એકલિયેા નીકળ્યેા.

કે 'બા ઊતરેા. ખાધા વન્યા જાય એને બ્રહ્મહત્યા !'

બેઠેા સેા ભેળેા ખાવા. એમાં એક ગીડેા નીકળ્યેા. ભેળું ભાલું છે. દેખીને લાપસી ખાવાનું મન થઇ ગયું. ચારણેાને કહે–

'રામરામ બા.'

કે 'ઊતરેા આપા.'

કે 'ઊતરે કયાં બાપ ! એકલિયાની વાંસે નીકળ્યા છયેં.'

ઝબ એકલિયો ઊઠ્યો. ઘોડી પલાણી. પડકાર્યોઃ 'હું એકલિયો. લે ભાલો !'

ચારણો આડા પડ્યા. હં ! હં ! હં.

કે 'ગીડો તો દીડો ન મેલું.'

કે 'ના, આંઈ કાંઈ ન થાય.'

કે 'બૂડી તો મારીશ.'

ભાલાની બૂડી ગીડાને મારી; બે તસુ વહી ગઈ.

*

દેવળિયે રાણીંગવાળાની ડેલીએ ગોરખો ગીડો બેઠો બેઠો એકલિયાની વાંકી બોલે. આંહીં એકલિયાનો પણ આશરો હતો. જોગાનજોગ એકલિયો એ સાંભળે. નીકળ્યો બહાર ને બોલ્યો, 'આ લે મારી તરવાર. હું લઉં જોડો. ઊઠ, ગીડાની તરવાર ને મારો જોડો.'

ગોરખા ગીડાને ધ્રૂજ વછૂટી.

કુંપો ગીડો કાઠી. ડીલ એવું જાડું કે દોઢ હાથ ઉભારો. માથે ગાડું ય ચડી ન શકે. ઢાંઢા આંચકીને ઊભા રહે. આડસર જેવી ભુજાઓ. ભાયાણી પાલી જેવું કાંધ. ભેળો મરમલ કાઠી. ફાટીને ધુંવાડે ગયેલા. ઊંટનું પાંસળું હોય એવી તરવાર રાખેલી. બેય ચાલ્યા આવે. એકલિયો વોંકળીમાં ઘોડીને બાજરો દઈને બેઠો છે.

બેઉ અસ્વાર ચાલ્યા જાય છે, ને કૂંપો ગીડો બોલે છે. 'ભાયડા હજી એકલિયાને ભેટ્યા નથી ના !

ઝબ અસવાર થાતે ને એકલિયો પાછળ પડ્યો. 'કુંપા ગીડા ! તૈયાર છું.' ગીડાએ ઘોડી દોટાવી મેલી. પણ એકલિયો તો પતંગિયો હતો. કર્યાં ભેળાં. આડો પડીને હાથ ઊંચા કરી મરમલ કાઠી કહે કે 'રે'વા દે.'

કે 'તું ખસી જા.'

કે ' પહેલું મારું માથું વાઢીને ગીડા માથે જા.' મરમલે આડું દીધું. હાથ જોડીને કરગર્યો.

' હીક ત્યારે જાવા દઉં છું. પણ ઘોડીનો મોવર તો ઉતારી લઈશ, ઘાંશીઓ લઈ લઈશ.'

કૂંપા ગીડાનું એટલું આંચકી લઈને પોતે ગયો. પણ એમાં પોતાનો ચોફાળ વોંકળીમાં પડ્યો રહ્યો. એ ચોફાળ લઈ લઈને કૂંપો ગીડો દેવળિયે રાણીંગવાળાને ત્યાં આવ્યા.

' ઓહો ગીડા ! તમે કયાંથી !

કે 'બા, એકલિયાની વાંસે ગ્યા'તા, ભેટાં કરી આવ્યા.'

' ઓહો ! રંગ છે.'

કે 'એણે માળે કોણ જાણે કેમ કરીને મારી ઘોડીનો મોવર લઈ લીધો, પણ તો મેં એનો ચોફાળ લઈ લીધો, આ જુઓ.'

' હા બા, સાચું. આ ચોફાળ તો એનો જ.'

એ જ વખતે રાણીંગવાળાની ડેલીએ સંતાયેલ એકલિયો બહાર નીકળ્યો ને કહ્યું ' લાવ્ય ચોફાળ. ખોટું બોલ છ ? તેં લઈ લીધો ? હવે તો બૂડી માર્યા વગર રહું જ નહિ.'

ગીડાને ભાલાની બૂડી મારીને લોહી કાઢ્યે રહ્યો.

*

એક દી' આવ્યો સનાળીમાં. એક રેટો માથે બાંધેલ ને બીજો કડ્યે. ભાલે કિનખાપનો રેજો ચડાવેલ. કહે કે ' ઈ રેજો તો મારું ખાંપણ છે ખાંપણ.'

બજારમાં ચડતે પહોરે આવ્યો. આલો ચાક નામે કાઠી મળતાં આલે પૂછ્યું, 'કયાં રે'વું ?'

કે 'હાલારમાં.'

'કેવા છો ?'

'બોરીચા. હમીર બોરીચો. આધા રે'જો. ઘોડી પરગંધીલી છે.'

આવ્યો હરજીવન વાણિયાની દુકાને 'શેઠ, બાજરો તોળજો છ શેર.'

પૂછ્યું 'કેટલા પૈસા ?'

કહ્યા પ્રમાણે પૈસાનો ઘા કર્યો.

ગણીને હરજીવને કહ્યું, 'એ પૈસા વધારે છે.'

'એના કૂતરાને રોટલા નીરજો. લાવ્ય બાજરો.'

'કહેા છોને ઘોડી પરગંધીલી છે !'

કે 'વાણિયાને કમ કરડે છે !'

'રંગ છે બુધા ગીડાના લોઈને !'

એમ બોલીને એકલિયો દાયરામાં બેસીને કસૂંબો પીએ.

કે 'કાં એવા રંગ આપો ?'

કે 'બા, બુધો ગીડો શરવીર હતા. એવા શરવીર કે લોઈ ભાળીને મરી ગયેલા ! એટલે હું કસૂંબામાં એને રંગ દઉં છું. ગીડાની તરવાર ને મારું ખાસડું. ગીડાની હારે હું તરવારે લાકડીએ તો લડું નહિ.'

*

મોરબીની જેલમાં પોતાને નખાવનાર એક ભગવતસિંહ ગરાસીઓ હતો. ભલા ગામમાં રહેતો. ઊપડયો એને મારવા. ગામની ખળાવાડમાં ભગવતસિંહ ખળાં ભરે છે. વાડયે ડોકાણો ને કહ્યું, 'કાં, દરબાર, તૈયાર છો ને ?'

'હા તૈયાર !' કહેતો ભગવતસિંહ જોટાળી ઝૂંધૂકે ઘોડે ચડી બહાર નીકળ્યો. ભેળા સાંધી સવાર. મંડયા સામસામા ઝપટ કરવા.

એકલિયો પાછળ ને પાછળ ખસતો જાય. મનમાં એમ કે ભગવત-સિંહનો દારુગોળો ખૂટે તો ભેળાં કરું. ધકમક ધકમક થાતું જાય. આઘો નીકળી ગયો. પાછળ અવાજ આવતા બંધ થયા. એમાં ઘાટાં ઝાડ, કજાડી જમીન, નેરું ખળકયે જાય, અને ઘટાટોપ વડ, એવી જગ્યા દેખી મન થયું કે માળું નાઈએં તો ઠીક,

પડખે ભરવાડ ગાડર ચારે. કહ્યું કે 'એલા વડ માથે ચડીને ખબર રાખ, કોઈ અસવાર આવે છે?'

નાઈને બહાર નીકળ્યો ને અસવાર નજીક આવ્યા ત્યારે પછી ભરવાડે ખબર દીધા.

એકલિયો એકલી સૂરવાળ પહેરીને ઘોડીએ ચડયો, ભાગ્યો. ભગવતસિંહે બંધૂક મારી, બરાબર એકલિયાના પગનું બૂચ તોડીને ગોળી ઘોડી સોંસરવી ગઈ. પછી ઘોડી ચાલી ન શકી.

ફૂદીને એકલિયે સંધી માથે ઘા કર્યો. હેડો ઉથલાવીને એની ઘોડી માથે ચડી ગયો ને હાંકી. ભગવતસિંહે બંદૂકને ફરી કેપ ચડાવ્યો, પણ કેપ પડી ગયો. આંહીં એકલિયો હાંકે પણ ઘોડી ચાલે નહિ. પગ બંધાઈ ગયા. ઊતર્યો હેઠે, વળ્યો પાછો, બીજા સંધી માથે ઝાવું કર્યું. એની ઘોડી પર ગયો ને ભાગ્યો. એમાં પોતાની બંદૂક વડલે પડી રહી.

*

નવાણીએ પહોંચ્યો. પગનું બૂચ તૂટી ગયેલ, તરવાર નાખી દીધેલ. ફકત એક ભાલો હતો.

દરબાર લોમોવાળો મેડેલ, ઓળખ્યો, 'આવે વેશે કેમ પના?'

કે 'લૂગડાં મગાવી દ્યો. રોટલો ને ગળ લાવો.'

દેવળિયે પાલાવા વોંકળામાં વાઘરીઓના વાડામાં રહ્યો. પાટાપીંડી, ને ખાવાનું રાણીંગવાળો મોકલે. લૂણો ધાધલ રોજ બેસવા જાય.

પણ રાણીંગવાળો, જે આજ સુધી એકલિયાને સંધરનાર હતો, તેને જ બીક લાગી પોતાનાં નાણાંની. એના કહેવાથી ગોરખે ગીડે જસદણમાં જાહેર કર્યું. એકલિયો ભાગી ન જાય એટલા માટે બ્રાહ્મણ લવા મહારાજનો ભાઇ પાલાવે વોંકળે જઇને ત્યાં વાતોચીતો કરી સુવાણ કરાવે. એ બ્રાહ્મણે કહ્યું કે પરમ દિવસ સુધી તો હું વાતોના રસમાં ને રસમાં રોકી રાખીશ.

ત્રીજે દિવસે સવારે બે પહોર દિવસ ચડતાં વોંકળાને કાંઠે ઊભેલા વાઘરીએ રાડ પાડી કે 'પુનરવ ભા, અસવર આવે છે. ભાલાં ઝળકે છે, ભાગો.'

'ભાગી તો રિયા હવે. ભાગવું લખ્યું હોત તો આજ રોકાણ જ શીદ કરત?'

એટલું કહીને એકલિયે પોતાના વાતડાહ્યા વિશ્વાસુ બ્રાહ્મણ ભાઈબંધ સામે નજર નોંધીઃ 'ભરડા! ખૂટયો કે?'

બ્રાહ્મણને મોઢે મશ ઢળી ગઈ.

પોતાની આંગળીમાં ચૌદ ગદીઆણાનો હેમનો ફેરવો હતો તે કાઢીને બ્રાહ્મણને કહ્યું: 'એક અડબોત ભેળો તારા પ્રાણ કાઢી નાખી શકું. પણ હું એકલિયો. મારું મરણટાણું ન બગાડું. આ લે આ દક્ષિણા અને માંડ ભાગવા. હમણાં આંહીં ગોળીઉની પ્રાછટ બોલશે.'

ફેરવો લઇને બ્રાહ્મણ વહેતો થયો અને બીજી બાજુ ગામમાંથી લુણો ધાધલ નામનો કાઠી એકલિયાને હોકો પીવરાવવા આવતો હતો તે પણ બીકનો માર્યો ઝાળાં આડો છુપાઈને બેસી ગયો. એણે કનોકન વાત સાંભળી.

વાઘરી કહે, 'બાપુ, હાલો. હજી ગામમાં જવાનો વખત છે.'

'અરે હરિ હરિ કર ભાઈ, હું એકલિયો હવે ભાગું?'

હથિયારમાં ફકત એક ભાલું જ હતું તે ઉપાડીને એકલિયો ઊભો

થયો. વાઘરીને કહે 'તું હવે ખસી જા.' એમ કહીને વોંકળાને કાંઠે ચડયો. ચડતાં જ ગીસત સામી દરસાણી. ગીસતની અને પોતાની વચ્ચે આડું એક ખીચોખીચ ઝાળું આવેલું હતું. પણ પોતે બીજી બાજુ તર્યો નહિ. જરાક તરીને ચાલે તો શત્રુઓને વાંસો દેખાડયા જેવું થાય એટલે સામી છાતીએ ઝાળાં સોંસરવો પડયો, કાંટે ઉઝરડાતો ગયો ને બહાર નીકળ્યો.

ત્યાં તો ગીસત લગોલગ થઈ ગઈ. ભાલા સોતો એકલિયો છલંગ મારીને ગીસતના સરદાર વેળા ખાચરને માથે ગયો. એ ભાલાનો ઘા ચૂકવવા માટે વેળા ખાચર ઘોડી ઉપરથી નીચે ખાબકયો, કે તુરતજ એકલિયે ઘોડીને ભાલું ટેકવી, પેધડામાં પગ દઈ હને હાથ માંડી ઘોડી માથે ચડવા હલુંબો દીધો. દેતાં એનું માથું ઊંચુ થયું તેમ તો ધડ ! ધડ ! ધડ ! એકસામટી સાત ગોળીઓ માથાની ખોપરીને વીંધતી ગઈ.

તોય એકલિયો પડયો નહિ. ભાલાનો ટેકા દઈ ગોહણુંઆંભર બેઠો. છેલ્લી ઘડીએ બારવટિયો ભારી રૂડો દેખાયો. ત્યાં તો પ્રાણ છૂટી ગયા. એટલે કાઠીઓએ આવીને એના મુડદા ઉપર પેટ ભરીને ભાલાં માર્યાં ને ગીડાઓએ એના લોહીથી પોતાનાં કાતર્યા રંગ્યા. એની લાશને જસદણ લઈ ગયા.

'વેળા ખાચર !' દરબાર આલા ખાચરે બારવટિયાના શરીર ઉપરના જખ્મો જોઈ ઝીણે અવાજે કહ્યું, 'આ બધા બંદૂકના ઘા નો'ય બા ! આ તો વેરી મુઓ ઇ પક્ષીનાં પરાક્રમ લાગે છે !'

'અને ત્રીસ અસવાર થઈને એક માંદા શત્રુનેય જીવતો ન ઝાલી શકયા બા ! રંગ છે !'

પાલાવાને વોંકળે રાતોરાત કોઈ એક ખાંભી ઊભી કરીને સિંદૂર ચડાવી ગયું હતું. અત્યારે એ ખાંભી ત્યાં છે.

સંતદર્શન કરાવનારા

'ગરમલી ગામમાં, દીવાળી ટાણું હતું. ભેખ્યું ભેખડોમાં આપા પોતે ગાઢું [ગાયો] ચારવા જાય. ત્યાં કણબીની એક છોકરી ઢોર ચારવા આવે. એના માથામાં ઊંદરી : માથું ગદગદી ગયેલ. આપાએ એના માથા પરથી મૂંચલી ઊંચી કરી. ત્રણ વખત માથું ચાટ્યું, છોડીને નવનિરાંત થઇ ગઇ.

આપા દાના નામના ચલાળાની જગ્યાના કાઠી સંતનું સ્મરણ કરાવતું ઉપલું ટાંચણ મારી પોથીમાં એક દુબળા, પાતળા, બેડી દઢીના, આંખે લગભગ અખમ (નહિ દેખતા) અને દાંત વગરના મોંમાંથી વાતોનાં અખૂટ વહેન ચાલુ રાખતા બુઢ્ઢા સૂરા બારોટની આકૃતિને ખડી કરે છે. હડાળાના રૂપાળા દરબારગઢના બેઠકખાનામાં કયે કેકાણે સૂરા બારોટ બેઠા હતા, ગળામાં કેવા રંગના પારાની માળા હતી (કાળા રંગની) અને અવાજ કેવો હતો, તે બધું અઢાર વર્ષો ગયાં છતાં યાદ છે. સોરઠી સંતોના સંશોધનના શ્રીગણેશ એમણે કરાવ્યા. પાંચાળના મોલડી ગામના સિંહ-ભેરૂ રતા ભગત કાઠીથી લઈ એમણે એ પ્રારંભ કરાવ્યો. ટાંચણ આવે છે—

'રામછાળી : ગેબી બાવાનું ભોંયરૂં : દૂધપાક : ત્રણ ભવનની સૂઝી : સૂરજ, વાસંગી, ગેબી, ને રતો, સોગઠે રમ્યા : આંતરે ગાંઠયું : ભાઇબંધાઇ : લાકડી પડે એમ પગુમાં પડી ગયા.

પંજે નીમન્યો : આપ સરીખા કર્યા.'

રામછાળી એટલે હરિની બકરી. ચારવા આવતી બકરી પાછી સાંજે ડુંગરામાં ચાલી જતી, કયાં જતી ! રતો પાછળ પાછળ ચાલ્યો. ગેબી બાવાને ભોંયરે જઇ ઊભી રહી. એ બકરી દોહીને બાવાએ રતાને

દૂધપાક ખવરાવ્યો, રતો સંત બન્યો. સંતોના ગેબી ધામ કે દેવનાં પુરાતન થાનકો, હમેશાં વાર્તાઓમાં આ રીતે જ પ્રકટ થતાં બતાવાય છે. કાં તો છાણી ને કાં ગાય એનાં થાનકોનો પતો આપનારાં હોય છે. ચરીને પાછી વળતી ગાય આપોઆપ જ્યાં ઊભી રહીને દૂધની ધારાઓ આંચળમાંથી વહેતી મૂકે તે સ્થાનમાં ઊંડા ઊતરો તો શિવલિંગ કાં શાલિગ્રામ સાંપડે.

સૂરા રાવળે એ સોરઠી સંતોનાં દર્શન કરાવ્યાં. શુકનદાતા સારા મળ્યા, તે આજ પણ સંતો અને સંત-વાણીની નવનવી સામગ્રી લાવે છે. મારા સોરઠી સંતો—કાઠી, કુંભાર, કોળી, કડીઆ, માળી, રબારી, મુસ્લીમ, અને હરિજન જેવી કોમોમાંથી ઊઠેલા, નિર્જનિર્જનાં ધંધાધાપા કરતા કરતા, ખેતરો ખેડતા, ઢોરાં ચારતા, ચાકડો ચલાવતા, ગાયોનાં છાણના સૂંડા શિર પર ધરી વાસીદાં વાળતા, કોઈ ઘરસંસારી, લોકસમાજની વચ્ચે રહેતા, ધરતીની ધૂળમાં આળોટતા, સાદા ને સરલ આ મારા સોરઠી સંતો મને વહાલા લાગે છે. ટાંચણ બોલે છે કે—

'રતો ભગત ખેતરમાં સાંતી હાંકે. સાંતીની કોશ ધરતીમાં દટાયેલ કોઈ ચરૂનાં કડામાં ભરાય, ત્યારે ભગત ભાખે કે—

'લખમી, તારે મારી ઇરખા (ઈર્ષ્યા) હોય તો પેટ પડ (મારે ઘેર અવતાર લે,) બાકી હું તો પરસેવાનો પૈસો ખાનારો.'

એવા રતા ભગતને ઘેર માંગબાઈ દીકરી જન્મી, મોટી થઈ, પરણાવી, પણ જમાઈ જાદરો કપાતર કાઢી, દીકરીને દુઃખ દેવામાં અવધિ કરી, પણ ભગત બોલે નહિ. જાદરાએ એક દિવસ જોયા—બે સાવઝોની સાથે ખેતરમાં સસરાના બેલ. ડધાઈ ગયો. કુકર્મોનો પરિતાપ ઊપડ્યો, કહે કે 'મને ઉદ્ધારો!'

'જા, હું નહિ, તને તો થાનગઢમાં કુંભાર મેપો પરમોદ દશે.'

ગયો થાનગઢને કુંભારવાડે, મેપો ચાકડો ચલાવવે, ઠામડાં ઉતારે,

વહુઉ દીકરીઉં ઠામ લઈ તડકે સૂકવે. કુકર્મી જાદરો ટાંપીને બેસે. બાઇઓ ત્રાસે, મેપાએ જાદરાને ત્રણ ચાકડેરણી (લાકડી) મેલી, ઊઠી આવી, જાણ્યું કે બસ આનો માયલો મરી ગયો છે.'

પ્રમોદ્યો. (દીક્ષા દીધી.)

એવાં એવાં સંતચરિત્રો સૂરા બારોટે હડાળા ગામે કથ્યાં; અને એમણે અધૂરા મૂકેલ ત્રાગડા ફરી પાછા મહિનાઓ ગયે, વડીઆમાં રાવત જેબલીઆએ ઉપાડી લીધા. વૃદ્ધ અને સુરદાસ કાઠી રાવતભાઈ, વડીઆના સ્વ. દરબારશ્રી બાવાવાળાના સસરા, એણે મને પાસે બેસારી, પ્રેમથી સંતોની વાતો કરી. ટાંચણ બોલે છે—

'દાના ભગત કુંડલાનાં ગામ કરનળે ગાયું ચારે. ભાવનગર મહારાજને છોડ નહિ. ભગતને વાત કરી. ભગતે નાળીએર મોકલ્યું. મહારાજને કુવર અવતર્યો. એ પ્રતાપ ભગતનો જાણીને મહારાજે કરનળા ગામ દીધું.

ભગતનો જવાબ તો જુઓ—

'ના બાપ, બાવાને ગામ હોય, બહુતોને મારી ગાયુંના સંતાપ હશે તેથી જ ગામ દીધું લાગે છે. અર્થ એમ કે હવે આંઇથી વયા જાવ! હાલો,'

ચાલી નીકળ્યા.

બુડી વા બુડી વા (તસુ તસુ જમીનને માટે જ્યાં ઝાટકા ઊઠે, ત્યાં, તે જ સોરઠી ધરામાં ગામગરાસનો છાંયો પણ નહિ લેનારા સંતો એ જ ભોંયભૂખી કોમોને પેટ પાકયા, માટે જ મને સોરઠી સંતો વહાલા લાગે છે. માટે જ મેં એમનાં મારાં 'સોરઠી સંતો' અને 'પુરાતન જ્યોત' માં લાડ લડાવ્યા છે, પણ હજુ જરાક આગળ જઈએ, ને રાવત જેબલીઆએ કરાવેલ એક ચોંકાવનારું ટાંચણ ઉકેલીએ:—

વાસના મારીશ નહિ

ગીગો ભગત—નતે ગધે. મા ધજડીની. નામ લાખુ : રાણપુર પરણા-વેલા. પોતે નડીમોડી. ધણી છેલબટાવ. કાઠી મૂરા. ચલાળે મોસાળ તેડી

આવ્યા. ધણીએ બીજું ઘર કર્યું. મોસાળિયાં કહે કે આપણેય લાખુને બીજે દઇએ. પણ લાખુએ ના પાડી. એક વાર ચલાળામાં લાખુ પાડોશણના છોકરાને રમાડે. રમાડતાં રમાડતાં મન થયું (સંતતિનું.)

અવેડા પાસે થઇને ભગત (દાનો) નીકળ્યા. કહે કે—

'ભાણે લાખુ, વાસના મારવી નહિ, વાસના નડે. કલાણા બાવાનું મુંદ લઇ લે.'

લાખુને એક બાવા જોડે સંબંધ થયો. આશા રહી.

'રાંડ ઘરઘાવતાં ઘરથી નહિ, ને આપાના (દાના ભગતના) ખૂંટડાઓમાં જઇને રહી.'

એવી બદનામી થઇ : વિચાર્યું, 'કૂવામાં પડું.'

ભગત રાતે નીકળ્યા, કૂવાકાંઠે લાખુને જોઇ.

'લાખુ, કૂવામાં પડીને હાથપગ ભાંગતી નહિ. તારા પેટમાં છે બળભદ્ર. ઇ કોઇનો માર્યો મરે નૈ.'

જનમ્યો. નામ પાડયું ગીગલો. ગીગલો છ મહિનાનો થયો. પોતે મંડયા તેડવા રમાડવા. સાત વર્ષની ઉમ્મર. ગીગલો મંડયો વાછરૂ ચારવા.

ઇથી મોટો થયો એટલે મંડયો ગાઉં ચારવા.

બાવીશ વર્ષનો થયો : પાંચાળના સોનગઢથી લાખો ભગત આવેલ ત્યાં દાનો ભગત બેઠા છે. ટેલવા ગાયોનું વાસીદું કરે છે.

ગીગો છાણનો સૂંડો માથે લઈ નીકળે છે. છાણ આખું છે. મેલ માથ રેઆડા ઊતરે છે.

લાખો ભગતઃ—દાના, ગીગલાનો સૂંડલો ઊતરાવ.

દાના ભગતઃ—તમે ઊતરાવો.

'ગીગલા, આંઇ આવ.'

ગીગો કહે 'બાપુ, હાથ ધોઇને આવું.'

'ના, ના, ઇ ને ઇ આવ્ય.'

એમ ને એમ આવ્યો. માથે હાથ મૂક્યો. 'ગીગલા તારે બાવોજી પરસન. તું અમ બેયથી મોટો. ને લાખુ કીસે (કયાં) ગઇ ?

બોલાવી. વૃદ્ધ લાખુ આવી. ભગતે રાખ કરાવી. પોતાની જોળું ગીગાને અને લાખુને ખવરાવ્યું.

રક્તપીતિયાંની સંતસેવા

માનવતાનો આથી ઊંચો આદર્શ આપણને નહિ જડે. 'વાસનાને મારવી નૈ, વાસના નડે, કલ્યાણ બાવાનું બુંદ લૈ લે.' એ તો આધુનિકોને યે અદ્યતન લાગે તેવી ઉદારતા છે. 'કૂવે પડીને હાથપગ ભાંગીશ નૈ, તારા પેટમાં બળભદ્ર છે.' એવી હામ દેનાર સંત દાનો પાપ-પુણ્યના રૂઢિગત ખ્યાલો લઈને બેઠેલા જનસમાજની વચ્ચે જીવતા હતા ને એ જનતાને આધારે નિર્વહતા હતા. તે છતાં તેણે થડકાટ ન અનુભવ્યો, તિરસ્કૃત માતાને માનભેર જિવાડી, એના પુત્રને સંતપદે સ્થાપ્યો, ને એ મુસ્લિમ મા-બેટાની સાથે સંતો એક થાળીમાં જમ્યા. આજે ગીરનાં પહાડો વચ્ચેનું ધર્મસ્થાન સતાધાર એ ગીગા ભગતનું કર્મક્ષેત્ર હતું. ધેનુઓની અને પીતિયાં કોઢિયાં માનવીઓની, એ બેની સેવા, સતાધારની આ બે સંત-ધૂણીઓ હતી. ભયંકર રોગ રક્તપીત, એની નિર્બંધ સારવાર કરનારાં સોરઠમાં ત્રણ સંત-સ્થાનકો હતાં; ગધૈ ગીગા ભગતનું સતાધાર, રબારી સંત દેવીદાસનું પરબ-વાવડી, અને મુસ્લિમ સંત જમિયલશાહનો ગિરનારી દાતાર-ડુંગરો. હિંદમાં બીજા કોઇ સંતે આ કાળ-રોગની સેવા કરી જાણી નથી.

રાવતભાઇ જેબલિયાની કથનીમાંથી તો સંત-કુળની કલંક-કથા પણ મળી હતી. લોકજબાન કૂડને છુપાવતી નથી. ગુરુ દાનાએ શિષ્યને જુદી જગ્યા કરી દઇને કહ્યું. 'ગીગલા, અભ્યાગતોને રાબડી તો જજે.' આપો દાનો તો જતિ-પુરુષ, એની પછવાડે વંશ ચાલ્યો એના સંસારી ભાઈ આપા જીવણનો. ચલાળાની ધર્મજગ્યા એ કુટુમ્બવારસે ચાલી ગઈ. દાના ભગત દેવ થયા, ભત્રીજા દેવા ભગતે, પોતાની જગ્યામાં આવનાર અભ્યાગતોને ચીંધવા માંડ્યું: 'જાવ ગીગલા પાસે.' એકવાર આખી બાવાની જમાત આવી.

'લાવ મૈ માલપુડા !' 'જાવ ગીગલો દેશે.' ગીગો કયાંથી દે ? બાબીઓએ ગીગા ભક્તને માર માર્યો. દેવો કહે કે 'જા અહીંથી.' 'કયાં જાઉં ?' 'જા સાવજના મોંમાં.'—એટલે કે સિંહભરપૂર ગીરના પહાડોમાં. ધેનુઓ હાંકીને સંત ગીગો સતાધાર એમ હડધૂત થઈને આવ્યા. સંત-કુળોની વારસામોહિત સ્વાર્થપરતાની એ કાળી કથા છે. માટે જ પરબના દેવીદાસે જરજમીનનાં અર્પણનો અસ્વીકાર કરી કેવળ આકાશવૃત્તિનું જ કરડું વ્રત લીધું'તું ને !

'મારી એમ જોઇ !'

રતો, મેપો, નાદરો, દાનો ને ગીગો, એ હતા વાણીવિહોણા સંતો. સેવા તેમની મૂંગી હતી. સૌપહેલી સંત-વાણી મારે કાને કોળી સંત રામૈયાની પડી. જાંબુડી ગામનો આ મોટો શિકારી કોળી, નામે રામ ધાંધા. પશુઓના સંહાર સિવાય અન્ય કાંઈ ઉદ્યમ નહિ. એને મળ્યા સંત દખડિયો વેલો બાવો. એ પણ કોળી એની ભાળ પણ મારા ચારણ મિત્ર ગગુભાઈ પાંસેથી મળી. મેં પૂછ્યું હતું, કે અમે એક ગરબો ગાઈએ છીએ—

'દખડ બાવા તું હળવો હળવો હાલ્ય જે,
'ગરવાને માથે રે દખડિયા ઝળુંબિયા.'

એ દખડ બાવો કોણ, જાણો છો ?

એ કહે કે એ તો વેલો બાવો—

'વેલા બાવા તું હળવો હળવો હાલ્ય જે,
'ગરવાને માથે રે દખડિયા ઝળુંબિયા.'

'એ તો કણબીઓ કોળીઓનું પ્રિય ગીત છે. આજ ગિરનારની તળેટીમાં વેલાવડ છે, એ એના દાતણની ચીરથી રોપેલો. અને એ તો 'ભેરવનો રમનારો, ગુરુ મારો ભેરવનો રમનારો' કહેવાય છે. ભેરવ-જપની ભયંકર ટૂંક પર એનાં બેસણાં હતાં. સંજાણીઆ શાખના કણબીઓ વેલાને માને છે કારણ કે મૂળ જુવાનીમાં વેલો એક

સેંજળીઆ કણબીને ઘેર સાથી રહી બેતર બેડતા, સાંઠીએ સૂતા. ટાંચણ બોલે છે એના પહેલા પરચાની કાવ્યમય વાત.

'પોતે સાંઠીએ સૂવા જાય, પણ જઈને બેતરે તો ઝાડવા હેઠે સૂઈ રહે છે એવી વાત સેંજળીઆ કણબીને કાને આવી. ગયો બપોરે બેતરે જોવા. જુએ તો વેલો હજી છે, ને કોદાળી એકલી બેતરમાં પોતાની જાણે સાંઠીએ સૂડે છે !'

જગાડયો. પગે લાગ્યા. વેલો કહે કે 'તેં મારી બેબ જોઈ. હવે ન રહેવાય. લાવ મુસારો.' પૈસા લઈને ચાલી નીકળ્યા, પૈસા છોકરાંને વહેંચતા ગયા.

'મારી બેબ જોઈ-હવે નહિ રહું.' લોકકથાઓનું આ પણ એક જાણીતું 'મોટીફ' છે; દેવપદમણી હોથલે પિયુ ઓઢા જામને વચને બાંધેલો, કે તારા ઘરમાંથી મને પ્રકટ કરીશ તે દી' હું નહિ રહું. વચન લોપાયું, છતી કરી, ચાલી ગઈ. દેવાયત પંડિતને દેવપરી દેવલદેએ ચેતાવેલ–મારી બેબ બતાઈશ તે દી' નહિ રહું. ઘરમાં બેઠી. લોકોમાં ચણભણાટ ચાલ્યો : ભગત, તમે ઘેર નથી હોતા ત્યારે ઘરમાં કોઈક પુરુષ આવે છે ને વાતું થાય છે. વહેમાયેલા પતિએ એક વાર બેબ નિહાળી–

'હાથમાં કળશ ને વર્યો જાય અસ્વાર,
'મોલ સમાણાં દેવલદે નાર.'

બેમ જ ચાલ્યા ગયા સંત વેલો. જગતને પ્રબોધવા લાગ્યા. શિકારી રામડો આવીને કહે, 'કરી બાંધો.'

'કે બાપ, તારાં પાપને ત્યાગ, પછી બાંધું.'

શિકારનો રસિયો મનને નિયલવા મથ્યો.

પણ ગામપાદરમાં જબરું એક રોઝ પ્રાણી આવ્યું. બાયડીએ બોળાવીને મોકલ્યો. નવ ગોળી મારી. ન મર્યું. ચાલ્યું ગયું. પરગામથી ગુરુનું તેડું આવ્યું. જઈને જુએ તો પથારીવશ વેલાને શરીરે નવ નવ ગોળીના જખમો નીતરે ! બોલ્યા–

' બાપ, મને આંખો દી' બંધૂકે દીધો !'

બંદૂક છીપર પર પછાડીને ભાંગી રામડો પગે પડ્યો. ગુરુ છરી લઈને છાતી પર ચડી બેઠા. હુલાવી નાખું.

જવાબમાં રામડાને વાણી ફૂટી. ૩૫૦ ભજન ગાયાં.

બંદૂક ભાંગી : વાણી ફાગી

હું એ વાણીની શોધમાં ચડ્યો, વાવડ મળ્યા કે ખડખડ ગામમાં વેલાનો સાધુ રહે છે. વડીઆના તે કાળના યુવરાજ અને વર્તમાન દ. શ્રી સૂરગભાઇએ પોતાની મોટરમાં મને ખડખડ ઉતાર્યો. બુઢ્ઢો બાવો, અરીસાના કેફમાં ડૂલી ગયેલ, પુરા શબ્દો પણ ન નીકળે, પણ મને આસ્થાળુ માનીને એકતારો મેળવ્યો. વેલાના સમાધમંદિરે બેઠા. એણે માંડમાંડ ગાયાં પંદરેક રામૈયાકૃત ભજનો. ટાંચણમાં એ કાળી શિકારીનો ઓગળેલ આત્મા દેખાય છે—

મનખા જેવડું મહા પદારથ
વેળુમાં રે વેરાણું વેલા ધણી !
ચારે કોરથી વેપારી આવ્યા,
ઈ તો વેપાર કરી નવ જાણે રે વેલા ધણી!
દયા રે કરો ને ગુરુ મેરું કરો
મારા હૃદિયા હે ભીતર જાણો વેલા ધણી!
આ રે શે'રમાં બડી બડી વસ્તુ
ગાંઠે ન મળે નાણું વેલા ધણી !
ચારે કોરથી સળગાવી દેશે
ઈ તો સઘળું શે'ર હુંટાણું વેલા ધણી!
વેલનાથ ચરણે બોલિયા રામૈયો
ઓળે આવ્યાને ઉગારો વેલા ધણી !

ભક્તિની જુક્તિ

વેલાઓએ 'ગુરુને ચરણે' શરણાગતો બનીને ગાયેલ ભજનોનો ભંડાર

તો પારાવાર ભર્યો છે. પુરુષ ભજનિકો મોટે ભાગે મળે છે. તે બધાંની અંદર એક ભાત પડે છે સ્ત્રી ભજનકારોની. લોયણ નામની 'શેલણુ-શીની ચેલી' પોતાના પર વિષયાસક્ત બનેલ ધૂર્ત રાજવી લાખાને ગાળી નાખે છે તેની દાર્શનિક-વાણી પચાસેક પદોમાં પડી છે. તેના જેવી, પણ વિશેષ નિરાળી ને નવલી ભાત તો ગંગા સતીનાં, પોતાની પુત્રવધૂ ચેલી પાનબાઇને પ્રબોધતાં સંખ્યાબંધ પદો પાડી રહ્યાં છે. એ થોડાંક ભજનોમાંથી અકેકેક ટૂંક આપું છું—

મેરૂ રે ડગે ને જેનાં મન નો ડગે રે પાનબાઈ,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે
વિપત પડે વણુસે નહિ રે એ તો
હરિજનનાં પરમાણુ રે-મેરૂ રે ડગે૦

શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઇ
જેનાં બદલે નહિ વતમાન રે;
ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળી રે
જેને મા'રાજ થયેલા મે'રબાન રે-શીલવંત૦

લાગ્યા ભાગ્યાની જ્યાં લગી ભે રહે મનમાં પાનબાઈ,
ત્યાં લગી ભગતિ નહિ થાય,
શરીર પડે વાકો ધડ તો લડે રે પાનબાઈ.
સોઈ મરજીવા કહવાય રે.

મનને સ્થિર કરીને આવો રે મેદાનમાં પાનબાઈ,
તો તો મટાડું સરવે કલેશ,
હરિનો દેશ તમને દેખાડું રે પાનબાઈ,
જ્યાં નહિ રે વરણ ને વેશ રે.

રમીએ તો રંગમાં રમીએ રે પાનબાઈ,
મેલી દે આ લોકની મરજાદ,
હરિના દેશમાં ત્રિગુણ નવ મળે
નો હોય ત્યાં વાદ ને વિવાદ રે.

જાગતિ જાણ્યા વિન ભગતિ ન શોભે પાનબાઇ,
મરજાદ લોપાઈ ભલે જાય,
ધરમ અનાદિનો જુગતિથી ખેલો
જુગતિથી અલખ તો જણાય રે.

વીજળીને ચમકારે જોતી પરોવવું પાનબાઈ
નહિતર અચાનક અંધાર થાશે,
જોતજોતામાં દિવસ વહ્યા ગયા રે પાનબાઇ.
એકવીશ હજાર છસોને કાળ ખાશે

આવાં પદો સાસુએ શબ્દ ઊકેલે સંભળાવ્યાં ત્યારે વહુ પાનબાઈ જવાબ દે છે—

છુટાં રે તીર હવે નો મારીએ બાઈજી,
મેંથી સહ્યું નવ જાય,
કલેજાં મારાં વીંધી નાખ્યાં બાઇજી,
છાતી મારી ફાટું ફાટું થાય રે.

બાણ રે વાગ્યાં ને રૂંવાડાં વિંધાણા બાઈજી,
મુખથી કહ્યું નવ જાય,
આપોને વસ્તુ મુને લાભ જ લેવા,
પરિપૂરણ કહેને ક્રિયાય.

પણ માનવ-પ્રાણની છીછરાવટને જાણનારાં ગંગા સતી જવાબ વાળે છે—હજી વાર છે પરિપૂર્ણ ક્રિયા બતાવવાની. હજુ સાચાં બાણ વાગ્યાં નથી. બાણ વાગ્યા પછી તો વહુ ! વાચા ન રહે મોંમાં—

હજી પૂરાં બાણ નમને નથી લાગ્યાં પાનબાઈ;
બાણ રે લાગ્યાને છે વાર,
બાણ રે વાગ્યાથી સૂરતા ચડે અસમાનમાં,
પછી તો દેહદશા મટી જાય.

બાણ રે વાગ્યાં હોય તો બોલાય નહિ પાનબાઈ
પરિપૂરણ વચનમાં વરતાય,

ગંગા સતી એમ બોલિયાં રે
તેજ પૂરણ અધિકારી કહેવાય.

અને સાસુએ તો વહુને ખોળામાં બેસારીને રસ-પ્યાલો પાયો-

ખોળામાં બેસારી તમને વસ્તુ રે આપું
જેથી આપાપણું ગળી તરત જાવે,
વખત આવ્યો છે મારે ચેતવાનો પાનબાઈ,
માન મેલી થાવને હુશીઆર રે.

આપ્યો રસ ને ખોળામાં બેસાર્યાં
મૂકયો મસ્તક ઉપર હાથ.
ગંગા રે સતી એમ બોલિયાં
ત્યાં તો નિરખ્યા ત્રિભોવનનાથ.

અને ભક્તિ એ તો રહેણીથી વેગળી વસ્તુ છે એવો પણ એક ભ્રમ છે, બંને ગંગા સતી પ્રાણ છોડતાં પહેલાં નિવારે છે-

માન્યુંવો હોય તો રસ માણો હેજે પાનબાઇ,
હવે આવી ચૂકયો પિયાલો,
કહેવું હતું તે તો કહી દીધું પાનબાઈ,
હવે રે'ણી પાળવા હેતથી હાલો.

રે'ણી થકી જોને રામ રીઝે પાનબાઈ,
રે'ણી થકી રસ શરીરમાં પરવરે,

* * *

રે'ણી થકી અદ્ધર ઉતારા પાનબાઈ,
રે'ણી થકી પાર પોગી જવાય,
રે'ણી તો સરવથી મોટી રે પાનબાઈ,
રે'ણીથી મરજીવા બનાય.

એવું પ્રબોધીને ગંગા સતી સ્વધામ ગયાં. પ્રથમ તો પાનબાઇને અફસોસ થયો; પછી-

વસ્તુને વિચારતાં આનંદ ઊપજ્યો
મટી ગયો મનનો સરવે શોક;
અંતર અદહ્યું, નિરમળ બની બેઠાં,
સંકલ્પ સમાણો ચૈતન માંઈ;
હાણ ને લાભની મરી ગઈ કલ્પના
બ્રહ્માનંદ ખીલી ગયો ચિત્તલાઈ.

જ્યાં રે જોવે ત્યાં તો હરિ હરિ ભાળ્યા,
રસ તો પીધો અગમનો અપાર,
એક નવધા ભગતિને સાધતાં
મળી ગયો તુરિયામાં તાર.

આવી ભજનવાણી વડે નવી ટાંચણ-પોથીઓ ભરાઈ રહી છે, અને લોકસાહિત્યના રેવતાચળ ફરતી મારી પરકમ્માનો છેડો આવતો નિહાળું છું. ભજનવાણી, એ આ પરકમ્માનું અંતિમ સીમાચિહ્ન છે.

સોરઠી સાગરના સાવઝ

નવાં પાનાં ઊઘડે છે, અને મહિનાઓ પૂર્વે સાંભળી રાખેલું નામ–દુલા ભગત–ટંકાયેલું છે. શ્રી દુલાભાઈનો પ્રથમ મેળાપ ભાવનગરમાં થયો. પ્રભુના ને ચારણી દેવીઓના નિર્ઝરચ્યા છંદો મને સંભળાવ્યા. ડોંગળી બાની પર સારો કાબૂ, કલ્પનાઓ ઊંચી, પણ ઝડઝમક–ઝડઝમક–બેહદ ઝડઝમક. આજે તો એની વાણી એ તમામ ઝડઝમકને ગાળી નાખીને સાદા સલૂણા સર્વભોગ્ય કાવ્યપ્રકારોમા આસાનીથી રમે છે, અને કેટલાંક તો અપૂર્વ ગણી શકાય તેવાં સ્વરૂપોને સિદ્ધ કરી ચૂકી છે. સહજમાં સ્નેહ બંધાઈ જાય તેવા રસિક અને હેતાળ જુવાન, મંજ્યા ગીરની ને દરિયા–કાંઠાની વાતું કરવા. એમાંથી ભાવનગર–કંઠાળના ચાંચિયા સાગર–સિંહોની ઓળખાણ મળી : ખીમો વાજ્યે કોટડાનો, કાળો ભીલ કોટડાનો, દંતો કોટીલો ડેડાણનો, એવા ડાંખરા બહાદુરોનાં વૃત્તાંતો સાંભળ્યાં, અને પછી તો એક દિવસ એ ગીરના અને સાગરતીરના પ્રવાસે દુલાભાઈની

સાથે ચાલી નીકળ્યો. અમારી ઊંટની સ્વારી તળાજા, ગોપનાથ, ઝાંઝમેર, મધુવન ને મેથળા થઈ, જ્યાં બગડ નદી દરિયાને મળે છે એ 'દરિયા–બારૂ' નામને સ્થાને, ભરતીનાં નીર ઊતરે ત્યાં સુધી વાટ જોઈ પછી ઊતરાણ કરીને ઊંચા કોટડા પર ચડી ત્યારે સાંજ નમી ગઈ હતી. દરિયાની તરફથી બરાબર કાટખૂણે ખડા થયેલા એ ભયાનક ઊંચા ખડકની ઉપર, ચાંચિયાનું વસેલું ગામ કોટડા જોવાને અમે ધરતીની દિશાએથી ઢાળ–માર્ગે ચડયા, ત્યારે ચાંચિયાની બેહાલબાલાનું કારણ નજરે દીઠું. ત્રણ તરફથી દરિયામાં કાટખૂણે ઊભેલ આ ભૈરવી ખડકને માથે જવાનું જે પ્રવેશદ્વાર છે, તે તો બે જ બંદૂકદારો કે સમશેરવીરો સેંકડોની ફોજને ખાળી રાખે તેવું વંકું ને જોખમદાર છે.

કાળો ભીલ : ખીમો વાજો

ઉપર ગયા, પુરાતન ચાંચિયા કાળા ભીલની કોઠીઓ (માલ સંતાડવાને માટે ખડકમાં દરિયાબાજુએ કોરેલાં ઊંડાં ટાંકાં) જોઈ અને એનાં પરાક્રમ સાંભળ્યાં. કોટડાનો એ ચાંચિયો બાર વહાણ રાખતો, રાતોરાત ગોવા સુધી લૂંટ કરી આવીને ઘેરે આવી સૂઈ જતો, સવારે કોટડા આવી પહોંચતો. એકવાર ફિરંગીઓ પાછળ થયા, પકડયો, અને ગોવાના કિલ્લામાં ચણી લીધો હતો. તેમાંથી આ કોટડાની ચાંચિયા–દેવી ચામૂંડાએ છોડાવ્યો–

કાળાને ગઢને કાંગરે
જડિયલ બેલાં જે,
એ માંથી ઉપાડયે
તેં છોડાવ્યો ચામુંડી.

પછી ક્ષત્રિય ચાંચિયા ખીમા વાજાની વાત સાંભળી, એનાં પણ વહાણ ચાલતાં—

થળ પર હાલે થાટ
જળ પર જહાજ તાહરાં;

વાજા ! તેને વાટ
ખીમા ! ધર રૂંધી આવી !

(હે ખીમા વાજા ! તારાં તો પૃથ્વી પર સૈન્યો ચાલે ને જળ પર જહાજ ચાલે. બન્ને માર્ગે તેં ધરણીને રૂંધી રાખી છે.)

શત્રુનો કવિ કહે છે—

ખીમા ! મ કર ખલવલાં,
મ કર મામદ શું મેળ્ય;
જાજન તણો જડ કાઢશે,
કાળ વળુંધ્યો કેળ.

(હે ખીમા ! તું જગ્જનશાહના બેટા મામદશાહ સાથે યુદ્ધ ન કર, એ કાળ જેવો તારી જડ કાઢશે.)

ખીમો ઉત્તર વાળે છે—

કાળ વાળુંધ્યો કાંઉ કરે
જેને આંયા'મળ હોય;
તું ખર ને હું ખીમરો
જુદ્ધ કરું તે જોય.

(અરે તારો કાળ જેવો બાદશાહ પણ જેને બાંયમાં–ભુજમાં બળ છે તેને શું કરશે ? હું જુદ્ધ કરું તે જોઇ લેજે.)

પછી બાદશાહનો કવિ કહે છે કે મામદશા તો ફણીધર છે; તો ખીમાનો કવિ ખીમા વતી પડકારે છે કે,

ફણીધર તેને ઘર ઘર ફેરવું,
ના ક ચ ડા વી નથ;
હું ખીમો લખધીરનો
છઉં ગારડી સમરથ.

(તારા ફણીધરને તો હું નાકમાં નથ પરોવીને ઘેર ઘેર ફેરવીશ. હું લખધીરનો પુત્ર ખીમો તો સમર્થ ગારુડી છું.)

મુસ્લિમે બેન કીધી

આ બાદશાહ મામદશા કોણ ? લોકવાર્તા તો આમ બોલે છે. ખીમો વાજે કોઠ ગાંગડની વાઘેલી કન્યાને પરણેલા. કન્યાને લઈને વેલડું ચાલ્યું આવતું હતું. રસ્તામાં કંટાળા ગામ પાસે ધોકડવા ગામે થઈને નીકળ્યું. ત્યાં એણે મામદશા બાદશાહનો બગીચો દીઠો. પછી કોટડે આવ્યાં. ત્યાં તો બાઈએ ઉજ્જડ દીઠું. પતિને કહ્યું કે 'ઓહો ! શું બાદશાહનો બગીચો છે !' આંહીં તો તમે કહેલ આંબાઆંબલીને બદલે બાવળ ને બોરડી જ છે ! ખીમો કહે–હા, બગીચો તો ધોકડવે જ છે. જાવ બગીચાવાળા કને !

વાઘેલી રાણી ચાલી. હેલ ભરીને મામદશાને આંગણે જઈને ઊભી રહી.

મામદશા કહે 'કોણ ?'

કે 'મેણીઆત.'

કે 'મોણું ખુદા ઉતારશે. બેન છો.'

બહેન કરી રાખી. બેનને કોલ દીધો કે તારા ધણીને મારીશ નહિ પણ કોટડા તો પાલટીશ. કોટડે બાદશાહી ફોજ ઘેરો ઘાલ્યો. ત્રણ વર્ષ થયાં પણ કોટ તૂટે નહિ. પણ ખીમાએ એક વાર 'રતનાગરની શામ' લોપીને ભરૂચના એક વાણિયાને લૂંટ્યો. વાણિયો ગાંડો થઈ ગયો. રતનાગર સ્વપ્નામાં આવ્યા. 'કહેજે બાદશાને કે સવા પહોર દી' ચડ્યે ખીમો પગમાં હથિયાર છોડશે.' ખીમાએ એ દિવસ એક લાલ વાવટાવાળું વહાણ જોયું. વહાણ દીઠા ભેળું સમાઈ ગયું. ને ખીમાએ રતનાગર કૂદ્યા ગણી તરવાર છોડી.

બીજી વાત એમ છે, કે ખીમો અજિત હતો, કારણ કે એની મા ચામુંડા તરફથી ચૂડી મળેલી તે પોતે કાંડે પહેરી રાખતો. બાદશાહને આ ખબર પેઠી. એણે ખીમાને મોણું દીધું—

'બાઈડી છો તે બલોયું પહેરજો ?'

એ મહેણાથી ચૂડી ફગાવી દઈને ખીમો લડાઈમાં ઊતર્યો, હાર્યો, પકડાયો. એની આંખો સીવી લીધી. પછી બાદશાહે દમણને પાલટવા ચડાઈ કરી. તેમાં ખીમા વાળાને સાથે લઈ જઈ ત્યાં વેારી મુસલમાન પરણાવી હતી. એના વંશના હજી પણ વેારા વાળા કહેવાય છે. એના વહાણમાં ભીલ કેાળી લડવૈયા હતા. શહેરના કૂવા ઉપર માતા ચામુંડાનું ત્રિશૂળ હતું.

એના ભીલ લડવૈયામાં ઉગેા ને હામેા એ બે નામેા જાણીતાં છે. ઉગાને ફિરંગીઓએ ચણ્યેા હતેા દમણના કેાટમાં, હામાની બેડીઓ બૂટ માને પ્રતાપે ગળી. બંદીખાનું તેાડીને ભાગ્યેા, એક કૂવાથંભ વગરના વહાણમાં ચડી જઈ એ વહાણ હાંકી કેાટડે આવ્યેા હતેા.

રાડું અને જોડેા

આવી આવી ચાંચિયા બહાદુરેાની વાતેા એ રાત્રિએ હેઠા કેાટડા ગામના એક ભીલ ગામેતીએ—જેને ઘેર ઉતારેા હતેા—તેણે મૃત્યુકાળ નજીક હતેા તેવા દિવસેામાં, હેાકેા પી પીને શરીર કાંટે રાખીને સંભળાવી હતી. પણ એ સર્વ વીરતાને સામે પલ્લે નીચેની એક જ વાત હું ઊંચા કેાટડાના ભૈરવી ખડક પરથી મગજમાં લઈને ઊતર્યેા હતેા—

ખડક પર ગામની વચ્ચે, દેવી ચામુંડાનાં ફળાંની નજીક જ એક ચુનાબંધ ચણેલ ઓટેા હતેા. એ જોઈને મેં પૂછ્યું 'આ શું છે?' લેાકેાએ મને જવાબ દીધેા—

'વે'લાંની વેળામાં, આંહ એક પરદેશી ટોપીવાળેા આવેલેા. એણે આવીને બીજું કાંઈ ન કર્યું, પણ એક ધૂડનેા ધકકેા બનાવી, તેના પર એક રાડું ખેાડી, એ રાડા ઉપર પેાતાનું એક પગરખું ભરાવ્યું, ને મૂંગેા મૂંગેા બસ ચાલ્યેા જ ગયેા. પાંચ વરસે એ પાછેા આવ્યેા, તપાસ્યું તેા પેાતે ગેાઠવેલ પગરખું, રાડાની ટોચે બરેાબર જેમનું તેમ છે! બસ, ચુપચાપ પાછેા ઊતરી ગયેા, ને થેાડા જ

દિવસમાં આંહીં દરિયાકાંઠે ફિરંગીઓનાં ઘાડાં ફરી વળ્યાં, મુલક સર કરી લીધો.

મેં પૂછ્યું, 'એ જોડાવાળી વાતનો મર્મ શું ?'

'મર્મ એટલો જ બાપુ, કે એણે લોકોનું દૈવત પારખી લીધું. એણે જોયું કે જે લોકો આવી કરામતથી પણ ડરી જઈ, પાંચ વર્ષ સુધી એ પગરખાંને અડકયા પણ નહિ, તે લોકો નીર્વીર્યતાને છેક છેલ્લે પાટલે બેસી ગયા હોવા જોઇએ, માટે હવે અહીં ફિરંગી ફોજ ઉતારવામાં વાંધો નથી.'

એ આપણી દૈવતવિહોણી દશાનું આ સ્મારક છે. અહીં ફિરંગીઓએ પાકો ઓટો બનાવીને આપણા કપાળમાં કાળી ટીલી તરીકે ચોડી ગયા.

'મારી મેંદીનો રંગ ઊડી જાય રે!'

●

કરસનજી તેડાં મોકલે રે
રાધા! મારે મોલે આવ,
રે રાધા! મારે મોલે આવ.

ઓતર-દખણ ચડી વાદળી રે
ઝીણા ઝરમર મેહ
રે ઝીણા ઝરમર મેહ

જાઉં તો ભીંજાય ચૂંદડી રે
નીકર તૂટે રે સનેહ
રે નીકર તૂટે રે સનેહ

બેાળી ભીંજાય મારી ચૂંદડી રે
મારે રાખવેા સનેહ
રે મારે રાખવેા સનેહ

ટાંચણુમાંનું આ ગીત ૧૯૨૮ ના ભાવનગરમાં લીધેલેા એકેક વર્ષનેા વસવાટ યાદ કરાવી રહેલ છે. મકાન-માલિક નવું ચણતર કરાવતા હતા, મજૂરણેા ચૂનેા ખાંડતી ખાંડતી તાલે-સ્વરે ને કાજે આ ચણતર-મસાલાને રસતી હતી. ગવરાવનારી ૪૫ વર્ષનું વય વટાવી ગયેલ, અર્ધબેાખી હતી. કાળું ફાટલું ઓઢણું યાદ આવે છે. દેહ ઢાંકવા નિરર્થક મથતા સાડલાની માફક જ દેહની ચામડી તરડાયેલી હતી. અનામત હતેા ફકત એક કંઠ.

'જાઉં તેા ભીંજાય ચૂંદડી રે, નીકર તૂટે રે સનેહ!'—સ્નેહ-

જીવનની એ સનાતન સમસ્યા છે. સાચો પ્રેમ પલના યે વિલંબ વિના સમસ્યાનો નિકાલ લાવે છે-

'ઘોળી ભીંજય મારી ચૂંદડી રે
'મારે રાખવો સનેહ.'

'ઘોળ્યો'—એ એક જ શબ્દમાં આ પંજાબીઓએ, સિંધીઓએ અને સોરઠવાસીઓએ નિછાવરપણાની કેટલી બધી ઘટ્ટ ઘન તાકાતની ઊર્મિ ભરી આપી છે! સામા પારના વાસી પિયુ મેહારને છેલ્લી વાર મળવા જતી સુહિણીએ પણ સિંધુનાં મધ્યવહેનમાં મધરાત્રિએ ઓગળેલ ઘડાનો આધાર ગુમાવ્યો હતો ત્યારે આ 'ઘોળ્યો' શબ્દ જ ઉચ્ચાર્યો હતો : 'ઘરો ભગો ત ગોરેઓ—' ઘડો ભાંગ્યો તો ઘોળ્યો! હું આપબળે તરીને આ ભયાનક સિંધુ-પ્રવાહ પાર કરીશ, પાછી તો નહિ જ વળું. મારો પિયુ વાટ જોઈ રહેશે.

મુસ્લિમ સંસ્કારની પ્રસાદી

ભાવનગરને ઘરઆંગણે ચૂનાની કૂંડીમાં ઘોકા પડે છે, અને બીજું એક ગીત એના તાલ-સ્વર-બોલની ત્રેવડી ધારે સિંચાય છે-

ધૂપ પડે ને ધરતી તપે છે ભલા
ધૂપ પડે તો ધરતી તપે છે ભલા!

સૂરજ રાજા ધીમા તપોને!
મારી મેંદીનો રંગ ઊડી જાય!

કોના હાથપગની હથેળીઓ પાનીઓ પરથી સંસાર-સૂરજના ઉગ્ર સંતાપ આ મેંદીનો રંગ ઉછેડી લેતા હશે? કોઈકે મિંયાંની બીબીના જ તો! મેંદીના લાલી-શણગાર સજતી, એજન્સી થાણાના પોલી-સોની ગરીબ રસિક સિપારણો મારી શૈશવ-સ્મૃતિમાંથી તરવરી આવે છે. સાત સાત રૂપિયાના પગારદાર પતિઓની એ સપારણો બે રીતે લાલી પ્રગટાવતી: મસાલા વાટીને અને મેંદી વાટીને: Food & Sex:

મેંદીનો રંગ, એ તો છે મુસ્લિમ સંસ્કારની પ્રસાદી. ગીત પણ મિંયાંનો જ નિર્દેશ આપે છે–

મિંયાં કે વાસ્તે દાતણિયાં મગાવું ભલા !

× × ×

મિંયાં કે વાસ્તે પોઢણિયાં મગાવું ભલા !
હાં રે મારાં જોબન જાય ભરપૂર,
હાં રે મારાં નેણાં ઝબૂકે જલપૂર.

સૂરજ રાજા ! ધીમા તપોને,
મારી મેંદીનો રંગ ઊડી જાય.

વિવેચનનો સૂર્ય–તાપ વધુ તપે તો આ ગીતોનો મેંદી-રંગ પણ ઊપડી પડે એ બીક વધુ કંઈ લખાતું નથી. જોબન જેનાં ભરપૂર નીરે વ્યર્થ વહી જતાં હશે તેનાં નેણાંમાં જલબિન્દુઓ ઝબૂકી રહેતાં હશે.

એક ત્રીજું ટાંચણ ટીપણી–ગીત આપે છે—

મોર આદુર દાદુર બોલે છે,
ઝરમર મેવલા વરસે છે.

તમે જેસર ઓરા આવો રે
એક તમારી અરજ કરું.

આંગણીએ હોજ ગળાવું રે
ચોકમાં ચંપો રોપાવું.

વીંઝણલે વાહર ઢોળું રે
ફૂલની સેજે પોઢાડું

આટલી બધી સુકોમળ સારવાર શાને માટે ? આટલા માટે કે—

તમે ઘડીક મુજ પાસે બેસો રે
હૈડાં હેઠાં મેલીને.

તમને સાચી વાત સુણાવું રે
જો રુદિયામાં રાખો તો.
તમે જો રુદિયામાં રાખો તો.
અમરત આલું ચાખો તો !

સ્વતંત્ર રચનાઓનો જન્મ

હેડાં હેઠાં મેલીને મેં એ ટીપણી-ગીતો એકાદ પખવાડિયું સાંભળ્યા કર્યાં. રુદિયામાં જ રાખે ગયો. એમાંથી જન્મ થયો–મારી સૌપહેલી સ્વતંત્ર ગીતરચનાઓનો. દીકરી ઈંદુ ખોળે રમતી હતી, છએક મહિનાનું ફૂલ, ત્યારે ત્યાં, ભાવનગરમાં 'વેણુનાં ફૂલ' રચાયાં–

લીલા છે મોર કાળી વાદળી રે
એક વાર ઊભાં રે' રંગવાદળી !
વરસ્યા વિણ જાને વહ્યાં જાવ રે
એક વાર ઊભાં રે' રંગવાદળી !

એ ઋતુ-ગીત;

'નીંદરભરી રે ગુલાલે ભરી
'એની'માની આંખડી નીંદરભરી રે'

એ હાલરડું; અને

ભેટે ઝૂલે છે તલવાર,
વીરાજી કેરી ભેટે ઝૂલે રે.

એ શૌર્ય-ગીત તો રાત્રિયે સૂતા પહેલાં રચીને પ્રભાતે સ્વ. મિત્ર અમૃતલાલ દાણીની પાસે હોંશભેર લઈને દોડ્યો ગયેલો તે સાંભરે છે. એનું પ્રોત્સાહન પામીને વળતા જ દિવસે 'શિવાજીનું હાલરડું' બનાવ્યું. એક જ બેઠકે રચીને પછી જ ઊઠ્યો, દાણી પાસે પહોંચ્યો.

અમૃતલાલ દાણીએ લાલન કર્યું

બોટાદકરની કવિતાનું લાલન કરનાર એ અમૃતલાલ દાણી હતા. મારી આ કવિતા-કૂંપળોને પણ એ જ અમૃતલાલે અમૃતમય ઉત્સાહે સિંચી ઉછેરી. 'આવો આવો રે બહાદૂર એ બહેન હિંદવાણી !' નું મારું

ગીત ભાઈ અમૃતલાલના આત્માને સ્વરહિલ્લોલ પર ચડાવી ડોલાવી શકયું હતું. પોતાના મહિલા-વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ-જેમાં કુમારિકાઓથી લઈ સુહાગણો વિધવાઓ પણ હતી-તેમની આગળ આ કૃતિઓ સંભળાવવા પ્રેરીને, આડકતરી તેમજ સીધી ઉભયવિધ જુક્તિ વડે મારામાં કવિતાસર્જકતાનો આત્મવિશ્વાસ રોપનાર પણ અમૃતલાલ દાણી હતા. દાણીનું એ ઋણ ન ચુકવાય તેવું છે. સામા માણસને પોતાની પ્રભા વડે આંજી દેવો, પોતાના તેજપુંજથી ચકિત, મુગ્ધ, સ્તબ્ધ બનાવી દેવો, પોતાનો નમ્ર આશ્રિત ભક્ત બનાવવો, એ સહેલ છે. સામા માણસની સુષુપ્ત શક્તિઓને પારખી લઈને પછી એની લાઘવ-ગ્રંથિનું આવરણ ઉખેડી લેવું, એનામાં નિજશક્તિભાન સંચારવું અને એને આ નિજશક્તિનાં અતિભાનમાંથી ઉગારી લેતે લેતે સર્જનપ્રવૃત્તિને પંથે પળાવવો એ વિકટ કામ છે. દાણીમાં એ આવડત હતી. મારી કાવ્યસર્જકતાનો રોપ, સીધેસીધી રાષ્ટ્રોત્થાનભાવની જોખમભરી ભૂમિમાં પડતો બચી ગયો અને નિસર્ગલક્ષી બાળગીત કૌમારગીત તેમજ દાંપત્યગીતની કયારીમાં રોપાયો એ સ્વ. દાણીના પ્રતાપ. પત્રકારિત્વથી હું ત્યારે આજની માફક આઘો ખસી ગયેલો હતો. 'કિલ્લોલ' 'વેણીનાં ફૂલ'નો ફાલ એટલે જ સંભવિત બન્યો. રાષ્ટ્રભાવી કૃતિઓનો ઉગમ તો તે પછી, ફરી પત્રકારિત્વે ખેંચ્યો ત્યારે, '૨૯-'૩૦નાં વર્ષોમાં, 'જાગો જગનાં ક્ષુધાર્ત' અને 'કવિ તને કેમ ગમે!' એ અનુકૃતિઓ વડે સૌરાષ્ટ્ર સામાયિકનાં પહેલાં પાનાંને શણગારવા માટે થયો હતો. 'યુગવંદના' મને પ્રિય છે, પણ વેણીનાં ફૂલ ને કિલ્લોલ પ્રિયતર છે. જનમેદનીના પ્રાણમાં જઠરાગ્નિ-ઘોષ ગર્જી ઊઠતું—

જાગો જગનાં ક્ષુધાર્ત
જાગો દુર્બલ અશક્ત
પૃથ્વીના પાટ પર
હરાલ કાલ જાગે

અગર તો—

છેલ્લો કટોરો ઝેરનો
આ પી જજો બાપુ !

એનાં કરતાં મનમાં મનમાં એકલા ગવાતું મારું—

મોરલા હો મુને થોડી ઘડી
તારો આપ અષાઢીલો કંઠ !
ખોવાયેલી વાદળીને હું
છેલ્લી વાર સાદ પાડી લઉં.

એ ગીતો જીવનની વિફલતાઓ વચ્ચે વિશેષ આશ્વાસક બની રહેલ છે.

ચૂંદડીની રંગઝાલકો

'૨૭-'૨૮ની આ બે સાલનું શ્રેય આટલેથી સમાપ્ત નથી થતું, સ્વ. દાણીને ખાતે જમા થયેલ બીજું એક મહાઋણ છે. 'મેઘાણીભાઈ, તમે લોકગીતોનો ગરબા, રાસડા, હાલરડાં વિ. પ્રદેશ ખેડો છો, પણ કાવ્યદૃષ્ટિએ ઘણું ચડિયાતું આપણાં લગ્નગીતોને તો તપાસો.' આ હતી ભાઈ દાણીની વારંવારની ટકોર. લગ્નગીતોનો પ્રદેશ મારે માટે અણદીઠ હતો. એમાં મને પ્રવેશ કરાવનાર અમૃતલાલ. એમનાં પત્ની જ્યાબહેને આ ગીત-ભવનનાં બારણાં ઉઘાડી આપ્યાં. સ્વ. દાણી સાચા પડ્યા. જ્યાબહેન જેમ જેમ ગાતાં ગયાં—

ધરતીમાં બળ સરજ્યાં બે જણાં
એક ધરતી બીજો આભ
વધાવો આવિયો.

આભે મેહુલા વરસાવિયા
ધરતીએ ઝીલ્યા ભાર—વધાવો.

એ પહેલું ગીત;—

દૂધે તે ભરી રે નળાવડી
મોતીડે બાંધી પાળ;

ઈસવર ધોવે ધોતિયાં
પારવતી પાણીડાં જાય.

એ બીજું;—

એક ઊંચો તે વરનો જોજો રે દાદા!
ઊંચો તે નત્ય નેવાં ભાંગશે.

એ પુત્રીહૃદયના આગળા ઉઘડાવતું ગીત;—

કુંવારી ચડી રે કમાડ
સુંદર વરને નિરખવા રે

એ સ્વયંવર ગીત :

કાળી શી કોયલ શબ્દે સોયામણી
આવે રે કોયલ આપણા દેશમાં

એ લગ્નજીવનના સાફલ્યનું શેષ મંગલ—

તેમ તેમ જીવન-ચૂંદડીનાં ગલફૂલ વણાટમાં ઊપડતાં આવ્યાં. 'ચૂંદડી' નામના લગ્નગીત-સંગ્રહો પ્રજાને આપ્યા એ તો ઠીક, પણ એ ગીતોની સંજીવનીએ આ બળતા વેરાન વચ્ચે આતમ-ભૂમિને રસવાનું જે ચિરકાલીન કામ બજાવે રાખ્યું છે તેની વાત કરવા બેસતાં વાચા વિરમી જાય છે. કેટલીક વસ્તુઓ તો મૂંગાં મૂંગાં જ માણવા જેવી છે, ને પછી તો 'ચૂંદડી'ની રંગઝાલકો કયાંકયાંથી ઊડી તે યાદ કરું છું. એક અજાણ્યાં બહેનેછેક બલ્લદેશ-આકુચાબથી એક ગીત સંગ્રહમાં નહોતું તે કાગળમાં મોકલ્યું—

ગોરાં...વહુ તે ...ભાઇને વીનવે,
તારા ગામની સીમડી દેખાડ રાયજાદા રે
લાલ છેડો લટકાં રે.

તમે આવેરાં ઓઢો ગોરી ઓઢણાં,
મારા છોગલાને છાંયે ચાલી આવ મારી ગોરી રે
લાલ છેડો લટકાં કરે.

એ એક જ ગીતે મને નિહાલ કરનાર સૌરાષ્ટ્રણ બહેનનાં દર્શન અને સમાગમ તે પછી પંદર વર્ષે '૪૪ માં અચાનક પામ્યો. એનું નામ ચલાળાના લાખાણીપુત્રી સૌ. હેમકુંવર બહેન મગનલાલ. અને બીજો પરિચય તો એ કરતાં પણ વધુ વિસ્મયકર બન્યો. મંગલમૂર્તિ વિજયાબહેન દુર્લભજી પરીખ સાથેની અમારી લેણાદેવીના આજલગીના અખૂટ રહેલ ચોપડામાં પહેલો આંકડો એક લગ્નગીતથી પડ્યો. સાંધ્યાં તો મને લખે પણ નહિ એટલાં બધાં અજ્ઞાણ, તે એક ત્રીજા સ્નેહી દ્વારા 'ચૂંદડી'ના એક ગીતની ખંડિત પંક્તિઓ પૂરી પાડી અને વિશેષ સંખ્યાબંધ ગીતો લખી મોકલ્યાં મારા અને મુજ જેવાં અનેકનો વિસામો બનનાર વિજયાબહેન દુર્લભજીભાઈની દુનિયા જ છેક નિરાળી. આ લગ્નગીતોએ વચ્ચે સેતુબંધ સરજ્યો. ચલાળાવાસી ગં. સ્વ. મણિબેન પાસેથી મળ્યું અણકદેપ્યું એક રસગીત—

લાડી ! તમને કેસરિયો બોલાવે લે। રંગભીની !
ઓરાં આવો મુજ પાસ.

પાળી ચાલું તો મારા પાદુલિયા દુઃખે,
કેમ રે આવું વરરાજ !

મોકલાવું રે મારાં અવલ વછેરાં,
બેસી આવો મુજ પાસ.

હડાળા દ. શ્રી. વાજસૂરવાળાનાં પુત્રીઓએ કાંઈ લગ્નગીતો અધરાત સુધી જાગીને ગાઈ ગાઈ ઊતરાવ્યાં, મિત્ર હાથીભાઈ વાંકે એમનાં (તે વખતે મારી ઓજલ પાળતાં) પત્ની પાસે ગવરાવી નોટ ભરી મોકલ્યાં.

હમણાં જ એક અખબારમાં કવિ શ્રી નહાનાલાલના કોઈક વ્યાખ્યાનનો અહેવાલ જોયો. અંદર હતું કે 'મેઘાણીને મળેલા લોકગીતો તો બહુધા બરડાની મેરાણી-દીધાં છે.' વાત દૂષિત છે, મારાં

ગીતદાતા માનવીઓનાં નામ તો મારા પ્રત્યેક સંગ્રહની પ્રસ્તાવના-ઓમાં રજુ છે. એટલું સાચું કે શ્રીગણેશ કરાવનાર હતાં મેરાણી બહેન ઢેલી, બરડાના બગવદર ગામનાં. પણ હું ભમ્યો છું પ્રાંતપ્રાંતે. મને સાંપડેલ છે સ્થળેસ્થળના ટહુકાર. ટાંચણ-પાનાંની આ વાર્તા કહેવાનું કહી રહી છે. 'બરાસણો' ને કાઠીઆણીઓ, વણિક ને બ્રાહ્મણ સ્ત્રીઓ, ઝાલાવાડ, હાલાર અને ગોહિલવાડનું પ્રતિનિધિત્વ કરનારી અનેકની કનેથી હું પ્રસાદી પામ્યો છું. બલકે મને તો બૃહદ્ ગુજરાતનાં વિચિત્ર પ્રતિનિધિઓ વિલક્ષણ રીતે ભેટી ગયાં છે.

ટેકરાનાં મારવાડાં

એક તો આ ભાવનગર-વાસ વેળાની જ વાત છે. હું રહેતો તેની સામેજ નરોત્તમ ભાણુજીનો બંગલો. આજે જ્યાં કબુતરખાનાં જેવા કૂડીબંધ બ્લોક બદબદી રહેલ છે ત્યાં ઊંચો ટેકરો હતો. ટેકરા પર થોડીક ઓરડીઓ હતી. ત્યાં રહેતાં હતાં મારવાડાં.' 'મારવાડાં' એવા તિરસ્કારદર્શી શબ્દે બોળાવાતાં એ હતાં પાલનપુરની ય પેલી મેરનાં વતનદાર રાજ-સ્થાની મજૂર લોકો. મોટે ભાગે દાણા બજારમાં અનાજ-થેલીઓની ભરેલ રેંકડીઓ ખેંચનારાં એ 'મારવાડાં' બૈરાંના ગગને ચારોહતા સ્વરો રાતવેળા સાંભળાતા ને ઊંઘ ઊડી જતી. સ્વરોની એ સીડી પર ચડી જતું મન જાણે કે તારાનાં ઝૂમખાં તોડવા સુધી પહોંચી જતું. સ્વરોમાં લહેરાઉં પણ શબ્દો પકડી શકું નહિ. હતાં તો પાડાશી, પણ પહોંચું શી રીતે ? એ જ ટીંબા પરની સામી ઓરડીઓમાં રહેતાં હતાં દક્ષિણામૂર્તિ ભવનનાં થોડાં શિક્ષક શિક્ષિ-કાઓ. તેમાંનાં એક હતાં કમળાબહેન. (જેણે '૩૨ કે '૩૬માં બોળતળાવમાં જળસમાધિ લીધી. કરુણમૂર્તિ યાદ આવે છે. ચિત્ત ભ્રમિત થયેલું. મને સ્વહસ્તે રસોઈ કરી જમાડેલો એવી ચિત્તાવસ્થામાં, ને અરવિંદ ઘોષના ઉપર આરોપ કરતી વિશૃંખલિત વાતો કર્યા કરી હતી.) આ બહેનને પૂછ્યું કે આ મારવાડાંનાં ગીતો મેળવવામાં મદદ

કરશો? પણ તે કાળે તો તદ્દન અજાણ્યાં. એટલે એમણે કંઈ રસ લીધો નહિ. પછી બીતો બીતો એ આઇઓને ઉંબરે ગયો. એના મરદોનો વિશ્વાસ મેળવ્યો. સ્ત્રીઓ ને પુરુષો બધાં મળીને કહે કે 'હા, આવજો તમતમારે સાંભળવા; મંડાવશું. એમાં શું વાંધો છે! ના, અમને કાંઈ પણ સંકોચ નથી. ખુશીથી આવો.' પછી એમણે જે ઋતુગીતો, લગ્ન-ગીતો કે આણાં વળાવવાનાં ગીતો ગાઈ ગાઈ, શબ્દોથી પરિચિત બનાવી મને કાગળ પર ઉતારવા દીધાં, તેણે મારી સામે ગુજરાત મહાગુજરાતને બદલે તો સમસ્ત રાજસ્થાન (પશ્ચિમ હિંદ) ની સાંસ્કૃતિક એકરૂપતાનાં અજ્ઞે થઈ ગયેલ પૂર્ણ દર્શનની તે કાળે ઝાંખી કરાવી હતી. આજે પણ એના એક લગ્નગીતને હિંડોળે મન ઝૂલી રહ્યું છે—

પગે પગે વાવડલી ખોદાવું હો રૂપાળી લાડી!
પગે પગે વાવડલી ખોદાવું હો લાખેણી લાડી!
લઈ ચાલાં મારે દેશ!

નિર્જળી મરુભોમના વાસી વરરાજ એ પાણીવિહોણા પ્રદેશથી ભય પામતી વધૂને લાલચ આપે છે—'તારે પગલે પગલે કૂવા ગળાવીશ.'

મેંદીને વાટકે નોતરાં

એક સાંજે નરોત્તમ ભાણુજીને ટેકરે જવા ચડ્યો. એક ઘરની મારવાડી સ્ત્રી અન્ય ઘેરે ઘેરે જઈને, વાટેલ મેંદીનો અકેકો વાટકો આપતી હતી. પૂછ્યું, આ શું? કહે કે, 'દીકરીને તેડવા જમાઈ આવ્યા છે. એ અવસરનાં ગાણાં ગાવાનાં આમ મેંદી દઈને નોતરાં કરીએ. ઘરઘરની વહુદીકરીઓ આ મેંદી હાથે મેલીને પછી રાતી હથેળીએ ગીતો ગાવા અમારે ઘેર આવે. ચાલો, બેસો, સાંભળો એ ગાણાં.' પછી એમણે આભ-નીસરણી માંડતા સ્વરે ભરપૂર જે ગીતો ગાયાં તે આ હતાં—સ્વરો જાણે કે છેક ઊંચે ઊડતી કુંજડીને સંદેશો પહોંચાડવાના હતા.

ઊડતી કરુંજડી આકાશે રે કરુંજ !
એક સંદેશો લેતી જા !

જા જમાયાંને ઈંવું કે'જે કરુંજ !
અમારી ધીડયાં ધાન ન ખાય.

ખાજે ખારેક ટોપરાં રે કરુંજ !
પીજ્યો જેટયાંરાં દૂધ.

ખારાં ખારેક ટોપરાં રે કરુંજ !
મચળાં જેટયાંરાં દૂધ.

અર્થ—હે આકાશે ઊડતી કુંજડી, એક સંદેશો લેતી જા. અમારા જમાઇને જઇ કહેજે કે લ્યે તો અમારી દીકરી વિરહની મારી ધાન પણ ખાતી નથી. જમાઈ જવાબ વાળે છે કે ધાન ન ભાવતાં હોય તો તમારી દીકરીને ખારેક ટોપરાં ને ભેંસોનાં દૂધ ખવરાવજો– અરે જમાઈ! ખારેક ટોપરાં ને દૂધ પણ બેસ્વાદ બન્યાં છે. માટે ઝટ તેડવા આવો.

એથી પણ વધુ અગમ ઊંચે સૂરે બીજું ઉપાડયું :

(જમાઇ ઘેરે આવ્યા હોય ત્યારે ગવાય છે.)

આજ તો ધરાકુ ધૂંધળો મોરી જેઠર !
રે મોટી છાંટાનો, મોટી છાંટાનો વરસે મેઘ.

સાસુડી સંદેશા મોકલે મોરી જેઠર !
રે સાળીયાં,–સાંળીયાં ઉડાડે કાળા કાગ.
રે એકારું, એકારું સાસરીએ પધાર !

માળવણ તો સંદેશા મોકલે મોરી જેઠર !
...ગામરે મારગીએ મોરી જેઠર !
ઝીણેરી, ઝીણેરી ઊડે ગલાલ.

અવે તો જમાયાં ને આપણ કે'જે મોરી જેઠર !
એકારું, એકારું મેવસીએ પધાર.
રાંયાંડી મોરી જેઠર !

ભાખરીએ., ભાખરીએ. ભેદાણે. ઘરે આવ
મારગીએ., મારગીએ. રેલાણે. ઘરે આવ
મારગીએ., મારગીએ. નીલાણે. ઘરે આવ !

ચાંચે તે લખાઆ સાળારા ઓળપ મોરી જેઠર !
પાંખડીએ, પાંખડીએ સાળારા જુવાર,

જાવે તે. જમાઈજીને આપણુ કેજે મોરી જેઠર !
સાળા તે., સાળા સંધેય આપણુ દેશ.

આજ તે. ધોવારે ઢોલોજી ધોતીઆં મોરી જેઠર !
સવારે, સવારે સાળાંવાળો સાથ.

આપ તે. ચડો ગઢ. મારુ ! ઘોડલે મોરી જેઠર !
મારી રે, મારી રે બાઈરે વેલડીયાં જોતાવ)

અર્થ—આજ તો ધરતી પર ધૂંધળા છવાઈ છે. મોટે છાંટે મે વરસે છે.

સાસુ કહાવે છે, ને સાળીઓ બનેવી આવવાની વાટ જોતી કાગડા ઉડાડે છે.

માળવાની પુત્રી સંદેશો કહાવે છે, એક વાર તો સાસરે આવ.

અમુક ગામને માર્ગે ઝીણી ગુલાલ જેવી ધૂળ ઊડે છે.

ઓ પ્રવાસીઓ, જમાઈને કહેજો કે એક વાર મેવસીએ મળવા પધારે.

પહાડ ચોમાસાને નીરે ભેદાઈ ગયો છે. મારગ રેલાઈ ગયો છે, મારગ નીલાઈ [હરિયાળી વનસ્પતિ ચડે] ગયો છે, માટે ઘેરે આવ.

હે કુંજડી! તારી ચાંચ પર બહુના ભાઈઓના ઠપકા લખ્યા, ને પાંખો પર એમના જુહાર લખ્યા છે.

હે જેઠર પંખી ! જમાઈને કહેજે કે સઘળા સાળા બહારગામના ધંધાનોકરીથી ઘેર આવી ગયા છે.

પછી એ સંદેશો વાંચીને જમાઈરાજ આજ કપડાં ધોવરાવે છે, ને સર્વ સાળાઓનાં સંગાથમાં પહોંચે છે.

હે જમાઈ, તમે ચડો ઘોડે, ને મારી દીકરીને માટે વેલડી જોડાવો.

લટપૂંઘટની છાંય

જમાઈ તેડવા આવે તે અવસર પરનાં ગીતો આ સ્થળે પહેલાં જ જડ્યાં. એ સ્વરોમાં મને વિરહી નવવધૂઓની ઉત્કંઠ મનોદશાનો ચિતાર મળ્યો, મેંદી–નોતરાંની નવીનતા મળી, અને ગીતો તો વર્ષાઋતુનાં, લગ્નનાં, લાડનાં, કૈંક મળ્યાં. એક વાર તો પુરુષોએ પણ ગાયું, નાગજીનું ગીત.

નાગજી નામના એક મારવાડી વીરને એની પ્રિયતમા યુદ્ધમાં જતો રોકવા મથે છે. નાગજી નથી રોકાતો; લડાઈમાં જ કામ આવે છે.

હો રે નાગજી ! તડક તડક ચૂટ્યો ત્રાગ રે !
વેરીડા ! પાંચ પેરડા નૈ ઝીલે પૂણી રે

હો રે નાગજી ! ઘડી એક ઘોડલો થંભ રે
વેરીડા ! બાળું બાળું તમડીણો દેશ જો.

હો રે નાગજી ! તાવડિયો પાપી પડે ધોમ તપે રે
વેરીડા ! ધરતી ત્રંબાવરણી તપે હો !

હો રે નાગજી ! લટપૂંઘટરી છાંયા કરું રે
વેરીડા ! ઘડી એક ઘોડલો થંભ જો !

હો રે નાગજી ! સરજે સરજે દેવળિયારો દેવ રે
નાગણી સરજે દેવળ માયલી પૂતળી રે

હો રે નાગજી ! આપેં એકલ્યુ મંદિર ભેળાં રેશાં રે

હો રે નાગજી ! સરજે સરજે હીવડારો હાર રે
હો રે નાગજી ! મું સરજું હીવડારો ડોરડો રે

હોરે નાગજી ! તું સરજે કેળ માયલો કેળિયો
હો રે નાગજી ! મું સરજું કેવડાશી કાંબડી રે

હો રે નાગજી ! આપેં એકણ થાણે ઊગશાં રે
હો રે નાગજી ! સરજે સરજે વાદળી માયલો શેર રે

હો રે નાગજી ! મું સરજાં વાદળ માયલી વીજળી રે
હો રે નાગજી ! આપેં એકણ વરસાળે આવશાં રે

હો રે નાગજી ! થેં મોતી મેં લાલ રે
હો રે નાગજી ! એકણ ડોરે પ્રોવીયાં રે

હો રે નાગજી ! થેં ચોખા મેં દાળ
હો રે નાગજી ! એકજ ભાણે પરસિયાં રે

અર્થ–હો નાગજી ! તને રોકવા ઊઠી ત્યાં તો તડ તડ રેંટીઆનો ત્રાગ તૂટ્યો. પાંચ ટેરવાં [પેરુડાં] પૂણીને ન ઝાલી રાખી શકયાં.

હો નાગજી ! આ ઘોર તાપ તપે છે. ધરતી ત્રાંબાવરણી બની છે.

એક ઘડી ઘોડો રોક, તો હું તારા પર મારી વાળ-લટોની ને ઘૂંઘટની છાંયડી કરું.

હે નાગજી ! તું સરજ્યો કેવળનો દેવ, ને હું સરજાઈશ કેવળની પૂતળી. આપણ બન્ને એક જ મંદિરે બેળાં રહેશું.

તું સરજ્યો હૈયાનો હાર, હું સરજાઈશ એ હારનો મોતી–દોરો. એક જ કંઠે આપણે ઝૂલશું.

તું કેળ–ડોડો, ને હું કેવડાની છડી–એક જ કયારામાં આપણે ઊગશું.

તું સરજ્યો મોટું વાદળું ને હું બનીશ વીજળી. એક જ વર્ષાઋતુમાં આપણે સંગાથે આવશું.

તું મોતી ને હું માણેક : એક જ દોરે પરોવાશું. તું ચોખા ને હું દાળ, એક જ થાળીમાં પિરસાશું.

દેશવટામાં ગીતોનો સાથ

જેમને 'મારવાડ' કહી હસીએ છીએ, જેમની હોળીપર્વ પરની મહિનો મહિનો પહોંચતી રંગમસ્તીમાં એકલી અશ્લિલતા જ ઉકલીએ છીએ અને જેમનાં ઉચ્ચારણો આપણને જંગલી, પરદેશી, કર્ણકટુ લાગે છે તેઓના કંઠની નજીક જતાં મને આ રત્નો મળ્યાં. આ તો મજૂરો હતાં. પુરુષો ને ઓરતો બેઉ ભારભરી રેંકડીઓ ખેંચનારાં. જન્મભૂમિ અન્ન ન આપી શકી તેથી કાઠિયાવાડ ખેડનારાં. પણ આ ગીતો તેમનાં ચિરસાથી વતનભાંડુઓ બની રહ્યાં હતાં. જન્મસ્થાનથી હજારો ગાઉ વેગળા પડીને ય જો મૂળ ગીતો ગાવાને રહ્યાં હોય તો પછી માણસને દેશાન્તર ખટકે નહિ. મૂળ ધરતીના સ્વરો ને સુગંધ તેમને ખુમારી આપી રહે છે. એકેએક ગીતનું સ્મરણ એટલે તો નાનપણમાં કયે બેતરે કયારા વાળતાં ને કઈ ડુંગરીની ઓથે યૌવનમાં પ્રણય કરતાં તેની જીવતી કલ્પના. મારવાડણો કહેતી હતી : 'ચોમાસું બેસતું હોય, બેતરમાં ઊભાં હોયેં, આકાશે વાદળી ચડે, વરસાદ મંડાય, અમે બધી સૈયરું દોડીને એકાદ ડુંગરીની ઓથે ઊભીએં; ને પછી ગાઇએં :—

કાળુડી કાળુડી હો ! બાંધવ મારા કાજળીઆરી રેખ
ધોળી ને ધારાંરો બાંધવ મારા ! મે વરસે

વસજે વસજે હો મેહુલા બાવાજી રે દેશ
જંઠે ને ખાડીરો જ્યો હળ ખેડે

વાવજો વાવજો હો, બાંધવ મારા ડોડાળી જુવાર
ધોરે ને વવાડો નાના કજરી બાજરી

નીંદણો નીંદણો હો ! બાલજ મારી ડોડાળી જુવાર
ધારે ને નીંદાવો નાના કજરી બાજરી

વૂઠા વૂઠા હો ! બાંધવ મારા આષાઢા હે મેહ
ભરિયા હે નાંડા ને વળી નાંડલી

ભીને ભીને હેા ! બાંધવ મારા પાઘડિયાળો પેચ,
ભીને હેા ભીને હેા મારી ભાભજ કેરી ચૂંદડી.

ભીને ભીને હેા બાંધવ મારા રેશમીઆરી ડાર
ગીત્રેા ને ભીને ર થારેા પારણે.

નીપજે નીપજે હેા ! બાંધવ મારા, ડેાઢાળી જુવાર
થારે ને વાયેાડાં સાચાં મેાતી નીપજે.

(પછી દિયરનું નામ લઇ એનું એ ગીત ગવાય છે.)

અર્થ—હે મારા પિયરવાસી ભાઈ ! કાળી કાળી કાજળના જેવી રેખાએો ચડી છે, ને તેમાંથી ધેાળી ધારનેા મે વરસે છે.

(શું કાજળઆંજ્યાં નયણાંની અનુ-કલ્પના !)

હે મેહુલા ! તું જઈને મારા બાપને ગામ વરસજે, કે જ્યાં મારેા માડીજાયેા હળ ખેડે છે.

(પતિને દેશ નહિ, પણ ભાઈ ને દેશ !)

હે મારા ભાઇ, ડેાઢાળી જુવાર વાવજે ને ઢેારા પર નાના કણની બાજરી વાવજે.

હે મારી ભાભી ! એ વાવેતરમાં નીંદામણી કરજો.

હે મારા વીર ! અષાઢા મે ઢળ્યા ને નાળાં નદીએો ભરાઇ ગયાં.

હે ભાઇ ! તારી પાઘડીના પેચ ભિંજાતા હશે, ભાભીની ચૂંદડી ભિંજાતી હશે.

તારા બાળકના પારણાની રેશમી દેારી ભિંજાતી હશે ને પારણામાં હે ભાઇ, તારેા ગગેા ભિંજાતેા હશે.

આશિષેા દઉં છું કે હે ભાઈ ! તારા ખેતરમાં મેાટે ડુંડે જુવાર નીપજજો, સાચાં મેાતી સમા દાણા પાકજો.

આ મારું મહાગુજરાત—દર્શન છે. ગુજરાત શબ્દ ગૌણ બની રહે

છે. પશ્ચિમ હિંદ–રાજસ્થાન–સમસ્તની રગરગમાં સંચરતું સંસ્કાર–શોણિત મારાં પિંડને ને પ્રાણને ધબકતાં કરે છે.

'મેઘાણીનાં લોકગીતો' તો બહુધા 'મેરાણી-દીધાં' એ વિધાનમાં થોડી ભૂલ ભાળું છું.

ત્રાગડે ત્રાગડે

ટાંચણમાં પહેલા જ વાર માણસ, મિતિ અને ગામનું નામ નોંધાયેલાં મળે છે.

વિકટર : તા. ૨૯–૧૨–૨૭ : પસાયતો સંઘી

યાદ આવે છેઃ વિકટર મહાલના વહીવટદાર ભાઈ અબ્દલ્લા ગાગનાણીનો મહેમાન બનેલો. કૉલેજ કાળના એ સહાધ્યાયી. ક્રિકેટ ટેનીસના અવલ દરજ્જાના ખેલાડી તરીકે મારા જેવા બિન-ખેલાડીના સન્માનિત 'ર૭ માં એ વહીવટદાર દરજ્જે હતા. મને ડુંગર રાજુલા વગેરે ગામોમાં ફેરવીને વાતો કહેનારાઓનો સુયોગ કરાવ્યો હતો. તે વખતે હું હતો બહારવટીઆ જોગીદાસ ખુમાણની કાળી શોધમાં. એ શિરોમણિ બહારવટીઆની લીલાભૂમિમાં હું ભટકતો હતો. એને નામે બોલાતી અનેક ઘટનાને હું ચકાસતો ચકાસતો નવા નવા સાહેદોને શોધતો હતો. એમાં ડુંગર ગામનો આ દરબારી સંઘી પસાયતો ભેટી ગયો. ડુંગરથી વિકટર ત્રણેક ગાઉને માર્ગે, અમે ઘોડાગાડીમાં, અને એ પડખે પડખે પગપાળો હીંડતો વાતો કરતો આવે. છેક વિકટર સુધીનો મારો પંથ એ પસાયતાએ જોગીદાસ ખુમાણનાં ઘોડાની રજ–ડમ્મરે જાણે ધૂંધળો કરી આપ્યો. હમણાં જ જાણે જોગીદાસ આંહીંથી નીકળ્યા હતા : એનાં ઘોડાંના ડાબલા

જાણે કે એ રસ્તા પર તાજા પડેલા હતા: મારે ને બહારવટીઆને જાણે કે ઘડી બે ઘડીનું જ છેટું પડ્યું હતું.

અસ્થિઓ વીણ્યાં છે

સિલસિલાબંધ કરીને મૂકી આપેલી એ જોગીદાસ-કથા જ્યારે તમે વાંચતા હશો વાચકો ! ત્યારે તમને થતું હશે કે અંકોડાબંધ એ કોઈ એકાદ માણસે ઉતરાવી આપી હશે ! એ મારી કથાને નાટક લેખે વાપરનારાઓ, બહારવટીઆનાં વૃત્તાંતોને રેડીઓ ઉપર કથનારાઓ, બીજી ત્રીજી રીતે જાહેર પાસે મૂકનારાઓ, સહુ એવો સંતોષ ને દાવો ધરાવતા હશો કે આ તો છે પ્રચલિત સાહિત્ય, આ તો છે સર્વકોઈના સ્વાધિકારની સામગ્રી. તમને ભાગ્યે જ આ સત્ય સમજાશે કે એ કથાનું સમગ્ર પટ વણવા માટે કેટલે કેટલે ઠેકાણેથી ત્રાગડા મેળવી મેળવી મારે વાણા-તાણા કરવા પડ્યા છે ગઢવી માધવદાને, પીંગળશી પાતાભાઈ એ, રાજપ્રકરણી અધિકારી ખુજરગ નાગર સ્વ. ભૂપતરાયભાઈ એ, ગગુભાઈ ગઢવીએ, સૂરા બારોટે, જેઠસૂર બારોટે, ગઢવી દાદાભાઈએ, ખોજા વાલજી ઠક્કરે, આ ડુંગરના સંધી પસાયતાએ-નામો જેનાં નથી સાંભરતાં એવા બીજા પણ કેટલા કેટલાએ, અકેકક અસ્થિ આપ્યું, આખું કલેવર એ અસ્થિઓને બાંધમેસતાં કરી કરીને ઘડવું પડ્યું; અને તેના પર ઊર્મિની અંજલિ છાંટી પ્રાણ જગાડ્યો.

અરે ! અત્યારે તો એક આ સંધી પસાયતાનું જ સ્મરણ કરું છું. એ એક મુસલમાન હતો પણ એના સાહિત્યરસમાં કોમી ભેદભાવ નહોતો. જોગીદાસ બહારવટીઓ એની નજરમાં નહોતો હિંદુ કે નહોતો મુસ્લિમ. એના ચિત્તતંત્રમાં રમતી હતી બહાદુરી, માણસની માણસાઈ. એ હતો તો દરબારી દાણાનો જમનારો, પણ એનું મગજ કોઈ રાજાના દફતર જેવું, સત્યને દબાવી રાખી પક્ષહિતોને જ મજબૂત બનાવે તેવા દસ્તાવેજથી ભરેલું નહોતું. *ફિફાદની ઝાડીમાં

* જુઓ સોરઠી બહારવટીઆ ખંડ બીજો : જોગીદાસ ખુમાણ.

પીર ધંતરશાના મોરલાને મારી ખાઇ જનાર સંધી સિબંદીઓના કુકર્મનો કિસ્સો એ સંધી પસાયતાનો જ કહેલો છે. નવલખાના નેરડામાં જોગીદાસને ભેટેલી જુવાન સુતારકન્યાની પ્રેમ–યાચનાની અને એવી પ્રેમયાચનાનો 'તું તો મારી દીકરી !' એવા બહારવટીએ દીધેલા જવાબની ઘટના પણ એ કંગાલ સંધી પસાયતાએ કહી. તે દિવસથી પરનારીઓનાં લુબ્ધકર નેન–કટાક્ષોથી આત્મરક્ષા કરવા માટે જોગીદાસે જનપદના રસ્તા તરફ પીઠ ફેરવીને ચોરા પર બેસવાનું નીમ લીધાની વાત પણ એણે જ કહી. બહારવટીઆની સામે રાજ્યનાં લૂણ હક્ક કરવા હથિયાર બાંધી, પિરસાયલ ભાણેથી ઊભા થઇ ઘોડે ચડેલા અને ધિંગાણે ખપી ગયેલા નાગર આણંદજીભાઈની વાત પણ એણે કહી; અને નીચલો એક જે કિસ્સો સરતચૂકથી અંણુવપરાયો ટાંચણમાં જ પડયો રહ્યો છે તે પણ એણે કહેલો—

'રાજુલા ! હુશિયાર !'

ડુંગર ગામમાં ભાવનગર રાજના આરબ જમાદારનું થાણું. જોગીદાસનો પડાવ મીતીઆળા ડુંગરામાં. એક વાર આરબ જમાદારને બહારવટીઆએ મીતીઆળે મહેમાન રોકી ખૂબ ખાતર બરદાસ કરી. પછી કહ્યું કે નાગેશરી માથે ચડવું છે, અમારા ભાઈ હરસૂર ખુમાણને મારનાર ઓધડ વરુને માથે વેર વાળવા.

કે 'ભલે, હાલો.'

વાત એમ હતી કે હરસૂર ખુમાણ વિશે ચારણે નીચે મુજબ હડૂલો કહ્યો હતો.

વરૂ, કોટીલા, ને ધાંખડા, સાંભળજો સહુ,
મેથાળે હરસો હુમો, લૈ ગ્યો વરૂઓની વહુ.

(હે વરૂ કોટીલા ને ધાંખડા નામે ત્રણે શાખાના બાબરીઆઓ ! મેથાળ ગામનો હરસૂર ખુમાણ તમારી વરૂઓની વરુને લઇ ગયો છે.)

કોઈની સવેલી ઉપાડી લાવ્યો હશે. એ મશ્કરીના ડંખથી આ નાગેશરી ગામના ઓઘડ વરુએ હરસૂર ખુમાણને માર્યો હશે.

બહારવટીઆઓ આમ આરબ જમાદારની મદદ લઈને વેર વાળવા ચડયા. ઝાંપોદર ગામ આવ્યું ત્યાં આડો નાર ઓળાંડયો.

રાવ નામે પંજાબ તરફનો કોઈ મુસલમાન નજૂમી (જોશ જોવા વાળો) સાથે હતો તેણે તુરત ઘોડો થોભાવ્યો.

કહે ' કાં ? '

કે ' જે મોઢા આગળ હાલે ઈ લોહીઆળો થાશે. '

આરબ બોલ્યા—' અમે કયાં ખીચડું ખાવા આવ્યા છીએ ? અમે મોઢા આગળ હાલીએં. '

પહેલી ઘોડી આરબે હાંકી.

ધાંતરવડી નદીને કાંઠે જ્યારે સૌ ચડયા ત્યારે જોગીદાસ અને ભાણ ખુમાણે નાગેશરીનો કેડો લાલતો તે પડતો મેલીને રાજુલાને માથે ઘોડી હરડી કરી.

આરબે પૂછયું ' કાં ? '

કે ' રાજુલા માથે પડવું છે. '

' અરે નોય એવી વાત. ' આરબ જમાદાર, પોતાના જ ધણી ભાવનગર દરબારનું ગામ રાજુલા ભાંગવાની વાતથી ચોંકી ઊઠયા.

ત્યારે ભાણજોગીદાસે પેટમાં રાખેલી વાત પ્રકટ કરીઃ 'અમે તમારી ખાતર બરદાસ્ત કરીએ છીએ તે તો રાજુલા માટે. '

આરબે કહ્યુંઃ 'ભાગ્યની વાત ! હવે કાંઈ સરાય નહિ. '

રાજુલે ચાગલ જમાદારનું થાણું. પણ ચાગલો બહાર નીકળી ગયો હતો.

મશાલ વખતે જોગીદાસે રાજુલું ઘેર્યું. પણ ગામમાં ગરાવ નહિ. ચારે દરવાજા ઉપર માણસ. બંદૂકાની નાળ્યું છૂટે છે.

કૂબલીઆ પા માં બેરાઇ દરવાજે ઉમર સામેડો સપાઈ ૩૫ માણુસેઃ ડુંગરના રસ્તા માથે મામદ જમાદારનું થાણુંઃ વડલીને ઝાંપે પણ પાક્કો બંદોબસ્ત.

એટલે આરબ જમાદારે કહ્યુંઃ 'તો રાજલીઆના ગાળામાંથી ગરીએ.'

પોતે છ જણા ચાલ્યા. એમાં એ ટેકાણે ચોકીદાર મસ્ત સીદી હોકો પીતો બેઠો છે, પગરખાંના ખડખડાટ સાંભળીને મસ્ત ઊભો થયો.

'મસ્ત ! તું ખસી જા.' બહારવટીઆએ હાક મારી.

મસ્તે જવાબ વાળ્યોઃ 'ખસ્યાં ખસ્યાં ! એમ શું ભાવનગરનાં નગારાં ઊંધાં વળી ગ્યાં છે !'

'ના, ભાવનગરનાં આબાદ, પણ તારાં અવળાં !'

તો પણ મસ્ત ન ભાગ્યો, એને બંદૂક લાગી. પડતે પડતે એણે હાકલો કર્યોઃ 'રાજુલા ! હુશીઆર !'

આરબો ગામમાં પેઠા. બજારે ચાલ્યા. ચોરા માથે ભાયેાથી ધાંખડો આઠ માણસે ઊઠયેા. પણ આરબોએ બે ચંભા કર્યા, આઠેને ઉપાડી લીધા. ગામમાં ચાહકા થવા લાગ્યા.

એજ ટાણે એક લગન હતાં. મામદ જમાદારનો ભાઇ પિયારો જમાદાર માંડવામાં વરરાજા વેશે તૈયાર બેઠા હતો ત્યાંથી દોડયેા.

ચોકમાં આવ્યેા ત્યાં આરબોએ દીઠો : 'અરેરે ! આ તો પિયારો આવે છે ! માથે મોડ છે. એને પકડી લ્યેા.'

ચારે આરબોએ ઢાલો આડી રાખીને દોટ દીધી. પિયારાને બથમાં લઈને ઉપાડયેા. હાદા સોનીના હાટમાં પૂરી દીધેા.

ત્યાં પિયારાથી નાનેરેા ફકીરમામદ દોડયેા આવે. એણે ભાઈને

ભાળ્યો નહિ. એટલે ઘા કર્યો આરબ જમાદારને માથે. બરાબર હાથની કળાઈને માથે તરવાર પડી. કાંણીનું હાડકું ખાઈ ગઈ. આરબે ફકીરાનું માથું ઉડાવી દીધું.

ત્યાં સામેથી એક બંદૂકની ગોળી આવી ફરતી. ચોંટી બરાબર આરબ જમાદારના પાટમાં. પગ ડોળી નાખ્યો.

સવારનો પહોર થઈ ગયો. જોગીદાસ ને ભાણુ બેઉ રાજુલા માથે પડયા. આવીને બેય જણા કહે 'આરબ જમાદાર, આવી જા અમારા ઘોડા માથે. મીતીઆળા ભેળો કરું.'

કે 'ના.' ડોળીએ નાખીને પાવા પોપટને ઘેર પહોંચાડયો. પણ રાજે ઘરેઘરની જડતી લીધી. આરબનો ખાટલો ઉપાડીને ભૂંકણધારની ઝાડીમાં લઈ ગયા, ડોળા તળાવને માથે.

આરબ કહે, હવે હું દરબારને મોઢું ન દેખાડું [નીમકહરામી કરી ખરાને !]

પછી નાંદોદ દરબારને લખ્યું. નાંદોદને ને ભાવનગરને વેર. નાંદોદે કહેવરાવ્યું. 'જમાદાર, ખુશીથી આવો.'

નાંદોદ જવા ઊપડયા. વળાને પાદર આવ્યા. ત્યાં ભાવનગરના ફટાયા હરભમજીના મહેમાન બન્યા. એની પાસેથી જાણ્યું કે ધરમપુરની ચઢાઈ લઈ છોટો કુમાર ભાવનગરના વળાને માથે માર માર કરતો આવતો હતો. વળાની રક્ષા કરવા પછેગામના ત્રણસે દેવાણી આવી બેઠા હતા.

આરબ જમાદારે પોતાના સિબંદીઓને કહ્યું, 'આપણાથી ઝાંપેથી જવાય ? ભાવનગરનું તો નીમક ખાધું છે.'

હરભમજી કહેઃ 'તમે તો મહેમાન છો.'

'મહેમાન તો તમારા ને ! ખબર સાંભળેથી ન જવાય. અટાણથી

જ મોરચો કરી લઈએ.' ઘેલો નદીને કાંઠે આરબોએ મોરચો બાંધી લીધો.

પ્રાગડે દોરા દીધા. [પ્રભાત પડ્યું.] નગારું થયું. સામે કાંઠે શત્રુઓની સેના તોપ માંડીને તૈયાર હતી. આરબોની બંદૂકે ગોલન્દાજને ઉડાડી મૂક્યો. ને પછી જમાદારે હાક દીધીઃ 'ભેળી દિયો.'

હાથોહાથની લડાઈ ચાલી. દેવાણીઓ ભાગ્યા. પણ આરબો ન ખસ્યા. શત્રુને તગડી મૂક્યો.

મહારાજને શિહોર ખબર પડી, કે મારા દેવાણીને ભાગવું પડ્યું ને આ મને છોડી જનારા આરબે રંગ રાખ્યો. રાજુલાની વાતને વિસારી દઈ મહારાજે આરબ જમાદારને લઇ આવવા મીરાં દાદાને મોકલ્યા.

ભૂલું પડેલું માનવહૃદય

મધ્યયુગી માનવ-સિદ્ધાંતો કેવી વિચિત્રતા બતાવે છે! આરબ જમાદાર એક રાજ્યનો પગાર ખાય છે, પણ બીજાનો રોટલો ખાધો, ભાઇબંધી કરી, તેનું નૈતિક બંધન એને એ જ રાજ્યના અન્ય ગામની લૂંટમાં બહારવટીઆનો સંગાથ કરવા ખેંચી જાય છે, પછી પાછો એ જ માનવી એક ગામને ઝાંપે સ્વાગત પામે છે, તેટલા જ કારણે ત્યાં તે ગામને ખાતર ખપી જવા તત્પર બને છે, એની ખાનદાની નિહાળીને એ જ રાજા એ આરબની આગલી ખૂટલાઈને ભૂલી જાય છે અને આરબને પાછો તેડાવે છે. મૈત્રી, અદાવત, આશરાધર્મ, ખૂટલાઈ અને ખાનદાની, બધાં અરસપરસ અટવાઈ જઈને માનવીની આંખો સામે અંધકારભરી રાત્રિ ઉતારે છે. ભૂલું પડેલું માનવ-હૃદય એ અટવીની અંદર જ્યાંથી શકય હોય ત્યાંથી ઝડપે મારગ કરતું આગળ ચાલે છે. સર્વકાલીન અને સનાતન માનવ-ધર્મની એને ગતાગમ નથી. એ વિચારવા તોળવાની એને વેળા નથી.

કીર્તિલેખ કોના રચાય છે ?

ટાંચણુ-પાનું ફરે છે અને એક કબર દેખાય છે—

દ્વારકા: કબર: કિલ્લા પાસે. કબર છે એક ગોરાની. કબરના પ્રસ્થર પર લેખ કોતર્યો છે—

William Henry Mariot. Lieutenent in H. M. 67 regiment and A. D. C. to Elphinstone, Governer of Bombay, 26 years ago died Dec. 1820; first to ascend on the ladder to the Fort.

ફ્રૅાર્ટ : કોનો કિલ્લો ? ગાયકવાડ રાજ્યનો. કોના મુલકમાં ? મૂળ માલિકો વાઘેરોના. સીડી પર પ્રથમ ચડી જઈને મરેલો ગોરો. કોની ગોળીએ મુઓ ? કિલ્લાની અંદર કબજો કરી બેઠેલા વાઘેરોની ગોળીએ.

એક ભાડૂતી ફોજના એક ભાડૂતી ગોરાનો આ કીર્તિલેખ છે. કબરની સામે ઊભો ઊભો મારી પોથીમાં હું આ 'કીર્તિલેખ' ટપકાવતો હતો ત્યારે ઈ. સ. ૧૮૫૭ની સાલના એક કાળા-નાટકના પરદા પછી પરદા આંખો સામે ઊઘડતા આવતા હતા. દેશી જવાંમર્દોનો દાળોવાટો કાઢવા માટે ગાયકવાડે સૌરાષ્ટ્રકાંઠે ઉતારેલી આ ભાડૂતી ફોજના એક ભાડૂતી માણસનો કીર્તિલેખ મારાં નેત્રોને લજ્જાથી ભરતો હતો. સાચા કીર્તિલેખો ત્યાં કોતરાયા નથી. એજ ગાયકવાડી કિલ્લાને માથે ૧૮૫૮ના ડીસેમ્બરથી થોડા જ મહિના અગાઉ બળવો પુકારી ઊઠનારા બેહાલ ચીંથરેહાલ ધરતીજાયા વાઘેરોએ

નીસરણી માંડી તેનો કીર્તિલેખ કયાં છે ? જનતાનાં કલેજામાં. ઓખામંડળમાં હું ૧૯૨૮માં ગયો, જઈને મેં લોકજબાન પરથી નીચલા કીર્તિલેખો ઉકેલીને ટપકાવ્યા.

'કોની માએ શેર સૂંઠ ખાધી છે ?'

બળવો મુકરર થયો છે.

જસરાજ માણેકના પાળીઆ પાસે સમસ્ત વાઘેર જવાંમર્દો મુકરર સમયે જમા થયા છે. કિલ્લો તોડવો છે.

શુકનાવળીએ શુકન જોયાં, બોલ્યો કે ભાઈ, જુવાન પુંજા માણેક પર ઘાત છે.

એને ઘરમાં પૂરીને નીકળ્યા. પુરાયેલા પુંજાને બાઈઓએ તાનું દીધું: 'અસાંજાં લૂગડાં પેરી ગીનો ! (અમારાં લૂગડાં પહેરી લ્યો.)

—ને પુંજો કમાડ ભાંગીને નીકળ્યો અને છપન પગથીઆંવાળી સરગદુવારી પર ચડી કિલ્લો તોડવા પહોંચ્યો. ગાયકવાડી દુર્ગરક્ષકોની પહેલી શત્રુ-ગોળીએ પુંજો પડ્યો.

એ કીર્તિલેખ કયાં કોતરાયો છે ?

'નીસરણી હાથ એક ટૂંકી પડી. ગઢ એક જ હાથ છેટો રહ્યો. હાકલ પડે છે—'

'કીનજી મા શેર સૂંઠ ખાધી આય !'

એના જવાબમાં, મોંમાં તલવાર પકડી નીસરણી માથેથી ગઢ માથે ટેક મારીને પહોંચનાર વાઘેર પતરામલ મીંયાણીનો કીર્તિલેખ કયાં છે ? પથ્થરના ટુકડામાં નથી. જનતાની જબાન પર છે.

રતનશીભાઈ

સત્યો, અર્ધસત્યો ને અસત્યોનાં સંમિશ્રણ પર કલ્પનાના રંગો લગાવીને વસ્તુસ્થિતિની બદનામીમાંથી છટકબારી મેળવતી જબાનોની

આ વાત નથી. આ તો એક પ્રત્યક્ષ સાહેદે પૂરો પાડેલ પુરાવો છે. દ્વારકાથી આગળ વધી હું બેટ શંખોદ્ધાર ગયો હતો. પોણોસો વર્ષના ભાટીઆ રતનશીભાઈનું ઘર મને લોકોએ ચિંધાડી દીધું. છૂટી પાટલીએ પહેરેલ પોતડી, કસોવાળી સફેદ પાસાબંડી, બંને ઘડી પાડેલ બેસ, માથે ગાંધી ટોપી: પાતળી ઊંચી દેહ-કાઠી અને રણકો કરતો કંઠ આજે પણ સાંભરે છે. એકલ પંડયે હતા. દીકરો દેશાવરે. રોટલા કરી દેવા માટે, હજુ તો ફકત વાગ્દત્તા સ્થિતિમાં હતી તો પણ દીકરાની વહુ સાસરે-ઘેરે આવી રહી હતી. રતનશીભાઈએ ઊછળી ઊછળીને, નજરે દીઠેલી વાઘેર-બળવાની પ્રવાહબદ્ધ વાત કહેવા માંડી. નજરે દીઠેલ, કારણ કે પોતે, પોતાના પિતા લધુભા, ને પોતાના દાદા રામજીભા, ત્રણે એ કાળ-નાટકનાં પાત્રો હતાં. પાંચ-સાત વર્ષનું એનું બાળપણ વાઘેર-બળવાની વિગતો સંઘરીને સીતેર સંવત્સરોથી એ બુઢ્ઢા દેહમાં લપાયું હતું. એ પાંચ વર્ષના શિશુની આંખો અને સ્મરણ-શક્તિ નીચે મુજબ બોલી ઊઠી ને મેં ટપકાવી લીધું—

'સેન નાંઇ થિન્દો?'

મારા દાદા રામજીભાઇનાં બોરડાં દ્વારકામાં હતાં. વસઇવાળા વાઘેરોએ અમરાપર વાળા જોધા માણેકની અને બાપુ માણેકની વિરુદ્ધ ગાયકવાડના મરાઠા વહીવટદાર બાપુ સખારામને કાન ભંભેરી ચડાવ્યો, કે અમે પહેલીવાર તો એ જોધા અને બાપુના ચડાવ્યા તમારી સામે ઊઠયા હતા. વહીવટદારે અમરાપરવાળાઓની રોજી બંધ કરી દીધી. એના લશ્કરીઆઓએ અમરાપર જઈ તોફાનો માંડયાં. મોરલા મારે ને બાઇઓને કાંકરીઉં નાખે. બાઇઓએ મર્દોને કહ્યું કે 'અસાંજાં થેપાડાં આંઈ પર્યો, ને આંજી પાધડી અસાંકે ડયો. (અમારા ઘાઘરા તમે પહેરો ને તમારી પાધડીઓ અમને આપો.)

જોધો આ બધું સહન કરે, પણ બાપુને ઝનૂન ચડયું. એણે જોધાને કહ્યું: 'તોંથા કીયે નાંઈ થીંણું. અસાંથી સેન નાંઈ થિન્દો.

દ્વારકાં તો પાંજી આય, પાંજી રોજી બંધ કરી છડયું આય, પાણ પાંજે ગામ ગીની ગીડો. (તારાથી કંઈ નહિ થાય. અમારાથી હવે સહન નહિ થાય. દ્વારકા તો આપણી છે. આપણી રોજી બંધ કરી છે. આપણે આપણાં ગામ પાછા લઈ લેશું.)

જોધો કહે—પાણ રામજીભાજી સલાહ ઘીનું. (આપણે રામજીભાની સલાહ લઈએ.)

આવ્યા મારા દાદા પાસે. રામજીભાએ કહ્યું— 'વસઈવાલેજા ચડાવ્યા મ ચડો.'

પણ જોધાને મિટ્ટીનો સલેમાન (હોળીનું નાળીએર) બનાવ્યો. આડસરની નીસરણી તૈયાર કરાવી કિલ્લે માંડી. નીસરણી ન પહોંચી. ફાળીઆં નાખી વાઘેરોને દીવાલ પર ઉઠાવી લીધા. પુંજા દેવાડીઆએ બોં તોડી. એમાંથી નારણ રૂગનાથને કુટુંબ સાથે કાઢી જામપરે પહોંચાડી દીધું.

બાપુ સખારામ (ગાયકવાડી વહીવટદાર) બોલ્યો કે 'વાઘેરાત મંજે કોય આહેત !' (વાઘેરો આપણી શી વિસાતમાં છે !)

બાપુ સખારામ સૈન્ય લઈ બેરી ફૂંકતો આવ્યો. વાઘેરોએ કહ્યું: 'વયો રે. નીકર મરી વીંજો. (જતો રહે, નીકર મરી જઈશ.)

ભડવીર લધુભા

બાપુ સખારામ સૈન્ય લઈ ભાગ્યો. જામપરામાં પેઠો. ત્યાં અનાજ પહોંચે નહિ. ૩૦૦–૪૦૦ જણા ભૂખે મરે. હરિભાઈ કુંવરજીએ મારા દાદાને સંદેશો પહોચાડયો કે 'ભૂખે મરીએ છીએ.' કિલ્લાની બહાર અમારી વખારો. પણ ત્યાંથી દુશ્મનોને ખોરાક પહોંચાડવાનો છે એવી શંકાથી વાઘેરોએ બન્ને વખારો લૂંટી લીધી. તો પણ વખારોમાંથી દાદાએ જામપરે માલ મોકલ્યો. વાઘેરોને ખબર પડી. વખારો તોડી. એ વખતે મારા બાપુ લધુભા આવ્યા ને તેણે વાઘેરોને કહ્યું: 'ભ

માછીઆરાવ ! આંકે રાજ ખપે ! જંજે ખાવતા તીંજે જ ખેદોતા ! (હરામી માછીમારો ! તમારે રાજ જોઇએ ? જેનું ખાવ છો એનું જ ખેદો છો ?)

એ રીતે મારા બાપ લધુભાએ ખૂબ ગાળો દીધી. ત્યારે વાઘેરો ઝનૂનમાં આવી ગયા ને કહ્યું, 'લધુભા ! તું ખસી જા, નીકર મારી પાડશું.'

પણ મારો બાપ ન માન્યો. ગાળો જ દીધે રાખી. ઉપાડયો. પગમાં બેડી પહેરાવી મંદિરના કિલ્લામાં દુશ્મનોનાં મુડદાં રાખેલાં તેની સાથે પૂર્યો.

(વાઘેરોએ મંદિરો ફરતો ગાયકવાડી કિલ્લો સર કરી પોતાનો વિજય-વાવટો ચડાવી દીધો છે તે કાળની આ હકીકત છે. દક્ષિણીઓ તો ભાગી નીકળ્યા હતા તેજ ખૂબી છે !)

આગેવાન જોધો માણેક આ બળવો ચલાવતી વખતે બીજે ન જમતો-ઝેર અપાય તેની બીકે. રામજીભાને ઘેર જ જમે. આવ્યો જમવા. 'ચાલો રામજીભા ! ઝટ કરો.'

બાવા બેસવા ટાણે લધુભા ન મળે. 'લધુભા કયાં ? ' ખબર પડી કે જીભ કુહાડા જેવી તેને કારણે કેદ પુરાણા છે, બાંધા વગર જોધોભા કિલ્લે ગયો, કોટડીનું તાળું તોડયું, લધુભાને કાઢયો. પગ લોહીવાળા જોયા. પૂછયું 'આ કેમ ? '

લધુભાઃ-આ તારે વાઘેરોએ બેડી નાખી છે, તું હવે હાથકડી નાખ.

જોધોઃ—લધુભા ! તોજી જીભ હેડી આય, કે મુકે ગુડીજે ટીલો તુંજ ડીને. હીન ટાણે વનવનજી લકડી આય. તોજી જીભ મેરબાની કરીને વસ રાખ. (તારી જીભ એવી છે કે તું જ મને ગળીની કાળી ટીલી દઇશ. મહેરબાનીથી તારી જીભને વશ રાખ. કારણકે અત્યારે

તો આંહીં વનવનનાં લાકડાં જેવા કૈક જાણ્યા અજાણ્યા, નરમ ને ખુન્નસભર્યા વાઘેરો ભેગા થયા છે.)

લધુભા કહેઃ 'મૂંકે તો ઝેર અચેતો. મુંજી વખાર ખાત્રી કરી વીંની.'

એ પછી જેઘા માણેકે અમરાપરથી બે ગાડાં મગાવી જસરાજ માણેકના પાળીઆ આગળ ગુપ્ત ઊભાં રખાવ્યાં અને પછી અમારા કુટુંબ સહિત પાંત્રીશ માણસોને ખરચુ જવાને બહાને નાળીએરના ઉલકા (કાછલી) પકડાવી કિલ્લા બહાર કઢાવ્યા, ગાડાંમાં બેસરાવી અમરાપર પોતાના ઘર ભેગા કર્યા. ત્યાં ચારપાંચ દિવસ ગુપ્ત રખાવ્યા, એને ઘેર ભેંસો હતી તેના દૂધનો રોજ દૂધપાક કરી અમને એની બાઇઓએ જમાડ્યા. એ દૂધપાક મને હજી પણ સાંભરે છે. પછી અમને સૌને જામખંભાળીઆ તરફ લઇ ચાલ્યા. મારા ડાડા રામજીભા તો દ્વારકામાં જ રહ્યા, ને મારા દાદાના ભાઈ જેરામભા, દાદી વગેરે બેટમાં હતા.

લૂંટારો લજવાયો

ચાર ગાડાં જોડાવી મારા પિતા લધુભા ચાલ્યા જાય ત્યાં રસ્તે છુપાઇ રહેલા વાઘેરો ઊભા થયા. પહેલા ગાડાને જવા દીધું, પછી બીજા ગાડાના બળદની નાથ પકડી લૂંટવા માંડ્યા.

એટલે તુરત મારા બાપે પાછલે ગાડેથી ઊતરી દોડતા આવી હાક દીધીઃ 'કેર આય ? અચો પાંજે ગડે.' (કોણ છો ? આવો મારે ગાડે.)

જવાબમાં લૂંટારો બોલ્યો નહિ. મોંએ તો મોસરીયું વાળેલું, પણ ફક્ત આંખો તગતગે.'

મારા બાપે કહ્યું: 'હાં, તોજી અખતાં મું સુઝાણ્યો આય કે તું વરજાંગ અયેં.' (તારી આંખો પરથી જ મને સૂઝી આવે છે કે તું બીજો કોઇ નહિ, વરજાંગ છે.)

લુંટારો જવાબમાં શરમાઈને બોલી ઊઠયોઃ 'મુઠો ડન્ને લધુભા ! ચાર ગાઉ દોડી દોડીને અસીં મરી વિંયાસીં ! હણે તો અસાંથી લૂંટાય ન.' (પકડી પાડયો મને લધુભા ! બહુ કરી ! ચાર ગાઉ દોડી દોડીને અમો તો મરી ગયા, પણ હવે તો અમારાથી લૂંટાય નહિ ને !)

લધુભા કહેઃ 'ઈનિજી પાસે તો બસો ચારસો ક્વારીયેંજ્ને માલ હુંદો, પણ મું આગર બ હજ્જર ક્વારીઉં આય. આંકે ખપે તો ગીની વીંજ.' (એ ગાડાવાળાઓની પાસે તો બસો ચારસો કોરીઓનો માલ હશે. પણ મારી આગળ બે હજાર છે. આવને લેવા.)

લુંટારો વરજાંગઃ—હણે તો લધુભા, સરમાઇ વિંયાસી. તોજ્જે મે'તે કે લૂંટણા વા. ચોપડેમેં અસાંજ્જે ખાતેમેં ખૂબ કલમેંજ્ન ઘોદા માયું અય. (હવે તો લધુભા, અમે શરમાઇ ગયા. અમારે તો તારા આ મહેતાને લૂંટવા હતા. ચોપડામાં અમારાં ખાતામાં ખૂબ કલમના ઘોદા લગાવી લગાવી વ્યાજ ચડાવ્યાં છે.)

લધુભાઃ—હણે કુરો ? (હવે તમારે શું કરવું છે ?)

લુંટારોઃ—હણે હલો. આંકે રણજી હુન કંધી જડી વંજુ. નક આંકે બીઆ કોક અચીને સંતાપીતા. (હવે હાલો, રણને ઓલે (સામે) કાંઠે તમને મૂકી જાઉ, નીકર તમને કોક બીજા આવીને સંતાપશે) પણ લધુભા ! ભૂખ લગી આય.

લધુભાઃ—તો ડીયું. જ્યેંધે માણેકજ્ને પરતાપ આય. (તો ખાવાનું દઉં. જેવા માણેકનો પ્રતાપ છે.)

પાંચ છ વર્ષનો બાળક રતનશી ગાડામાં બેઠો બેઠો આ ઘટનાનો સાક્ષી હતો. એના અહેવાલમાં લુંટારાની જે શરમીંદાઈ ઝલકે છે તે મને રવિશંકર મહારાજના બેડા જીલ્લાના પ્રસંગનું સ્મરણ કરાવે છે. *લુહાણાના ઘીના ડબા ચોરનાર પાટણવાડીઓ ગોકળ પોતે જ એકરાર

*જુઓ માણુસાઇના દીવા : 'કોણ ચોર, કોણ શાહુકાર'નો કિસ્સો.

કરીને કહે છે કે 'શું કરવું મહારાજ ! બધું કબૂલ કરું છું કારણ કે તમે આટલે સુધી જશો (અપવાસો કરશો) એવું નહોતું ધાર્યું.' પાટણવાડીઓ ઘીના ડબા કાઢી આપે છે, ને અહીં સોરઠીઓ લુંટારો શરમાઇ જઇ ઉલટાનો સૌ ભાટીઆઓને રણને સામે પહોંચાડવા જાય છે.

જેરામભાની મર્દાઇ

બાળક રતનશીએ દીઠેલ આ દૃશ્ય એક વેપારીની વીરમૂર્તિને ખડી કરે છે. વડોદરા જેવા અડીખમ રાજ્યની શસ્ત્રસજ્જ પલટનોને ભૂંજી નાખી વાઘેરો કિલ્લો સર કરી બેઠા હતા તેવા ધગતા કાળમાં એ જ વિજેતા વાઘેરોને મોઢામોઢ ગાળો ચોડતો ભાટીઓ યુવાન લઘુભા મધ્યયુગની જે માટીનો બનેલો હતો: તે માટી વિચારમાં નાખી દે છે. પણ રતનશીભાઇની સાહેદીને સાંભળતા હજુ આગળ વધીએ—

મારા દાદા રામજીભા દ્વારકામાં જ રોકાયા, ને એના ભાઇ જેરામભા બેટ શંખોદ્ધાર ગયા. એણે વાઘેરોની વિરુદ્ધમાં ગાયકવાડી વહીવટનો પક્ષ લીધો. સિપાહીઓને કહ્યું કે 'તમે ખૂટશો નહિ. બેટનો કિલ્લો ન સોંપજો.'

સિપાહીઓઃ—અમારે આવું શું ?

જેરામભાઃ—હું સગવડ કરી દઉં. મંદિરમાં તૂટો નથી.

પોતાનાં છોકરાંને શંખનારાયણના મંદિરમાં મૂકી દઇને જેરામભા બેટનો કિલ્લો ઘેરી લેનારાં વાઘેર-દળોની વચ્ચે, કિલ્લા પર ચડી 'ખબરદાર ! ખબરદાર !' એવી હાક દેતા રાતે ચોકી કરે, કપાસીઆ અને તેલ સળગાવી કિલ્લા પર દીવા માંડે, કિલ્લા પર વાઘેરો ચડી શકતા નથી, વાઘેરો સમજ્યા કે જ્યાં સુધી જેરામભા છે ત્યાં સુધી કિલ્લો નહિ લઈ શકાય, માટે દ્વારકા જઇ જોધા માણેકને અને રામજીભાને તેડી લાવીએ ને જેરામભાને સમજાવી બહાર કાઢીએ.

જોધો માણેક ને રામજીભા આવ્યા. નીચેથી કિલ્લાવાસી જેરામ-ભાને સાદ કર્યોઃ 'જેરામભા, તું ઊતરી જા.'

જેરામભા જવાબ વાળે છેઃ 'ના જોધા માણેક! ન ઊતરું. તું બે હજારની ફોજ લાવીને કિલ્લો ભલે જીતી લે. બાકી તો હું ઊતરી રહ્યો.'

જોધોઃ—જેરામભા, હું તને શરમાવવા આવ્યો છું. પછી વેળા નહિ રહે.

રામજીભાઃ—જેરામ, હવે હુજત ન કર.

જેરામભાઃ—જોધાભા, આંઈ મુંકે હકડી બાંયધરી ડિનાં?' [તમે મને એક બાંહ્યધરી દેશો?']

'કુરેા?' [શું?]

'કે કિલ્લામાંના કોઈ પણ આદમી પર અવાજ ન કરવો. બધાને સલામત ચાલ્યા જવા દેવા.'

જેરામભાએ જઈ સિપાહીઓને કહ્યું, 'હવે બચી શકાશે નહિ. વાઘેરો કાપી નાંખશે. કિલ્લો છોડવો પડશે. ચાલો તમને હું સલામત બહાર કાઢી જાઉં.

સિપાહીઓને લઈને ચુપચાપ નીકળી ગયો. શંખા તળાવની પાસે પહોંચતાં તો બીજા વાઘેરો આડા ફર્યા. કહે કે એક ધીંગાણું તો અમે કરશું; કેમકે આ સિપાહીઓએ અમારા એક આદમીને માર્યો છે.

જેરામભાએ આડો લીટો કરીને કહ્યુંઃ 'જો આ લીટો વળોટીને તમે આવો તો તમને જોધા માણેકની આણ! રણછોડરાયજીની આણ!'

બસ થઈ ગયું. લોહીના તરસ્યા વાઘેરો પાછા વળી ગયા. જઈને તેઓએ જોધા માણેકને વાત કરી. જોધો શું કહે છે!

'હે ભેંણે કુત્તાઓ! હી કુરેા કરેતા! ભજી વિનો.' (હે કૂતરાઓ! આ શું કરો છો તમે? ભાગી જાવ.)

કાળ–નાટકનાં આ દસ્તાવેજી પાનાં તો ઉકેલો વાચકો ! પોતડીદાસ વેપારી ભાટીઆઓની જવાંમર્દી બોલે છે, સર્વસહિયારી સિપાહીગીરીના બોલ. જેરામભાને વાઘેરબેયાં કિલ્લા પર કપાસીઆના દીવા સાથે પહેરેગીરી કરતો, 'ખબરદાર !' શબ્દે રાત્રિનાં તિમિર કમ્પાવતો કલ્પો; 'કિલ્લો નહિ સોંપું, કિલ્લેથી નહિ ઊતરું, પ્રાણ વહાલા નથી, ઇજ્જત વહાલી છે, જોઇએ તો જીતીને કબજે કર જોધા !' એ શબ્દો એક હીંગતોળના છે. છેવટે કિલ્લો છોડવાની કબૂલાત આપે છે, પણ કેવી શર્તે ? પોતાના શબ્દના કતલ્કાર પર જેઓ અણખૂટયા ઊભા હતા તે સર્વ કિલ્લેદારોનો વાળ પણ વાંકો ન થવો જોઇએ એવી શર્તે.

તેની સામે વાઘેરોની નીતિ નિહાળોઃ પોતાના જણનો જાન લેનારા સિપાહીઓમાંથી એક જાનના બદલામાં પાંચપચાસના પ્રાણ માગવાની, કે વગરપૂછે શરણાગતો પર તૂટી પડવાની અર્વાચીન યુદ્ધકરતા ત્યાં નહોતી. માગણી તો હતી 'એક ધીંગાણું' કરી લેવાની : સામી છાતીએ આવી જવાની.

આડો એક ધૂળ–લીંટો થાય છે; સરદારનાં ને પ્રભુનાં બે સમોવડ મનાતાં નામોની દુહાઈ દેવાય છે; રક્તપિપાસુઓ પાછા વળી જાય છે. ઓ માનવીઓ ! સરખાવો તો ખરા, ને પછી કહો, પૈસાને–બસ ફક્ત પૈસાને માટે જ ગાયકવાડની કુમકે પહોંચનાર વિદેશી મંદિરભંજકોનાં બેશુમાર દળકટકમાંથી એક જણ નીસરણીએ ચડયો તેના કીર્તિલેખ છાજે ? કે આ જોધાનો ? જેરામભાનો ? રામજીભાનો ? કે આ દુહાઇનો ધૂળ–લીંટો ભાળી પાછા વળી જનાર સાધારણ વાઘેર યોદ્ધાઓનો ?

બેર, રતનશીભાની સાહેદીને અજવાળે આપણે આગળ ચાલીએ. શસ્ત્રસરંજામવિહોણા રંક વાઘેરોના બળવાનો ભયાનક અંજામ ચોથે જ દહાડે આવી ઊભો રહે છે ! ટાંચણ બોલે છે કે—

હથિયાર ન છડ્યું

'ચાર દિવસે સાત આગબોટ દેખાણી સમીઆણીની દીવાદાંડી પાસે, ત્રણ દેખાણી નાની ખાડીમાં. વાઘેરોએ હાજી કરમાણીશા પીરની જગા પાસે જઈ નાની તોપો વછોડી. સામા મોટા ગોળા આવ્યા.

વાઘેરો બોલી ઊઠ્યાઃ 'હે ભેંણે ! હેડે હેડે જો તો વદાડ ન વો.' (આવડા આવડા તોપગોળા ફેંકવાનો તો કરાર નહોતો થયો !)

જાજી બોટમાં બેસાને આગબોટવાળાઓ પાણી માપી ગયા. એક સ્ટીમર હડમાનદાંડીથી આવી, ગોળા વછોડ્યા.

રાધુ શામજી નામે ભાટીઓ, અંગ્રેજી બોલી જાણે, તેણે ગામને બચાવ્યું. વાઘેરોને કહ્યુંઃ 'વષ્ટી કરીએ.'

વાઘેરોએ ધોળો વાવટો ચડાવ્યો. દરિયાઈ ફોજનો કેપ્ટન આવ્યો. બુઢ્ઢા વાઘેરોને એની પાસે લઈ ગયા. કેપ્ટને કહ્યુઃ 'કદમમાં હથિયાર મૂકો ને કિલ્લો સોંપો.'

વાઘેરોએ જવાબ વાળ્યોઃ 'હથિયાર તો ન છડ્યું. હીં કિલ્લો સોંપી ડ્યું.' (હથીઆર નહિ છોડીએ. આમ ને આમ કિલ્લો સોંપી દઈએ.) ગોરો શેનો માને ? એણે તો હલ્લો કીધો.

ઈની મલીએની આડશવાળી, કોઠા પાસેની એક ગલી હતી. ત્યાં ખાડા કરી ચાર વાઘેર ઊભા રહ્યા. એમાંથી બે જણ બીના. એને બીજા બેએ કહ્યુંઃ 'હે ભેંણે ! મૂરતમેં જ માડો વેણ ! ભજી વીનો.' [ફિટકાર છે. મૂરતમાં જ મેળી વાણી ! ભાગી જાવ]

બે ગયા બે ઊભા રહ્યા. પાંચસો ગોરા સોલ્જરો બેટકાંઠે ઊતર્યા. કાંઠે પણ સોલ્જરોની ચોકી બેઠી.

બે વાઘેરોએ ઈની મલીઓમાં તોપ ગોઠવી. તેમાં કચ્છી ઢીંગલા ભર્યા હતા. તોપ દાગી. કિનારે ઊતરેલા હતા તેમાંથી પચ્ચીસ સોલ્જરોને ઘાયલ કર્યા, ને બે વાઘેરો પાંચસો સોલ્જરોની ફોજમાં ઠેકી પડ્યા.

સાંકડે રસ્તે એ બે જણાએ ૩૦–૪૦ માથાં કાપી બાકીનાને પાછા કાઢયા.

સોલ્જરોએ ફેર (ફાયર) કર્યા, બન્ને વાઘેરોને ચાર ચાર ગોળી વાગી. એઉ ખલ્લાસ. બેય લાશોને વાઘેરો ઉપર (કિલ્લા પર) લઇ ગયા.

સોના માટે મંદિર-ધ્વંસ

રાત પડી, સોલ્જરોની ફોજે હલ્લો કરી કિલ્લે સીડી માંડી. કિલ્લાના પહેરા પર એક વાઘેર છોકરો. એણે સીડી મંડાયેલી દીઠી, બૂમ પાડી. દેવો માણેક દોડયો, એણે ખુરમા પર ચડીને સીડીના બાંયાને ધક્કો દીધો. સીડી પટકાઇ, લેફ્ટીનેન્ટ પડયો.

પણ દેવો સીડીને હડસેલવા જતાં એની છાતી દીવાલ બહાર ઊંચી નીકળેલ તેથી ગોળીબારથી વિંધાઈ ગઇ. કિલ્લા પરથી બીજા વાઘેરો પાણા નાખવા મંડયા. (બાપડા ! દારૂગોળાવિહોણા !)

દેવાને અને બીજા બે મુએલા વાઘેરોને કિલ્લા પર ઘી તથા રૂથી દેન દેવાયું. બાકીના વાઘેરો ભાગી છૂટયા બાલાપુર તરફ.

ભાટીઆ જેરામ આણંદજી અને રાધુ શામજી બીકના માર્યા ભંડકમાં પેસી ગયા હતા તે બહાર નીકળ્યા. જુએ તો વાઘેરો ભાગી ગયેલા. બન્ને જણા સાહેબની પાસે ગયા. બન્નેને બાવડે ઝાલીને ઉપાડયા. ગોરાએ કિલ્લો સર કર્યો. ત્રણ કલાકમાં મંદિરોની મૂર્તિઓ ઉડાવી જવાની મહેતલ આપી. પણ દરમ્યાનમાં ગોરાઓને સોનાનો એક લાટો જડયો. ગોરા સમજ્યા કે મંદિરોમાં સોનું જ ભર્યું હશે ! એટલે દેરાંને સુરંગે ઉડાડયાં, દેરાંના ભુક્કા થયા, લૂંટ ચાલી, દારૂ ઢિંચાણા, ચકચૂર થઈ ગોરા નીકળી પડયા. રસ્તે જેને દેખે તેને ગોળીએ મારે, કૂતરાંને પણ.

ગોરો કપ્તાન આવીને દારૂડિયા સોલ્જરોને સોટીએ મારી પાછા લઇ ગયો.

પછી તો જોધો માણેક બહારવટે નીકળ્યો. એ બહારવટાંની રોમાંચક કરુણ કથા મેં બહારવટીઆ ભા. ૨ માં કરી છે. તેમાંનો આ કિસ્સો રતનશીભાઈ પાસેથી સાંપડયો છે—

જોધાને જોવાના કોડ

બાર્ટન સાહેબની મડમ, નામે મેરી. જોધાને જોવાનું એને બહુ મન. રામજીભાને કહ્યું. રામજીભા કહે કે 'સાહેબને પૂછો. એ હા પાડે તો દેખાડું.'

સાહેબે હા પાડી.

રામજીભા કહે છે કે 'ન પકડો તો ભેટાડું.'

કે ' ભલે '

રામજીભાએ જોધાને કહેવરાવ્યું : 'સારું થાય તેવું છે. માટે આવો.'

આવ્યો રાતે.

મડમ કહેઃ 'ના, સાહેબની કચેરીમાં ન લાવશો. વખતે દગો થાય. બહાર લઈ જાવ.'

ગામ બહાર સીમમાં જોધો માણેક રામજીભાને બથમાં ઘાલીને મળ્યા. બોલ્યાઃ ' રામજીભા! જીરે જીરે મિલ્યા સી પાણ. પાંકે ભરોસો તો ન વો.' (જીવતે જન્મારે મળ્યા ખરા આપણે. મને તો ભરોસો નહોતો.)

સાહેબને મળ્યા. સાહેબે કહ્યું કે ' હું બહારવટું પાર પડાવું પણ મારે જોધા માણેકને નજરકેદ રાખવા પડશે.'

જોધો કહે 'રામજી શેઠ જામીન થાય તો હું નજરકેદ રહેવા કબૂલ છું.'

સાહેબઃ—હું લાચાર છું. એવો કાયદો નથી, બાકી રાજની રીતે નજરકેદ રાખું.

રામજીભા કહે 'જેધાભા, ચાલ્યા જાવ.'

સાહેબે જવા દીધા. ગયો. કેડીનાર ભાંગ્યું. પછી તો મુએા તેનું બયાન તો સો. બ. ભાગ બીજામાં આપ્યું છે.

તે પછી એક દી'—

'જેધા માણેકની દીકરી નામે ગંગીબાઈ. પડછંદ. બહુ રૂપાળી. પોલીટીકલ એજન્ટ કોટીન્જ સાહેબે જેધાની વહુએાને પૂછ્યું, 'મહારાજ ખંડેરાવ ગાયકવાડ સાથે દીકરીનું સગપણ કરાવીએ તો વાઘેરોનો પ્રશ્ન સરસ રીતે પતે ને વળી બાઇના પેટના બહુ જોરાવર પાકશે.'

બાઇએાએ ખુલાસો ન દીધો.

આખરે એક દિવસ, વાઘેરોનું બહારવટું નિર્મૂલ બન્યા પછી, રામજીભાના કહેવાથી ગાયકવાડે જેધા માણેકની બેઉ સ્ત્રીઓને રૂા. ૩૦–૩૦ ની જીવાઈ બાંધી આપી, ઘર ચણાવી દીધાં, વાડી દીધી.

ઢેઢ મૂરૂ ટાપુ

ત્રણેક કલાક ધારાવાહી રહેલી રતનશી ડોસાની કથા અહીં ખતમ થઇ. એ સમાપ્તિભાગને સહન કરવા માટે જે વજ્રહૃદય જોઈએ તે મારામાં નહોતું. બળવાની લીલાભૂમિ નિહાળી, થાનકો જોયાં, સમુદ્રકાંઠો જોયો, એ કાંઠેથી જળજંતુઓએ કસબ કરેલા નાના પાણકા અને જળ–ઝાડવાંનાં ડાંખળાં દીઠાં. પંજા પીર, સુણી-મેહારના ડુંગરા નામનું બે ખડકોનું જળતીર્થ, જ્યાંથી વાઘેરો વગર વહાણે ઊતરી ગયા તે શંખોલીઓ કાંઠો, કયુ નામનો બેટ, માનમરોડી ટાપુ, ધબધબા ટાપુ, સાવઝ ટાપુ, લેકામૂરડી ટાપુ, એ દૂરદૂરથી દીઠાં. પ્રથમ આરંભડા ગામથી મછવામાં બેસી બેટમાં ગયો ત્યારે જળમાં ઊભેલા સાતમુરૂ, પારેવો ને ઢેઢમૂરૂ નામનાં બેટડાં પણ જોયાં. ઢેઢમૂરૂ નામ અર્થપૂર્ણ છે. બેટ શંખોદ્ધારની એ છેલ્લામાં છેલ્લી અણી : ઢેઢ લોકોને ખુદ બેટની ધરતી પર પગ મૂકવાની મનાઇ હતી મંદિ-

રોના માલિકો તરફથી ! અસ્પૃશ્યોએ તો દેવની ઝાંખી એ ઢેઢભૂરૂ નામના ખડક પરથી જ કરીને પાછા વળવાનું હતું. જેઓએ દેવને આટલા બધા આભડછેટીઆ બનાવ્યા તેઓ આખરે શું કમાયા ? ગોરાઓના હાથથી મંદિરોનો સુરંગ-ધ્વંસ ! દૈવી ન્યાયને ચોપડે તો પાપપુણ્યનાં ચક્રવર્ધિ વ્યાજ ચડે છે. પણ આ પ્રારબ્ધ-લેખાં સમજાતાં નથી એટલે જ આ દેવમંદિરોના રક્ષકોએ હજુ તો પાંચેક વર્ષ પર અસ્પૃશ્ય—સેવક ઠક્કરબાપાને ગોમતીસ્નાન કરવા નહોતુ આપ્યું.

'હું પંદર વર્ષની હતી'

બેટમાં રતનશી શેઠ મળ્યા, તેમ આરંભડામાં દાદીમા મળી ગયાં. મને ઓખામંડળમાં લઇ જનાર શ્રી ભૂપતસિંહભાઇ વાઢેર (તે વખતે ભાવનગર રેલ્વેના ગાર્ડ) હતા. ઓખામંડળના જમીનધણી બે : વાઘેરો ને વાઢેરો. બેઉને ગાયકવાડે જીવાઇદારો બનાવી દીધા. આ ભૂપતસિંહભાઇનો પણ જીવાઇભાગ હતો. દર વર્ષ ચડત જીવાઇ લેવા પોતે આરંભડે જાય. ત્યાં વાઢેર દરબારોના ગઢમાં પોતે મને લઇ ગયા અને એક નેવું કે વર્ષનાં રાજપૂતાણી દાદીમાની સામે લઈ જઈ બેસાડયો. વાઘેર-બળવાનાં સગી નજરનાં આ બીજાં સાક્ષી દાદીમા બોલતાં ગયાં ને હું ટાંકતો ગયો—

'અમારા વડવા રાણા સગ્રામજી સં. ૧૮૦૦ પૂર્વે થઇ ગયા. એમની બેટમાં ગાદી. દરિયાનાં વહાણ લૂંટે. એક વાર એક સાહેબનો ખરચો લૂંટી એમાંથી સાહેબની મઢમને લઈ ગયા, બેન કરી રાખી. પછી અંગ્રેજોની ચડાઇ આવી. મઢમને પાછી લઇ ગયા, અને સગ્રામજીને પકડીને સૂરતમાં રાખ્યા. પોતે ફળફૂલનો જ આહાર કરતા. મઢમના જ કહેવાથી એમને ગોરા પાછા આંહીં મૂકી ગયા. આરંભડામાં જ એ ગુજરી ગયા.

'એના અબેસંગજી. એની પછી જલમસિંગજી. વાઘેરોએ રાજપાલટો

કર્યો તે વખતે તેમણે આવીને જાલમસિંગજીને કહ્યું કે 'ચાલો, તમને બેટની ગાદી અપાવીએ. એમાં રાતના ભવાયા રમે. વાઘેરો જોવા ગયા. એટલે જાલમસિંગજી, પૂંજોજી વગેરે ભાગીને નગર ચાલ્યા ગયા.

'આંહીં મનવારો આવી. લડાઈ ચાલી. હું પંદર વર્ષની હતી. પરણીને આવ્યાં બેજ વર્ષ થયા હતાં. મેડી ઉપર ઊભી રહીને હું લડાઇ જોતી હતી. ધરતી ધણેણુતી હતી. બિચારા વાઘેરો પાસે તોપો નહોતી.

'અમે તો ટાંકાંની અંદર પડીને મરી જવાનું નકકી પણ કરેલું (કારણ ? કારણ કે ગોરા ઊતરીને શું ન કરે !) પણ નાગરેચી (કચ્છ)થી જાલમસંગજીના સસરા ચાંદોભાઈ, દીકરીના સમાચાર પહોંચી જવાથી આવી પહોંચ્યા. સરકારને ખબર દઇ કહેવરાવ્યું કે આવીને વાવટો ચડાવી જાવ ! પછી માંડવી બંદરનું એક ભાંગલ વહાણ જે સમું થવા અહીં આરંભડે આવેલ તેમાં અમને બેસારીને લઈ ગયા. વહાણ ભાંગલું હતું, વચ્ચે વહાણમાં પાણી ભરાણું, તોફાન ઊપડયું, પણ ખારવાઓએ અમને બચાવ્યા. બે છોકરાં મરી ગયાં.'

સામે જ દેખાતા બેટ શંખોદ્ધાર પરનો અંગ્રેજ—વાઘેર સંગ્રામ જેણે મેડીએ ચડીને નજરોનજર જોયો હતો, જેવાં સાહેદની આ પ્રાપ્તિ વિરલ કહેવાય. એ બન્ને સીધાં સાહેદો આ જગતને છોડી ગયાં છે. મને સંતાપ થાય છે કે હું આ દાદીમા અને રતનશીભાની પાસે વધુ દિવસો કેમ ન રોકાયો ! પ્રશ્નો પૂછી પૂછી અન્યથા અપ્રાપ્ય એવી હકીકતો હું કઢાવી શકયો હોત. પણ આપણાં જીવનમાં ઘર નામે એક બંદીખાનું છે. ઘરસંસાર એ એક સોનાની શૃંખલા છે. ગળામાં એક રસી પડી છે. રસીનો એક છેડો પકડીને ગૃહજીવનનો મોહાસુર બેઠો છે. જરાક દૂર જાઓ ત્યાં રસી ખેંચાય છે. સ્વ. ટાગોર જેને 'ઘરછાડા' કહી ઓળખાવે છે તે બન્યા વિના સાહસ શું ? સાહિત્યનું સર્જન શું ?

આ 'ઘરછાડા' સાહસબુદ્ધિની શું એકલા વેપારમાં, ઉદ્યોગમાં કે

વિજ્ઞાનશોધમાં જ જરૂર પડે છે ને સાહિત્યમાં નહિ ? વાણીવ્યાપાર એ શું આરામખુરસીની વસ્તુ છે ? એથી કદાચ ઊલટું જ છે. વાણી તેજ પકડતી નથી કરણ કે વાણીને આપણે ઘરના એકાદ શીતળ સુંવાળા ખૂણામાં મેજ કે ગાદીની જોડે ઝકડી રાખી છે. શારદાનું વાહન મોર કે હંસ છે તે એકજ વાત આપણે વીસરી બેઠા. ગામભાગોળ સુધીનાં પર્યટનોથી મોરલા ને હંસલા સંતોષાતા નથી. મોરનાં અને હંસનાં મહોડુયનોને ભૂલી જઈ હું ઝટપટ આગગાડી પકડી પાછો પળ્યો; અને ઓખામંડળથી જામનગર સુધીના એ જાડેજી બોલીના જે સંસ્કારો મને રતનશીભાએ પાયા હતા તેના પ્રતાપે ટ્રેનમાંના એક બુઢ્ઢા કાંટીઆ મુસાફરના આ બોલ મીઠા લાગ્યા—

જેગી તા હિન જુગજા, ખાય ખનૂ ને ખીર;
રાતઝે ચડી સુવે પલંગ મથે, હિંજે તા ચોવાય પીર;
હેન ઓદતજા વીર, ઉદેસી અગે વિયા !

૨

જે ભાયેં તું જેગી થિયે, તો દિલમેં ધૂંઇ ધુપાય;
ઘર બાયાજી ફીનરી, મીંજ તનજ્યું તંદુ પાય;
મુંજ સ્વામીડા ! સૂર વજાય, કડે ઈંદાં કાપડી.

હુંગર મથે વીલડી, તેંજાં સોભાતીલાં ફૂલ;
કોઇ કાણું કોઇ કોજડો, કોઇ માણક તુલ.

પરકમ્માનો પહેલો પોરો

કડીનો મલ્હારરાવ

યુરોપના અનેક દેશોમાંથી નાસતા બળવાખોરો ક્રિશ્ચનને ખોળે શરણું મેળવતા. સોરઠદેશે પણ મહાન રાજસત્તાઓના બહારવટીઆને ઓશીકું આપ્યું કહેવાય છે. મુગલ શાહજાદા દારા શિકોહને કરાળકાળ આલમગીરથી સંઘરનારો મીતીઆળાનો કિલ્લો આજે ઊભો છે. દારાએ શસ્ત્રો ઘડવા ત્યાં લોઢાં ગાળ્યાં હતાં તેવું ત્યાંનાં લોક, હજીયે બોદાશ નીકળતો બેરીચો બતાવીને બોલે છે. સમ્રાટ અકબરશાહનો બળવાખોર ગુજરાતનો છેલ્લો સુલતાન વીર નહન્ મુઝફ્ફર પણ સોરઠમાં જ સંઘરાયો અને એને ખાતર ભૂચર મોરીના ભયાનક સંગ્રામમાં કાઠિયાવાડના કલેયા રાજપુત્રો ને ગુજરગો તોપે ચૂંકાયા. એવો ત્રીજો બંડખોર હતો કડીનો મલ્હારરાવ. મૂળ તો ગાયકવાડ કુળનો જ કુમાર. કડી પર સૂબાગીરી લઈને આવ્યો. પ્રજાને સુખી કરતો ને પોતે રંગ-રાગ માણતો. એવો તો બળવાન બની બેઠો કે વડોદરાને 'ફિરંગીની ફોજ' લઈ કડી પર ઊતરવું પડ્યું. વિક્રમશાળી મલ્હારરાવ જુદ્ધમાં દીપતો છેવટે નાઠો અને સોરઠદેશમાં ઊતર્યો તેની એક સાહેદી મારા ટાંચણમાં પડી છે:—

'કળમોદર ને કોટીલું બે ગામ : તેના ધણી બોઘડ ને માત્રો : જમ્મીનો મલ્હારરાવ પાલખીમાં : પાલખીને ભોઈ ઉપાડ્યે આવે : વાંસે વિઠોબાની ફોજ.

'કડી મેલીને ઓળે આવ્યો છું : છે તો દરિયા સામાં પાણી, પણ બે દી થાક ઘો.'

ઓઘડ-માત્રો કહે : 'રો'. અમારાં માથાં પડ્યા પછી તમે વિઠોબાના હાથમાં આવશો.'

વિઠોબાએ બાતમી મેળવી. ફોજ લઈને વિઠોબા કળમોદર ગયો. આઠ દિવસ કમળાના ડુંગર માથે ધીંગાણું રહ્યું.

છેવટે થાકેલા કાઠીએ કહ્યું : 'મલ્હારરાવ, ભાગો.'

'શી રીતે ભાગું ? મને તો મડદાની માફક બોજ ઉપાડ્યે આવશે.' જખ્મી મલ્હારરાવે જવાબ વાળ્યો.

'કાંઈ વાંધો નહિ. તમારો મિયાનો મોખરે, વાંસે કાઠી ને એની વાંસે ફોજ વિઠોબાની.'

વિઠોબાના સૈનિકો ટૂકડા આવી જાય ત્યારે વારતે હાકલવા ઓઘડ-માત્રો પોતે પાછા ફરે, હટાડીને પાછા મલ્હારરાવ ભેળા થઈ જાય.

થોરડી ને આદસંગ સુધી એમ ત્રણવાર ધીંગાણાં કરી કરી મલ્હારરાવને બચાવ્યા.

વિઠોબાની બેળો ઝર ગામનો કાઠી દરબાર માણુરીઓ હતો, કે જેના બાપ બોજવાળાને વિઠોબાએ હાથીને પગે બાંધીને ચીરેલ.

માત્રાએ ચારસો ઘોડે વિંટાયેલ વિઠોબા ઉપર બરછીનો છૂટ ઘા કર્યો. વિઠોબાની કાનસૂરીએ અડીને બરછી જમીનમાં ગઈ.

એટલે તરવાર વાપરીને માત્રે જેતમાલ જમાદારને કાંડે ઘા કર્યો. માણુરીઓ ઝર વાળો થડમાં જ હતો. એણે ઘા કર્યો માત્રા ઉપર. બરછી ન વાગી, પણ માત્રાએ માણુરીઓને ભાળ્યો એટલે કહ્યું—

'હું તારા બાપુનું વેર લઉં છું, ને તું મારે માથે ઘા કરછ ?'

આઠ દિવસ સુધી કેડ ચાચરનો ડુંગર સુધી મલ્હારરાવનો બચાવ

કરતા કરતા પહોંચાડયા. પછી મલ્હારરાવ ઓધડ–માત્રાને કહે કે ' તમે નાસી છૂટો. મને મારશે નહિ, તમને તો મારશે. '

' અરે ના, ના, તો તો કરી કમાણી ધૂડ ને ! મારો વિચાર તો તમને બરડે ને ઢાંગે ડુંગરે લઈ જવાનો છે. '

(પછી મલ્હારરાવનું શું થયું તે વિશે ટાંચણ ચુપ રહીને આગળ ચાલે છે.)

પરીક્ષા થઇ ચૂકી

માત્રાવાળાને દીકરો નહિ. ઓધડને બે દીકરા. ભાગતાં ભાગતાં બહારવટામાં દસ વરસ થઈ ગયાં. માત્રો કાયો. (થાકયો.) ચામઠાંનાં પખાંમાં (પડાવમાં) કુટુંબ લઈને સંતાઈ ગયાં.

ઓધડની બાઈ બોલ્યાં : 'આપો .પેટખોટા છે. અમારું પણ નિકંદન કાઢશે !'

માત્રાએ સાંભળ્યું. એણે કહ્યું કે 'તો હું જઈને તરવાર છોડું.'

પોતે જેતપર આવ્યા. કાઠી ડાયરાની સલાહ લીધી. ગયા અમરેલી. છડીદારે જઈને વિઠોબાને ખબર આપ્યા. : 'સાહેબ, માત્રો નાજાણી, હાલરીઆનો ધણી, આવ્યો છે તરવાર છોડવા.'

વિઠોબા બથમાં ઘાલીને મળ્યા. કહ્યું કે 'તારા હજાર ગુના માફ. પણ હેં માત્રાવાળા ! આદસીંગ પાસે તમે મને બરછી મારી તે ઓળખીને કે ન ઓળખતાં ? '

માત્રોઃ—જો ઓળખ્યા હોત તો તમે જીવતા ન જાત. એવી મારત કે બોલ્યે પડખે વેંત નીકળત.

વિઠોબા પાસે રહેનારો જેતમલ નામનો માણસ બોલ્યો, 'સાહેબ, ઈ કાઠી કૂતરાંની જાત છે.'

માત્રો ઉભો થઈ ગયો : સાહેબ, આ રજપૂત અમને કાઠીને

કૂતરાની જાત કહે છે. પણ આ પટસાળ છે, હુકમ કરો, જો મને જેતમાલ મારે તો કાંઈ એટલા કૂતરા, ને જો હું એને મારું તો કાંઈ સાવઝ.

વિઠોબાઃ—માત્રાવાળા, તું સાવઝ ખરો. પાંચસો ઘોડાં વચ્ચે મને બરછી લગાવી, હવે વળી પરીક્ષા શી !

ફિરંગીઓને ઉતારવાનું મહાપાપ

'ફિરંગીઓની ફોજ'ને ઉતારવાનું મહાપાપ આ ટાંચણમાં ડગલે ડગલે ડોકાય છે. ગાયકવાડે પોતાના દુલ્હા મલ્હારરાવ પર ગોરાં કટકો ઉતાર્યાં, ઓખાના વાઘેરો ઉપર પણ કંપની સરકારનાં સૈન્યોને નિમંત્ર્યાં, અને એ જ પ્રમાણે કાઠિયાવાડનાં નાનાં મોટાં રાજપૂત રાજ્યોએ ગાયકવાડી ફોજને પાડોશીઓને જેર કરવા બોલાવી. ટાંચણમાં એવો પ્રસંગ મોરબી-માળીઆ વચ્ચેનો આવે છે અને એવા વિવેકભ્રષ્ટ સંઘર્ષોની વચ્ચેથી વ્યક્તિગત શરાતનનાં છેલ્લાં સોરઠ–તેજ ચમકી ઉઠે છે :—

દોઢસો વર્ષ પર : માળીઆ હાકેાર ડોસાજીને મોરબી હાકેાર જિયાજીએ કેદ કરી રાખેલ તે વખતે માળીઆના મિંયાણા સરમાળ લધાણી વગેરે છ જણા મોરબી ગયા, નળ પર થઈ ને મેડીએ ચડયા, ડોસાજીના ચોરડામાં જઈ એને ઉઠાડયા. કહ્યું કે 'ચાલો.'

કેદી ડોસાજી કહેઃ 'મારાથી ન અવાય. તમે પલંગ ઉંપાડી જાવ.'

ડોસાજી સૂતા હતા તે સહિત પલંગ નીચે ઉતારી, એને ચારે પાયે માટલાં બાંધી, બે કાંઠે પૂરમાં આવેલ મચ્છુ નદીમાં મિંયાણા તરાવતા તરાવતા ડોસાજીને લઈ ગયા માળીએ.

પછી જિયાજી હાકેારે દગાબાજી કરી નાગડાવાસથી મિંયાણા મુખીઓને ગોઠ કરવા બોલાવ્યા. એંશી જણા હતા તેને રાતે દારૂ ગોસ ખૂબ ખવરાવ્યું, પછી એક મોટો ખાડો કરી તેના ઉપર

પાંદડાં નાખેલ હતા તેમાં એ બેજ્ઞાન મહેમાનોને નાખી દઈ દાટી દીધા. એક જ માણસ બચ્ચો એણે જઈ સરમાળ લધાણીને વાત કરી. સરમાળની ફોજ નીકળી. ગામડાં ઉજ્જડ કર્યાં. મોરબીએ વિઠોબાને ઉતાર્યા. માળીઆનો કિલ્લો તૂટ્યો. સરમાળ ઘવાયો. એક બાઈ એને સૂંડલે નાખી વાંઢીએ લઇ ગઇ. પછી સાજો થઈ ને સરમાળ બારવટે નીકળ્યો. મોરબીના પાદરમાં આવી, બાઇઓને ભેગી કરીને તેમની પાસે 'ઠાકોર જિયાજીનો આજ્ઞે' લેવરાવ્યો અર્થાત છાજીઆં લેવરાવ્યાં, અને પછી કોરી કોરી કાપડાની દીધીઃ 'ભેણું ! હી ગનો. કોરી કોરી આંકે મોઈ ઘીણું, આંયેાસી કાપડેજી દિયાંતેા. (બહેનેા, આ કોરી કોરી કાપડાની દઉં છું.)

(અળખામણા હાકેમની કે પ્રતિસ્પર્ધીની ઠાંઠડી કાઢીને બાળવાનેા અર્વાચીન રિવાજ મૌલિક નથી જણાતેા ત્યારે તેા !)

સરમાળે વાગડ–કાનમેરના ડુંગર પર કિલ્લેા બાંધ્યેા, પાણીનેા હેાજ રચાવ્યેા. ત્યાંથી કચ્છનેા મુલક લેવા ગયેા. અંજાર માંડવી કબજે કર્યાં. માત્ર ભુજ રહ્યું. રાવ ભારાજીએ સરકારની મદદ માગી. સરકાર બળવદથી રણમાં જાય ત્યાં કાનમેરના કિલ્લામાંથી સરમાળ ને ચાંદેાજી (પળાંસવાના) ઊતરીને કાપી નાખે.

પછી ભારાજીએ સરમાળને કહેવરાવ્યું કે નીચે મળવા આવેા. ત્યાં લશ્કર ગેાઠવેલું. ડુંગરથી ઊતરતાં બન્નેને ગેાળીએ દીધા. ત્યાં બન્નેની ખાંભીઓ છે. દુહેા રચાયેા ને ગવાયેા.

ભારા ! ભૂપ ન મારીએ
ચાંદેા ને સરમાળ;
જીવતા હત જમરાણ
તેા ફિરંગી દેશમાં ફરત ને.

આત્મવંચના નહેાતી

ફિરંગીઓ–ગેારાઓ–ખાસ કરીને અંગ્રેજો આ દેશમાં ફરી વળ્યા

તેની શરમ અને વેદના સોરઠી લોકજીભેથી વારંવાર ગવાતી રહી છે. ધ્વનિ એકજ ઊઠે છે કે ભાઈ, આપણે સામસામા ભરી પીત; પણ આ પરદેશી ગોરાને શીદ આપણા બેઉનાં નખ્ખોદ વાળવા બોલાવ્યો? ઓગણીસમી સદીના સોરઠી ઇતિહાસગાનનું એ ધ્રુવપદ બન્યું છે. ગોરી ફોજથી કે એનાં મહાસંહારક શસ્ત્રસાધનોથી ડરવા ગભરાવાની કે શેહમાં અંજાવાની તો આ મુકાબલામાં મરતે મરતે પણ વાત નહોતી કોઈ વ્યકિતને. હરએક નાનામોટા બહાદુરે ગોરાની સામે મર્દાઈનો પડકાર જ દીધો છે. એ પડકારના પડઘા સોરઠી કવિતાસાહિત્યમાં પડયા છે. મરણાન્તે પણ ગોરાને શરણે ન જવાનો મુદ્દો સચવાયો છે. ગોરામાં મર્દાનગી કે ખેલદિલીનું આરોપણ કોઈ ઠેકાણે થયું નથી. 'ગોરો બાપડો શું કરી નાખવાનો હતો!' અને 'ગોરાને શરણે ગયા તો લ્યાનત હજો!' એ બે તેમના યુદ્ધબોલ હતા. ગોરો ફાવ્યો તે તો ધરના કુસંપથી, કાવાદાવાથી અને સંહારસામગ્રીની સરસાઇથી, એ તેમની નિશ્ચલ માન્યતા હતી. એ દૃષ્ટિએ સોરઠનું જૂનું માનસ નિરોગી હતું. ગોરો ન ઊતર્યો હોત તો વ્યવસ્થા કોણ સ્થાપત, વિદ્યા કોણ વિસ્તારત ને રેલગાડી તારટપાલ કોણ ચલાવત, એ અહોભાવના પડદા હેઠળ છુપાઈ રહેલી હિચકારી આત્મવંચના તો તે પછીની નવી પેઢીની પેદાશ છે.

ખડ વાઢનારા

ટાંચણ–પાનું માળીઆના મિંયાણાની એક વધુ વાત આપે છે—

મિંયાણો પરબત જેડો માળીઆનો ગરીબ માણસ હતો. અબુબકર નામનો કોઈ વડોદરાનો માણસ પણ માળીઆમાં રહેતો. બન્ને ગરીબ મિત્રો ઘાસની ગાંસડી વાઢવા સીમમાં રોજ જાય. પાછા આવતી વખત થાકે ત્યારે ગાંસડી નીચે મૂકીને પરબત બોલે કે 'ભાઈ, ભારી કે પાણુ ઉપાડુ·અંઇ, હણે પાણુ હન મથે વિયે. હન પાંજ ઘોડા.' (અત્યાર સુધી આપણે ભારીને ઉપાડી છે, તો હવે આપણે એને માથે બેસીએ. આ આપણા ઘોડા કહેવાય.)

એમ કહીને ભારી પર બેસે, પછી બેઉ થાકેલા ગરીબો વાતો કરે—

'એ ખુદા, ઘોડા દે!'

'પણ એકલા ઘોડામાં શું!'

'ત્યારે?'

'હું માળીઆનો ઉપરી થાઉં.'

'ને હું વડોદરાનો ઉપરી થાઉ.'

'તો તો આપણે લડવાના.'

'ના, કોલ દઉં છું. હું ફોજ લઈને પાછો વળી જાઉં.'

દૈવને કરવું છે તે બન્નેની માગણી ફળી. એકવાર અમુબકર વડોદરાની ફોજ લઈ ને માળીઆ પર આવ્યો. પરબત જેડો ફકીર-વેશે છાવણીમાં જઈ ઝાઝાં વર્ષો પર પરના કોલની યાદ આપી ઊભો રહ્યો. પરસ્પરને ઓળખ્યા. પછી અમુબકર કાંઈક બહાનું કાઢીને ફોજ ઉઠાવી પાછો ચાલ્યો ગયેલો.

મેઘકંઠીલા પીંગળશીભાઇ

ટાંચણમાં એક પુનિત ખાંભી નજરે પડે છે. મારા મુરબ્બિ કહી શકું તેવા, ભાવનગર રાજકુળના દસોંદી સ્વ. પીંગળશી પાતાભાઇનો એ સ્મરણુરથંભ છે. અડીખમ દેહના એ મેઘકંઠીલા ચારણનું ગરવું ગંભીર વ્યક્તિત્વ એમણે એકેય કવિતા ન રચી હોત તો પણ સોરઠી જીવનને સમૃદ્ધ કરવા બસ હતું. એમની દિલાવરી, એમનો રોટલો, એમની અજાતશત્રુતા, માથું વાઢી લેવા વાંચ્છનારને પણ ખમા કહેનારી એમની મનમોટપ, એની વાતો તો ઘણુંઘણું હૃદયોમાં સંઘરાઈને પડી રહેશે. એમનાં પ્રભુભક્તિનાં, પ્રેમલક્ષણાયુક્ત પદો અત્યારે પણ મીરાં નરસિંહ, જીવણ આદિ સંતોની વાણીની સાથે સ્થાન મેળવી એકતારાના તાર પર ગવાઈ રહ્યાં છે. એ

ભક્તહૃદય ભડ પુરુષ સવારે બપોરે પોતાની ડેલીની ચોપાટમાં બેઠા હોય, હું જઈ ઊભો રહું, જૂની માહિતીઓ માગું તેના જવાબમાં ઘનગંભીર કંઠે 'હા...આ.....આ !' એવો અવાજ કરી, આંખ સંકોડી, યાદશક્તિને ઢંઢોળી પછી વાતો કરે, પોતાના જૂના ચોપડાના ઢગલામાંથી એમના પિતાએ લખેલ પુરાણા અક્ષરોવાળાં ચારણી કાવ્યોની હસ્તપ્રતો વાંચી મને ઉતરાવે, પ્રોત્સાહન આપે, પીઠ થાબડે, એ મનોમૂર્તિ નખશિખ મોજૂદ છે.

એમના પોતાના કુળની તવારીખ પૂછતાં પોતે આ રીતે વર્ણન કર્યું—

અમારા વડવા લાખણશી કવિ જેઠવા રાજકુળના દસોંદી તરીકે આવેલા તે પાટનગર છાંયામાં રહેતા. એક દિવસ એક નધણીઆતું વહાણ ઘસડાઈને છાંયાના બારામાં આવ્યું. અંદર ઈંટો ભરેલી. સૌ થોડી થોડી ઈંટો ઘેર લઈ ગયા. દરબારગઢમાં પણ એ ઈંટોથી પાણીઆરાની ચોકડી ચણાઈ. દરબારગઢમાં રોજ પગ ધોતી વખત એ ઈંટોના ચણતર પર પગ ઘસાતાં ઘસાતાં સોનું ઝબકયું !

તમામ ઈંટો અંદરથી સોનાના લાટા હોવાનું જણાતાં જેઠવા રાણાએ બધા પાસેથી ઈંટો પાછી મગાવી. લાખણસી કવિને પણ પાછી આપવા કહ્યું. લાખણસીભાએ કહ્યું કે 'મેં તો પાણીઆરું ચણી લીધું છે.'

'તોય કાઢી આપો.'

'જેઠવો ઊઠીને પાણીઆરું તોડશે ? તો આ લે તારું આ ઘર !' કહીને ચાલ્યા આવ્યા પોતાના સસરાને ઘેર ગારીઆધાર.

પછી કોણ જાણે શા કારણથી લાખણશી ચારણ પોતાના સસરા સામે બહારવટે નીકળ્યા, અને સસરા ગારીઆધારના ગોહિલ ઠાકોરના દસોંદી હતા એટલે એ બહારવટું ગોહિલ ઠાકોર પર પણ ચલાવ્યું.

બાપના પાપનું પ્રાયશ્ચિત્ત

એ બહારવટામાં પોતે સુરા મેરી નામના રજપૂતના છ દીકરા

મારેલા. એક દિવસ લાખણુસીભાઇ સણોસરા પાસે સાંઢીડા મહાદેવ નજીક સૂતેલા ત્યાં રાજની વાર ચડી પણ સુરો મેારી, કે જેના છ દીકરાનેા લાખણુસી કવિના બહારવટાએ ભેાગ લીધેલેા તેણે પેાતે જ ચારણની હત્યા લાગશે એવી લાગણી થઈ આવવાથી પેાતાની ઘેાડી મેાખરે કરી, જઈને લાખણુસીભાઈ ને જગાડયા, ' ભાગેા, આ લ્યેા મારી ઘેાડી.'

લાખણુશીભાઈ :—તારા દીકરાનાં મેાતનાં નેવળ મારા પગમાં પડી ગયાં. હું લાખણુશી હવે ન ભાગું.

પેાતાનેા ભાણેજ હતેા સાથે, એને કહે કે તું ભાગી છૂટ. ભાણેજ કહે, ન ભાગું. મામેા ભાણેજ વારની સામે તરવાર ખેંચી ઊભા રહ્યા. વચ્ચે ઊભેા સુરેા મેારી, વારને કહ્યું, 'પહેલા મને મારેા, પછી ચારણને.'

વારમાંથી બંદૂક છૂટી. સુરાના પગમાં ગેાળી વાગી. લાખણુશીભાઇ પણ મરાણા. એના બે દીકરાને સુરા મેારીએ પાળ્યા ને ભણાવ્યા.

(પેાતાના છ દીકરાનેા પ્રાણ લેનારના બે દીકરાને આવું રક્ષણ આપનાર રાજપૂતી સેારઠના પ્રાણબેાલ સંભળાવે છે.)

એ બે ચારણેા, વજ્જે ગઢવી અને ભાયેા ગઢવી ગારીઆધાર છેાડી સંવત પંદરમાં ઉમરાળે હાકેાર વીસાજી ગેાહિલ પાસે આવી રહ્યા.

એક દિવસ વીસાજી હાકેાર ઘેર નહિ. કાઠીઓએ ઘણુ વાળ્યું. વજ્જેભાઈ દેાડયા, હાક મારી કે ' કાઠી, મેલી દે માલને.'

કે ' તારાં ચારણનાં બે હેાય ઈ લઈ લે.'

કે ' ના, ના, તમામ પાછાં વાળ. મારેા ધણી ઘેરે નથી.'

' નહિ મળે.'

એટલે વજ્જભાઇ ચારણે ત્રાગા રૂપે ગળે તીર નાખ્યું.

કાઠી લૂંટારેા હસીને કહે કે 'ફિકર નહિ, એટલું ચીંધ તેા ચારણના ગળામાં હેાય !'

જવાબમાં ચારણે ગળામાં બરછી પરોવી. પછી પેટ તરવાર નાખી. દેહ પાડી નાખ્યો.

એ ખાંભી સ્વ. પીંગળશી પાતાભાઈની.

પૂંછ ન મેલાય

જૂના સાવર ગામના ખુમાણ દરબારોને ઘેર **અમરાવા**ના દેશો વાળો બરોબર બપોરે મહેમાન થયો છે. રોટલા ખાય છે. દરબારને દૂધની ટેવ છે. પણ બપોરવેળાએ દૂધ કયાંથી હોય ?

દેસોવાળો કહે છે : 'આ ભેંસું બેડી. દોઈ લ્યોને !'

'બાપુ ! કટાણે કાંઈ ભેંસું મળે ?'

'તો પૂંછ મેલીને દોઈ લ્યો.'

'પૂંછ મેલીને' એટલે કે ભેંસનાં પૃષ્ઠડાનો છેડો ભેંસના યોનિ-ભાગમાં મૂકીને. ભેંસને દૂધનો પ્રાસવો મુકાવવાની એ એક જુક્તિ છે.

ખુમાણોએ ભેદ દર્શાવ્યોઃ 'બાપ ! કાઠીનો દીકરો, હિંદુનો દીકરો પૂંછ મેલીને દોયેલું દૂધ ખાય ?'

'દોઈ લ્યો આપણા જણમાંથી કોક.' એવી સૂચના દેસાવાળાએ પોતાના જોરના મદમાં પોતાનાં માણસોને આપી, એટલે કે કલેજે ખુમાણોએ સંભળાવ્યું : 'ન દોવાય.'

'કેમ ?'

'કાંડાં હેઠાં પડે !'

'ઠીક તો જોજ્યે, જૂના સાવરમાં હરણાં બેસારીશ.'

'હરણાં બેસારીશ' એટલે ઉજ્જડ વેરાન બનાવીશ.

'ખુશીથી.'

'દેસાનું તો દાટણ' એવું મુલકમાં ઓહું દેવાતું. એટલે કે દેસો-

વાળો જ્યાં ત્રાટકે ત્યાં દાટ જ વાળી દે.

એક દિવસ ઓચીંતો દેસોવાળો ચડ્યો દોઢ હજારનું કટક લઈ. એમાં ત્રણ આરબોની બેરખ હતી.

મીર બોલ્યો : 'બાપ, સાવરને માથે ન જવાય. ઈ પાણી જોખું છે.'

ન માન્યા. ચાલ્યા. બાવળની ગીચ કાંટય વચ્ચે આવી. એમાં રસ્તો ભૂલ્યા.

કાંટયમાં વાઘરી ને વાઘરણ કજીઓ કરે. વાઘરણે કટકવાળાંને પૂછ્યું: 'કોને માથે જાય છે બાપુ?' કે 'જૂના સાવરને માથે. ચાલ, કેડો બતાવ.'

વાઘરી-વાઘરણે કટકને ખોટો રસ્તો ચિંધાડ્યો.

વાઘરણ ચોંકી ઊઠી. ધણીને કહે કે 'પીટ્યા, જૂનું સાવર તો મારું પિયર; ઈનો આ દાટ વાળી દેશે, ઘોડ, હડી કાઢ ઝટ.'

અને વાઘરી કજીઓ મૂકી, મૂઠીઓ વાળીને દોડતો સાવર પહોંચ્યો. કટક આવે છે એવી જાણ કરી.

હવે શું કરવું ? ગામમાંથી જુવાન મરદો ગેરહાજર હતા.

એક આપો : બુઢ્ઢો એવો : આવ્યો. જુક્તિ બતાવી. એક મોટો બાવળ કપાવીને એક ઝાંપે આડો ભીડી દીધો. બીજે ઝાંપે ગાડાંની હેડ ગોઠવી દીધી. બુઢ્ઢા કાઠીઓ ગામમાં હતા તેમાંથી અકેકે જણ એક એક ગાડા નીચે બેસી ગયાં. ઢુકાનો ઉપર બબે બુઢ્ઢા લપાઈ ગયા : અને એ બધું બતાવનાર મુખ્ય બુઢ્ઢાએ કટકની સામે જઈ, રાતવેળા આવતા કટકમાં આરબની બેરખની મશાલ ઓલવી નાખી.

અંધારામાં જે ધીંગાણું થયું તેમાં દેસોવાળો ભૂંડો દેખાઈને પાછો ફરી ગયો.

જીવવું મીઠું લાગતું

ભેંસને પૂંછ મેલીને દોવાની સાદી બાબત પણ જે સમાજમાં સદાચારની વિઘાતક ગણાતી હતી તે સમાજની નીતિરક્ષાનો આ પ્રશ્ન હ્યો; ધણીની ગેરહાજરીમાં એનું ધણ ચોરાય તે ટાણે આશરાવાસી ચારણને મરી મટવાનું સૂઝે એ સ્વધર્મનો પ્રશ્ન નિહાળો; કોઈ પણ એક કિસ્સો ઉપાડો. એકજ મહાપ્રશ્નનાં એ પાસાં હતાં. માનવી તો તે સમયનો પણ, જીવનને મીઠું ગણતો. શોખને ખાતર એ કંઈ એછો જ કટકા થઈ જવા નીકળતો ! ધર્માંધતા અગર રૂઢ સામાજિક માન્યતા પર એ હારાકીરી નહોતો કરતો. પણ જીવનની મીઠપને બેસ્વાદ બનાવી મૂકે તેવું કંઈ થતું ત્યારે પછી મૃત્યુથી ચાતરીને લૂખા ફિક્કા જીવનને વળગવું એને નિરર્થક લાગતું. જીવનની પાસેથી તો એ માનવી પણ ચારે હાથે મોજ ને મીઠાશ માગતો. જિજીવિષાના એ પિયુષને ઝીલતું આ ટાંચણપોથીનું છેલ્લું પાનું, એક રાજવણ કાઠીઆણી પાસેથી મળેલા શૃંગાર-ગીતને જીર્ણાવસ્થામાં ય જાળવી બેઠું છે. એ પીરસીને બીજી ટાંચણપોથીને વિદાય દઉં છું ને એક પરકમ્મા પૂરી કરું છું

પોપટડી રે' તોરલો કંથ
કાં રે પોપટ દૂબળો ?
દિ'વારે રે વનફળ વેડવાં જાય
રાતે પોપટ પાંજરે.

હાથણલી રે ! તોરલો કંથ
કાં રે હાથી દૂબળો ?
દિ'વારે રે દરબાર ઝૂલવા જાય
રાતે હાથી સાંકળે.

નાની વહુ રે ! તોરલો કંથ
કાં રે..ભાઇ દૂબળો ?
દિ'વારે રે ઘોડલાં ખેલવવા જાય
રાતે રમે સોગઠે.

ઝવેરચંદ મેઘાણીનાં

પંચોતેર પુસ્તકો

લોકકથાઓ

ડોશીમાની વાતો
સૌરાષ્ટ્રની રસધાર (ભાગ ૧–૫)
કંકાવટી (ભાગ ૧–૨)
દાદાજીની વાતો
સોરઠી બહારવટીઆ (ભાગ ૧–૩)
સોરઠી સંતો
સોરઠી ગીતકથાઓ
પુરાતન જ્યોત
'રંગ છે બારોટ!'

લોકગીતો

રઢિયાળી રાત (ભાગ ૧–૪)
ચૂંદડી (ભાગ ૧–૨)
હાલરડાં
ઋતુગીતો

વ્રતકથાઓ

કંકાવટી (ભાગ ૧–૨)

પ્રવાસ

સૌરાષ્ટ્રનાં ઝંડેરીમાં
સોરઠને તીરે તીરે

વિવેચન

લોકસાહિત્ય
યુગદંડીનો પંથ–લોકસાહિત્ય
ચારણો અને ચારણી સાહિત્ય
ધરતીનું ધાવણ
ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો

ઈતિહાસ

એશિયાનું કલંક
હંગેરીનો તારણહાર
મિસરનો મુક્તિસંગ્રામ
સળગતું આયર્લેંડ
ભારતનો મહાવીર પાડોશી
ખંજર–મિલાપ

જીવનકથા

ઠક્કર બાપા
બે દેશદીપક
દયાનંદ સરસ્વતી

સાહિત્યસર્જનનાં

પચીસ વરસ

નવલકથા

સત્યની શોધમાં
નિરંજન
વસુંધરાનાં વહાલાં દવલાં
સોરઠ તારાં વહેતાં પાણી
સમરાંગણ
અપરાધી
ત્રિવિશાળ
રા' ગંગાજળિયો
બીડેલાં દ્વાર
ગુજરાતનો જય (ખંડ ૧–૨)
તુલસી–ક્યારો
પ્રભુ પધાર્યો

નાટકો

રાણો પ્રતાપ
રાજા–રાણી
શાહજહાં
વંઠેલાં

ગીતો–કાવ્યો

વેણીનાં ફૂલ
કિલ્લોલ
યુગવન્દના
એકતારો
બાપુનાં પારણાં
રવીન્દ્ર–વીણા

વારતા

કુરબાનીની કથાઓ
વર્તમાન યુગના બહારવટીઆ
જેલ ઑફિસની બારી
પ્રતિમાઓ
પલકારા
મેઘાણીની નવલિકાઓ (ભાગ ૧–૨)
માણસાઈના દીવા

લેખસંગ્રહ

વેરાનમાં
પરિભ્રમણ
સાંભેલાંના સૂર
પરકમ્મા

સ્વયંસ્ફુરિત વિવેચનશૈલી

મેં સેવી હતી તે એક મહત્ત્વની આશા સફળ થઈ છે. યુનિવર્સિટીના અભ્યાસીઓને આ વિવેચનાઓએ લોકસાહિત્યમાં રસ લેતા કર્યા છે. મારી વિવેચનશૈલીને તેમણે સત્કારી છે. એ શૈલી શાસ્ત્રીય છે કે અશાસ્ત્રીય, એ પ્રશ્ન કદી ઉપસ્થિત થયો નથી. મારી વિવેચનાઓ ૧૯૨૪થી લખાતી રહી છે. એનો વિવેચનદેહ આપોઆપ જ બંધાતો રહ્યો છે. યુનિવર્સિટીની કોઈ 'થીસીઝ' મારા વાંચવામાં આવી નથી. મારા વિષયના સેવનમાંથી મને જે જે રહસ્ય જણ્યું તે તે હું મૂળ સાહિત્યપ્રકારોને સુસ્પષ્ટ તેમજ રસપુષ્ટ બનાવવા ખાતર લખતો ગયો છું. પદાવેલી પોપટવાળીનો ભોગ નથી બન્યો તે પણ પ્રભુનો પાડ થયો છે. વિષય જે અર્થમાં 'ધરતીનું ધાવણ' છે, તે અર્થમાં આ વિવેચનાઓ પણ મને તો 'ધાવણ' રૂપે જ લાધી છે. વાંચકો પણ એ જ રૂપે એનું સેવન કરે.'

૧૯૪૪ 'ધરતીનું ધાવણ'ના નિવેદનમાં

ભારતી સાહિત્ય સંઘ લિ.

પો. બૉ. નં. ૯૭૮ • મુંબઈ-૧

પો. બૉ. નં. ૭૩ • અમદાવાદ

ઝવેરચંદ મેઘાણીના

વિવેચન સંગ્રહો

લોકસાહિત્યનું બેજોડ ઘડતર તે અર્વાચીન સ્વરૂપ છે. તેની જ ઘડાયેલી ભાષા શૈલીમાં એના મર્મો ઝીલતાં આ દોહનો, ગુજરાતી-સાહિત્ય-સાહિત્ય મર્મના અર્વાચીન અને તુલનાત્મક વિવેચનો નીકળ્યા છે.

લોકસાહિત્ય	૨-૮-૦
લોકસાહિત્ય-પ્રવાહોનો ગ્રંથ	૦-૧૦-૦
ચારણો અને ચારણી સાહિત્ય	૧-૦-૦
ધરતીનું ધાવણ	૩-૮-૦
પરકૃત્યો	૨-૮-૦
ઝવેરચંદ મેઘાણીના વ્યાખ્યાનો	

વિવેચનોના પંડિત લેખો નહિ, પણ મર્મજ્ઞ, હૃદયના સામાન્ય સંસ્કારી માનસિક કલાના ગ્રંથે ગ્રંથે પોતાને જે કાંઈ લાગ્યું, વિચાર્યું અને આસ્વાદ્યું અંતરમાં પડ્યા પ્રતિબિંબોને ઝીલી ઝીલી આપણા સામાન્ય વાચકોને રસાનંદના સહભાગી બનાવવાના જે આ શબ્દો આ લખ્યા તે સાચા છે.

વેરાનમાં	૨-૦-૦
પરિશ્રમણ	૩-૦-૦

આખા સેટના સાડાપંદર રૂપિયા · પોસ્ટખર્ચ મારું

મળવાનું ઠેકાણું

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

શ્રી મણિ બિલ્ડિંગ · કાલબાદેવી · મુંબઈ ૧
કરસનદાસ પુરુષ નીચે · ગાંધીબાગ · અમદાવાદ